
॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# કલ્યાણ કણિકા

ભાગ-૧



કલ્યાણ કણિકા



## શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

પરાત્પર પરબ્રહ્મ ભગવાનશ્રી સ્વામિનારાયણનાં પુનિત પદરજથી પાવન થયેલ તથા દિવ્ય શાકોત્સવ, વચનામૃત ઉદ્‌બોધન અને પ્રથમ ગાદી સ્થાપ્ન જેવી ઐતિહાસિક ઘટનાઓનાં સાક્ષી તથા જે ભૂમિમાં यत्पदे तीर्थं जातं એવા પાવનકારી ૫૦-૫૦ નંદ સંતો સ.ગુ.શ્રી યોગાનંદ સ્વામીની નિશ્રામાં રહીને સંસ્કૃત - પ્રાકૃત ગ્રંથો તથા યોગનો અભ્યાસ કર્યો છે તથા જ્યાં ધર્મકુળનું મહારાજ સાથે પ્રથમ સ્નેહ મિલન થયું છે; જેના કણકણમાં, વૃક્ષોનાં હરેક પત્ર-પુષ્પમાં આજેય સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્યતાની મહેંક મહેકી રહી છે એવા તીર્થરાજ લોયાધામની ભૂમિ પર પ.પૂ.સ.ગુ.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી મૂળ સંપ્રદાયની અજાયબી સમા નૂતન ભવ્ય મંદિરની રચના કરી રહ્યા છે. તીર્થરાજ લોયાધામનાં જીર્ણોધ્ધારક પૂ. શાસ્ત્રીજી સ્વામી આ ઉપરાંત, કડારી , વડોદરા, નાવલી, લીમધ્રા તથા અમેરિકામાં ન્યુજર્સી અને મેકન જેવી સંસ્થાઓની રચના કરીને અનેક જીવોનાં હૃદયને અમૃતવર્ષાથી ભીંજવી રહ્યા છે. રોગ નિદાન કેમ્પ, બ્લડ કેમ્પ તથા સદ્‌ગુરુ સ્મૃતિ સદાવ્રત હેઠળ અન્ન, દૂધ, ધાબળા, વસ્ત્ર, લાડુ વિતરણ, વ્યસન મુક્તિ જેવી સેવાઓ તથા નેપાળમાં ભૂંકપગ્રસ્ત પરિવારનાં પુનર્વસન તથા દર વર્ષે ૧૦૦ અનાથ અને જરૂરિયાત મંદ બાળકોને વિદ્યાદાન, ધનદાન તથા શહિદ પરિવારોને વિવિધ સહાયો જેવી અનેક સેવાઓ દ્વારા આ સંસ્થાએ સભ્ય સમાજનાં પુનઃ ઉત્થાનનું ભગીરથ કાર્ય કરીને જનસમાજનાં હૃદયમાં અવિચળ સ્થાન પ્રાપ્ત કર્યું છે...

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# કલ્યાણકણિકા

## ભાગ - ૧

**: સંપાદક :**

સાધુ રસિકવલ્લભદાસ

**: માર્ગદર્શક :**

પ.પૂ.સ.ગુ. શ્રી વિજ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી(મહંત સ્વામી)
પ.પૂ.શા. શ્રી સુવ્રતવલ્લભાચાર્યજી સ્વામી
પ.પૂ. પુરાણી શ્રી નિષ્કામવલ્લભદાસજી સ્વામી

**: પ્રકાશક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

**Book :** Kalyankanika(Gujarati Edition)
**Published by :** Shri Swaminarayan Temple Loyadham

**1st Edition :** 26th July, 2017

**Copyright:** @shri swaminarayan mandir Loyadham
**Warning**

All rights reserved. No part of this book may be used or reproduced in any form or by any means without permission in writing from the publisher, except for brief quotations embodied in reviews and articles.

**Price :** 75 /-

**Copies :** 3000

**Printer : Harikrushna Graphic & Print Pvt. Ltd.**
Ph. 079-2642 1008, Mo. 98258 50559
email : hgppl1008@gmail.com



શ્રી ઠાકોરજી મહારાજ

## 'વંદે ગુરુપરંપરા'



સદ્. શ્રી મુક્તાનંદસ્વામી



સદ્. શ્રી આધારનંદસ્વામી



સદ્. શ્રી હરિપ્રિયદાસજીસ્વામી



સદ્. શ્રી વૈકુંઠચરણદાસજીસ્વામી



સદ્. શ્રી નારાયણસ્વરૂપદાસજીસ્વામી



સદ્. કો. શ્રી નંદકિશોરદાસજીસ્વામી



'સ્નેહભર્યું દિવ્ય મિલન'

॥ જય શ્રી સ્વામિનારાયણ ॥

# પ્રસ્તાવના

આ પૃથ્વી પર અનેક મહાપુરુષો અવતરતા હોય છે.

મહાપુરુષોનું જીવન અને ઉપદેશ બન્ને અલગ હોતા નથી. એમનું જીવન એ જ ઉપદેશ અને એમનો ઉપદેશ એ જ એમનું જીવન હોય છે. આ બન્નેને છૂટા પાડવા મુશ્કેલ હોય છે. મહાપુરુષો અવતરીને અનેક જીવાત્માને મોક્ષમાર્ગે ચડાવી દે છે.

એમના ઉપદેશામૃતથી અનેક મોક્ષભાગી જીવાત્માઓની આંતરડી ઠરે છે. મુમુક્ષુ જો એ અમૃતવચનોને અધ્ધરથી ઝીલે તો મોતી પાકે છે. એટલે કે તે મુમુક્ષુ મહાન બને છે પણ તે નીચે પડેલા વચનોને ઝીલે તો તેનું ફટાકીયું થાય છે. મોર નાચતો હોય ત્યારે તેની આંખમાંથી પડેલા આંસુને મોર પત્ની અધ્ધરથી

ઝીલે તો તેનો મોર થાય છે અને જમીન પર પડ્યા પછી ઝીલે તો તેની ઢેલ થાય છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પણ કહ્યું છે કે,

**"જેમ મોર પત્ની બિંદુ આવતાં,**
**રત્યે લિયે રસે ભરેલડા ।**
**તેનો મયૂર થાય તદવત,**
**થાય પડતાં બિંદુનાં ઢેલડાં ॥ "**

(નિષ્કુળાનંદ કાવ્ય - સારસિદ્ધિ -૨૯/૦૮)

માટે મહાપુરુષોનાં વચનોને અધ્ધરથી ઝીલવા પ્રસ્તુત પુસ્તક **"કલ્યાણકણિકા"** માં ગુરુદેવ પ.પૂ. સદ્. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી નાં અમૃતવચનોનું સંકલન થયું છે. જેના આધારે અસંખ્ય મુમુક્ષુઓ મોક્ષમાર્ગે ચઢશે. આ કણિકાઓનો હૃદયરૂપી તિજોરીમાં સંગ્રહ કરજો અને લાભ લેજો...

લી. સાધુ વિજ્ઞાનસ્વરૂપદાસના
જય શ્રી સ્વામિનારાયણ....

॥ જય શ્રી સ્વામિનારાયણ ॥

# ભાગ્ય બડે સદ્‌ગુરુ મેં પાયો...

परीक्ष्य कर्मचितान् लोकान् ब्राह्मणो
निर्वेदमायान्नास्त्यकृतः कृतेन ।
तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्
समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥
( मुण्डकोपनिषद् - १/२/१२ )

ઉપનિષદ્‌કાળથી આરંભી આજ દિવસ સુધી અધ્યાત્મનાં અગમ અને અગોચર રહસ્યો ગુરુકૃપાથી જ ગોચર બન્યા છે એટલે જ અધ્યાત્મમાર્ગમાં ઈષ્ટભક્તિ અને ગુરુભક્તિનું આવું સુંદર નિરુપણ કરાયેલું છે.

यस्य देवे परा भक्तिः, यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः, प्रकाशन्ते महात्मनाम ॥
( श्वेताश्वतरोपनिषद्-६-२३ )

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે પરબ્રહ્મ પુરુષોત્તમ હોવા છતાં સહું કોઈની શિક્ષાને અર્થે જ સદ્‌ગુરુ

શ્રી રામાનંદસ્વામીની અતિ દાસ ભાવે શુશ્રુષા કરી હતી. અધ્યાત્મ માર્ગની આ પરંપરા અદ્યાવધિ અતૂટ રહી છે.

આદર્શ સદ્‌ગુરુનો આરંભ જ આદર્શ શિષ્યત્વથી થતો હોય છે. દરેક ગંગા ગંગોત્રીની ગોદમાંથી જ ગરિમા પ્રાપ્ત કરે છે અને લોકમાં પણ કહેવાય છે **Charity begins at home** એ ન્યાયે વાત્સલ્યમૂર્તિ દાદાગુરુજીનાં સાનિધ્યમાં સાધકની ભૂમિકામાં રહેલા પૂ. ગુરુદેવનું શિષ્યત્વ વિશુધ્ધ સુવર્ણની જેમ અબાધિત રહ્યું હતું. અને સદ્‌ગુરુ તત્ત્વને પોતાની જીવનગાગરમાં સમાવી લીધું. આજે પણ અનેકાનેક આંખો આ અતીતની સાખ પુરાવતી હયાત છે.

ઈશનિષ્ઠા અને ગુરુનિષ્ઠાનાં બળે વ્હાલા ગુરુજી વિદ્યા અને સદ્‌વિદ્યાથી વિભૂષિત થયા. સાધુતા અને વિદ્વતાને વરેલા આ મહાપુરુષ વિરોધો અને વિક્ષેપોની વચ્ચે પણ સદા અવિચલિત રહ્યા. આલોચના અને આક્ષેપો તેમને આંદોલિત ના કરી શક્યા.

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीः मुनिरुच्यते ।। ( गीता २-५६ )

આ વચન પ્રમાણેની સ્થિતપ્રજ્ઞતાને તેમણે સત્વરે પ્રાપ્ત કરી લીધી.

સત્સંગની માં મુનિવર્ય મુક્તાનંદ સ્વામીની પરંપરામાં દીક્ષિત પૂ. ગુરુજીએ મુક્તમુનિ જેવી સાધુતાની ઝાંખી કરાવી છે. આજ્ઞા અને ઉપાસના, તપ અને ત્યાગ તેમજ ભક્તિ અને ધર્મને ધારણ કરનારા આ મહાપુરુષે કીટભ્રમરન્યાયથી ભવાટવીમાં ભટકતાં પચાસથી વધુ મુમુક્ષુઓને ભાગવતી દીક્ષા આપી સમસ્ત સત્સંગની અજોડ સેવા કરી છે. એટલે જ આવા સદ્‌ગુરુ મળ્યાનાં અહોભાવથી ‘‘ભાગ્ય બડે સદ્‌ગુરુ મેં પાયો’’ આવા અંતરમાં ઓડકાર ઊઠવા સહજ છે.

પૂ. ગુરુજીનાં હૃદયમાં હરહંમેશ સાધુતા જ સર્વોપરી સ્થાને રહી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુર મધ્યનાં ૨૨ માં વચનામૃતમાં કહે છે, ‘‘જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો ત્યારે

સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી'' અને આદિગુરુ આધારાનંદ સ્વામી પણ નોંધે છે જે, ''साधुता गुन सबसे है भारी ॥ ह.च.सा.- ४/३५/४४ ॥'' શ્રીજી મહારાજ અને મોટા પુરુષોએ સાધુતાને જ સર્વશ્રેષ્ઠ કહી છે. આવી સાધુતાનાં હિમાયતી અને સાધુતાનાં શિલ્પી પૂ. ગુરુજીએ સાધુઓનું સર્વાંગી ઘડતર કરી સામાજિક શ્રેયનું મહાન કાર્ય કર્યું છે.

વરતાલવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજની દિવ્ય પ્રેરણાથી અને બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુઓનાં શુભાશિષ સહ પૂ. ગુરુજીએ કંડારી ગુરુકુળની સ્થાપના કરી જોતજોતામાં આ ગુરુકુળ સંસ્થા સમાજ ઘડતરની એક પાઠશાળા બની ગઈ. બીજવૃક્ષ ન્યાયથી આ ગુરુકુળ સંસ્થા વડોદરા-નાવલી વિગેરેમાં વિસ્તારવા લાગી. दया नेह भर पूरीत नेना, पर उपकार करत दिन रेना ॥ ध्यानमंजरी ॥ આવી પરોપકારવૃતિ પૂ. ગુરુજીની પ્રત્યેક પ્રવૃતિમાં સહજ દેખાય આવતી અનેક નિ:સહાય અને અનાથ બાળકોને પણ ગુરુકુળ સંસ્થામાં આશરો મળ્યો.

એવી જ રીતે સાચું શિક્ષણ, સર્વોપરી સત્સંગ અને વાત્સલ્યપૂર્ણ વાતાવરણ મળ્યું. સમાજનાં અનેક મુરઝાયેલા બાળપુષ્પો નવપલ્લવિત બન્યા અને વિદ્યા અને સદ્‌વિદ્યાની સુવાસ સાથે અનેક પરિવારોને મહેકાવવા લાગ્યા.

ગુરુકુલ તો માત્ર નિમિત્ત હતું. આખરે તેમનું લક્ષ્ય હતું - "મને મળ્યા જે મહારાજ તે મારે સામા જીવનો આપવા છે." તેથી તેમની દરેક વાતમાં "સર્વોપરી તો મારો એક મહારાજ જ છે" આવો રણકાર હતો. આવી રીતે હરિરસ પીવે અને પીવરાવે એવા આ પરમહંસે "પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી.." આવા બ્રહ્મબોલને સંપૂર્ણ ચરિતાર્થ કર્યા અને વિશાળ સંખ્યામાં ગૃહસ્થ ભક્તોનું આદર્શ ઘડતર કરી સહજાનંદી ફોજ ઊભી કરી.

વરતાલવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજની ઈચ્છાથી પૂ. ગુરુજીએ વરતાલ સંસ્થાનની સેવામાં ઝંપલાવ્યું. અને ચેરમેન પદે રહીને તથા મુખ્ય કોઠારી

સ્થાને બિરાજીને અવિસ્મરણીય અને અકલ્પ્ય વિકાસનાં કાર્યો કર્યા. તેથી જ વર્તમાન શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજે તથા મૂર્ધન્ય બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ સંતોએ આવા તમામ પ્રસંગોને હૃદયથી નવાજ્યા છે. આ વિકાસ કાર્યોનું આખ્યાન અતિવિસ્તૃત હોવાથી પૂ. ગુરુદેવની આગવી સૂઝ અને અથાગ પરિશ્રમથી થયેલા આ તમામ કાર્યોને આપણે હૃદયથી વંદન કરી લઈએ.

સત્સંગ વિચરણ અને સેવા કાર્યો જેમના અદ્ભૂત છે એવા પૂ.ગુરુજીનું લોયાધામ જીર્ણોદ્ધારનું કાર્ય પણ ઊડીને આંખે વળગે એવું અનેરુ છે. અંતરીયાળ પ્રદેશમાં આવેલું આ મહાન પ્રાસાદિક ઐતિહાસિક તીર્થધામ વિમાન વેગથી વિકાસનાં પંથે આગળ વધી રહ્યું છે. અનેક દેશમાં પથરાયેલ પૂ. ગુરુજીનાં સત્સંગ ક્ષેત્રની ઓળખ લોયાધામ પરિવારનાં નામથી વ્યાપક બની છે. આટલી પ્રવૃતિમાં પણ વ્હાલા ગુરુજીનું જીવન આવું છે.

**"સારી સુંદર કથા કહે છે,**
**અલુબ્ધાદિ આત્મા રહે છે ।**
**વળી પરદુઃખ હરે હંમેશ,**
**એવા સંતને નામું હુ શીશ ॥"**

સતત કથા વાર્તા કરીને જીવાત્માને ભગવાનમાં જોડવાનો જ આગ્રહ દેખાય છે. પૂજ્ય ગુરુદેવે કથા, પારાયણ, પ્રવચન ઈત્યાદિકમાં જે સત્સંગબિંદુઓ વર્ષાવ્યા છે તેનું સંકલન કરી **"કલ્યાણ કણિકા"** ઓનો સંગ્રહ કરવાની ઈચ્છા અમારા વ્હાલા ગુરુભાઈ શ્રી રસિકવલ્લભદાસજી સ્વામીને થઈ. તેમણે ખૂબ પરિશ્રમ કરીને અને મુમુક્ષુઓને મોક્ષમાર્ગનું નિદર્શન મળી રહે એવા આશયથી આ **"કલ્યાણ કણિકા"** રુપી પુસ્તક તૈયાર કર્યું.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સદ્‌ગુરુ સંતોની વાતોનાં ગ્રંથોની અનોખી પરંપરા છે એ પરંપરામાં આજે એક નૂતન પુષ્પ ઊમેરાયું છે. તે વાતનો અમને અતિશય આનંદ છે. આ ગ્રંથ તૈયાર કરવામાં - સંકલન, સંપાદન,

સંશોધન, મુદ્રણ વિગેરે કાર્યમાં સેવા કરનારા તમામ સંતો-ભક્તો શ્રીહરિ તથા પૂ.ગુરુજીનાં રાજીપાનાં અધિકારી બન્યા છે. આ પ્રકાશન કાર્યમાં આર્થિક સેવા આપનારા ભક્તોને પણ એવો જ રૂડો રાજીપો મળ્યો છે.

આ કણિકાઓ કલ્યાણનાં માર્ગે ચાલનારાને પરબ્રહ્મ પ્રાપ્તિના પથ માં પ્રકાશક બને એ જ અભ્યર્થના..

**લી.**

**શાસ્ત્રી સુવ્રતવલ્લભદાસજી**
**(વ્યાકરણાચાર્ય, વેદાંતાચાર્ય,**
**પ્રાચીનન્યાયવૈશેષિકાચાર્ય, ધર્મશાસ્ત્રાચાર્ય,**
M.A.Philosophy, **ગોલ્ડમેડાલીસ્ટ)**

# સંપાદકની કલમે...

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તત્કાલીન નંદસંતોએ અથાગ પ્રયાસ કરી આ ધરણીનાં જડ જેવા જીવોને સત્સંગનાં પિયુષ પાઈ બ્રહ્મરૂપ કર્યા. શ્રીહરિની સર્વોપરી નિષ્ઠાનાં દિગંતમાં ડંકા વગાડવા નંદસંતોએ રાત-દિવસ કથાવાર્તાની ધૂણી ધખાવી.

મોક્ષપથદર્શક એવા સદ્ગુરુ સંતોએ જીવાત્માને મોક્ષનાં પંથે ચડાવવા શ્રીહરિનાં નિશ્ચય અને સર્વોપરીપણાની અમૂલ્ય વાતો કરી. સંસારનાં અસાર જીવોનાં દુગુર્ણો અને પાપોને લઈ તેમને સત્સંગનો નવો રાહ બક્ષે છે. કોઈએ સાચું જ કીધું છે,

**"कितना बेरुख था जीवन कितनी बेबसी,**
**रहम हो गया, गुरु क्या मिले,**
**भगवान मिल गये ।"**

અગરબત્તીની જેમ પોતાનું જીવન અને સર્વસ્વ

કુરબાન કરી આ જીવને મોક્ષની સુગંધી અર્પી. માટે જ સ્વયં શ્રીહરિ શ્રીમદ્ સત્સંગિજીવનમાં કહે છે, **"दीयते विमलं ज्ञानं क्षीयते कर्मवासना..."** એવા જે સદ્ગુરુ ભવબંધનનાં ફેરા કાપી મુક્તિ અપાવે છે. તેથી; વચનામૃતમાં શ્રીહરિ કહે છે, ''આવા સંત બ્રહ્માંડમાં ક્યાંય નથી અને આ મહારાજ વિના બીજો કોઈ ભગવાન નથી.'' (કારીયાણી - ૨) ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ''મોક્ષનાં દાતા તો ભગવાન અને ભગવાનનાં સાધુ એ બે જ છે.'' માટે આ સંપ્રદાય પ્રગટનો સંપ્રદાય છે.

**'સત્સંગની માં'** એટલે સદ્ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી. સ્વયં શ્રીજી મહારાજે જેમને પોતાના ગુરુ તરીકેનું બિરૂદ આપ્યું હતું, એવા અમારી સંત પરંપરાના આદિગુરુ મુક્તાનંદ સ્વામી, **'Ideal Saint of Swaminarayan Sect'** કહી શકાય અને આ જ પરંપરાના એક મહાન અજાતશત્રુ, આજાનબાહુ સંત એટલે અમારા દાદાગુરુ પ.પૂ.સ.ગુ. કોઠારી સ્વામી શ્રી

નંદકિશોરદાસજી સ્વામી. જેમણે પોતાનું સંપૂર્ણ જીવન સત્સંગની સેવા માટે ઘસી નાખ્યું. પંચસેવાવ્રતધારી એવા પૂજ્ય દાદાગુરુજી ગરીબોનાં બેલી બનીને રહ્યા અને સર્વોપરીપણાનો ઠેર ઠેર ગુંજારવ કર્યો.

પૂજ્ય દાદાગુરુજીનાં વ્હાલસોયા અને કૃપાપાત્ર શિષ્ય અમારા પ્રાણઆધાર પૂજ્ય ગુરુજી પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી - લોયાધામ, જેમણે પૂજ્ય દાદાગુરુજીનો કરુણાભીનો રાજીપો મેળવી, દાસત્વનાં દસ્તાવેજ ભણી, ગુરુહૃદય જીતી સદ્‌ગુરુને રાજી કર્યા છે. ભગવાન શ્રી હરિકૃષ્ણ મહારાજની નિષ્ઠા જેમના બુંદ - બુંદ અને રોમ - રોમમાં एककालावछिन्न પણે વહી રહી છે એવા અમારા પૂજ્ય ગુરુજીને નિષ્ઠા, ખુમારી અને વાત્સલ્યની એક આગવી અને અનોખી ઓળખાણ આ સંપ્રદાયએ આપી છે.

લોયાધામ પરિવારનું સંત-મંડળ તથા લોયાધામ પરિવારનાં હરિભક્તો **"કલ્યાણકણિકા"** પુસ્તકનું

પ્રકાશન કરતાં અત્યધિક આનંદની લાગણી અનુભવીએ છીએ. આ પુસ્તકમાં અમારા પૂજ્ય ગુરુજીની કથાનાં અર્ક સમાન મોક્ષમાર્ગરૂપી અનેક કણિકાઓનું સંકલન કરવામાં આવ્યું છે. અમૃતવાણી રૂપી કણિકાઓનું આ પુસ્તક બાલ-યુવા- વૃદ્ધ હરિભક્તો તથા સર્વ સંતોને માટે આત્યંતિક કલ્યાણની ભાગીરથી રૂપ બનશે.

**"કલ્યાણકણિકા"** નામના આ પુસ્તકમાં જેમણે મહત્વનું માર્ગદર્શન પુરુ પાડ્યું છે તથા ખૂબ જ મહેનત કરી છે એવા અમારા વડીલ ગુરુબંધુ પ.પૂ. સ.ગુ. શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી (સાહિત્ય- વિશારદ), પૂ.મહંત સ્વામી (ચેરમેનશ્રી – લોયાધામ), પૂ. શા. શ્રી સુવ્રતવલ્લભાચાર્યજી સ્વામી (**M.A. Goldmedalist**), પૂ. નિષ્કામવલ્લભદાસજી સ્વામી, પૂ. નિલકંઠવલ્લભદાસજી સ્વામી, પૂ. શા. શ્રી ભજનવલ્લભદાસજી સ્વામી, પૂ. સત્સંગવલ્લભદાસજી સ્વામી, પૂ. ઋષિવલ્લભદાસજી સ્વામી, પૂ.

વેદાંતવલ્લભદાસજી સ્વામી, પૂ. ધ્યેયવલ્લભદાસજી સ્વામી,પૂ. સ્નેહવલ્લભદાસજી સ્વામી, પાર્ષદ બ્રહ્મવિલાસ ભગત, પાર્ષદ વાસુદેવભગતનો ખૂબ જ ઋણી છું. જેમણે અમારા ગુરુજીની અમૃતવાણી રૂપી કણિકાઓનું સંકલન કર્યું છે, જે અમારા માટે ખૂબ જ ગર્વની બાબત છે.

આ સંપૂર્ણ કલ્યાણકણિકાઓનાં પ્રુફિંગમાં સંપ્રદાયના ખ્યાતનામ લેખક પ્રો. શ્રી હરેન્દ્રભાઈ ભટ્ટે કરેલી સહાય બદલ તેમનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

આ પુસ્તકનાં પ્રુફ કરવામાં જો કોઈ ક્ષતિ હોય તો નીર-ક્ષીર એ ન્યાયે અમોને માફ કરશોજી...

લી.

સત્સંગનો દાસાનુદાસ

સાધુ રસિકવલ્લભદાસ

(લોયાધામ)

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | વાત નં. | પેજ નં. |
|---|---|---|---|
| **૧.** | **સર્વોપરીપણાની વાતો** | | |
| | ૧. ઉપાસના | ૦૧ થી ૩૫ | ૦૧ થી ૧૧ |
| | ૨. સર્વોપરીપણું | ૩૬ થી ૭૧ | ૧૧ થી ૨૨ |
| | ૩. દ્રઢતા રાખવાનું | ૭૨ થી ૮૯ | ૨૨ થી ૨૭ |
| | ૪. મંત્ર મહિમા | ૯૦ થી ૧૦૬ | ૨૭ થી ૩૩ |
| **૨.** | **બ્રહ્મ પડછંદા** | | |
| | ૧. ગુણ - અવગુણ | ૦૧ થી ૧૫ | ૩૪ થી ૩૭ |
| | ૨. પૂ. ગુરુજીની રૂચિ | ૧૬ થી ૬૦ | ૩૭ થી ૪૮ |
| | ૩. અનુસંધાન રાખવાની વાતો | ૬૧ થી ૧૧૩ | ૪૮ થી ૬૧ |
| | ૪. ગુરુ - શિષ્ય | ૧૧૪ થી ૧૭૮ | ૬૧ થી ૭૭ |
| | ૫. સુખી થવાનાં ઉપાયો | ૧૭૯ થી ૧૯૬ | ૭૭ થી ૮૨ |
| **૩.** | **ભગવાન સંબંધી વાતો** | | |
| | ૧. મૂર્તિ / ધામ વર્ણન | ૦૧ થી ૨૮ | ૮૩ થી ૯૦ |
| | ૨. શરણાગતિ | ૨૯ થી ૩૨ | ૯૧ થી ૯૨ |
| | ૩. સમજણ | ૩૩ થી ૩૭ | ૯૨ થી ૯૩ |

| ક્રમ | વિગત | વાત નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૪. | પ્રીતિ | ૩૮ થી ૫૫ | ૯૩ થી ૯૮ |
| ૫. | ભગવત્ મહિમા | ૫૬ થી ૧૨૬ | ૯૮ થી ૧૧૫ |
| ૬. | જીવ | ૧૨૭ થી ૧૯૭ | ૧૧૫ થી ૧૩૮ |
| ૭. | ધ્યાન | ૧૯૮ થી ૨૦૯ | ૧૩૮ થી ૧૪૧ |
| ૮. | બ્રહ્મ-પરબ્રહ્મ | ૨૧૦ થી ૨૧૩ | ૧૪૧ થી ૧૪૨ |
| ૯. | ઈશ્વર | ૨૧૪ થી ૨૨૦ | ૧૪૨ થી ૧૪૫ |
| **૪.** | **હરિભક્તો માટેની વાતો** | | |
| ૧. | સંસાર | ૦૧ થી ૧૩ | ૧૪૬ થી ૧૪૯ |
| ૨. | વાસના | ૧૪ થી ૧૮ | ૧૪૯ થી ૧૫૦ |
| ૩. | ધર્મ - અધર્મ | ૧૯ થી ૨૬ | ૧૫૦ થી ૧૫૩ |
| ૪. | ઘાટ | ૨૭ થી ૩૧ | ૧૫૩ થી ૧૫૪ |
| ૫. | સંગ | ૩૨ થી ૪૯ | ૧૫૪ થી ૧૫૯ |
| ૬. | પાપ | ૫૦ થી ૫૮ | ૧૫૯ થી ૧૬૨ |
| ૭. | પંચવર્તમાન | ૫૯ થી ૮૪ | ૧૬૨ થી ૧૭૧ |
| ૮. | ક્રિયાશુદ્ધિ | ૮૫ | ૧૭૧ |
| ૯. | દોષ નિવારણ | ૮૬ થી ૧૪૨ | ૧૭૧ થી ૧૮૬ |

| ક્રમ | વિગત | વાત નં. | પેજ નં. |
|---|---|---|---|
| ૧૦. | ભક્તિ | ૧૪૩ થી ૧૪૯ | ૧૮૬ થી ૧૮૮ |
| ૧૧. | આચરણ-વિવેક | ૧૫૦ થી ૨૫૨ | ૧૮૯ થી ૨૧૪ |
| ૧૨. | સ્ત્રી ભક્તોને લગતી વાતો | ૨૫૩ થી ૨૭૧ | ૨૧૪ થી ૨૨૦ |
| ૧૩. | અન્ય વાતો | ૨૭૨ થી ૩૩૧ | ૨૨૦ થી ૨૩૫ |
| **૫.** | **સંતોને લગતી વાતો** | | |
| ૧. | દ્રોહ | ૦૧ થી ૦૬ | ૨૩૬ થી ૨૩૭ |
| ૨. | સંગ | ૦૭ થી ૧૧ | ૨૩૭ થી ૨૩૮ |
| ૩. | સાધુતા | ૧૨ થી ૧૦૨ | ૨૩૮ થી ૨૬૧ |
| ૪. | સંત મહિમા | ૧૦૩ થી ૨૩૮ | ૨૬૧ થી ૨૯૮ |
| ૫. | મોક્ષ | ૨૩૯ થી ૨૯૩ | ૨૯૮ થી ૩૧૨ |
| ૬. | દોષ નિવૃત્તિનાં ઉપાય | ૨૯૪ થી ૩૨૪ | ૩૧૩ થી ૩૧૯ |
| ૭. | ધર્મ-અધર્મ | ૩૨૫ થી ૩૩૬ | ૩૧૯ થી ૩૨૨ |
| ૮. | ક્ષમા | ૩૩૭ થી ૩૪૦ | ૩૨૨ |
| ૯. | પાપ | ૩૪૧ થી ૩૪૩ | ૩૨૨ થી ૩૨૩ |
| ૧૦. | કૃપા | ૩૪૪ થી ૩૪૭ | ૩૨૩ થી ૩૨૪ |
| ૧૧. | ક્રિયાશુદ્ધિ | ૩૪૮ થી ૩૫૩ | ૩૨૫ થી ૩૨૬ |




શ્રી ઠાકોરજી મહારાજ



નાસિકા વદન બેન દીને ગુરુ દિવ્ય નેન,
શોભિત શ્રાવણ દેકે શબ્દ સુનાવો હૈ;


रोगार्तस्य मनुष्यस्य
यथाशक्ति च मामकैः।

# દિવ્યાત્માઓનું દિવ્ય મિલન



# કણિકા - ૧

## સર્વોપરીપણાની વાતો

**સર્વોપરી તો એક મારો મહારાજ જ છે ! આ મહારાજ સિવાય બીજો કોઈ ભગવાન નથી અને આવા સાધુ કોઈ બ્રહ્માંડમાં નથી. મહારાજને બીજા અવતાર જેવા જાણે તો દ્રોહ કર્યો કહેવાય. જેને પરમાત્માની પાકી નિષ્ઠા હોય તેને મૃત્યુનો ભય ટળી જાય છે. ॥ ૧ ॥**

આ તો ઉપાસનાની નિર્ભય થઈને વાતો કરું છું, તેનું કારણ એ જ છે કે મારા ધણી સ્વામિનારાયણનું બળ ને ગુરુદેવનાં આશીર્વાદ છે. ॥ ૨ ॥

શ્રીજી મહારાજનો નિશ્ચય કર્યો હોય અને તેમાં ખુદ સ્વામિનારાયણ આપણને ડગાવવા આવે તો પણ ન ડગીએ ત્યારે આપણો સાચો નિશ્ચય થયો કહેવાય.

પછી ધારણા-પારણા કે ચાંદ્રાયણ નહીં કરવું પડે, રાફડા નહીં થાવું પડે, મહારાજને ગોતવા નહીં જાવું પડે, તમારી પાછળ મહારાજ આવશે પણ આવો નિશ્ચય થવો અનિવાર્ય છે. ॥ ૩ ॥

મહાતેજોમય એવું જે પરબ્રહ્મને રહેવાનું સ્થાન તે નિરાકાર રૂપે ધારેલું ને સાકાર રૂપે ભગવાનની સેવામાં રહેલું છે; એવા અક્ષરધામને ભગવાન સાથે લાવ્યા છે. આવી રીતે જે અક્ષરધામને માને છે; તેનામાં જ બ્રહ્મતેજ આવેલું છે. તેનામાં જ સાચી ઉપાસના આવી છે અને પુરુષોત્તમનો પાવર આવેલો છે. ॥ ૪ ॥

સ્વામિનારાયણની ઉપાસના હાલનાં યુગમાં જે ગતિથી વધી રહી છે તેવી બીજી કોઈની ઉપાસના વધતી નથી. આટલી સરસ કથા થાય છે તે મહારાજનો પ્રતાપ છે. કોલસામાં હીરો ચળકે છે તેમ મારો મહારાજ દુનિયાનાં છેડે છેડે ચળકતો ચળકતો પહોંચી ગયો છે. ॥ ૫ ॥

મારા હરિકૃષ્ણ મહારાજની ઉપાસના વધતી જાય છે. એ મારા મહારાજનો પ્રતાપ છે. ॥ ૬ ॥

આજે જો સંપ્રદાયમાં વોટિંગ કરવામાં આવે તો શુદ્ધ સર્વોપરી ઉપાસનાવાળા વધે અને મહારાજને વિષે પતિવ્રતાની ભક્તિવાળા વધે. જો કોઈનામાં તાકાત હોય તો સંપ્રદાયમાં મત મેળવે, માટે કોઈથી ડર્યા વિના સ્વામિનારાયણની ઉપાસના કરો. ॥ ૭ ॥

હું તમને બધાને પગે લાગીને કહું છું કે "સર્વોપરીનાં નિશ્ચયમાંથી ક્યારેય પાછા પગ ન ભરશો." ॥ ૮ ॥

ઉપાસનાનાં પાયા બહુ ખોદાતાં જાય છે. જો નપુંસકથી સ્ત્રીને પુત્ર જન્મે તો ઉપાસનાં વિનાના માણસનું પણ કલ્યાણ થાય પણ એ બનવા જોગ જ નથી માટે મોક્ષ માર્ગે ઉપાસના મુખ્ય છે. ॥ ૯ ॥

ઉપાસનાની વાતો વિષે કાંઈ સહન થતું નથી. પતિવ્રતાનારીને કાંઈ બનાવતા નહીં આવડતું હોય તો

પણ તેનો પતિ તેને રાખશે. પણ જે છપ્પનભોગ રોજ બનાવીને પતિને જમાડે ને બાજુવાળા કોઈ પુરુષ સાથે તાળી મેળાવતી હશે, તો તેનો પતિ તેને ક્યારેય નહી ચલાવે. તેમ યાદ રાખો કે, **"જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય નહીં હોય તો પુરુષોત્તમ ચલાવી લેશે; પણ ઉર્ધ્વરેતા બ્રહ્મચારી હશે ને ઉપાસના નહીં હોય તો પુરુષોત્તમ નહીં ચલાવી લે, નહીં જ ચલાવી લે."** એ વાત ગુણાતીતાનંદ સ્વામીએ સમજાવી છે અને શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે,

मन्येऽकुतश्चिद्भयमच्युतस्य पादाम्बुजोपासनमत्र नित्यम् ।
उद्विग्नबुद्धेरसदात्मभावाद् विश्वात्मना यत्र निवर्तते भीः[1] ॥१०॥

**ગમે તેવો પંડિત હોય પણ તેને ઉપાસના નથી તો તેનાથી કોઈનાં કલ્યાણ ન થાય, જેમ નપુંસકથી**

૧. **અર્થ :** આ સંસારમાં દેહાદિના ઉપર આત્મભાવના થવાથી, નિત્ય ભયભીત બુદ્ધિવાળા પુરુષને અચ્યુત ભગવાનનાં ચરણ કમળની ઉપાસના જ સર્વ પ્રકારનાં ભયથી છોડાવનાર છે. જે કરવાથી સમગ્ર ભય દૂર થાય છે. (ભાગ.-૧૧/૨/૩૩)

**છોકરા ન થાય. જે તર્કથી વાતો કરે છે તેનાથી કોનાં કલ્યાણ થયાં ? માટે ઉપાસના વતે જ સર્વે વાતની સિદ્ધિ થાય છે. ॥ ૧૧ ॥**

જે પરણેલી સ્ત્રી હોય તે ક્યારેય પતિ ન ગોતે. તેમ આપણને મહારાજ મળી જ ગયા છે. જે અવતારી અને અવતારમાં ભેદ ન માને અને નપુંસક જેવી વાત કરે તો તેની વાત ક્યારેય ન સાંભળશો. ઉપાસનાનો ખીલો મજબૂત હોવો જોઈએ, હલવો ન જોઈએ. ઉપાસ્ય સ્વરૂપ એક સ્વામિનારાયણ જ છે. યુગલ સ્વરૂપ નથી. **॥ ૧૨ ॥**

જેમ પતિવ્રતા નારી પોતાનાં ઘરમાં પતિનો પલંગ હોય તો તેના પર કોઈને ન બેસવા દે કારણ કે તેણે પોતાના ધણીનો મહિમા જાણ્યો છે. તેમ આપણે આપણા હૃદયમાં આપણા ધણી હરિકૃષ્ણ મહારાજનો મહિમા જાણી બીજા કોઈને ન પેસવા દેવા. **॥ ૧૩ ॥**

આપણે કોના છીએ ? તો આપણે અનંતકોટી બ્રહ્માંડનાં ધણી નાં છીએ. આપણા રખેવાળ ‘‘સહજાનંદ સ્વામી’’ છે. ॥ ૧૪ ॥

ધણીના ખાટલે એક ધણી જ હોય, તેમ હૃદય છે તે ધણીનો ખાટલો છે, તેમાં એક મહારાજ જ બીરાજે. મહારાજ જ્યારે હૃદયમાં આવે ત્યારે તેનાં મુક્તો પણ સેવા કરવા આવે છે. ॥ ૧૫ ॥

હે વ્હાલા ભક્તો ! પરબ્રહ્મ પુરુષોત્તમનું સ્વરૂપ તમારા ઘરમાં રાખો, પણ ક્યારેય તામસ દેવ દેવીઓને ન રાખવા જોઈએ, સત્સંગિજીવન ના પાડે છે, તેનું પૂજન ધ્યાન ન કરાય. ॥ ૧૬ ॥

હાથીનાં પગલાંમાં તમામ પગલાં આવી જાય છે, તેમ જે પુરુષોત્તમનારાયણની ઉપાસના કરે છે તેના મોક્ષ માર્ગનાં બધાં સાધનો પૂરાં થયાં છે. તેને કોઈ જગ્યાએ માથું ઘસવાની જરૂર નથી. જે ઘસે છે તે કુસંગી છે. ॥ ૧૭ ॥

જેમ કોઈ નારી હોય તે એમ કહે કે - આ ગામમાં છે તે બધા પુરુષો મારા માટે સરખા છે તો તે પતિવ્રતાનારી ન કહેવાય, તેમ જે બધા દેવોને સરખા માને તેને ભક્ત ન કહેવાય. ॥ ૧૮ ॥

જે ઈષ્ટદેવની ઉપાસના કરે તેના રોમે રોમમાં ઈષ્ટદેવ જ રમતાં હોય, તે જ સાચો પતિવ્રતાનાં અંગવાળો ભક્ત છે. ॥ ૧૯ ॥

રાજાની સાથે ક્યારેય નોકરને ન બેસાડાય, તેમ સિંહાસનમાં એક મહારાજની જ મૂર્તિ હોય પણ તામસ દેવ દેવીઓની મૂર્તિ ન હોય, આ વાત માનવાથી ક્યારેય પાપ નહીં લાગે. ॥ ૨૦ ॥

જો અનન્ય ભાવે હરિકૃષ્ણ મહારાજને ભજીશું, તો આપણો યોગ ને ક્ષેમ હરિકૃષ્ણ મહારાજ વહન કરશે. ॥ ૨૧ ॥

નિષ્ઠા, ઉપાસના અને નિશ્ચય આ બધાં પર્યાયવાચક શબ્દો છે. જ્યાં સુધી નિષ્ઠા ન હોય ત્યાં

સુધી મોક્ષનાં માર્ગમાં ખામી છે. ॥ ૨૨ ॥

મોક્ષનાં અનેક સાધનો છે, પણ એમાં અગત્યનું મુખ્ય સાધન હોય તો તે ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય, નિષ્ઠા અનો ઉપાસના છે. મહારાજ વચનામૃતમાં કહે છે કે “મોક્ષ તો ભગવાનનાં નિશ્ચયે કરીને જ થાય છે, બીજા સાધનોની અંદર કાંઈ થોડી ઘણી કસર હોય તો ચાલે.” ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ સાધનો તો ભગવાનને પામવાનાં પંચવર્તમાન છે. તેમાં થોડી ઘણી કસર હોય તો તે ટળે પણ ભગવાનનાં સ્વરૂપમાં નિષ્ઠા અને ઉપાસનાની કસર તો ક્યારેય ટળતી નથી,તે મોક્ષનાં માર્ગમાં બાધક છે. મોક્ષનું મુખ્ય કારણ ભગવાનનાં સ્વરૂપની નિષ્ઠા ને ઉપાસના તે જ છે. ॥ ૨૩ ॥

જેમ તલાવડી હોય તેમાં પાણી આવે તો તેમાં જીવ જંતુઓ આપો આપ આવી જાય છે તેમ હૃદયની અંદર ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય હોય અને ઉપાસના હોય

તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વણનોંતરે તેના હૃદયમાં આવે છે. ॥ ૨૪ ॥

જેની ઉપાસના કાચી છે, તેનો મોક્ષ પણ કાચો છે. સાધનો કરી કરીને, કથાઓનું શ્રવણ કરી કરીને પરિપકવ તો એક જ કરવાનું છે કે ભગવાનનાં સ્વરૂપની નિષ્ઠા તથા ભગવાનનાં સ્વરૂપની ઉપાસના. ॥ ૨૫ ॥

જેની જોડે બેસો તેની જોડે ઉપાસનાની અને સંતો-ભક્તોનાં મહિમાની વાતો કરો. નહિંતર પાછું મૃત્યુલોકમાં આવવું પડશે. ॥ ૨૬ ॥

જે નિષ્ઠાવાળો, ઉપાસનાવાળો, પતિવ્રતાનાં અંગવાળો ભક્ત હોય તેને પુરુષોત્તમનો આઠે પહોર કેફ હોય, તે કોઈ દોરા ધાગામાં ન માને. તે બધું જ સુખ મહારાજ પાસેથી જ ઈચ્છે પણ બીજા કોઈ થકી ન ઈચ્છે. ॥ ૨૭ ॥

**ગમે તેવો ધ્યાની હોય, જ્ઞાની હોય, બ્રહ્મવેત્તા હોય પણ જો ઉપાસનામાં કસર હોય તો તે કસર**

**પછી ટળે નહીં. ॥ ૨૮ ॥**

મહારાજને આપણે કોઈ સાથે સરખાવી ન શકીએ. ॥ ૨૯ ॥

આપણી નિષ્ઠા ત્યારે જ પરિપક્વ ગણાય જ્યારે આપણા સહજાનંદ ધણીને ન ગમે તેવું આચરણ ન કરીએ. મારું જીવન મહારાજનાં ગમતામાં હોવું જોઈએ-એવી નિષ્ઠા જોઈએ. આપણી નિષ્ઠા જોઈને ભગવાન આપણી પાછળ પાગલ થઈ જવા જોઈએ. ॥ ૩૦ ॥

જ્યાં સુધી શુદ્ધ સહજાનંદી સિંહ ન બનીએ, સહજાનંદની ઉપાસના દઢ ન થાય ત્યાં સુધી સ્વરૂપનિષ્ઠા દઢ ન થઈ કહેવાય. ॥ ૩૧ ॥

જે નારી પોતાના ધણીને મરાવી નાખે, નાક કપાવી નાખે તે નારી સોળ શણગાર સજી બહાર આવે તો તે ક્યારેય શોભે ખરી ? એમ પોતાના ઈષ્ટદેવની ઉપાસના તોડી પછી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનો શણગાર ધારણ કરીએ એ તો ધણીને મારી ને શણગાર સજ્યા જેવું છે;

માટે ઉપાસના વિનાનાં શણગાર ક્યારેય સજવા નહીં. મોક્ષનું અસાધારણ કારણ ઉપાસના છે. ॥ ૩૨ ॥

આપણા હૃદયની અંદર મહારાજની મૂર્તિ તો છે, પણ માયાના પડ ઉખાડવાનાં છે. તે ઉખડે તો મૂર્તિનું સુખ આવે ॥ ૩૩ ॥

ભગવાનની માયા બહુ રૂપે થાય છે. તે ભગવાનની શક્તિ છે. તેના તે(ભગવાન) સ્વામી છે. તેના પર તેનું શાસન ચાલે છે. પણ માયા પરમાત્મા પર શાસન કરી શક્તી નથી. શક્તિ એટલે સાધન. શક્તિ ઉપાસ્ય નથી પરમાત્મા એક જ ઉપાસ્ય છે. આ શતાનંદ સ્વામીનો મત છે. ॥ ૩૪ ॥

માલિક એક સર્વોપરી મહારાજ જ છે. ભગવાન સિવાય ક્યાંય હેત રાખવું નહીં. અને જો કદાચ કોઈમાં રહી ગયું અને તે મરતી વેળાએ યાદ આવે તો કલ્યાણ બગડે છે. અંતે તો સર્વ કર્તા હર્તા મહારાજ જ છે. એ કરશે તેમ જ થાશે. ॥ ૩૫ ॥

બકાલી પાસે જઈએ તો ત્યાં સુવર્ણ-હીરા ન મળે ત્યાં તો રીંગણ, બટાકા વગેરે શાકભાજી મળે, પણ સોનું ને હીરા તો સોની પાસે જ મળે. તેમ જો મોક્ષ જોતો હોય તો પરબ્રહ્મને શરણે થવું જ પડે. ॥ ૩૬ ॥

પરબ્રહ્મ સિવાય દેવી-દેવતાઓ તો આ લોકનાં સુખ વૈભવો આપે છે પણ મોક્ષ થતો નથી. વળી ગીતામાં કહ્યું છે કે,

यान्ति देवव्रता देवान्पितॄन्यान्ति पितृव्रताः ।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम्[1] ॥ ૩૭ ॥

**ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે, આ જ એક વાત છે, બીજી વાતો અમારી પાસે નથી. સર્વોપરીનો જ ઢંઢેરો પીટવો છે. બીજું કાંઈ અમારે**

---

૧ અર્થ : દેવોનું વ્રત કરનારા દેવોને પામે છે, પિતૃઓનું પૂજન કરનારા પિતૃઓને પામે છે, ભૂત - પ્રેતનું પૂજન કરનારા ભૂતોને પામે છે અને મને (ભગવાનને) પૂજનારા મને (ભગવાનને) પામે છે. ને તેમનો પુનઃ જન્મ થતો નથી. (ગીતા:૯/૨૫)

કરવું નથી. ॥ ૩૮ ॥

જે સ્વામિનારાયણનાં થઈને સ્વામિનારાયણનાં યશને સાંભળી ન શકે તેને કઈ ઉપમા દેવી ? અમારી પાસે એક જ વેપાર છે, સ્વામિનારાયણરૂપી માલ છે, તે વેચીએ છીએ, જેને પચે તે લઈ શકે છે, જેને ન પચે તે પાછો આપી શકે છે. ॥ ૩૯ ॥

આ ધનતેરસનાં દિવસે ધન કમાય લો ને પ્રતિજ્ઞા કરો, પણ જેને પ્રતિજ્ઞા કરવી હોય તે સાચા દિલથી કરજો, પણ જેને પેટમાં દુઃખાવો થાય તે ના કરતાં. પ્રતિજ્ઞા કરો કે, "હે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ ! આજથી અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે અમારે ભાઈઓ, બાપ, કાકા, મામા ઘણાં હશે પણ ધણી એક સ્વામિનારાયણ જ છે. બીજો કોઈ નથી. વૈકુંઠપતિ, બદ્રિપિતિ, ગૌલોકપતિ, કૈલાસપતિ બધાં દેવો અમારા માં-બાપ છે, પણ ધણી એક જ સ્વામિનારાયણ." ॥ ૪૦ ॥

વાસ્તવિક ધણી તો એક સ્વામિનારાયણ જ છે, બાકી બધો ખેલ છે, આવી વાત અંતે સમજે જ છૂટકો છે. માટે આપણી આવરદા તુચ્છ છે, બુઢ્ઢા થઈને મરવાનું જ છે, માટે ભગવાન જોડે પરણી જાવ. ॥ ૪૧ ॥

પુરુષોત્તમ મળ્યા પછી ભય રાખવો એ તો રાજાની રાણી થઈ ભિખારણ રે'વા જેવું છે, માટે હું શાસ્ત્રનાં આધારે ચોક્કસ રીતે કહી શકું કે કોઈપણ અવતારે આ પૃથ્વી પર આવીને ભાગવત્ ધર્મની સ્થાપના કરી હોય તો તે માત્ર એક મારા સ્વામિનારાયણે કરી છે. ॥ ૪૨ ॥

**ભગવાન રામ મર્યાદા પુરુષોત્તમ છે. ભગવાન શ્રીકૃષ્ણ લીલા પુરુષોત્તમ છે પણ ભગવાન સ્વામિનારાયણ તો પૂર્ણ પુરુષોત્તમ છે. ભાગવતમાં પણ અવતારોનાં અનેક ભેદ બતાવ્યા છે. ॥ ૪૩ ॥**

સંસારમાં એક મીરાંબાઈ, એક નરસિંહ મહેતા ને એક તુલસીદાસ થયાં, પણ આ સહજાનંદનાં બાગમાં હજારો હજારો મીરાં, નરસિંહ મહેતા, તુલસીદાસ જેવા

થયા છે ને થાય છે. ॥ ૪૪ ॥

આ દુનિયામાં અનેક અવતારો પરમાત્માનાં થયા છે, પણ કૃપા સાધ્ય કલ્યાણ કર્યું હોય તો એક સ્વામિનારાયણ ભગવાને કર્યુ છે યાદ રાખજો. ॥ ૪૫ ॥

સ્વામિનારાયણનાં સાધુને ક્યારેય કોઈના સદાવ્રતમાં જાવું પડતું નથી, પરંતુ તે તો સદાવ્રતો ખોલી આપે છે. સ્વામિનારાયણ ભગવાનનાં સત્સંગમાં તો લીલાલે'ર છે. ॥ ૪૬ ॥

આપણો સાચો વરરાજો સ્વામિનારાયણ છે. સ્વામિનારાયણનું ભજન કરાવતા જે કાંઈ પાપ લાગે કે દ્રોહ થાય તે પાપ મને આપી દ્યો. હું નરકમાં જઈશ પણ બીજાને સ્વામિનારાયણનું ભજન કરાવડાવો અને ઉપાસના શીખવાડો. ॥ ૪૭ ॥

"સ્વામી એટલે માલિક" સાધુ તો તેનાં દાસ છે. ભગવાનને લઈને સાધુને ભગવાન જેવાં કહી શકાય. નારાયણ તો અનેક છે પણ અનેક બ્રહ્માંડોમાં

"સ્વામિનારાયણ" એક જ છે. તેનો કોઈ હરિફ નથી ને થવાને કોઈ સમર્થ નથી ને થશે પણ નહીં. ॥ ૪૮ ॥

આ સ્વામિનારાયણ મંત્ર અખંડિત છે તેનો વિભાગ ન થાય. આ મંત્રનો અર્થ જાણ્યા સિવાય જપવાનું પૂર્ણ ફળ મળતું નથી. ॥ ૪૯ ॥

હૃદયમાં સ્વામિનારાયણ ધણીનો જ ખાટલો હોય, બીજા કોઈ કામ, ક્રોધ, લોભ, દંભ, માન, લંપટનો ના હોય. ॥ ૫૦ ॥

લગ્નમાં ગીતો ઘણાનાં ગવાતા હોય જેમ કે, છોકરીનાં, માં-બાપનાં, ભાઈ, કાકા, કાકી, મામા, મામીનાં, બધાનાં વખાણ થાય પણ કન્યા તો ધણીનું જ કાંડું ઝાલે, તેમ શાસ્ત્રો બધું જ કહેતા હોય પણ કાંડું ધણી સ્વામિનારાયણનું જ ઝલાય. ॥ ૫૧ ॥

હજારો કરોડો ભગવાનનાં નામ છે પણ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સ્વામિનારાયણ નામ સર્વોપરી છે. ઉપાસના, જપ એક જ સ્વરૂપનાં થાય તેમ સત્શાસ્ત્રો કહે છે. ॥ ૫૨ ॥

અવતારીને અવતાર સમ ક્યારેય ન કહેવાય. જેવું સ્વરૂપ અક્ષરધામમાં મહારાજનું છે તેવું સ્વરૂપ અક્ષરધામમાં મુક્તનું છે. નગરશેઠને કહેવાય કે રાજા છે, પણ રાજાને ક્યારેય ન કહેવાય કે તમે નગરશેઠ છો. માટે સ્વામિનારાયણ એક જ સર્વોપરી છે. ॥ ૫૩ ॥

ભગવાન સ્વામિનારાયણ આપણા ધણી છે. આ વાતો હું તમારા કલ્યાણને અર્થે કહું છું. મહારાજનો સિદ્ધાંત કીધો છે. મહારાજ અને નંદસંતો પાસેથી માલ લેવાનો અને અહીં દેવાનો, હું તો દલાલ છું. ॥ ૫૪ ॥

આપણા ધણી પુરુષોત્તમ છે. તે કોણ છે ? ક્યાંથી આવ્યા છે ? તે જ્યાં સુધી નહીં જાણીએ ત્યાં સુધી કેફ નહીં ચડે. મહારાજની મૂર્તિ આપણા હાથમાં છે પણ આપણને જણાતું નથી. આપણે બાળક બુદ્ધિને કારણે મૂર્ખબુદ્ધિને કારણે જાણી શક્તાં નથી. કારણ કે જો આપણે આપણી જાતને જાણી નથી શક્તાં તો પરબ્રહ્મને ક્યાંથી જાણી શક્વાના. ॥ ૫૫ ॥

**ધ્યાન તો એક હરિકૃષ્ણ મહારાજનું જ થાય છે. ઉપાસના હરિકૃષ્ણ મહારાજની જ થાય. ॥ ૫૬ ॥**

પુરુષોત્તમ નારાયણને અવતાર જેવા ન કહેવાય. અનાદિમુક્તોને પણ અવતાર જેવા ના કહેવાય. પુરુષોત્તમનારાયણ સ્વતંત્ર છે અને બીજા બધા પરતંત્ર છે. ॥ ૫૭ ॥

ભગવાનનાં ભક્તે તો આટલી વાત નક્કી રાખવી જે સર્વેનાં કારણ તો ભગવાન સ્વામિનારાયણ જ છે. તેની પોતાની ઈચ્છાથી આ બધું પુરુષ, પ્રકૃતિ, મહતત્ત્વ આદિક થાય છે. મહારાજે સૃષ્ટિ કરી છે. ભગવાન ધારે તો સૃષ્ટિને સંકેલી પણ લે છે. પણ સ્વતંત્ર તો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જ છે. એમની ઈચ્છા હોય ત્યાં સુધી જ સૃષ્ટિ રહે છે. માલિક તો પુરુષોત્તમનારાયણ જ છે. તેના સિવાય બીજા કોઈનું ચાલતું નથી. ॥ ૫૮ ॥

જગતનાં કારણ, જગતની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય આ તમામનાં કારણ ભગવાન પુરુષોત્તમનારાયણ જ

છે. "મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય." ॥ ૫૯ ॥

શ્રીજી મહારાજે કળિયુગમાં બહુ કૃપા કરી છે. મહારાજે રામાનંદસ્વામી પાસે વરદાન માંગીને પોતાના ભક્તોની કાળજી રાખી. ॥ ૬૦ ॥

આપણે મહારાજને ઓળખીએ છીએ પણ શું મહારાજ આપણને ઓળખે છે ? આપણી ભક્તિ ત્યારે જ સાચી કહેવાશે જ્યારે મહારાજ આપણને ઓળખતા થશે, મહારાજની નજર આપણા પર પડવી જોઈએ. અઢાર જગ્યાએ માથા ઘસવા ન જવું. ॥ ૬૧ ॥

સર્વે અવતારનાં અવતારી આપણા ધણી મહારાજ છે. આપણને રાત ને દિવસ એક મહારાજનો કેફ હોવો જોઈએ. ॥ ૬૨ ॥

જે ધર્મને ભક્તિને ઘેર પ્રગટ થયા તે સાચા પરબ્રહ્મ છે. જ્યારે જ્યારે એકાંતિક ભક્તો તે પરબ્રહ્મને પુકારે છે ત્યારે તે પ્રગટ થાય છે અને લાખો અરબો લોકો મોક્ષને

પામે છે. જેને સચ્ચિદાનંદ કહે છે, તે પરબ્રહ્મ છે ને તે એક જ છે અને મોક્ષને આપનાર છે. તેમની ઉપાસનાથી કલ્યાણ થાય છે. જીવ જયારે તેની સાચી ઉપાસના કરે છે ત્યારે તે સાચો સત્સંગી થાય છે. ॥ ૬૩ ॥

મહારાજનું પ્રાગટ્ય આપણને ત્રણ ચિંતામણી આપવા માટે થયું છે. તેમાં એક તો વરતાલમાં હરિકૃષ્ણમહારાજનું સ્વરૂપ, બીજું પોતાનો મંત્ર સ્વામિનારાયણ નામનું ભજન કરો અને ત્રીજું શિક્ષાપત્રી તે વરતાલમાં જાતે લખીને આપણને આપીને કહ્યું કે આ પ્રમાણે વર્તજો. ॥ ૬૪ ॥

**હરિકૃષ્ણ મહારાજ જેવું સર્વોપરી સ્વરૂપ મળ્યું છે ને સ્વામિનારાયણ જેવો ષડ્‌ાક્ષરી મંત્ર મળ્યો છે અને શિક્ષાપત્રી મળી પછી આપણી નિષ્ઠા દેવ-દેવી, દોરા ધાગામાં જાય તો આપણા જેવા કપાતર કોણ કહેવાય ? ॥ ૬૫ ॥**

**મહારાજને વૈકુંઠપતિ રૂપે માનશો તો વૈકુંઠમાં**

**જશો. મહારાજને બદ્રિપતિરૂપે માનશો તો બદરિકાશ્રમમાં જશો. ગૌલોકપતિરૂપે માનશો તો ગોલોકમાં જશો અને પરાત્પર પરબ્રહ્મ પુરુષોત્તમ-નારાયણ માનશો તો અક્ષરધામમાં જશો. તે વાત નિર્વિવાદ છે. ॥ ૬૬ ॥**

ચોવીસ અવતારો પોતામાં લીન કરતા હોય, તેવો ઈતિહાસ કોઈ વેદ-ઉપનિષદ્ કે પુરાણમાં નહીં મળે. માત્ર એ કાર્ય ભગવાન સ્વામિનારાયણે જ કર્યું છે, માટે તે સર્વ અવતારી છે જ. ॥ ૬૭ ॥

આજે સત્સંગમાં આવો તો ખબર પડે છે કે વીસ-બાવીસ-પચીસ વર્ષનાં જુવાનડાઓ સંસાર છોડીને; માયાને લાત મારીને આવે છે. એ ફક્ત સ્વામિનારાયણને ત્યાં જ છે. આ શરીર એટલાં માટે છે કે તેનાથી ફક્ત ભગવાન ભજાય છે. ॥ ૬૮ ॥

**સૌ કોઈનો માલિક હરિકૃષ્ણ મહારાજ છે. આપણા સાચા પતિ હરિકૃષ્ણ મહારાજ છે. આત્માથી**

**મહારાજને પરણી જાવ, શરીરે કરીને ભલે બીજાને પરણ્યા હોઈએ. ॥ ૬૯ ॥**

સાધુ તો ગોર છે, તે તો ભગવાન જોડે પરણાવી દે. આરાધ્ય એક ઈષ્ટદેવ ભગવાન છે તે સ્વામિનારાયણ છે. જે પંચવર્તમાનની મહારાજે આજ્ઞા આપી છે તે પાળવી ને ભજન કરવું. **॥ ૭૦ ॥**

ભગવાન સ્વામિનારાયણ એક જ છે. તેના જેવો થાવા બીજો કોઈ સમર્થ નથી. પ્રગટ પુરુષોત્તમનારાયણ એક જ છે. તે વાત નક્કી જ છે. **॥ ૭૧ ॥**

ભવાયાને પોતાની ભવાઈનો કેફ હોય છે પણ આપણને આટલા મોટા મહારાજ મળ્યા છે, તેનો કેફ હોતો નથી. ઈ તે વળી કેવું ? માટે જેને ભગવાનની ભક્તિનો કેફ હોય છે તે ધન્ય ધન્ય બની જાય છે. તેને પછી આ જગતનાં લોચાઓ છૂટી જાય છે. **॥ ૭૨ ॥**

તમામ અવતારો અવતારીમાં લીન થાય છે. આ અવતાર ને અવતારીમાં ભેદ છે. આવી વાતો સાંભળશો

અને જીવનમાં ઉતારશો તો ફિલ્મોનાં ગીતો સાંભળવા નહીં ગમે, હોટલોનાં રગડા ખાવા નહીં ગમે, દુનિયાનાં રૂપો સડેલ કૂતરા જેવા લાગશે, માટે જ્યાં સુધી આવું ન થાય ત્યાં સુધી ''અક્ષરના વાસી વ્હાલો આવ્યા અવની પર'' આ પદ જીવનમાં દ્રઢ કરો. ॥ ૭૩ ॥

દુનિયાની વાતો અને કોઈની નિંદાથી બીશો નહિ, અમે જ્યારથી હરિકૃષ્ણ મહારાજની સેવામાં વરતાલ આવ્યા છીએ ત્યારથી અમારે માથે ખોટી અફવાઓની નોબતો ને નિંદા થાય છે, તો પણ મહારાજની મસ્તીમાં રહીને સેવા કરીએ છીએ. માટે મહારાજની સેવા કરવામાં ગમે તેટલી નોબતો વાગે તો વાગવા દ્યો પણ સત્સંગથી મન પાછું ના વાળશો. ॥ ૭૪ ॥

જે કુંવારા હોય તેના માંગા હોય પણ આપણે તો સહજાનંદને પરણી ગયા છીએ એટલે આપણે કુંવારા નથી. ॥ ૭૫ ॥

જેને પુરુષોત્તમનારાયણ, સાધુ અને ભક્તો

સિવાય બીજે હેત રહી ગયું, તે તો મરી ગયો એમ સમજો. આ વાત આજે ન સમજે તો કાંઈ નહિ, પણ અંતે આ વાતને માન્યા સિવાય છૂટકો જ નથી, માટે હૃદયનાં દોરડાં જ્યાં ત્યાં ન બાંધવા પુરુષોત્તમનારાયણમાં બાંધજો તો અંતે કામ લાગશે, ભગવાનનો ભક્ત સદાય ઉમંગમાં હોય ને બધેથી હેત તોડેલું હોય. ॥ ૭૬ ॥

જ્યાં સુધી મહારાજને પ્રગટ સમજ્યા નથી ત્યાં સુધી મહારાજનાં સ્વરૂપનું યથાર્થ સુખ આવે જ નહીં. ॥ ૭૭ ॥

મહારાજનાં સ્વરૂપને આપણે જીવતાં જ પામી જવાનું છે. મહારાજ પ્રગટ ને પ્રગટ છે.. છે.. અને છે.. જ. એ વાત નિર્વિવાદ છે. મહારાજ ભૂતકાળમાં પણ હતા, વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ રહેવાના છે. જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર તપે, અજવાળું આપે અને અનંત કોટિ બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય તો પણ મહારાજ પરોક્ષ નહીં થાય તે પ્રગટ ને પ્રગટ જ છે. તેવું યથાર્થ માહાત્મ્ય

**સમજાય તો કાંઈ કરવું બાકી નથી. ॥ ૭૮ ॥**

સુખ આપે તો મહારાજ આપે, નિરોગી કરે તો મહારાજ કરે, દુઃખી કરે તો મહારાજ કરે, રોગી કરે તો મહારાજ કરે; આ વાત ભક્તોએ ક્યારેય ન ભૂલવી. **॥ ૭૯ ॥**

ભગવાન સિવાય કોઈનો ભય ન રાખવો. આપણે ભગવાનનાં ગુલામ છીએ, ભગવાન સિવાય કોઈ તામસ દેવનો ભય ન રાખશો, કાંઈ થાવાનું નથી. **॥ ૮૦ ॥**

**ગમે તે કરતાં હોઇએ, દુઃખમાં હોઈએ કે સુખમાં હોઈએ તોય મહારાજની મૂર્તિ ભૂલાય નહીં; એવું અનુસંધાન કરવાનું છે ત્યારે પરિપકવ નિશ્ચય ને નિષ્ઠા થાય.** જેમ શ્વાસ લેવામાં યત્ન કરવો પડતો નથી, તેમ મૂર્તિને યાદ રાખવામાં યત્ન ન કરવો પડે તેવું અનુસંધાન રાખવાનું છે. **॥ ૮૧ ॥**

પહાડ જેવાં દુઃખ આવે તોપણ પોતાના

ઈષ્ટદેવમાંથી નિષ્ઠા ઓછી ન કરશો. જેણે શ્વાસ આપ્યો છે તો તે ટકાવવાનો જ છે. "रक्षिष्यतीति विश्वासः" ભગવાન રક્ષા કરશે જ એવો વિશ્વાસ હોવો જોઈએ. જેનાથી ભગવાન પણ ભક્તને આધીન થઈ જાય છે અને ભક્તનાં પણ ભક્ત બની જાય છે. ॥ ૮૨ ॥

અવિશ્વાસ છે તે અતિ મોટું પાપ છે. પરમાત્મા આપણી ગમે તેટલી કઠિન કસોટી લે, તો પણ અવિશ્વાસ ન આવવો જોઈએ. ॥ ૮૩ ॥

આ ભેખધારીઓ, આ સંતો બધા ભગવાનનાં ચરણાર્વિંદનાં સુખે કરીને જ સુખી છે. એ જ સુખ છે. બાકી તો બધે જ દુઃખ છે. ॥ ૮૪ ॥

**સ્વામિનારાયણ સિવાય બીજે ક્યાંય માલ માનવો નહિ. જે બળભરી વાતો કરે, ભગવાન અને સાધુમાં જોડે તેનો સમાગમ નિરંતર રાખવો. ॥ ૮૫ ॥**

જેને ભગવાન ને સાધુ મળ્યા નથી તેની પરિસ્થિતિ કેવી છે ? તે જુવો ને ! જેને ભગવાન ને સાધુ મળ્યા છે

તેની પરિસ્થિતિ કેવી છે ? તે જુવો. ॥ ૮૬ ॥

જેને ભગવાન ને સાધુ મળ્યા છે તે સહજાનંદી બાગમાં બેઠા છે અને તમારામાં કોઈ હેત બાંધશે તો તે બધાં આત્યંતિક કલ્યાણનાં અધિકારી થશે. આમાં કોઈ વીર ભગુજી, દાદોખાચર, પર્વતભાઈ, બ્રહ્માનંદ, મુક્તાનંદ ઉત્પન્ન થશે. આ સભામાં બેસવા મળ્યું છે, તે બહુ મોટા ભાગ્ય છે. ॥ ૮૭ ॥

ધ્યેય નક્કી કરીને ચાલશું તો જરૂર ધ્યેય સુધી પહોંચીશું, આપણો ધ્યેય મહારાજ છે. ॥ ૮૮ ॥

સ્નાન કરતી વખતે સંતો-ભક્તોનાં નામ લઈને યાદ કરવા.જેથી; મહિમાનું સ્તર ઉંચુ આવે. ॥ ૮૯ ॥

એક વખત ભગવાનનું નામ લેવાથી જેટલાં પાપો બળી જાય છે, એટલાં પાપો પુરુષ યા સ્ત્રી આખી જીંદગીમાં પણ કરી શકતાં નથી, આટલી તાકાત ''સ્વામિનારાયણ'' ષડ્ાક્ષરી મંત્રમાં છે. અતિ બળવાન મંત્ર છે. ॥ ૯૦ ॥

નામીએ સહિત નામ ગાવું જોઈએ, પણ એ બહું કઠણ છે. ભગવાનનાં નામનાં કોઈ સ્રષ્ટા નથી પણ દ્રષ્ટા છે. નામ જપવાથી તેનું ફળ કેટલું મળે છે તે તો દ્રષ્ટા ઋષિ પર આધાર રહે છે. ॥ ૯૧ ॥

નામ પ્રસિધ્ધ કરનાર જે ઋષિ હોય તે ઋષિમાં જેટલી તાકાત ને બ્રહ્મતેજ હોય એટલું જ એ નામ ફળ આપી શકે છે. ॥ ૯૨ ॥

વચનામૃતનાં આધારે કહું છું કે વિશ્વની અંદર જેટલા મંત્રો છે તે બધા મંત્રો મહામંત્ર ''સ્વામિનારાયણ'' માં લીન થાય છે. કોઈ એક મંત્ર બોલવાથી એક મંત્રનું ફળ થાય છે પણ સ્વામિનારાયણ મંત્ર બોલવાથી તમામ મંત્રનું ફળ થાય છે.॥૯૩॥

વૈદિક મંત્ર કલ્યાણ આપે છે. વેદોમાં ભગવાનનાં અનેક નામ છે, પણ વેદમાં રહેલું ''સ્વામિનારાયણ'' નામ સર્વોપરી છે. આ મંત્ર વેદમાં અનાદિથી જ હતો ને રહેવાનો. ॥ ૯૪ ॥

આપણા હૃદયમાં સ્વામિનારાયણ નામ ઠચાવવા માટે નંદસંતોએ માર ખાઈને વાંહા ફાડી નાંખ્યા છે, અનેક અપમાનો સહન કરીને આ મહામંત્ર આપ્યો છે. ॥ ૯૫ ॥

મોટામાં મોટું દાન હોય તો બીજાનાં જીવનમાં સ્વામિનારાયણનું નામ આપવું તે છે. ॥ ૯૬ ॥

ષડ્‌ાક્ષરી મંત્ર જે સ્વામિનારાયણ જપવાથી ધર્મ, અર્થ, કામ તો મળે પણ અંતે જાતા તો પાછો મોક્ષ આપે છે. હા, ધર્મ આપે એવા મંત્ર માત્ર ધર્મ આપે, અર્થ આપે એવા મંત્ર માત્ર અર્થ આપે, કામ આપે એવા મંત્ર માત્ર કામ આપે પણ આ ‘‘મંત્રરાજ’’ તો બધું જ આપે છે. માટે સ્વામિનારાયણ મંત્ર સર્વોપરી છે. માટે અવળી ઘડીઓ સવળી પાડવાની છે. ॥ ૯૭ ॥

આજનાં વૈજ્ઞાનિકો એક સૂક્ષ્મ એવાં અણું બોમ્બમાં એટલી બધી તાકાત મેલે કે સેકેન્ડનાં ભાગમાં આખી દુનિયાનો નાશ કરી શકે એવો બોમ્બ બનાવે છે. તો મારા મહારાજનાં નામનો ‘‘સ્વામિનારાયણ’’ મહામંત્ર એવો

બોમ્બ છે કે અરબોનાં અરબો જીવોનાં પાપો એકસેકન્ડનાં ભાગમાં ખાખ કરી નાખે એવો આ મંત્ર છે. ॥ ૯૮ ॥

ભગવાનનાં બધાં નામો ઋષિમુનિઓએ પાડેલા છે. ભગવાને સ્વયં નામ પાડ્યું હોય તો તે સ્વામિનારાયણ છે. ॥ ૯૯ ॥

ભગવાનનાં નામનો જપ કરવો તે સૌથી સરળ અને શ્રેષ્ઠ છે. જેને સ્વામિનારાયણ રટન કરવાની આદત પડી ગઈ તે જીવનમાં ફાવી ગયો. નિર્વાસનિક થવા માટે જપ મહાન છે. ''हरेर्नामेव हरेर्नामेव हरेर्नामेव केवलम्'' આત્યંતિક કલ્યાણ માટે ભગવાનનું નામ શ્રેષ્ઠ છે. ॥ ૧૦૦ ॥

કળીયુગની અંદર પરમાત્માનાં નામ સિવાય કોઈ બીજું નાવ નથી કે ભવસાગર તરી શકાય. તુલસીદાસજી કહે છે કે

ऊँचा कुल किस कामका

जहाँ नहि हरि का नाम ।
तुलसी ताते श्वपच भला
जहाँ मुख में हरि का नाम ॥

આવી કથા સાંભળીને તાળી પાડે અને તે તાળી અંતે યાદ આવી જાય તોય કલ્યાણ થઈ જાય. જેના મોઢામાં સ્વામિનારાયણ નામ છે તે મહાન છે. **॥ ૧૦૧ ॥**

જીવનો આવો સ્વભાવ છે,

**"દુઃખ મેં સુમિરન સબ કરે**
**સુખ મેં ન કરે કોઈ ।**
**જો સુખ મેં સુમિરન કરે**
**તો દુઃખ કહઁા સે હોઈ" ॥**

ભગવાન ભૂલાય જાય તેવા સુખ ક્યારેય માંગશો નહિ, ભગવાનનું નામ જપાય તેટલું સુખ છે. જેટલું ભૂલાય તેટલું દુઃખ છે. **॥ ૧૦૨ ॥**

જેનાં હાથમાં અને જીભમાં ભગવાનનું નામ આવી ગયું તો તેણે સકળ શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો.

પછી ભલે તે અભણ હોય, વાંચતા ન આવડે. ઘણા ચાર વેદ ભણેલા પંડિતોનાં પણ કલ્યાણ નથી થતાં. માટે, મોટામાં મોટી મૂડી ''સ્વામિનારાયણ'' મહામંત્રનો જપ છે. ॥ ૧૦૩ ॥

પુરુષોત્તમનાં વ્યસની થઈ જાવ. ભાંગ, દારૂ, અફીણનો નશો તો ઘડીક રાતભરમાં ઊતરી જાય પણ સ્વામિનારાયણ નામનો નશો તો ક્યારેય ઉતરતો નથી. ॥ ૧૦૪ ॥

આપણી બાજુમાં કોઈપણ કુસંગી આવે તેને પાંચવાર સ્વામિનારાયણનું નામ બોલાવી દ્યો. તોપણ તેનું બીજ બળ થાય. માટે મહારાજનાં કાર્યમાં લાગી જઈએ તેવું કાર્ય કરવું. ॥ ૧૦૫ ॥

**એક કરોડ ગાયત્રી મંત્ર જપો, તેના કરતાં એકવાર સ્વામિનારાયણ બોલો તો એક કરોડ ગાયત્રી મંત્ર સમાન ફળ થાય છે.** વળી, હરિલીલામૃત ગ્રંથમાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ પણ કહે છે કે,

"ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ,
જાણે જ જેનો મહિમા મહેશ ।
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય,
આ કાળમાં તો જપ એ જ થાય." ॥ ૧૦૬ ॥




॥ ઈતિ શ્રી પ્રથમ કણિકા સમાપ્ત ॥



શ્રી ઠાકોરજી મહારાજ



ઘોર કળિયુગમાં અંધારે આજ અમે,
તેલ વિના તરફડતા દિવા,
સંત કરુણા રેલી તો અમે જીવ્યા...


સેવા એજ પરમ કલ્યાણ


રસબસ થઈ રંગમાં રીઝી રે,
ચાલી ઘર શિર નામીને...

# કણિકા - ૨

## બ્રહ્મ પડછંદા

જેમ જેમ જેના અવગુણ લઈએ તેમ તેમ તેના અવગુણ આપણી અંદર આવી જાય છે. એનો કાદવ આપણામાં આવી જાય છે. જો મૂર્તિનું સુખ લેવું હોય તો કોઈનાં અવગુણ ન લેશો. ॥ ૧ ॥

કોઈના અવગુણ લેવાથી શું ફાયદો થાય છે ? તેનો કાદવ શા માટે આપણામાં લગાડીએ ? માટે આવું તો ક્યારેય ન કરશો. જો બધાંમાંથી એક એક ગુણ ગ્રહણ કરીશું તો આપણે સર્વે ગુણ સંપન્ન થઈ જઈશું, આજ જીવનમાં કરવાનું છે. ॥ ૨ ॥

કોઈનો અવગુણ જાણી રાખવો અને જો સમાગમ કરવા લાયક ન હોય તો દૂરથી હાથ જોડવા પણ દ્રોહ તો ક્યારેય ન કરવો. ॥ ૩ ॥

મોટામાં મોટો અવિવેક ભગવાનનાં ભક્તનો અવગુણ લેવો એ છે. ॥ ૪ ॥

આખી દુનિયામાં કોઈ એવું ન હોય કે તેનામાં બધાં ગુણ હોય કે બધાં અવગુણ હોય, દરેકમાં નાનો કે મોટો ગુણ કે અવગુણ હોય છે પણ આપણે તો આપણો અવગુણ લેવો પણ બીજાનો તો ગુણ જ ગ્રહણ કરવો. ॥ ૫ ॥

વિવેકી હોય તે પોતાના અવગુણો જુએ છે ને બીજાનાં ગુણ જ જુએ છે. ॥ ૬ ॥

સત્સંગમાં શાંતિ મેળવવાનું સાધન હોય તો પોતાનાં અવગુણ જોવા ને બીજાનાં ગુણ જોવા. જો આપણને ન ફાવે તો તેનાથી દૂર રહેવું પણ અવગુણ ન લેવાં. ॥ ૭ ॥

જેની સાથે વૈર બંધાય તે જ ધ્યાનમાં ને ઉંઘમાં આડા આવે, માટે વૈર ના કરશો. ॥ ૮ ॥

જે મુમુક્ષુ ભગવાન કે ભક્તમાંથી ગુણ ગ્રહણ કરે

છે તે મારા મહારાજને ગમે છે. ॥ ૯ ॥

જો ગુણ જોવાની આદત પડશે તો બધામાં ગુણ દેખાશે, ને જો અવગુણ લેવાની આદત પડશે તો બધામાં અવગુણ દેખાશે. ॥ ૧૦ ॥

જે સદ્‌ગુણ મેળવી શક્શે તે મોટો થઈ શકશે, નહિંતર નાનો જ રહેવાનો છે. ॥ ૧૧ ॥

**સદ્‌ગુણી છે તે મહાન છે. પછી ભલે તે પહેલાં જનમ્યો હોય કે પાછળ જનમ્યો હોય તેનું મહત્વ નથી, પણ જેનામાં સદ્‌ગુણ હોય તે મોટો કહેવાય. ॥ ૧૨ ॥**

આપણને આપણા અવગુણ જોવાની ક્ષમતા હોવી જોઈએ પણ બીજાના અવગુણ ન જોવા, બીજાના જોવા જઈશું તો જીવનમાં કાંઈ હાથ નહીં આવે. ॥ ૧૩ ॥

સાધુની તમામ ક્રિયામાં નિર્દોષભાવ રાખવો. મધમાખી થોર, આંકડા, લીમડા, ધતુરા, આંબા પર બેસે છે. તે બધામાંથી રસ માણે છે. તેમ બધામાંથી ગુણ

ગ્રહણ કરતાં રહેવું. ॥ ૧૪ ॥

તમામ સંતોમાંથી ગુણગ્રહણ કરવાની જેને આદત પડી ગઈ તેને સાધુમાં હેત થઈ જાય છે. ॥ ૧૫ ॥

ભગવાનનાં સંબંધ વિનાની ક્રિયા છે તે બધી વૃથા છે અને જે મનુષ્ય ભગવાનનાં સંબંધ વિનાની ક્રિયા કરે છે, તે વૃક્ષ સમાન છે. ॥ ૧૬ ॥

કથા કરવી એજ માત્ર મારો બિઝનેસ નથી, પણ તેમાંથી પાંચ જીવનાં હૃદયમાં કથા ઉતરે ને મોક્ષનાં માર્ગે ચડે એ મારો બિઝનેસ છે. ॥ ૧૭ ॥

જેને પુરુષોત્તમનારાયણ, સાધુ અને ભક્તો સિવાય બીજે હેત રહી ગયું તે તો મરી ગયો એમ સમજો. આ વાત આજે ન સમજો તો કાંઈ નહિ, પણ અંતે આ વાતને માન્યા સિવાય છૂટકો જ નથી. માટે હૃદયનાં દોરડાં જ્યાં ત્યાં ન બાંધવા, પુરુષોત્તમ નારાયણમાં બાંધજો તો અંતે કામ લાગશે. ભગવાનનો ભક્ત સદાય ઉમંગમાં હોય ને બધેથી હેત તોડેલું હોય. ॥ ૧૮॥

**આપણને ભગવાન ભજવામાં જે કોઈ આડો આવે તેની સાથે સંબંધ કાપી નાખો. ॥ ૧૯ ॥**

**મને પરમહંસોમાં બહુ હેત, તેની કરતાં ગોપાળાનંદ સ્વામીમાં વધુ હેત, પછી તેના કરતાં વધારે મારા આદિ ગુરુ મુક્તાનંદ સ્વામીમાં વધુ હેત, પછી તેના કરતાં કરોડ ગણું મારા ગુરુદેવ "નંદકિશોરદાસજી સ્વામીમાં" હેત છે. કારણ કે મારા ગુરુજીએ મને ભગવાન ભેટાડ્યા છે. ॥ ૨૦ ॥**

પ્રગટ સાધુ સિવાય કોઈનું કલ્યાણ થાતું નથી. જે નબળી વાતો કરે છે તે અધોગતિને રસ્તે લઈ જાય છે. ॥ ૨૧ ॥

જીંદગીમાં વિચારો કે ક્યારેય પણ બે કુસંગીને પણ સત્સંગી કર્યા છે ? પણ જેણે કર્યા છે, તે સહજાનંદ સ્વામીનો લાડકો દીકરો છે. ॥ ૨૨ ॥

સવળી આંટી એ જ કહેવાય કે આ સ્વામિનારાયણ સિવાય બીજા કોઈનો ભાર નહીં અને આ સાધુ સિવાય

ક્યાંય બ્રહ્માંડમાં આવા સાધુ નથી આ સવળી આંટી છે, બાકી બધી અવળી આંટી છે. ॥ ૨૩ ॥

મહારાજ જ આપણા સાચા સગાં છે, બીજા બધાં કાચા છે. સ્વામિનારાયણ જ આપણું બધું છે, કારણ કે આત્મા પરમાત્મા ક્યારેય નોખા પડતાં નથી. ॥ ૨૪ ॥

સ્વામિનારાયણ જ આપણા માં-બાપ, મિત્ર, બધું આપણું એ જ છે, આવી હૃદયમાં ગાંઠ બાંધી રાખો. ॥ ૨૫ ॥

અક્ષરધામનાં મુક્તો દિવ્ય અને મહાસુખમય છે. જો આપણે પુરુષોત્તમનાં પ્રેમમાં નહીં ઠરીએ તો આપણને કોઈપણ જગતનાં પદાર્થ નહીં ઠારી શકે. ॥ ૨૬ ॥

જે દિવસે આપણને બધાં ‘‘આ સ્વામિનારાયણનો છે’’ એ નામથી ઓળખતાં થઈ જાય ત્યારે માનવું કે મારા તમામ સાધનો, કાર્યો પૂરાં થઈ ગયાં છે. ॥ ૨૭ ॥

**જે નમે તે મારા વ્હાલાને ગમે છે. ભગવાનનો ભક્ત તો નમતો રહે અને સૌને ગમતો રહે, જે**

**ગાળો ખાઈને, માન-અપમાન સહન કરીને, પોતાનું કાર્ય બગાડીને પણ નમી જાય તે મારા વ્હાલાને ગમી જાય છે. જે અહીં ઝીરો થાય છે તે મારા મહારાજનો હીરો થાય છે ને જે અહીં હીરો થાય છે તે મારા મહારાજ આગળ ઝીરો થાય છે. તેની કાંઈ કિંમત નથી. ॥ ૨૮ ॥**

અમુક તો કાચનાં વાસણ હોય તે સહન જ ન કરી શકે, અમુક તો ખાવા માટે કજીયા કરે, માટે આવા સ્વભાવ મહારાજને ગમતાં નથી, તેથી ટાળવા. ॥ ૨૯ ॥

માની સ્વભાવ મારા મહારાજને ગમતો નથી. નિર્માની સ્વભાવ મારા મહારાજને ગમે છે. ॥ ૩૦ ॥

કોઈપણ કન્યા વરને પરણે ત્યારે જેટલા વરનાં સગાં હોય તેટલા કન્યાનાં સગાં થઈ જાય છે. તેમ આપણે તો હરિવરને પરણ્યા તો એના સગાં આપણા થાય ને ? તો ભગવાનનાં ભક્તને આપણા સગાં માનો. ॥ ૩૧ ॥

પોતાના આત્માનું સમર્પણ પરમાત્માને કરવાનું છે. આપણું જીવન સાદું ને સરળ હોવું જોઈએ. પુરુષોત્તમનું વાસ્તવિક જ્ઞાન હોવું જોઈએ. ॥ ૩૨ ॥

મુક્તિ મળે કે ન મળે પણ મારે મહારાજની ભક્તિ કરવી છે. એવી રીતે મંડી પડો. ॥ ૩૩ ॥

કોઈ શાસ્ત્રોનાં વાદમાં, શુદ્ધાદ્વૈત, અદ્વૈત, વિશિષ્ટા દ્વૈતમાં બંધાય જાય છે. માટે કોઈપણ વાદમાં બંધાયા સિવાય "સ્વામિનારાયણનાં વાદમાં" બંધાજો. ॥ ૩૪ ॥

જે સ્વરૂપને પામવું છે, તેનું ધ્યાન ને ભજન હોય. બીજા કોઈનું ન હોય. ॥ ૩૫ ॥

જેને અત્યારે ભગવાન ભજવાની આદત હશે, તેને અંતે એવી ગતિ થાશે. હું શુદ્ધ થાઉં ને પછી હું ભજન કરું એ વાત તદ્દન ખોટી છે. પણ ભજન શરૂ કરો તેની જાતે જ શુદ્ધ થઈ જશો. ॥ ૩૬ ॥

મહારાજની નજર આપણી પર તો પહોંચી ગઈ

છે પણ આપણે મહારાજ સામું નજર કરતાં નથી. મર્દ એ કહેવાય કે મરતાં પહેલાં મહારાજ જોડે એકવાર વાત કરી લે. મહારાજની કૃપા હોય ને જબરદસ્ત પુરુષાર્થ હોય તો મહારાજ દર્શન આપે જ. ॥ ૩૭ ॥

જેમ સુખ આવે તે મહારાજનો પ્રસાદ છે. તેમ દુઃખ પણ મહારાજનો પ્રસાદ જાણી પચાવી જાણવો. ॥ ૩૮ ॥

આપણને કોઈક વગર વાંકે બે ગાળો દઈ જાય કે મારી જાય તો પણ આપણને તેનો મહિમા ને દિવ્યભાવ આપણા હૃદયમાંથી ઓછો ન થાય; પણ હોય તેનાં કરતાં વધે ને દાસ ભાવ આવે ત્યારે આત્મનિષ્ઠા દ્રઢ થઈ જાણવી. ॥ ૩૯ ॥

"સાચે સાચું કહીશું, હરિ રાખે તેમ રહીશું" ગુણાતીતાનંદ સ્વામીની વાતો પચાવે તેવા પાંચ સહજાનંદી સિંહ થાય તો પણ બહુ થઈ ગયા. પરોક્ષની વાતો કરવાથી ભવતણો પાર ન આવે. ॥ ૪૦ ॥

**સદ્ગુરુ એમ કહે કે "તું સારો છો" એટલું**

**કહી દે ત્યાં આપણું કાર્ય પૂર્ણ થયું એમ સમજવું. ॥ ૪૧ ॥**

ભગવાનનાં સ્વરૂપમાં આંધળો વિશ્વાસ મેલી દ્યો. આમાં અમે અમારા સ્વાર્થ અર્થે વાત કરતાં હોઈએ તો અમને કરોડો ગાયો કાપ્યાનું પાપ લાગે. અમે સમાજમાં ઉપસવા માટે વાત કરતાં હોઈએ અને અમે મોટા સાધુ કહેવાઈએ ને અમારી પાછળ ભક્તો પાગલ થાય એવા આશયથી આવી વાતો કરતા હોઈએ તો આ બ્રહ્માંડમાં જેટલા શિખરબધ્ધ મંદિરો છે તેને તોડ્યાનું મને પાપ લાગે. આ અમારા હૃદયનો આર્તનાદ બોલે છે. **॥ ૪૨ ॥**

**આ સત્સંગમાં આપણે બેસવાની રીત નહીં જાણતા હોઈએ તો ધામમાં પણ જાણી નહીં શકીએ. માટે અહીં ભેગા બેસતા શીખીશું તો ધામમાં બેસી શકીશું.** ટૂંકી જીંદગી છે. તેમાં સારા એકાંતિક ભક્ત થઈએ ને ધામમાં જઈને પણ કથા વાર્તા કરીએ. માટે જો જેવું અહીં હશે તેવું ત્યાં થશે. અહીં જ સુટેવ રાખવાની

જેથી; ધામમાં તકલીફ ન પડે. ॥ ૪૩ ॥

પેપર ગૃહસ્થને વાંચવું પડે તો વાંચો પણ જ્યાં ત્યાં પીકચરનાં ફોટા આવતા હોય ત્યાં અડી જવાય, ને ભ્રષ્ટ ફોટા આવતા હોય ત્યાં અડી જવાય; તો સ્નાન ન કરો તો કાંઈ નહી પણ ધૂળથી કે સાબુથી હાથ ધોઈ નાખો એટલું તો કરો. ॥ ૪૪ ॥

જેમ રોજ દાળ-ભાત-શાક-રોટલી ખાઈએ છીએ તેમ સહજાનંદી સિંહણ, અધ્યાત્મ પાથેય, વચનામૃતની કથાઓ સાંભળ્યા કરો ને તેનો નિયમ રાખો, પછી જુઓ કે જીવનમાં કેવો આનંદ આવે ! ॥ ૪૫ ॥

આ જગતનાં સર્વકર્તા ભગવાન સ્વામિનારાયણ જ છે અને હું સ્વામિનારાયણનો છું ને સ્વામિનારાયણ મારા છે. એવું જે નથી માનતો તો તે ગમે તેટલા વ્રત, તપ, દાન કરે તોપણ તે ધામમાં જવાનો નથી. ॥ ૪૬ ॥

મહારાજને રાજી કરવા માટે આ દેહને તોડી નાખવાનો છે. રાત્રે ઊભા થઈને માળા ફેરવો, વચનામૃત

વાંચો ને સત્પુરૂષનો સમાગમ કરો. કલ્યાણ તો થઈ ગયું જ છે, પણ મહારાજને રાજી કરવા માટે ભજન સ્મરણ કરવાનું છે. ॥ ૪૭ ॥

જે આ લોકમાં જીવન જીવતાં શીખતો નથી તેને ભગવાનનાં દરબારમાં જીવન જીવવાનો કોઈ અધિકાર નથી. આપણું જીવન વાંદરા જેવું હશે ને ભગવાન સ્વામિનારાયણની વાતું કરતાં હશું તો તે બધું દંભ છે. માટે; આપણે પહેલાં સદાચારી અને આદર્શ જીવન કરીએ એવું નક્કી કરી પ્રયત્ન કરો. ॥ ૪૮ ॥

આ લોકમાં માનવને વ્યવસ્થિત કરવો, સદાચારી કરવો ને નિર્વ્યસની કરવો તે પ્રભુનો સિદ્ધાંત છે. ॥ ૪૯ ॥

નિર્વ્યસની થાવ, એક પત્નીને વફાદાર થાવ. આજનાં સાયન્સને પણ માનવું પડે છે કે ધર્મ છે તે સાચું જીવન છે. તે માન્યા વિના કોઈનો છૂટકો નથી. ॥ ૫૦ ॥

ગોપી કામભાવે ભગવાનને ચોંટી પણ આ મણીધર જેવો ઘુંઘવાટા મારતો હોય, શેઠિયો, સદ્‌ગુરુ,

પ્રોફેસર, પંડિત હોય પણ તેમાં ''હું'' સિવાય કંઈ ન હોય. જ્યાં સુધી ''હુંકારો'' ન નીકળે ત્યાં સુધી મહારાજ રાજી ન થાય. ॥ ૫૧ ॥

''ગઈ'તી ગઈ'તી ભરવાને નીર'' આ ભાવ આપણે લાવવાનો છે. સખી થવામાં જ માલ છે. સખા થવામાં જ ડખા છે. એટલે ઉદ્ધવે કહ્યું કે ''અમને આ ગોપીઓના ચરણની રજમાં લતાનો જન્મ આપજો, વેલીનો જન્મ આપજો, પણ આંબા, પપૈયાનો ન કીધો.'' ॥ ૫૨ ॥

આપણને કોઈ ભગવાનની દાસીનું બિરુદ આપે તો પણ સારું છે. ભગવાનની માં થઈએ કે ન થઈએ પણ; દાસી તો થઈએ ! ॥ ૫૩ ॥

જે પરોપકારી હોય તે મહાત્મા કહેવાય એટલે જ કોઈકે કહ્યું છે કે કુટુંબની ચિંતા કરે તે સંસારી કહેવાય અને આખા સંસારની ચિંતા કરે તે સંત કહેવાય. સંસારી જાગે તો દુનિયાને નુકશાન પહોંચાડે અને જો સાધુ ઊંઘે

તો દુનિયાને નુકશાન પહોંચાડે છે. “ઉંઘતો સંસારી સારો ને જાગતો સંત સારો.” સંસારી ઊંઘે તો કાળા ધંધા તો ન કરે ! **સાધુ તો જાગતો જ સારો. ॥ ૫૪ ॥**

આજનાં દુર્યોધનો, દુઃશાસનો બહારનાં રગડા ખાય છે. તેને કેટલા જન્મ બાણશય્યા ભોગવવી પડશે તેવું કોઈ વિચારે છે ? આર્ય ધર્મના શ્રેષ્ઠ પુરુષ ભીષ્મપિતામહ હતાં તેણે અધર્મ થતો હતો ત્યાં દ્રોપદીની રક્ષા ન કરી તો બાણશય્યા ભોગવવી પડી, તેમ ઈન્દ્રિયો, મન આપણા કાબૂમાં હોવા જોઈએ નહિંતર ખરાબ પરિણામ ભોગવવું પડશે. **॥ ૫૫ ॥**

એક સાધુની હિંમત તૂટી ન જાય તેમ જાળવી રાખવો ને માંની જેમ પ્રેમ આપી સાધુને સાચવવો. **॥ ૫૬ ॥**

પાંચ માળા ફેરવો, ઓછું ભજન કરો પણ યથાર્થ ધર્મ-નિયમ પાળો ને આ સત્સંગમાં રહીને સત્સંગને જાળવો. **॥ ૫૭ ॥**

સાચા દિલથી ભગવાનને ભજીએ અને ભજાવીએ તથા પાંચ જીવ આ વાત માને તેને પુરુષોત્તમની આજ્ઞામાં રાખીને ભજન કરાવીએ એ મારા જીવનનો નિચોડ છે. ॥ ૫૮ ॥

**મારા ગુરુદેવ મને કહેતા કે “પોતે પોતાના ગુરુ થાવું પણ બીજાનાં આધારે ન રહેવું, પોતે હિંમત રાખવી.” ॥ ૫૯ ॥**

મેં સંપ્રદાયમાં મોટા મોટા સંતોને સદ્‌ગુરુને રાજી કર્યા છે એટલે આજે અહીં બેઠો છું. માટે રાજી કરવાનો ખપ રાખવો. ॥ ૬૦ ॥

**યુવા અવસ્થાવાળાએ સતત ભજન કરવું. વૃધ્ધાવસ્થાવાળાએ પોતાની જેટલી ઉંમર થઈ હોય તેટલી માળા ફેરવવી તો ભગવાન મળશે, નહિંતર ભગવાન કાંઈ સસ્તા નથી. ॥ ૬૧ ॥**

**જન્મ તો ત્યારે જ સાર્થક થયો કહેવાય ને એ જ કમાણી કહેવાય કે અંતે પુરુષોત્તમ નારાયણ**

**અને સત્પુરુષ આપણને તેડવા રથ લઈને આવે. ॥ ૬૨ ॥**

મૃત્યુથી બીવું એ મૂર્ખામી છે. મૃત્યુથી બીવો નહિં પણ મૃત્યુને સુધારો. જે મૃત્યુથી બીવે છે તે નાદાન છે. જે તેને સુધારે છે તે જ્ઞાની અને શૂરવીર છે. **॥ ૬૩ ॥**

આધ્યાત્મિકમાર્ગ અને વ્યવહારમાર્ગ બંને અલગ છે. ભગવાનનાં કથા, કીર્તન સાંભળતા જેવો આનંદ હોય તેવો આનંદ ફિલ્મોનાં ગાયનમાં આવે તો તે ભક્તિયોગ નથી. **॥ ૬૪ ॥**

જીવનમાં એક વખત થયેલી ભૂલો આખી જીંદગી રડાવે છે. **॥ ૬૫ ॥**

**કોઈપણ વ્યક્તિને તમારે કાંઈ પૂછવું હોય તો પહેલાં સમય જુઓ.** સમય આવ્યા વિનાની વાત તો પવનમાં ઊડી જાય છે. જે કાર્યની સિદ્ધિ કરવી હોય તે ન થાય. સામી વ્યક્તિની દિલની વાત કાઢવી હોય ને સામી વ્યક્તિને પૂછીને જવાબ લેવો હોય તો પહેલાં સામી

વ્યક્તિનું દિલ બરાબર છે કે અવ્યવસ્થિત તે વાંચવું પડે. ॥ ૬૬ ॥

ભગવાનની ભક્તિ ભગવાનને ભિખારી બનાવે છે. જો ભગવાનની ભક્તિ કરવાનું ભૂલી ગયા તો પાછી તક નહીં આવે. વૈભવો મેળવવા એ કાંઈ મોટી વાત નથી પણ દાળ-રોટલો ખાવ તેનાથી પેટ ભરાશે પણ કલ્યાણ ન બગડે તેનું ધ્યાન રાખવાનું છે. ॥ ૬૭ ॥

વાસ્તવિક ભગત બનો પણ ઠગત ના બનો. જેટલા જગતમાં પાપો છે, તે એકાદશીનાં દિવસે અનાજ ખાવાથી થાય છે. જન્મોજન્મ સુધી નરકયાતના ભોગવવી પડે છે. જ્યારે અનાજ એકાદશીનાં દિવસે ખાય છે ત્યારે ભગવાનને ભાલા વાગે છે અને દુઃખ થાય છે. ॥ ૬૮ ॥

**માં-બાપની આગળ પુત્ર ખોટું બોલે, પતિ આગળ પત્ની ખોટું બોલે, ગુરુની આગળ શિષ્ય ખોટું બોલે એ તો મહાન બ્રહ્મહત્યા સમાન પાપ છે. પ્રાણ જાય તો પણ આટલી જગ્યાએ ખોટું ન**

**બોલાય. ॥ ૬૯ ॥**

વૈરી, દેવું અને રોગ આને ક્યારેય મોટા ન થવા દેવાય. જે મીઠું મીઠું બોલતાં હોય તે બધા આપણાં હિતેચ્છું છે તેવું ક્યારેય નહીં માની લેવાનું. પણ કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ આપણને દુઃખ લગાડીને વાતો કરે છે એ જ આપણો મિત્ર છે. **॥ ૭૦ ॥**

કોઈનો સંસાર સળગાવાથી કંઈ ફાયદો નહીં થાય. કોઈનું ઠારતાં આવડે તો ઠારજો પણ સળગાવશો નહીં. વ્યક્તિ તો પોતાનાં કર્મને લઈને મરે છે. **॥ ૭૧ ॥**

ભગવાનને ભૂલવાના બે મોટામાં મોટા ખતરા છેઃ એક તો અતિ સુખ ને બીજું અતિ દુઃખ. ભગવાન જ્યારે અતિ સુખ આપે છે ત્યારે માણસ છકી જાય છે. એ આપણને શાસ્ત્રોમાંથી જાણવાં મળે છે. અને જ્યારે અતિ દુઃખ આવે છે ત્યારે લાચારીથી ભગવાનને ભૂલી જાય છે. જેણે સુખ-દુઃખ મિથ્યા કરી નાંખ્યા છે તેને ક્યારેય સુખ સુખી પણ નહીં કરી શકે ને દુઃખ દુઃખી પણ નહીં

કરી શકે. જ્યારે દુઃખ આવે ત્યારે ભગવાનને અરજી કરવી પણ પાડોશીને ન કહેવું, અંતે તો મહારાજને એમ કહેવું કે "હે મહારાજ ! મારી અરજી ને તારી મરજી." મોજીલા મહારાજ છે તે આપણી ક્યારે પરીક્ષા કરી લે ? તેની આપણને ખબર ન પડે. માટે મોજમાં રે' વું. ॥ ૭૨ ॥

**જે સંપ્રદાયમાં સત્શાસ્ત્રનો ત્યાગ કરે છે અને સ્ત્રી-ધનનો ત્યાગ કરતાં નથી એવા અસત્પુરૂષોથી છેટે રે'વું. નહિંતર કલ્યાણમાં વિઘ્ન આવે. ॥ ૭૩ ॥**

શરીરે કરીને મરવું એ મૃત્યુ નથી. ધર્મે કરીને પડવું એ મૃત્યુ છે, માટે મહારાજે બાંધેલ પંચવર્તમાન અવશ્ય પાળવા. ॥ ૭૪ ॥

એકવાર ખરાબ જોયેલું દશ્ય આખી જીંદગી હૃદયમાંથી નીકળતું નથી, માટે બહેતર છે કે આંખના દરવાજા બંધ રાખીએ જેથી મહારાજ રાજી થાય. ॥ ૭૫ ॥

ધનાઢ્ય વ્યક્તિને બંગલા ને મોટર બંધનકારી હોય

ને ત્યાગી-સંન્યાસીને ફાટેલ કોપીન કે તુંબડીમાં બંધન હોય. માટે; સમજી વિચારીને ચિત્તને તેમાંથી ઉખેડવું. નહિંતર યમદૂત ચિત્ત ઉખેડવા બેઠા જ છે. ॥ ૭૬ ॥

કોઈ સ્વભાવનાં દાસ હોય છે, ઈન્દ્રિયોનાં દાસ હોય છે, ધનનાં દાસ હોય છે, પણ આ બધું છોડીને **હું ભગવાન ને મોટા પુરુષોનો દાસ છું એમ માનવું. ॥ ૭૭ ॥**

હું અક્ષર છું, બ્રહ્મ છું એમ મનાય જાય ત્યારે આપણામાં પુરુષોત્તમ નારાયણ પધારે છે. ॥ ૭૮ ॥

આપણામાં આત્મજ્ઞાનની સંપત્તિ હોય કે બુદ્ધિની સંપત્તિ હોય કે ધનની સંપત્તિ હોય તો પણ મહારાજ ને મોટા પુરુષ આગળ બાળક જેવું રહેવું. **શાંતિ તો મહારાજને મોટા પુરુષનાં ચરણાર્વિંદમાં છે. ॥ ૭૯ ॥**

ભગવાન કૃષ્ણનું કુળ જે યાદવો મદિરાપાન-વ્યસનને કારણે નષ્ટ થઈ ગયા છે. પાંડવો જુગારથી ખતમ થઈ ગયા છે. આ સંસારમાં સાત વસ્તુ એવી છે કે

કુળ સહિત નાશ કરે છે. જેમાં એક તો સ્ત્રીમાં અતિ આસક્તિ, બીજું શિકાર, ત્રીજું જુગાર, ચોથું કઠોરવાણી, પાંચમું દારૂ ને છઠ્ઠું કોઈને અતિ મોટો દંડ, સાતમું આવક કરતા વધારે ખર્ચ. ॥ ૮૦ ॥

**સહજાનંદી સિંહ થવું હોય તો પાપીઓથી દૂર રહો. સાધુની સોબત રાખો. પણ જગતની મોબત ના રાખશો. ॥ ૮૧ ॥**

શાસ્ત્ર વિરુદ્ધ વર્તવું તે પાપ. જ્યાં રજસ્વલા ધર્મ ન પળાય ત્યાં ન જમાય. જ્યારે કોઈ પણ વ્યક્તિનું જીવન ''કધોણિયું'' થઈ જાય છે, ત્યારે સાધુ આશીર્વાદ આપે તોય પવિત્ર થતું નથી. માટે પવિત્ર થાય ત્યારે સાધુનાં આશીર્વાદ ફળે છે. ॥ ૮૨ ॥

ભગવાનનાં ભક્તની આગળ નિર્માનીપણું રાખવું સારું છે અને કુસંગીની આગળ માન રાખવું જરૂરી છે. ॥ ૮૩ ॥

કાન જ્યારે ભગવાનની કથા સિવાય બીજું કાંઈ

સાંભળવા ન જાય ત્યારે સત્સંગી થયા કહેવાય. લાડુબા, જીવુબા, મુક્તાનંદ સ્વામીની આંખો, જીભ સર્વે ઈન્દ્રિયો હરિભક્ત હતી. પ્રેમાનંદ સ્વામીની આંખ સત્સંગી હતી. ॥ ૮૪ ॥

આપણે મનમાં માની લીધું છે કે હું હરિભક્ત છું. જો મહારાજનાં રૂપ સિવાય ક્યાંય ખેંચાણ થાય, તો માનજો આંખ સત્સંગી નથી. જો ભગવાનનાં કીર્તન સિવાય બીજે ક્યાંય કાન ખેંચાય, તો માનજો કે કાન સત્સંગી નથી. અને તમારી જીભડી લગ્નપ્રસંગે ખેંચાય ત્યારે માનજો કે સત્સંગી નથી અને કુસંગીની સરદાર છે. ॥ ૮૫ ॥

સત્સંગ કરતાં વિષયનાં ઘાટ થાય તે નરક ને વિષયમાં રહેતા સત્સંગનાં ઘાટ થાય છે તે ધામ. ॥ ૮૬ ॥

ભલે તમે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મને ન જાણો તો કાંઈ નહીં, પણ એટલું તો માનજો, આ જે મહાપુરુષ વાત કરે છે તે સાચું છે ને સાચી વાત કરે છે

તેમ માનજો તો પણ છતે દેહે ધામમાં છો. ॥ ૮૭ ॥

જેમ કપડું ને તાંતણું જુદું-જુદું ના પડે તેમ ભગવાન સાથે ભક્તે ઓતપ્રોત થઈ જવું. ॥ ૮૮ ॥

ખોટી દિશામાં મોટો પરિશ્રમ કરીએ તો વ્યર્થ છે પણ સાચી દિશામાં થોડો પરિશ્રમ કરીએ તો સાર્થક છે. ॥ ૮૯ ॥

આપણી ઈચ્છા પૂરી ન થાય ત્યારે મનમાં એમ થાય કે કોણ જાણે ભગવાન હશે કે નહીં ? તે નાસ્તિકપણાનો હેતુ છે. આપણામાં નાસ્તિકપણું આવી જાય છે; માટે ધ્યાન રાખજો. ॥ ૯૦ ॥

કામ - ક્રોધાદિ વ્યાપે ત્યારે નાસ્તિક થઈ જવાય. રસાસ્વાદથી ને નાસ્તિકનાં ગ્રંથો વાંચવાથી નાસ્તિક થઈ જવાય છે. અને જેનામાં નાસ્તિકપણું આવે છે, તે મોક્ષનાં માર્ગમાંથી પડી જાય છે અને મહારાજની નજરમાંથી પણ પડી જાય છે. ॥ ૯૧ ॥

**મૂર્તિમાં પ્રતિમાભાવ ને ભક્તમાં મનુષ્યભાવ**

**એ જ મોટામાં મોટું નાસ્તિકપણું છે. ॥ ૯૨ ॥**

ભગવાનનો ભક્ત વિદ્વાન ને વિવેકી હોય તો તે ચાંડાળ માંથી પણ ગુણગ્રહણ કરે છે. ॥ ૯૩ ॥

જો આલોક ને પરલોક બગાડવો હોય તો અસત્પુરૂષનાં પ્રસંગમાં આવજો, પણ કલ્યાણ કરવું હોય તો સત્પુરુષનાં પ્રસંગમાં આવવું. ॥ ૯૪ ॥

ભગવાને આપણને જે સમાજ આપ્યો છે તે ચારિત્ર્યવાન આપ્યો છે. ॥ ૯૫ ॥

"લોભી ગુરૂ લાલચુ ચેલા, દોનો નરક મે ઠેલમઠેલા." ગુરુ થાય કૂતરો ને ચેલો થાય ગીંગોડો. આ વાત નંદસંતો કરી ગયા છે, માટે મને ન કહેતાં, જે કહેવું હોય તે નંદસંતોને કહેજો પણ મારી પાસે કહેવા ન આવતાં. ॥ ૯૬ ॥

**ચેલા બે પ્રકારનાં હોય. તેમાં એક ચેલો એવો હોય કે ગુરુ પાસે ભગવાન માંગે, બીજો એવો હોય કે વૈભવ માંગે. ॥ ૯૭ ॥**

ગંગામાં સ્નાન કરીને ફરી ઉકરડામાં સ્નાન કરીએ તો ક્યારેય શુદ્ધ ન થવાય. તેમ સત્પુરુષનો ગમે તેટલો સમાગમ કરીએ પણ હૃદયની મલિનતા નહીં ટાળીએ તો શુદ્ધ ન થવાય. કથા સાંભળીને વ્યસનો કરીએ, હોટલમાં જઈએ, સિનેમામાં જઈએ તો સત્સંગ ન અડે, પણ એક તાન રાખી મહારાજનાં ભજનમાં રહેવું જોઈએ. તો જીવન સરસ થાય. ॥ ૯૮ ॥

જેને ગુરુ થતાં આવડે તેને ચેલા થતાં ન આવડે. જેને ચેલા થતાં આવડે તેને ગુરુ થતાં ન આવડે પણ ગુરુદેવ મુક્તાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણનાં ગુરુ હતા ને તેના આદર્શ શિષ્ય પણ થઈ શક્યા ! તેમાં કેવી સમજણ હશે ? ॥ ૯૯ ॥

**મોટા સદ્‌ગુરુમાં ક્રોધ ન હોય તો પાછળ ચેલાઓનું હિત નથી થાતું, સદ્‌ગુરુમાં ક્રોધ ન હોય તો શિષ્યમાં બગાડ થાય ને રોકે ટોકે નહીં તો તે ચેલાઓ ફાટી જાય. ॥ ૧૦૦ ॥**

જે સ્વભાવનું પોષણ કરે તે સારું નથી. તેને માટે ખતરો છે. જેનામાં હેત કરવાથી સ્વભાવનું પોષણ થાય તેવામાં પણ હેત ન કરવું. ॥ ૧૦૧ ॥

જે વૃધ્ધ થાય તેણે પોતાના દીકરાને વ્યવહાર સોંપી દેવો, પછી ઘરમાં બહું માથું ન મારવું. ૫૦ વર્ષનાં ઉંમરવાળા ભક્તોએ ભગવાન સન્મુખવૃત્તિ વાળવી, વૃદ્ધો તો બે કે ત્રણ વખતનાં રોટલાનાં અધિકારી છે, પછી રોટલા મળી જતાં હોય તો કોઈની સાથે ઘરમાં ન ઝઘડવું, નહિંતર દુઃખ નહીં મટે. આપણે સુધરીએ તો બધું સુધરે. જો આપણે બગડેલ હોય તો સામેવાળા પણ બગડે. ॥ ૧૦૨ ॥

જીભને વશ રાખવી અને અતિ પડતું ન બોલવું. ॥ ૧૦૩ ॥

ઘણી વખત કોઈ વ્યક્તિ બીજા વ્યક્તિનાં હૃદયને વાંચી નથી શક્તો, માટે સામેવાળી વ્યક્તિનાં જીવનને વાંચતા શીખવું. ॥ ૧૦૪ ॥

એક પદાર્થને સારું બતાવવું હોય તો તેની બાજુમાં ખરાબ પદાર્થ બતાવવું જ પડે, તો જ સાચા પદાર્થની કિંમત સમજાય. **॥ ૧૦૫ ॥**

જેમ ગંગા સમુદ્રને મળવા તલપાપડ થાય છે, તેમ આપણે સાચા સહજાનંદી સિંહ થઈ પુરુષોત્તમને મળવા તલપાપડ થાવું. **॥ ૧૦૬ ॥**

**"વરીએ તો નટવરને વરીએ" વરવા જેવા તો એક વનમાળી છે. જે મહારાજને પરણ્યા તેને જીવનમાં ક્યારેય રંડાપો ન આવે, બાકી તો જીવનમાં બધાંને રંડાપો આવવાનો જ. ॥ ૧૦૭ ॥**

ક્યારે કોનું મોત આવશે તેની શું ખાતરી છે ? માટે ભગવાનને ભજી લેવા. કરવાનું રહી જશે ને નહીં કરવાનું થઈ જશે, માટે કાળથી બચવું હોય તેને તો ભગવાનને ભજી લેવા જોઈએ. **॥ ૧૦૮ ॥**

પતિવ્રતા નારીને જેમ પોતાના પતિની જ વાત ગમે અને તેનો જ સ્વભાવ ગમે. તેમ આપણને મળ્યા એવા

જે મહારાજ તેમાંથી વૃત્તિ જાય નહીં, તેના કીર્તન અને કથા જ ગમે એવું હૃદયમાં દૃઢ કરવું. ॥ ૧૦૯ ॥

**જે ધાર્યું કરાવશે તે ભગવાનથી દૂર જાશે ને જે સંતો-ભક્તોનું ધાર્યું કરશે, બીજાનાં ગમતાંમાં રહેશે તે ભગવાનની નજીક જશે. ॥ ૧૧૦ ॥**

ભગવાન અને ભગવાનનું ધામ દૂર નથી માત્ર અંતઃદૃષ્ટિ કરવાની જરૂર છે. ॥ ૧૧૧ ॥

બાહ્યવૃત્તિનો ત્યાગ કરી અંતઃદૃષ્ટિ કરી ખપ રાખી મહારાજને ભજો તો સાચવવા ન પડે. ॥ ૧૧૨ ॥

બાહ્યવૃત્તિ ખોટી છે, અંતર્વૃત્તિ સાચી છે. આપણે સમર્પિત થયા છીએ તો સતત ભગવાનનું ચિંતવન થવું જોઈએ. અને રાજીપો ને દયા બે વાત જુદી છે. રાજીપો સહેજે થાય, કરવો ન પડે. જ્યારે દયા ભેગી કરવી પડતી હોય છે. ભગવાન ને મોટા સાધુની પધ્ધતિ એકસમાન હોય છે. ॥ ૧૧૩ ॥

જે ભગવાન અને ગુરૂનાં વચનમાં ચૂરેચૂરા થાય

છે તે સહજાનંદી સિંહ છે. અને

एतदेव हि सच्छिष्यैः कर्तव्यं गुरुनिष्कृतम् ।
यद् वै विशुद्धभावेन सर्वार्थात्मार्पणं गुरौ[1] ॥११४ ॥

જે ચેલાઓ સાચા સદ્ગુરુનાં મધુર-કઠોર વચનો શીર સાટે પાળતા નથી તો તે ચેલા નથી. તેને ગુરુ - ચેલાનો સંબંધ નથી, મોક્ષનાં માર્ગનો સંબંધ જ નથી. ગુરુનો અને ચેલાનો સંબંધ આત્યંતિક કલ્યાણનો છે, પણ આ લોકનાં વ્યવહારનો નથી. આ પૃથ્વી કાંઈ વાંઝણી નથી, કોઈ સાચા સદ્ગુરુ હશે માટે શોધો. ॥ ૧૧૫ ॥

અધર્મી ગુરુ મુમુક્ષુઓનાં કલ્યાણ બગાડે છે. જે ગુરુ પોતાના શિષ્યને મોક્ષનાં માર્ગમાં સહાય કરતો નથી, તે ગુરુ કુંભીપાકમાં જાય છે-એમ શાસ્ત્રો કહે છે. ॥ ૧૧૬ ॥

જે ગુરુ કામી હોય તે બીજાને કઈ રીતે નિષ્કામી

---

૧. **અર્થ** : ઉત્તમ શિષ્યોએ ગુરુ પ્રત્યે આ જ ઉપકાર કરવા યોગ્ય છે કે તેઓએ સર્વ પુરુષાર્થનું સાધન એવો પોતાનો આત્મા (જીવ) શુદ્ધ ભાવે ગુરુ માટે અર્પણ કરી દેવો જોઈએ. (ભાગ.૧૦/૮૦/૪૧)

કરી શકે ? આવા ગુરુથી ક્યારેય કલ્યાણ ન થાય. જે ગુરુ સ્ત્રીને આધીન હોય તેનો મન-કર્મ વચને ત્યાગ કરવો. ॥ ૧૧૭ ॥

**જે આદર્શ શિષ્ય બનતો નથી, તે આદર્શ સદ્‌ગુરુ બની શક્તો નથી. જેણે સદ્‌ગુરુની સેવા કરી નથી, તે ક્યારેય મહાન બની શક્તો નથી. ॥ ૧૧૮ ॥**

**જેને સદ્‌ગુરૂ દેખાશે તેને મહારાજ દેખાશે ને જેને સદ્‌ગુરુ નહીં દેખાય તેને મહારાજ પણ નહીં દેખાય. ॥ ૧૧૯ ॥**

**સદ્‌ગુરૂ તો ગરૂડ છે. તેમની પાંખોમાં બેસી જવું પણ અંદર બેસીને ઊંદરડા જેવું ન કરવું. ભગવાન મળ્યા કે ન મળ્યા પણ આ સદ્‌ગુરુ મળ્યા તે બહું મોટા ભાગ્ય જાણવા. ॥ ૧૨૦ ॥**

**સાચા સદ્‌ગુરૂનાં ચેલા બનવામાં જે માલ છે, તે બીજે ક્યાંય નથી. ॥ ૧૨૧ ॥**

**બગસરાની માર્કેટ ગમે તેટલી વધે તો પણ સાચા સોનાની કિંમત કોઈ દિવસ ઓછી થવાની નથી. એવી રીતે દુનિયા ગમે તેટલાં ગપ્પા મારે, નિંદા - ટીકા કરે તો પણ સદ્ગુરુની વાતો છે તે જ આત્યંતિક કલ્યાણ કરશે એ વાત નક્કી છે. ॥ ૧૨૨ ॥**

ભક્તો લાખો રૂપિયા આપે છે પણ જો સાધુ ભગવાનની સાચી વાત ન કરે તો સત્સંગને નુકસાનમાં નાંખી દે છે. **॥ ૧૨૩ ॥**

ઘણાંનાં જીવન ઉપરથી સુંદર લાગે પણ અંદરથી ગંદુ હોય તેવાથી દૂર રહેવું. **॥ ૧૨૪ ॥**

ડૉક્ટરની આગળ દર્દીએ પોતાના દિલની વાત કહેવી જ પડે છે, ત્યારે ડૉક્ટર તેની દવા કરે છે. પછી તે સાજો થાય છે. એમ ગુરુની આગળ શિષ્યએ નિષ્કપટપણે વર્તવું જ પડે છે ત્યારે શિષ્ય શુદ્ધ થાય છે. **॥ ૧૨૫ ॥**

**જેણે પોતાના વિકારો ટાળ્યા નથી, કપટી છે;**

**તેની આગળ ક્યારેય નિષ્કપટ ન થવું, તેવી જગ્યાએ ક્યારેય દિલની વાત ન કરો. જેની આગળ જતાં કલ્યાણનાં માર્ગે વધી શકીએ તેવાની આગળ નિષ્કપટ થવું જેથી તમારું હૃદય ખાલી થશે ને મહારાજને ભજવાનો આનંદ આવશે. તેની આગળ જીવનડાયરી ખાલી કરી નાંખો પણ જ્યાં ત્યાં કહેતા ન ફરો. ॥ ૧૨૬ ॥**

**સદ્‌ગુરુમાંથી હેત તોડાવે તથા સંતો-ભક્તોમાંથી હેત તોડાવે તેવા હલકા શબ્દો ન સાંભળશો. હલકા શબ્દો આપણા મોક્ષમાર્ગમાં ઘાતક છે. ॥ ૧૨૭ ॥**

અમુક શિષ્યો સાચા હોય પણ તે ખોટા ગુરુમાં ભટકાય જાય છે. માટે ધ્યાન રાખવું. **॥ ૧૨૮ ॥**

એક સાચા સદ્‌ગુરુ જ્યારે શિષ્યને મોક્ષને માર્ગે ચલાવવા જાય છે ત્યારે જેટલી શિષ્યને મહેનત પડે તેનાં કરતાં વધારે સદ્‌ગુરુને મહેનત કરવી પડતી હોય છે એવા સદ્‌ગુરુને ધન્ય છે. **॥ ૧૨૯ ॥**

જેને ભગવાનનો ભેટો નથી અને ચેલાનાં પૈસાની ભેટો લઈ, તાગડધીન્ના કરતાં વૈભવ વિલાસ ભોગવે છે; તેવા ગુરુને ખબર નથી કે મારી પર કેટલું ઋણ ચડે છે. ॥ ૧૩૦ ॥

સાધુ માટે જેમ બ્રહ્મચર્ય મહત્વનું છે, તેમ ગૃહસ્થ માટે નિર્માનીપણું તે મહત્વનું છે. ॥ ૧૩૧ ॥

ગુરુની આજ્ઞાથી આખા સંપ્રદાયને સંભાળવો પડે તે વાત મહત્વની છે, પણ આપમેળે **મનમુખી થઈને ગુરુ પાસે મનનું ધાર્યું ન કરાવવું. ॥ ૧૩૨ ॥**

**એ સાચો સાધુ છે જેની પાસે બેસવાથી આત્માને શાંતિ મળે. અને આત્માને પોષણ આપે તે સદ્‌ગુરુ હોઈ શકે** પણ ઈન્દ્રિયોને પોષણ આપે તે સદ્‌ગુરુ નથી. ॥ ૧૩૩ ॥

મુક્તાનંદ સ્વામી પર રામાનંદ સ્વામીની નજર પડી તો મુક્તાનંદ સ્વામીનું હૃદય ભીનું થઈ ગયું. અને રઘુનાથદાસે રામાનંદસ્વામીનો પ્રસાદ ખાધો

તોપણ નિર્દોષ ન થયો. જો એક દષ્ટિથી જ મુકતાનંદ સ્વામીનું હૃદય ભીનું થઈ જતું હોય અને રઘુનાથદાસ રામાનંદસ્વામીની ભેગો રહેતો અને વિદ્વાન હતો છતાં હૃદય ભીનું ન થયું તેનું શું કારણ ? આ સવાલ છે. ॥ ૧૩૪ ॥

કથામાં ઊંઘે એનું નામ મુમુક્ષુ નથી. જેને રોમે રોમમાં ભગવાનની વાતનો ખપ હોય ને જેને રોમેરોમમાં ગુરુના બ્રહ્મવાક્યનો ખપ હોય તેને સાચો મુમુક્ષુ કહેવાય. ॥ ૧૩૫ ॥

જે સાચા સત્પુરુષ છે તેની આગળ ક્યારેય દંભ, કપટ, માન ન રાખતાં, નહિંતર બહુ મુશ્કેલીમાં મુકાઈ જશો. ॥ ૧૩૬ ॥

**ગુરુ કહે એ જ જીવન હોય તે મુમુક્ષુ કહેવાય. ॥ ૧૩૭ ॥**

જેને મુક્તપણાનો જ આનંદ છે. જેમાં ક્યારેય માયિક સુખે પ્રવેશ કર્યો જ નથી, તે મુક્તાનંદ સ્વામી છે.

આવા અમારા મુક્તાનંદ સ્વામી 'સત્સંગની માં' છે. સ્વામીની શિષ્ય પરંપરામાં આ જીવનને પાવન કરવાનો આજ મોકો મળ્યો છે. ॥ ૧૩૮ ॥

જેમ પતિ-પત્નીનો સંબંધ, માં-દીકરાનો સંબંધ, ભાઈ-બહેનનો સંબંધ, પિતા-પુત્રનો સંબંધ, ગાઢમાં ગાઢ છે. તેનાં કરતાં (૧૦૦) સો ગણો ગાઢ સંબંધ ગુરુ-શિષ્યનો છે. આ વાતને ક્યારેય ન ભૂલવી જોઈએ તે અતિ નિકટનો સંબંધ છે. ॥ ૧૩૯ ॥

જ્યારે ગુરુ શિષ્યનો સબંધ થાય છે ત્યારે શિષ્યનું પાંદડું ફરી જાય છે, તે ગુરુનાં કારણે શિષ્યને પરબ્રહ્મે દર્શન દેવા પડે છે. એટલો નિકટનો સબંધ છે. ॥ ૧૪૦ ॥

મહારાજને લઈને મુક્તાનંદસ્વામીને ભગવાન જેવા કહેવાય, એમનાં રોમેરોમમાં ભગવાન રમતા હતા. જ્યારે હીરો લાલઘૂમ જેવો થઈ જાય છે ત્યારે પથ્થરભાવ જતો રહે છે, તેમાં અગ્નિ સર્વત્ર વ્યાપી ગયો છે. તેમ મહાપુરુષનાં રોમેરોમમાં પરબ્રહ્મનો વ્યાપ થઈ જાય

છે. હીરા વતે જ હીરો વિંધાય છે. ॥ ૧૪૧ ॥

જો રાતને દિવસ કુસંગથી બીતા રહીએ તો સાધુતા પાર પડે. ॥ ૧૪૨ ॥

ગુરુ એવા હોવા જોઈએ કે ધર્મમાં શિષ્યને રાખે ને પોતે પણ રહે. સાચા સદ્‌ગુરુ એ હોઈ શકે જેનામાં બધાં જ કલ્યાણકારી ગુણ હોય. ॥ ૧૪૩ ॥

સાધુએ આ વાત ધ્યાનમાં રાખવી કે,

**"સંસાર છોડ્યો તપ કાજ જેણે,**
**ઈચ્છવું દૈહિક સુખ તોણે,**
**વસ્તુ હરે કે અપમાન થાય,**
**સાધુ તણી કિંમત ત્યાં જણાય".**
**॥ ૧૪૪॥**

નિર્માની થઈ જાવ. ક્ષમાવાળો છે તે જગતને વશ કરે છે. ॥ ૧૪૫ ॥

જે ભગવાનને ભેટાડે તે જ સંતાનનાં સાચા માં-બાપ છે, જે પોતાના બાળકને ભગવાન તરફ ન લઈ

જાય તે માં-બાપ તેના દુશ્મન છે. તેવી જ રીતે ગુરુ તો એ જ સાચો છે જે પોતાના શિષ્યને પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે. **॥ ૧૪૬ ॥**

જેના જીવમાં અને જીવનમાં ભગવાન ભરેલા હોય તે જ બીજાને ભગવાન આપી શકે. **॥ ૧૪૭ ॥**

**ગુરુ દિશા બતાવે છે. ચાલવાનું તો મુમુક્ષુએ જ છે. મોક્ષનું જતન કરતાં મુમુક્ષુને જુએ તો સત્પુરુષની કૃપા થાય છે.** ત્યારે સત્પુરુષનાં હૃદયમાંથી ઉદ્‌ગાર નીકળી જાય છે, ત્યારે ભગવાનને સાંભળવું જ પડે છે. **॥ ૧૪૮ ॥**

મોક્ષના માર્ગે નિષ્કપટતા, સરળતા, ને દાસના દાસ થવું એ મહત્વનું છે. બે ઉપવાસ ઓછા થાય તો ચાલે, પણ આ ત્રણ અંગ જોઈએ જ. **॥ ૧૪૯ ॥**

જેની પાસે મોક્ષ લેવા આવ્યા છો તેની પાસે કપટ ન રખાય. સારી મતિ, સારો નિર્ણય કરવા જે સાધુ થવા નીકળ્યા છે તો તેણે વિચારવું કે નિર્ણય ને મતિ કેવા હોય ?

સાધુની જગત તરફ વૃત્તિ હોય જ નહિ ! જેની જગત તરફ વૃત્તિ છે, તેનામાં ક્યારેય દોષ આવ્યા વિના રહે જ નહી. ॥ ૧૫૦ ॥

**જે કપટ વિદ્યામાં ચડે છે, તે આજકાલ મરવાનો જ છે. તેને ખુદ સ્વામિનારાયણ પણ ન બચાવી શકે. કપટ છે તો નાસ્તિકપણું આવી જાય છે. પોતાના ગુરૂ પાસે નિષ્કપટ રહેવાય તેમાં જ માલ છે. ॥ ૧૫૧ ॥**

જે પાખંડી હોય તે મુમુક્ષુને પોતાનાં પાખંડી શબ્દોનાં જાળામાં ફસાવી દે છે. માટે ચેતતા રે' વુ. ॥ ૧૫૨ ॥

જેને સ્નેહ હોય તેને બધામાં દિવ્ય ભાવ દેખાતો હોય છે. બધામાંથી ગુણ ગ્રહણ કરે ને જેની પાસે આવ્યો હોય તેને વફાદાર રહે એનું નામ પ્રસંગ છે. ॥ ૧૫૩ ॥

ઉત્તમ મુમુક્ષુનું લક્ષણ એ છે કે મોટાપુરુષને ઓળખી કાઢે ને મોક્ષની ભૂખ લાગે ત્યારે સારા સાધુને

ગોતે. મોટાને સેવીએ તો મોટાનાં ગુણ આવવા જોઈએ. ॥ ૧૫૪ ॥

શાસ્ત્રોમાં ઘણાં ધર્મો લખ્યા છે પણ જ્યાં સુધી સદ્‌ગુરુ મળતા નથી ત્યાં સુધી શાસ્ત્રો સમજાતા નથી. ॥ ૧૫૫ ॥

આપણા ભાગ્ય છે કે આવી સર્વોપરી ઉપાસના માનનારા સદ્‌ગુરુ મળ્યા છે. ગુરુરૂપી એક એવું બજાર છે, જ્યાં સર્વોપરી હરિકૃષ્ણમહારાજનો માલ મળે છે. **સાધુતાનાં ગુણ સસ્તા નથી મળતા તેમાં તો ગુરુરૂપી સહારો લવો જ પડશે. ॥ ૧૫૬ ॥**

**જ્યારે મુમુક્ષુ સત્પુરૂષને છોડે છે ત્યારે તે માયાની જાળમાં ફસાઈ જાય છે.** પછી મુમુક્ષુ હૃદયથી દુઃખી થાય છે. માટે સાધન દશાવાળાએ સાવધાન રે'વું. ॥ ૧૫૭ ॥

જ્યારે વાછરડાને ખીલે બાંધે ત્યારે તે તેની માં ને જોઈને કૂદતો હોય છે, તેમ સાચો મુમુક્ષુ સત્પુરૂષનાં બળે

કૂદતો હોય છે. જ્યારે મુમુક્ષુ સત્પુરૂષથી દૂર થાય છે, ત્યારે તે નિસ્તેજ થઈ જાય છે. **॥ ૧૫૮ ॥**

સદ્‌ગુરુ રાત ને દિવસ ધ્યાન રાખે ત્યારે મુમુક્ષુનું પોષણ થાય છે. સ્વામિનારાયણને ત્યાં જ સુખનો સૂરજ છે. ને ત્યાં જ સુખનો સૂરજ ઉગ્યો છે. **॥ ૧૫૯ ॥**

જ્યારે કોઈને કાદવમાંથી બહાર કાઢવો હોય તો કાદવમાં હાથ નાંખવો પડે છે ત્યારે મુમુક્ષુ તૈયાર થાય છે. **જીંદગીમાં ક્યારેય મોટાપુરુષની સ્થિતિ માપી શકાતી નથી. ॥ ૧૬૦ ॥**

સાધુને સંકલ્પ હોતા નથી પણ સાધકને સંકલ્પ હોય છે. જેમ બાળકને રમાડનારો બાળક જેવો થાય છે, તેમ મોટા પુરુષ મુમુક્ષુ જેવા થઈને પોષણ આપે છે. દયાએ કરીને જીવ જેવા થાય છે. એમના સ્વભાવો સહન કરે છે. ગરજુ થવાય; ગરજુ ન કરાય. આ એક સિદ્ધાંત વાત છે. **॥ ૧૬૧ ॥**

આખું જગત ''ગુરુ ગુરુ'' કરે છે. આખું જગત

ગુરૂમાં ભરમાયું છે. કરોડો ગુરુ છે, ગલીએ ગલીએ ગુરૂ છે, પણ તેમાં ભેદ કોણે જાણ્યો છે ? મુક્તાનંદ સ્વામીનાં મત પ્રમાણે હજારોની સંખ્યામાં વિશ્વગુરૂઓ થઈને બેઠા છે પણ મુક્તાનંદ સ્વામી આવા ગુરુનાં ચરણોમાં જવાનું કહે છે, "સદ્‌ગુરુ સાચા રે સેવો શુદ્ધ ભાવશું રે..." ॥ ૧૬૨ ॥

**આ સત્સંગમાં જેની અનિવાર્યતા છે તે ગુરુ છે. જેને સાચો સદ્‌ગુરુ મળી ગયો તે મુમુક્ષુ ફાવી ગયો બાકી બધા ડૂબી ગયા. ॥ ૧૬૩ ॥**

આપણે ભગવાનને મેળવવા માટે આધ્યાત્મિક માર્ગે ચાલીએ છીએ. જે ગુરુનાં શરણે જવાથી મનનાં વિવિધ વિકારો અને પંચ વિષયમાંથી આસક્તિ તૂટે છે, ને ભગવાનમાં પ્રીતિ થાય છે, તે સાચો સદ્‌ગુરુ છે. ॥ ૧૬૪ ॥

સદ્‌ગુરુની પરીક્ષા એ છે કે કોઈપણ મુમુક્ષુને ભગવાનમાં પ્રીતિ વધારે ને જગતમાંથી પ્રીતિ તોડાવે.

જેમ બીજનો ચંદ્ર ધીમે ધીમે પૂનમનાં ચંદ્ર જેવો થાય છે. તેમ સદ્‌ગુરુ મુમુક્ષુને પૂનમનાં ચાંદ જેવો કરે છે. ॥ ૧૬૫ ॥

આપણને જેનાથી ભગવાન મળે ને સંસારની વાસના તૂટી જાય તે સાચા સદ્‌ગુરુ છે. ॥ ૧૬૬ ॥

સદ્‌ગુરુ માટે કોઈ સ્થાન - રહેઠાણ - ઠેકાણા ચોક્કસ હોતા નથી તે તો ગમે ત્યાં વિચરતા હોય છે. ॥ ૧૬૭ ॥

શાસ્ત્રોમાં ત્રણ પ્રકારે સદ્‌ગુરુને જોઈને પછી જ તેનો સંગ કરવાનું કીધું છે. એક જેને તેમણે સેવ્યા છે તે કેવા હતા ? બીજું પોતે કેવા છે ? ને ત્રીજું જે તેને સેવે છે તે કેવા થાય છે ? આ ત્રણેયમાં જો એકાંતિકપણું દેખાય તો તેનો સંગ મન કર્મ વચને કરવો. ॥ ૧૬૮ ॥

ગુરુ એટલે ધોબી છે. જેમ ધોબી ગંદા કપડાને ધૂએ છે, તેમ ગુરુ મુમુક્ષુનાં ગંદા આત્માને ધોઈ પરબ્રહ્મને અર્પણ કરે છે. ધોબી જો ગંદા કપડાને ન ધૂએ

તો તે ધોબી શું કામનો ? તેમ આત્માને શુદ્ધ ન કરે તો તે ગુરુ શા કામનો ? ॥ ૧૬૯ ॥

જે બ્રહ્મવિત્ત ને બ્રહ્મનિષ્ઠ છે, તેવાને હાથ સોંપજો. પણ જે ગુરુ પોતામાં જોડે છે, તે ગુરુ નથી પણ ગધેડો છે. મોટામાં મોટું પાપ એ છે કે પોતાના શરણે જે આવ્યો હોય તેની સાથે દગો કરવો. ॥ ૧૭૦ ॥

ગાડી રીપેર થાય પણ ક્યારેય મોક્ષ રીપેર ન થાય, માટે શુદ્ધ ગુરુ સેવવા. ગુરુ અનેક છે પણ શ્રેષ્ઠ ગુરુ એ જ છે જે ભગવાનમાં જોડે. ॥ ૧૭૧ ॥

**મૃત્યુ થાય ત્યાં સુધી સદ્ગુરુની જરૂર પડે છે. એવો સદ્ગુરુ જોઈએ કે જે ભગવાનનાં હાથમાં આપણું કાંડુ સોંપે. ॥ ૧૭૨ ॥**

રાજા પ્રજાનાં શરીર પર શાસન કરે, ગુરુ ચેલાનાં હૃદય પર શાસન કરે છે. પણ વાસ્તવિક રીતે તો જે ગુરુ મુમુક્ષુને ભગવાનનાં ચરણે નાંખે છે, તે હૃદયસમ્રાટ છે. ॥ ૧૭૩ ॥

જે સદ્‌ગુરુ સાચો ધર્મ પાળે ને બીજા પાસે પળાવે, ભગવાનમાં પ્રીતિ કરે ને કરાવે, પંચવર્તમાન પાળે ને પળાવે, તે સદ્‌ગુરુને ''ગોવિંદ સમ જાણજો રે..'' તે ભગવાન સમાન છે. ॥ ૧૭૪ ॥

અસદ્‌ગુરૂની ગમે તેટલી પૂજા કરો કે દાન આપો તો પણ ત્યાં મોક્ષ ન મળે. માટે; સાવધાન રહો ને રસ્તો ભૂલાય ન જાય તેનું ધ્યાન રાખો. ॥ ૧૭૫ ॥

**જ્યાં હૃદય એમ કબૂલ કરે કે આની પાસે ભગવાન મળશે તો તેની સેવા ગરજુ થઈને કરવી પણ માની થઈને નહીં. ॥ ૧૭૬ ॥**

જેના દર્શન કરવાથી આત્યંતિક કલ્યાણની હા પડી જાય તેવા ગુરુ કરવા. ॥ ૧૭૭ ॥

સાચા સદ્‌ગુરુનાં ગુલામ થઈ જાવ. ત્યાં સંશય ને ભ્રાંતિ મેલી દ્યો. સંપ્રદાય હલકી વાતો કરવાથી તૂટી જાય છે. ॥ ૧૭૮ ॥

''હું ને મારૂં'' એમ જે માનનારા છે, તે નરકમાં

જાય છે. હું ભગવાનનો દાસ છું. આ બધું ભગવાનનું છે. એમ જે માને છે તે ધામને પામે છે. ॥ ૧૭૯ ॥

મનુષ્યનો અવતાર એક એવો છે કે જેનાથી કલ્યાણ મેળવી શકાય. મનુષ્યનાં અવતારથી કથા સંભળાય; માળા ફેરવાય; મંદિરે જવાય; માનસી પૂજા ને ભક્તિ કરાય. ॥ ૧૮૦ ॥

જ્યારે ઝઘડાઓ થાય ત્યારે તેને દાબતાં શીખો પણ મોટા ઝઘડાઓ કરતાં ન થાવ. હંમેશા જીવનમાં સંકેલતા શીખવું પણ પહોળું કરતાં ન શીખવું. ॥ ૧૮૧ ॥

જેની દૃષ્ટિ બગડી તેની સૃષ્ટિ બગડી ને જેની સૃષ્ટિ બગડી તેની જીંદગી બગડી તે નિર્વિવાદ વાત છે. જીવનમાં છિદ્ર ન પડે તેનું ધ્યાન રાખજો. જીવનને દાટવું પડે તેવું ના બનાવશો. જીવન ખરાબ થાય તેવું પગલું ન ભરશો. ॥ ૧૮૨ ॥

આ સંસાર ઊંટના બેસણા જેવો છે. ક્યારેક સુખી કરે ને ક્યારેક દુઃખી, આમાં કાંઈ ભગવાન કારણભૂત

ન હોય. ભગવાન તો એની મસ્તીમાં જ હોય. આપણું જ એવું ગયા જન્મનું પ્રારબ્ધ હોય જે આજે સુખી કરે ને કાલે દુઃખી કરે, માટે મોટા પુરુષ જે કથા કરતા હોય તે હૃદયમાં ફીટ કરી રાખવી, જેથી હૃદયમાં મૂંઝવણ ન થાય. ॥ ૧૮૩ ॥

પ્રત્યક્ષ અનુભવ સિવાય બીજો કોઈ મોટો અનુભવ નથી. ભગવાનનાં ચરિત્રો ઉદ્વેગને ટાળે છે. ॥ ૧૮૪ ॥

જે દુઃખમાં ગભરાય ન જાય અને સુખમાં હરખાય પણ ના જાય તે ભગવાનને ભજી શકે છે. દાદાખાચરને કાંઈ ઓછા દુઃખ આવ્યા છે ? નરસિંહ મહેતા કે મીરાંબાઈને કાંઈ ઓછા દુઃખ આવ્યા છે ? અક્ષરધામનાં મુક્ત હોય કે ભગવાનનાં માં-બાપ કે દીકરાઓ હોય તેમને પણ આ લોકમાં દુઃખ ભોગવવા જ પડે છે. ॥ ૧૮૫ ॥

ભગવાનનાં ભક્તો પોતાની સંપત્તિનો આત્યંતિક

કલ્યાણમાં ઉપયોગ કરે છે, માટે તે સુખી છે. ॥ ૧૮૬ ॥

બહુ વૈભવમાં ભગવાન નહીં ભજાય. સંપત્તિ વધુ હોય તો ભગવાનનાં અર્થે વાપરો ને સાદું જીવન જીવો. ॥ ૧૮૭ ॥

દેવની મિલકત ક્યારેય ખાવી નહીં, જીવનમાં ક્યારેય હલકાં વિચાર ન કરવા. સાદું જીવન જીવવું. અને સાત્વિક ખોરાક લેવો. આ ચારથી જીવન આદર્શ થાય છે. ॥ ૧૮૮ ॥

જ્યાં સુધી ભગવાનની આજ્ઞામાં રહીએ ત્યાં સુધી સુખ છે. આજ્ઞા લોપીએ તો દુઃખ છે, માટે આજ્ઞામાં રે'વું. ॥ ૧૮૯ ॥

સત્સંગમાં શેની ઉણપ છે ? થોડીક પણ ઉણપ નથી. જે આવા મહારાજ ને સત્પુરુષ મળ્યા છે ને ભગવાનને ઓળખાવે તેવા નંદસંતોએ શાસ્ત્રો કર્યા છે. માટે થોડીક પણ ઉણપ નથી. ॥ ૧૯૦ ॥

જેની આગળ કલ્યાણ માન્યું છે, તેની આગળ

ક્યારેય કપટ ન રાખીએ. સાધકનું હૃદય નિષ્કપટ જોઈએ ને ગુરુની આગળ જે કપટી થાય છે, તે ક્યારેય મોક્ષનાં માર્ગમાં તરતો નથી. ॥ ૧૯૧ ॥

૨૦૦૦ માણસો સભામાં બેઠા હોય ને તેમાં વેદ, ઉપનિષદ્, પુરાણ, ધર્મ, અર્થ, કામ ને મોક્ષ પર પ્રશ્નો તૈયાર કરી રાખ્યા હોય ને જો મુક્તાનંદ સ્વામી કથા કરતા હોય તો બધાનાં પ્રશ્નોનાં ઉકેલ આવી જાય. આ શક્તિ આવી હોય તો તે તેમની ગુરુભક્તિથી આવી હતી. ॥ ૧૯૨ ॥

ભજન વિના ક્યારેય પણ હૃદયનાં દુર્ગુણ ન જાય. ગમે તેટલા વ્રત, તપ, ઉપવાસ, દાન કરીએ તથા ગમે તેટલી સાધુને રસોઈ આપી દઈએ તોપણ કામ ક્રોધાદિક દૂર ન થાય. રાત ને દિવસ ભજન વખતે ભગવાનમાં પાગલ થવું પડશે. ॥ ૧૯૩ ॥

**દુનિયા ભલે મૂરખ માને પણ ભગવાનમાં પાગલ થઈ જાવ. આવી રીતે ભજન કરીશું ત્યારે મહારાજ**

**આપણા અવાજને સાંભળશે. ॥ ૧૯૪ ॥**

તલવારની ધાર પર ચાલવું ને ભગવાનની ઈચ્છા પર ચાલવું સમાન છે. **॥ ૧૯૫ ॥**


જેની સાથે લગ્નનાં ફેરા ફરવાથી લખચોરાશીનાં ફેરા મટી જાય તેની સાથે પરણવું, પણ જેની સાથે ફેરા ફરવાથી લખચોરાશીનાં ફેરા થઈ જાય તેની સાથે ન પરણવું. **॥ ૧૯૬ ॥**



**॥ ઈતિ શ્રી દ્વિતીય કણિકા સમાપ્ત ॥**



શ્રી ઠાકોરજી મહારાજ


“સર્વોપરી તો એક મારો મહારાજ જ છે”


મિશન



“દુઃખિયો દેખી ન ખમાય
દયા આણી રે”

# કણિકા - ૩

## ભગવાન સંબંધી વાતો

આપણું જીવન તિજોરી છે. તેમાં મૂર્તિરૂપી માલ જ ભરાય. ॥ ૧ ॥

મહારાજ અક્ષરધામાધિપતિ છે. સંપ્રદાયમાં ધામ એક છે કે અનેક ? તેવા વિવાદો બહુ ચાલે છે. સત્સંગિજીવન, વચનામૃત, હરિલીલામૃત, ભક્તચિંતામણીનાં આધારે હું માનું છું કે ધામ ચોક્કસ અનેક છે. ગોલોક, વૈકુંઠ, બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, અક્ષરધામ એમ અનેક ધામ છે, માટે ધામ એક નથી. ॥ ૨ ॥

જેને મહારાજનાં સ્વરૂપમાં વૃત્તિ બંધાણી છે. તેવા સંતો-ભક્તોને ભજન-ભક્તિનાં અંગો પડ્યા છે ને બીજાને પણ પડાવ્યાં છે. ॥ ૩ ॥

**બધા ધામો કરતાં અક્ષરધામ શ્રેષ્ઠ છે, તો તેના ધામી શ્રેષ્ઠ હોય, હોય અને હોય જ. તેના ભક્તો પણ શ્રેષ્ઠ અને સર્વોપરી હોય. આપણે મહારાજની રાણી છીએ, આ વિચારતા નથી એટલે કસર ટળતી નથી. ॥ ૪ ॥**

જ્યાં સુધી પુરુષોત્તમનારાયણની મોટાઈને નહીં સમજીએ, ત્યાં સુધી અક્ષરધામનાં સુખને સમજી નહીં શકીએ અને ત્યાં સુધી જીવમાં રહેલું ભિખારીપણું નહીં જાય. ॥ ૫ ॥

આવી સભામાં મૂર્તિની વાતો થવી જોઈએ ને બીજી વાતો ન થવી જોઈએ. ॥ ૬ ॥

પારકા ધનને પથ્થર જાણે ને પારકી સ્ત્રીને માં તુલ્ય જાણે, એ મહારાજને રહેવાનું ધામ છે. પણ ધામ કાંઈ આકાશમાં લટકતું નથી. ॥ ૭ ॥

**જો આત્માને શાંતિ આપવાનું કોઈ ડીપ ફ્રીજ હોય તો તે મારા મહારાજની મૂર્તિ છે. તેથી, પ્રેમાનંદ**

**સ્વામીએ ગાયું છે, “તમારી મૂર્તિ વિના મારા નાથ રે, બીજું મને આપશો મા...” ॥ ૮ ॥**

ભગવાનનો ભગત જગતની સંપત્તિએ કરીને સુખી ન થાય, મહારાજની મૂર્તિનાં દર્શન કરીને સુખી થાય તે સાચો ભક્ત છે. મહારાજની મૂર્તિ ભૂલાય એ મોટામાં મોટું દુઃખ છે ને મૂર્તિ સહેજે યાદ રહે તેનાથી મોટું સુખ નથી. ॥ ૯ ॥

ભગવાનનાં બાલ સ્વરૂપને ઘરમાં રાખી સેવા કરીને લાડ લડાવો. નિંદા કરનારા ભલે કરે પણ બાલસ્વરૂપને રાખો. ॥ ૧૦ ॥

નિષ્કુળાનંદ સ્વામી કે'છે કે પૂર્વે અવતારોનાં પ્રાગટ્યથી કોઈ જીવને હાશ ન થઈ. ત્યારે મહારાજે કળીયુગમાં પોતાની મૂર્તિનું સુખ આપ્યું. મહારાજની મૂર્તિ રસોમય છે. પાંચ વિષયનો સમુદ્ર એટલે મહારાજની મૂર્તિ તેમાં સર્વે સુખ રહ્યા છે. ॥ ૧૧ ॥

આત્મારૂપી ગુફામાં કામ, ક્રોધાદિક દોષો ઘરી ગયા

છે. તેમાં મૂર્તિ જાય તો બધા દોષો ભાગી જાય છે. ॥ ૧૨ ॥

જેટલો માલ જગતનાં પદાર્થમાં મનાણો છે, તેટલો જ માલ મહારાજની મૂર્તિમાં મનાઈ જાય તો વિના અષ્ટાંગયોગે મહારાજની મૂર્તિ ભૂલાય નહિ. ॥ ૧૩ ॥

જ્યાં સુધી બહારથી મૂર્તિ સિદ્ધ ન થાય ત્યાં સુધી હૃદયમાં ન દેખાય. ॥ ૧૪ ॥

મરતાં સુધી મૂર્તિ સિદ્ધ ન થાય તો એમ માનવું કે મારી જીંદગી અસિદ્ધ થઈ ગઈ છે. માટે હૃદયમાં મૂર્તિ જોવી હોય તો પ્રાર્થના કરવી. ॥ ૧૫ ॥

**બધા સાધન મહારાજને પ્રસન્ન કરવાના છે પણ સાધ્ય તો મહારાજની મૂર્તિ જ છે. ॥ ૧૬ ॥**

મહારાજ પાસે મૂર્તિ માંગવી પણ આ લોકની વિષ્ટા, છાણાં ને પોદળા ન માંગવા. મહારાજે ને મોટા મુકતોએ તો સ્વર્ગ, મૃત્યુ ને પાતાળના સુખ નરક જેવા કીધા છે ॥ ૧૭ ॥

બાહ્ય ઈન્દ્રિયોનાં આહાર શુદ્ધ થાય ત્યારે

અંતઃકરણ શુદ્ધ થાય. અંતઃકરણ શુધ્ધ થાય ત્યારે આપણો આત્મા બ્રહ્મરૂપ થાય, ત્યારે જ ભગવાનની મૂર્તિનાં સુખનાં ભોક્તા થઈએ છીએ. ॥ ૧૮ ॥

મહારાજની મૂર્તિ ના દેખાય ને જગતનું કાંઈ પદાર્થ દેખાય તો તે જીવતાં નરક છે. જો મહારાજની મૂર્તિ યાદ આવે અને ભક્તો યાદ આવે તો જીવતાં ધામ છે. ॥ ૧૯ ॥

ભગવાનનાં ધામનું કોઈ માપ નથી. પૃથ્વીથી લઈને આખા બ્રહ્માંડનું માપ છે, પણ મહારાજનાં અક્ષરધામનું કોઈ માપ નથી. ધામ સીમાતીત છે. જગતથી પર ભગવાનનું ધામ છે. માયાનું કાર્ય જગત છે. આ જગતરૂપે માયા થઈ છે. જેટલું નજર સામે દેખાય છે તે બધું માયા છે. અને માયા જે કરાવડાવે છે તે બધું નાશવંત છે પણ મહારાજનું ધામ શાશ્વત છે. તે હતું જ ને આજ પણ છે, ને રહેશે. કાળે કરીને જગતનો નાશ થશે ત્યારે પણ ધામનો નાશ થતો નથી. તે તો અવિનાશી ને અખંડ છે. ભગવાનનાં ધામમાં કાંઈ

પરિવર્તન આવતું નથી, તેની ઉપમા ન આપી શકાય, ત્યાં જ સુખ છે. ॥ ૨૦ ॥

**જગતમાં એવું કોઈપણ પદાર્થ નથી કે જેમાં દુઃખ ન હોય, ભગવાનનાં ધામમાં દુઃખ નામની ચીજ જ નથી અને આ જગતમાં સુખ નામની કાંઈ ચીજ નથી. ॥ ૨૧ ॥**

માયા દુઃખમય છે ને ભગવાનનું ધામ સુખમય છે. એનાથી પર પુરુષોત્તમનારાયણ છે, તેની ચારેય બાજુ મુક્તો છે, તે રૂપાળા છે. જેમ એક બાપ હોય ને તેને પાંચ દીકરા હોય તે બાપને વીંટળાયને બેઠા હોય તેમ મુક્તો મહારાજને વીંટળાય ને બેઠા છે. કોઈ મુક્તો એવા છે જે આજ્ઞા અને ઉપાસના દૃઢ કરીને મહારાજની મૂર્તિની અંદર જતા રહે છે. અતિપ્રેમે કરીને ભગવાનની મૂર્તિમાં લીન થઈ જાય છે, એને પોતાનું અસ્તિત્વ દેખાતું નથી. ॥ ૨૨ ॥

અમુક મુક્તો એવા છે જે ભગવાનની સેવા વિવિધ

પ્રકારે વિવિધ ઉપચારોએ કરીને કરે છે અને મહારાજને એમ થાય છે કે મારા મુક્ત તે મારું ધામ છે. જેમ ભગવાનની આજુબાજુ મુક્તો સુખ લે છે તેમ માયામાં નથી. ॥ ૨૩ ॥

ત્યાગ ને વૈરાગ્ય તે તો કોદાળાને જગ્યાએ છે. કોદાળા શું કામ કરે ? તો કોદાળા ગાળ કાઢે. સો હાથ ઊંડો કૂવો ગાળ્યો હોય તો તેમાં પાણી ન હોય તો કૂવો શા કામનો ? એમ ત્યાગ, વૈરાગ્ય અને ધર્મની વાતો કોદાળાની જગ્યાએ છે, તે તો અંતઃકરણ શુદ્ધ કરે છે, પણ જો મહિમા હૃદયમાં ન હોય તો મહારાજની મૂર્તિમાં આપણને ચોંટવા ન દે. એટલે મહિમા છે તે મોક્ષના માર્ગમાં અસાધારણ કારણ છે. મહિમા હોય તો મહારાજની મૂર્તિમાં આનંદ આવે ને સત્સંગમાં આનંદ આવે. ॥ ૨૪ ॥

જેમ માછલાંને જળનો વિયોગ સહન થતો નથી, તેમ મુક્તોને મહારાજનો વિયોગ સહન થતો નથી. દરેક

મુક્તોને એમ લાગે છે કે “મહારાજ મારી સાથે છે.” પ્રત્યેક મુક્તોની સાથે મહારાજ છે. એટલે મહારાજ કહે છે કે વૈકુંઠના સુખ કરતાં ગોલોકનું સુખ અધિક છે, તેના કરતાં અનંતગણું અક્ષરધામમાં મહારાજનું સુખ અધિક છે. ॥ ૨૫ ॥

**હાલતાં - ચાલતાં, ખાતાં - પીતાં, નાતાં - ધોતાં મહારાજની મૂર્તિમાં વૃત્તિ સ્થિર કરવાનો અભ્યાસ કરવો. ॥ ૨૬ ॥**

તળાવને કહી શકાય કે આ સાગર જેવું છે, પણ સમુદ્રને ન કહી શકાય કે આ સમુદ્ર આના જેવો છે. તેમ મહારાજને કોઈની ઉપમા ન આપી શકાય. તેની તોલે કોઈ ન આવી શકે. ॥ ૨૭ ॥

**જ્યાં સુધી એક સ્વરૂપમાં નિષ્ઠા નહીં થાય ત્યાં સુધી વ્રત, દાન, તપ કરો કે રાફડાં થઈ જાઓ તો પણ મૂર્તિમાં વૃત્તિ સ્થિર નહીં થાય તે નિર્વિવાદ વાત છે. ॥ ૨૮ ॥**

જીવન સારી રીતે તરવું હોય તો શ્રીહરિનું શરણું સ્વીકારી લ્યો. ॥ ૨૯ ॥

સાધન દશામાં ભક્તોનાં હૃદય કાળા છે, પણ સાચા દિલથી ભગવાનનાં શરણે જાય છે, ત્યારે ઊજળા થાય છે. બ્રહ્મ થઈએ તો પરબ્રહ્મનું મિલન થાય છે. તેથી, ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુન પ્રત્યે કહ્યું છે કે..

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्तेवमात्मानं मत्परायणः[1] ॥ ३० ॥

ગમે તેવું દુઃખ આવે તો પણ ભગવાનનાં શરણે જાવ. ॥ ૩૧ ॥

જેને ગરજ છે તે જ ભગવાનનો આશરો કરી શકે છે. એક લાખ વર્ષની સાધના છે અને એક હજાર વર્ષની સાધના છે તેમાં જેટલો ફેર છે, તેમ મુક્તોમાં

૧. **અર્થ** : તું મારામાં મનવાળો મારો ભક્ત તથા મને પૂજનારો થા અને મને નમસ્કાર કર, એમ મારામાં અંતઃકરણને જોડીને મારા પરાયણ થયેલો તું મને જ પામીશ. (ગીતા : ૯/૩૪)

ભેદ છે. ॥ ૩૨ ॥

**પ્રેમીની ભક્તિ તો તળાવનાં પાણી જેવી છે. જ્ઞાનીની ભક્તિ પાતાળનાં પાણી જેવી છે. તળાવનું પાણી સુકાય પણ પાતાળનું પાણી તો સુકાય જ નહિ. સમજણ સિવાયની ભક્તિ ઘણીકવાર મોક્ષના માર્ગમાંથી પાડી નાખે છે, માટે સમજણ જ શ્રેષ્ઠ છે. ॥ ૩૩ ॥**

ભગવાન પોતાની ઈચ્છાથી પ્રગટ થાતાં હોય છે. જ્યારે સત્પુરુષ ભગવાનની ઈચ્છાથી પ્રગટ થાય છે. ભગવાનનાં મોકલેલા પ્રતિનિધિ તરીકે પધારતાં હોય છે. મોટાપુરુષ ભગવાનનું આપેલું ઐશ્વર્ય, સામર્થી, શક્તિ વાપરતાં હોય છે. ॥ ૩૪ ॥

**જે ધામમાં છે એવું જ આ હરિકૃષ્ણ મહારાજનું સ્વરૂપ છે એમ માનીએ તે આપણી મોટી ભૂલ છે, અને તે અવળી સમજણ છે. પણ જે ધામમાં છે એ જ આ છે, એમ માનવું અને આવી સમજણ મગજમાં બેસાડી દેવી. ॥ ૩૫ ॥**

આજે સત્સંગમાં આવો તો ખબર પડે છે કે વીસ-બાવીસ-પચીસ વર્ષનાં જુવાનડાઓ સંસાર છોડીને, માયાને લાત મારીને આવે છે. એ ફકત સ્વામિનારાયણને ત્યાં જ છે. આ શરીર એટલાં માટે છે કે તેનાથી ફક્ત ભગવાન ભજાય છે. ॥ ૩૬ ॥

જેની સમજણ ઊંચી તેટલો વ્યકિત મોટો. વરતાલ પ્રકરણ નાં ૨૦માં વચનામૃતમાં મહારાજે સમજણ ઉપર ભાર મૂક્યો છે. જેનામાં બુદ્ધિ-વિચાર નથી તે મૂર્ખ છે, તે બાળક છે. ॥ ૩૭ ॥

દુઃખનો સમુદ્ર હંમેશા હિંમતરૂપી નાવથી તરાય છે. ઉતાવળથી તરી શકાતો નથી. ॥ ૩૮ ॥

**પ્રેમ વસ્તુ એવી છે કે આપણને પાગલ બનાવી દે. પ્રેમ એટલે સમર્પણ. જ્યાં સમર્પણ નથી, ત્યાં મોહ છે. જેમ માછલીને પાણીમાં પ્રેમ છે, પંતગિયાને અગ્નિમાં પ્રેમ છે, આવો પ્રેમ પુરૂષોત્તમમાં થાય ત્યારે માનવું કે મેં પુરુષોત્તમને સાચું નાણું જાણ્યું છે. ॥ ૩૯॥**

જીવમાં ભગવાનનું સ્વરૂપ જોવું હોય તો મહારાજમાં અતિપ્રેમ કરી દ્યો. જેટલું મહારાજમાં હેત હશે તેટલા મહારાજ આપણને આધીન થશે. માલિકની ઈચ્છા પ્રમાણે રહેવું તેને હેત કહેવાય. ॥ ૪૦ ॥

શ્રીજી મહારાજે અક્ષરધામનો ધોરી માર્ગ સ્થાપ્યો છે. તેના જેવો કોઈએ સ્થાપ્યો નથી. ધામમાં જવું હોય તો નંદ સંતો જેવો પ્રેમ મહારાજમાં થવો જોઈએ. ॥ ૪૧ ॥

સ્વાર્થ હોય તો દુશ્મનમાં પણ હેત થાય છે. તેમ જો પુરુષોત્તમ પાસે અક્ષરધામનો સ્વાર્થ હોય તો હેત થાય છે. ॥ ૪૨ ॥

જેને ભગવાનનાં સ્વરૂપમાં હેત છે તેની આગળ અષ્ટાંગયોગ ફિક્કા છે. ॥ ૪૩ ॥

હેત તો એક મહારાજમાં ને એકાંતિકમાં જ કરવું પણ માયાનાં લોચામાં નહીં. ॥ ૪૪ ॥

કોઈ ચમત્કાર બતાવે, કોઈ પરચા બતાવે તેમાં ન માનવું. જે પુરુષોત્તમનો ભક્ત હોય તે દોરા ધાગાને

ન માને. સ્વામિનારાયણનો થઈ દોરા-ધોગાને માને તે શું ધામમાં જાય ? ન જ જાય. ॥ ૪૫ ॥

જ્યાં સ્ત્રી પુરુષ ભેગા નાચતાં હોય ત્યાં જોવા જવું તે મહાપાપ છે. ગમે તેટલું ધારણા-પારણાં વ્રત, ચાંદ્રાયણ વ્રત, બ્રહ્મચર્ય, દાન કર્યું હોય તે સર્વે રાખ થઈ જાય છે. માટે મહેરબાની કરીને જ્યાં સ્ત્રી-પુરુષ ભેગા નાચતાં હોય ત્યાં જોવા જવું તે મહાપાપ છે. ઘણીવાર મને ગોદડામાં રડવું આવતું હોય છે કે ક્યા રસ્તે ભક્તો જાય છે ? મહારાજ કેમ આની પર રાજી થશે ? જો ગરબામાં નાચવું હોય તો તમે મહારાજને છોડી દો. જેટલું સ્ત્રીમાં હેત છે, સગાં કુટુંબીમાં હેત છે, તેટલું જ મહારાજમાં હેત કરવાનું છે પણ વધારે કાંઈ કરવાનું નથી. ॥ ૪૬ ॥

**સત્સંગી થાવું તો પાકા સત્સંગી થાવું. પણ અડધા સત્સંગી ને અડધા ઠગત એવું તો ન જ કરવું. સારા ભગત બની ભગવાનનાં સ્વરૂપમાં પ્રીતિ કરવી. ॥ ૪૭ ॥**

જેટલા જગતના ઘાટ બંધ થાય તેટલું મન શીતળ

થાય, પ્રફુલ્લિત થાય. સાચું ભગવાનમાં હેત હોય તે ક્યારેય છલકાય નહીં. જેને ભગવાનમાં હેત હોય તે હિમાલય જેવો હોય. ॥ ૪૮ ॥

ગઢપુરવાસી અને નંદસંતોએ કેટલા માન-અપમાનો સહન કર્યા તોપણ ભગવાન સિવાય ક્યાંય હેત ન કર્યું. પોતાનો સ્વાર્થ સાધે તેને સ્નેહ ન કહેવાય. ॥ ૪૯ ॥

ભગવાનને વિષે પ્રીતિવાળો શ્રેષ્ઠ છે. પ્રીતિવાળો છે પણ બ્રહ્મરૂપ નથી તો તે શ્રેષ્ઠ નથી. કારણ કે તેને ઉપાધિ વળગવાની છે એ ટાંકાનું પાણી છે તેને સુકાતા વાર લાગતી નથી. ॥ ૫૦ ॥

જે બહુ પ્રેમ બતાવતો હોય તેણે પ્રેમનાં મૂળિયા ઊંડા નાંખેલા હોતા નથી. સાચો પ્રેમી તો અબજોમાં એક હોય. જે સાચો પ્રેમી હોય તે જબરદસ્ત જ્ઞાની હોય, સ્વરૂપ નિષ્ઠાવાળો હોય, માન-અપમાન, સુખ-દુઃખથી પર હોય, આત્મનિષ્ઠાવાળો હોય. ॥ ૫૧ ॥

જે ગુણાતીત સ્થિતિને પામ્યા પછી જે પ્રેમ પ્રકટે તે સાચો પ્રેમી છે. કોઈક બહુ પ્રેમઘેલો દેખાતો હોય પણ તેમાં કાંઈ દેખાતું નથી. પ્રેમી થવા કરતાં જ્ઞાનીમાં માલ છે અને શ્રીજી મહારાજે પણ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, "**माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे**[1]" **॥ ૫૨ ॥**

જે જ્ઞાની હોય તે સુખ-દુઃખમાં સમાન દ્રષ્ટિ રાખે છે. સ્થિતપ્રજ્ઞ થાય છે. એવી ગુણાતીત સ્થિતિ બંધાશે ત્યારે તેમાં પ્રેમ આવશે તે સાચો પ્રેમ છે. **॥ ૫૩ ॥**

પહેલા કડવો રસ પીવો, પછી મીઠો રસ પીતાં શીખવું. એટલે કે પહેલાં કડવા વેણ સહન કરીએ તો મીઠા વેણ સારા લાગે. પહેલાં અપમાન ભોગવતા શીખો તો પછી માન મળશે. પહેલાં દુઃખ ભોગવતાં શીખશો તો સુખને પચાવી શકશો. અપમાન સહન થશે તો માન સહન થશે. પહેલાં ભૂખ્યા રહેતાં શીખો પછી ખાવાનું

---

૧. **અર્થ** : ભગવાનમાં માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે જ ભક્તિ જાણવી. (શિક્ષાપત્રી-૧૦૩)

પચે છે. ॥ ૫૪ ॥

પ્રેમને ઊંડો ઊંડો હૃદયમાં ઢાંકી રાખો પણ છલક્વા ન દો. જ્ઞાન અને સમજણથી જે પ્રેમ પ્રકટે છે, તે કોઈ જુદી રીતનો જ પ્રેમ હોય છે. ॥ ૫૫ ॥

પાપનું મોટામાં મોટું પ્રાયશ્ચિત હોય તો પસ્તાવો છે. આંખનાં આંસુ દ્વારા પાપ ધોવાઈ જાય છે. ॥ ૫૬ ॥

**ભગવાનને અર્થે વાપરેલી સંપત્તિ નિષ્ફળ થતી નથી. ભગવાન જ સુખ અને દુઃખ આપનારા છે. ॥ ૫૭ ॥**

ભગવાન પક્ષપાતી છે. તે હંમેશા ભક્તોનો જ પક્ષ રાખે છે. ભગવાન સમદૃષ્ટિવાળા નથી તે તો વિષમદૃષ્ટિવાળા છે. ભગવાનનું નામ જ ભક્તવત્સલ છે. ॥ ૫૮ ॥

**જે ભગવાનનો ભક્ત છે તેના જીવનની દોરી ભગવાન ચલાવે છે. ॥ ૫૯ ॥**

જ્યારે ભગવાન જીવનમાં સૌ પ્રથમ ભળે છે ત્યારે

પ્રથમ જીવનમાંથી દોષરૂપી ઝેર નીકળે છે. અને જ્યારે હૃદયમાંથી ઝેર નીકળી જાય છે, ત્યારે અમૃતની પ્રાપ્તિ થાય છે. ॥ ૬૦ ॥

જ્યારે ભગવાનનો સંબંધ થાય છે, ત્યારે બંધન માત્રથી મુક્ત થવાય છે. ॥ ૬૧ ॥

ભગવાન સત્ય છે, તેને સંભારીને કાર્યો કરો. જીવન તો બધાને મળ્યું છે, પણ મનુષ્ય જન્મની સાર્થકતા સિદ્ધ કરવી હોય તો ભગવાનમાં પ્રેમ કરી લો. ॥ ૬૨ ॥

સંસારમાં જે હેત છે તે મોહ છે, મોહમાંથી દુઃખ ઉત્પન્ન થાય છે. ભગવાનમાં પ્રેમ કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે. જે ભગવાનને અર્થે વાપરે છે, તેને ભગવાન અનંતગણું કરીને આપે છે. તે ક્યારેય દુઃખી થાતો નથી. ॥ ૬૩ ॥

ભજન કરવું બહુ અઘરૂં છે. આવી રીતે બ્રહ્મસત્રમાં પાંચ-પાંચ દિવસ ઘરનો ત્યાગ કરીને સાધુ ભેળા રહેવું અને તાપની હેઠે બેસી રહેવું ને ભજન કરવું એ તો જો

શ્રીજી મહારાજનાં તોલમાં આવી ગયા હોઈએ તો થાય, નહીંતર ના થાય. ॥ ૬૪ ॥

આપણે મહારાજનાં આશ્રિત છીએ, અક્ષરધામનાં મુસાફર છીએ, અક્ષરધામની ટ્રેનમાં બેઠા છીએ, એ છતાં મોક્ષનું સ્ટેશન આવતું નથી. એ ક્યાં ખામી હશે ? એ ખામી ટાળવા આ બ્રહ્માનંદ સ્વામીના ચાર પદ છે. "હરિજન સાચા રે જે ઊરમાં હિંમત રાખે" આ પદ જો જીવનમાં ઉતરી જાય તો જન્મોજન્મનું દુઃખ દૂર થઈ જાય ને થાક ઊતરી જાય. ॥ ૬૫ ॥

જગતમાં જેટલાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે, તેની જો કોઈ ક્રીમ હોય, તો તે મારો મહારાજ છે. ॥ ૬૬ ॥

નબળાને જોઈ મહારાજ રાજી થતાં નથી, મરદને જોઈ મહારાજ રાજી થાય છે. તે જ ભગવાનનાં માર્ગે ચાલી શકે છે, તે જ નિધડક વર્તે છે અને ધીરજવાન હોય છે. ॥ ૬૭ ॥

શ્રીજી મહારાજનો ગમે તેવો આશ્રિત હોય તોપણ

મહારાજ તેનું કલ્યાણ સસ્તામાં કરે છે, એવા મહારાજ દયાળું છે. ॥ ૬૮ ॥

જો કલ્યાણ થવાનું ન હોય તો આવા મહારાજ અને સાધુ ન મળ્યા હોત અને આ સભામાં ન બેઠા હોત. માટે નક્કી કરી દ્યો કે ગમે તેવો પણ મારા મહારાજનો છું. ॥ ૬૯ ॥

જે સ્વામિનારાયણનો હોય તે આપણા બાપનો છે એમ માનવું. જે પંચવર્તમાન પાળે છે, તેને જોઈ મહારાજ રાજી થાય છે અને જે પાળતો નથી તેની પર મહારાજ કુરાજી થાય છે. ॥ ૭૦ ॥

આ મહારાજ તો બહું કિંમતી છે. પણ આ તો બગાસું ખાતા મોઢામાં જલેબી પડી ગઈ છે. પણ કોઈને તેની કીંમત જણાતી નથી. ॥ ૭૧ ॥

**જો મહારાજને આપણી પર દયા ન હોત તો આવા મહારાજ ને સંતો ન મળ્યા હોત. માટે ઉપકાર ક્યારેય ન ભૂલવો. ॥ ૭૨ ॥**

ધ્યાન, ભજન, સેવા એ બધું તો રસોઈ કરીએ તે ઠેકાણે છે. જ્યાં સુધી જીવમાં ભગવાન ન દેખાય ત્યાં સુધી આપણે સત્સંગનું ફળ કાંઈ પામ્યા નથી એમ માનવું. **॥ ૭૩ ॥**

જો કોઈ ભગવાનને વશ થાય તો ભગવાન તેને વશ થઈ જાય છે. માટે પુરુષોત્તમનારાયણને આધીન જ રહેવું. **॥ ૭૪ ॥**

સહજાનંદનો આશ્રિત હોય તેને દેખીને તો ભૂત કે રાક્ષસ પણ ધામમાં જાય છે, આવો કેફ ભક્તે રાખવો. જે સાચો સહજાનંદી સિંહ હોય તેને આ દુનિયાનાં શિયાળીયા કાંઈ ન કરી શકે. **॥ ૭૫ ॥**

મહારાજ પોતાનું સ્વરૂપ આ બ્રહ્માંડમાં વરતાલમાં પધરાવી ગયા તે કેટલી મોટી દયા છે. જેનું ધ્યાન કરવાથી હૃદયમાં સુખના ફૂંવારા છૂટે છે. **॥ ૭૬ ॥**

અક્ષરધામનાં મુક્તો સુખનાં સાગર છે. એ બધાનો આનંદ ભેગો કરીએ તો મહારાજનાં એક રોમનાં કોટિનાં

ભાગમાં લીન થઈ જાય છે. માટે; મહારાજની આનંદમયી મૂર્તિ છે. ॥ ૭૭ ॥

જ્યાં સુધી મહારાજ હૃદયમાં આવ્યા નથી, ત્યાં સુધી જગતનાં પદાર્થ સારા લાગે છે. પણ જ્યારે હૃદયમાં મહારાજ આવશે ત્યારે જગતનાં પદાર્થ વિષ્ટા જેવા લાગશે. ॥ ૭૮ ॥

જ્યાં સુધી પરમાત્માનાં સ્વરૂપને તત્ત્વથી સમજવામાં ન આવે ત્યાં સુધી જીવમાં રહેલું અજ્ઞાન ક્યારેય ટળતું નથી. પુરૂષોત્તમ જેવા છે તેવા જાણવા તે જ મહિમા છે.જ્યાં સુધી પુરુષોત્તમનો મહિમા જાણતા નથી ત્યાં સુધી પંચવિષયના ઘાટ ટળતા નથી ને નબળાઈ તુટતી નથી. ॥ ૭૯ ॥

મહિમામાં બધાં સાધન આવી જાય છે. જે અધમ પતિત છે તે પણ ભગવાનનાં નામનું ઉચ્ચારણ કરે તો પાવન થાય છે. પુરૂષોત્તમ મળ્યા પછી મસ્તી ન ચડે તો આપણે “કંગાળ” છીએ. માટે

પુરુષોત્તમની મસ્તીમાં રે'વું. ॥ ૮૦ ॥

પુરુષોત્તમનો કેફ રહેશે તો બાકીનાં કેફ નાશ થઈ જવાના છે. તુલસીદાસજી કહે છે કે,

"हरिभजन में आलसु, भोजन में होशियार ।
तुलसी कहे ऐसे नरकुँ, बारबार धिक्कार" ॥

જે ખાઈ ખાઈને ફાંદ ફૂલાવે, પંચ વિષય ભોગવે અને તેમાં જ શરીરને ઘસી નાંખે છે તો તે જનને ધિક્કાર છે. માટે આખા દિવસમાં એકવાર પેટ ભરીને ભજન કરી લ્યો. ॥ ૮૧ ॥

અક્ષરધામમાં પરમ એકાંતિક મુક્ત મૂર્તિને જ જોયા કરે છે. અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પદવી અનાદિ મુક્તની છે. તે મહારાજની મૂર્તિમાં રસબસ થઈ જાય છે. એક મુક્ત બ્રહ્માંડોનું કારભારૂં જુવે છે. અને બીજો મુક્ત એકાંતિક છે તે મહારાજને જુએ છે, પોતાને જુવે છે અને મુક્તોને પણ જુએ છે. ॥ ૮૨ ॥

જેટલી ભગવાને કરેલી સૃષ્ટિ છે તેમાં ભગવાન

વ્યાપીને અન્વયપણે રહ્યા છે, ને પોતાના ધામને વિષે વ્યતિરેક છે. ॥ ૮૩ ॥

ભગવાન જ્યારે આ પૃથ્વી પર સ્વયં એકલા વિચરતા ત્યારે જડભરતને શુકદેવજીની જેમ રહેતાં, પણ જ્યારે ગઢડામાં આવ્યા પછી ભક્તોનાં સુખાર્થે શણગાર ધારણ કરતા હતા. ॥ ૮૪ ॥

ભગવાન સિવાય બીજું કાંઈ બોલવું ગમતું હોય તો તે પણ કુસંગ છે. ॥ ૮૫ ॥

અનંત કોટી બ્રહ્માંડનાં સ્વામી પુરુષોત્તમનારાયણે સેવકરામની સેવા કરી. આના પરથી સાબિત થાય કે મહારાજનો કેટલો દયાળુ સ્વભાવ છે ! ॥ ૮૬ ॥

ભગવાન જ બધું કરે છે. મારો શ્વાસ પણ ભગવાન જ ચલાવે છે. બધું ભગવાનથી જ થાય છે. સર્વકર્તા ભગવાનને સમજી લઈએ તો દુઃખ માત્રનો અંત આવી જાય છે. આવી વાત સમજાવી કઠણ છે પણ આ સમજે જ છૂટકો છે. ॥ ૮૭ ॥

આ જગતમાં સારું - નરસું થાય છે. તે ભગવાનની ઈચ્છાથી થાય છે. ભગવાનની ઈચ્છા સિવાય આ જગતમાં કાંઈ થતું નથી. ભગવાનની ઈચ્છાથી આ જગત રચાયું છે. ॥ ૮૮ ॥

**એક એક શ્વાસ મારા મહારાજની શક્તિથી જ ચાલે છે. ગમે તે થાય છે, તે મારા મહારાજ જ કરે છે. એવું જે માને છે, તેની રક્ષા મહારાજ અવશ્ય કરે છે. ॥ ૮૯ ॥**

પુરુષોત્તમનારાયણની વાતો એવી છે કે વાતું કરતાં કરતાં પાગલ થઈ જવાય તેવી છે. ॥ ૯૦ ॥

**હિન્દુ, મુસ્લિમ કોઈપણ જ્ઞાતિનો હોય તેને સ્વામિનારાયણ ભગવાને આદર્શ બનાવ્યો છે. ॥ ૯૧ ॥**

ચંદ્રમાં પણ કંઈક ખોટ કાઢી શકાય કે ચંદ્રની અંદર એક કાળો ડાઘ છે. પણ મુક્તાનંદ સ્વામીનું જીવન સુંદર, નિર્મળ, સરસ ને ભક્તિએ યુક્ત

પુરૂષોત્તમનારાયણનાં સુખે સુખીયા છે તેમાં ક્યારેય ખોટ કાઢી ન શકાય. ॥ ૯૨ ॥

કેટલાક એવા સંપ્રદાયો છે કે જ્યાં લીલા ઘાસને તો તોડતા નથી અને સત્ય બોલનારા ઘણા છે પણ બ્રહ્મચર્ય દૃઢ કરવું તે તો લોઢાનાં ચણા ચાવવા જેવું છે; પણ શ્રીજી મહારાજ અને સમર્થ સદ્ગુરુનાં પ્રતાપે વીસ-વીસ વર્ષનાં યુવાનો પણ સ્ત્રી-ધનનો ત્યાગ રાખે છે. ॥ ૯૩ ॥

દુ:ખ ભોગવવાની તૈયારી હોય તો હાથમાં સ્વામિનારાયણની માળા લેજો, પણ સુખ લેવાની વાત છોડી દો. પરીક્ષા હંમેશા સોનાની જ થાય છે, સરેણ પર હીરાને જ ચડાવવામાં આવે છે, ત્યારે તેમાં ચળકાટ આવે છે, તેમ ભગવાન પોતાના ભક્તને કષ્ટ આપીને ચળકાટ આપે છે. ॥ ૯૪ ॥

મહારાજને આપણું ખરેખરું વર્તન ને જીવન ગમે છે, પણ ઉપલે ચટકે મહારાજ રીઝતા નથી તે મુક્તાનંદ

સ્વામીએ ગાયું છે કે,

**“અંતર જામી ઉપરને ચટકે ન રીઝે,**
**શીરને સાટે સેવે તેનું કારજ સીજે રે.” પતિવ્રતા...**
**॥ ૯૫ ॥**

જેને પુરુષોત્તમમાં પ્રીતિ છે તે બધા સધવા છે, જેને પ્રીતિ નથી તે બધા વિધવા છે. ॥ ૯૬ ॥

ભગવાનનાં યોગમાં જે કોઈ વસ્તુ આવે તે ચૈતન્ય થઈ જાય છે. પથ્થર હોય તે આત્મા થઈ જાય છે એ ભગવાનમાં તાકાત છે. ॥ ૯૭ ॥

મહિમા એ બહુ મોટી વાત છે કારણકે મહારાજની મૂર્તિમાં મહિમા વતે જ ચોંટાય છે. ॥ ૯૮ ॥

જો આપણે મહારાજનો મહિમા વધારે ને વધારે જાણીશું તથા મહારાજને હંમેશાને માટે પ્રગટ જ જાણીશું તો મહારાજ સદા આપની સાથે પ્રગટ ને પ્રગટ જ રહેશે. ॥ ૯૯ ॥

જેમ ભક્ત ભગવાન વિના રહી શક્તો નથી તેમ

ભગવાન પણ ભક્ત વિના રહી શક્તા નથી. આપણે ભગવાનનો વિયોગ સમજીએ છીએ ને પરોક્ષ સમજીએ છીએ તેટલી નિશ્ચયમાં ખામી છે. **॥ ૧૦૦ ॥**

મહારાજમાં જ હેત કરવું. ને મહારાજ જેવું હેત તો ગમે તેવા મોટા મુક્ત હોય તેમાં પણ ન કરવું. ને મહારાજનાં બીજા જે અવતારો તેમાં પણ ન કરવું. **॥ ૧૦૧ ॥**

જ્યારે હૃદયમાં મહારાજ અને મુક્તો આવે છે, પછી કોઈ સાધન બાકી રહેતું નથી. **॥ ૧૦૨ ॥**

લાખો જન્મ બ્રહ્મચર્ય પાળવાથી, શરીરને રાફડા કરી નાંખવાથી આવા મહારાજ મળતા નથી. પણ ક્યા જન્મનાં પુણ્ય હશે ? તો આવા મહારાજ મળ્યા છે. આમ મહિમા જાણવો. **॥ ૧૦૩ ॥**

અક્ષરધામનું સુખ, વૈભવ, સામર્થી બધું મહારાજની આગળ લુખ્ખું છે. આવા મહારાજ છે તે આપણને મળ્યા છે. જો યથાર્થ મહિમા સમજીએ તો

આપણી છાતી ફાટી જાય અને આ દુનિયામાં રહી શકીએ નહિ. ॥ ૧૦૪ ॥

જ્યાં સુધી મહારાજને પ્રગટ માન્યા નથી ત્યાં સુધી ધામ ગોતવા જવાનું છે, પણ જ્યારે આત્મામાં પ્રગટ મહારાજને માનશું, ત્યારે આત્મા જ ધામ બની જાય છે. ॥ ૧૦૫ ॥

**જેમ મહારાજમાં હેત કરવું તે અગત્યનું છે, તેમ મહારાજનાં મુક્તોમાં હેત કરવું તે પણ અગત્યનું છે, પણ મહારાજ જેવું તો નહિ જ. ॥ ૧૦૬ ॥**

મહારાજનો સહજ સ્વભાવ દયાળુ હતો, જો મહારાજનો સ્વભાવ દયાળુ ન હોત તો આપણું કલ્યાણ ન થાય. પ્રેમાનંદ સ્વામી નિત્ય નિયમની ચેષ્ટાનાં પદોમાં મહારાજનો સ્વભાવ દર્શાવતા કહે છે કે ‘‘દુ:ખીયો દેખી ન ખમાય દયા આણી રે... અતિ આકળા થાય’’ એવો મહારાજનો સ્વભાવ છે. ॥ ૧૦૭ ॥

જેટલો જીવનો કઠોર સ્વભાવ છે ને ભૂલ કરવાનો

સ્વભાવ છે, તેટલો જ મહારાજનો કોમળ ને દયાળુ સ્વભાવ છે. ॥ ૧૦૮ ॥

મીઠાજળનો સમુદ્ર ભર્યો હોય તેમ ભગવાન હરિકૃષ્ણ મહારાજ દયાનો મોટો સાગર છે. ॥ ૧૦૯ ॥

જીવને જન્મ મરણનો અસાધ્ય રોગ લાગ્યો છે અને તે રોગને ટાળવા પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ આટલા દૂર અક્ષરધામથી આવ્યા છે, “હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ” એમ મહારાજ કહે છે. ક્યારેય આપણને મહારાજનાં વિયોગમાં આંસુ આવી ગયા છે ? જે ઠેઠ અક્ષરધામમાંથી આવીને દર્શનનું સુખ આપ્યું ને સસ્તામાં કલ્યાણ આપી દીધું. ॥ ૧૧૦ ॥

જો મહારાજ ધામમાંથી ન આવ્યા હોત તો આવા સાધુ, મંદિરો અને શાસ્ત્રો ન હોત, સત્સંગરૂપી બાગ પણ ન હોત. તમે બધા સ્વામિનારાયણ ભગવાનનું ભજન, સ્મરણ, ધ્યાન ન કરતાં હોત, મોક્ષની વાતો ન હોત, માટે ભક્તો વિચારો કે મહારાજે ધામમાંથી પધારી આવા

સત્પુરૂષની ઓળખાણ કરાવી મોક્ષનો માર્ગ બતાવ્યો છે. ॥ ૧૧૧ ॥

જેના રોમમાં અનંતકોટી બ્રહ્માંડો ઉડે છે અને ફરે છે તે ભગવાન આપણા ઘેર આવે અને નગરમાં આવે અને તેનો પાવર ન હોય તે તો વળી કેવું ? ॥ ૧૧૨ ॥

હીરાથી હીરો વેંધાય તેમ પુરુષોત્તમની ઓળખાણ પુરુષોત્તમ વતે જ થાય ને સત્પુરુષમાં રહીને પણ આપણને તો મહારાજ જ તેના સ્વરૂપમાં જોડે છે. માટે આપણા બહુ મોટા ભાગ્ય છે કે આપણું આત્યંતિક કલ્યાણ થાય તેવો સત્સંગ આપણને મળ્યો છે. ॥ ૧૧૩ ॥

જેનાં ઉપર ભગવાનની નજર પડી છે, તે જ સવાર-સાંજ ભજન કરી શકે છે. ॥ ૧૧૪ ॥

ઘોર અંધારી રાત હોય, તેમાં કાંઈ સૂઝતું ન હોય, તેમાં એક દીવો પ્રગટાવવામાં આવે તો અંધકાર નાશ પામે છે, એમ મહારાજ પોતાના ભક્તોનાં માયારૂપી

અંધકારને નાશ કરવા પ્રગટ થયા છે. ॥ ૧૧૫ ॥

સત્ એવા જે પરમાત્મા જે અનેક વખત પોતાના ભક્તની રક્ષા માટે, ભક્તની મનોકામના પૂરી કરવા માટે, ભક્તને લાડ લડાવવા માટે, મનુષ્યાવતાર ધારણ કરે છે, ભક્તને અર્થે લીલાઓ કરે છે, જે બધાને માટે સાકાર છે, દ્વિભુજ છે જેને આપણે સ્વામિનારાયણ કહીએ છીએ એને જે નિરાકાર કહે છે તે મહાપાપી છે. ॥ ૧૧૬ ॥

શ્રીજી મહારાજ તો જેની પાસે અન્ન વસ્ત્ર ન હોય તો અન્ન આપતાં ને પોતાના વસ્ત્ર આપી દેતા એવા દયાળુ હતા. મહારાજ કોઈક દુ:ખી હોય તેને દેખી ન શકે. ॥ ૧૧૭ ॥

ભગવાનનાં સંબંધમાં આવેલ જળ નિર્ગુણ છે તે જેના ઉદરમાં જાય છે, તે પણ નિર્ગુણ થાય છે. ॥ ૧૧૮ ॥

ઈષ્ટદેવનાં માહાત્મ્યથી હૃદય ભરેલું હોય તો પછી

કાંઈ અધર્મ એમાં ન આવી શકે. ॥ ૧૧૯ ॥

મહારાજમાં અતિ માહાત્મ્ય થશે ત્યારે જગત ગૌણ થઈ જશે અને સેવા, દર્શનમાં શ્રધ્ધા એ પણ ઉપશમ સ્થિતિને પમાડી દે છે. મહિમા ને શ્રદ્ધા વિનાનું જીવન પથ્થર જેવું લુખ્ખું છે. ॥ ૧૨૦ ॥

ભગવાન નક્કી કરે છે કે આ ભક્તજીવ મારે લાયક છે. પુરુષોત્તમ નક્કી કરે છે કે આ આત્માને મારે મારા હૈયાનો હાર કરવો છે. માટે આ સભામાં મહારાજે નક્કી કર્યું છે કે આ બધા મને યોગ્ય છે ને મને વર્યા છે. ॥ ૧૨૧ ॥

પુરુષોત્તમનારાયણ સામેથી મળ્યા છે. માટે બહુ ભાગ્યશાળી છીએ. તેની શું સીમા ? તે હવે સંઘરી રાખવાનું છે, દરરોજનું નામું રાખવાનું છે. આપણું નિશાન નકકી હોવું જોઈએ. ॥ ૧૨૨ ॥

મહારાજનાં સંબંધવાળા પંચવિષય ભોગવશું ત્યારે માનજો કે મહારાજ મારાથી છેટે નથી. ॥ ૧૨૩ ॥

જ્યારે ભયંકર વાતાવરણ પૃથ્વી પર સર્જાયું ત્યારે પુરુષોત્તમનારાયણે અક્ષરધામમાં મુક્તો સાથે દિવ્ય વાર્તાલાપ કરીને કહ્યું કે, ''આ નિર્દોષ જીવોને બચાવવા ને મારું ધામ આપવા ને જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવા માટે જ આપણે આ ફૂટલા બ્રહ્માંડમાં જવું છે''. આવી મહેર કરવા માટે અનંતમુક્ત મંડળે સહિત મહારાજ આ પૃથ્વી પર પધાર્યા એ તેમની અપાર કરૂણા છે. **॥ ૧૨૪ ॥**

અત્યારે યુવાન વર્ગ આવ્યો છે તેમાં ભક્તિનું પૂર આવ્યું છે, તે મહારાજની બહુ દયા છે. **॥ ૧૨૫ ॥**

જ્યારે મહારાજનો અતિ મહિમા પેદા થાય છે, ત્યારે સાધનનો વિરામ થાય છે. **॥ ૧૨૬ ॥**

જીવ ભગવાનને ભૂલી જાય છે પણ ભગવાન જીવને ભૂલી જતા નથી. **॥ ૧૨૭ ॥**

સત્સંગિજીવનમાં હરિગીતા અને શ્રીમદ્ ભાગવતમાં કપિલગીતા આ બે મોક્ષના દરવાજા છે.

મનને સ્થિર કરજો. આ બે દ્વારથી જીવ અક્ષરધામમાં પહોંચે છે. ॥ ૧૨૮ ॥

જીવનમાં જ્યારે આધ્યાત્મિક યોગ પ્રાપ્ત થાય છે ત્યારે જીવ સરળતાથી ભગવાનના ધામ તરફ વળે છે. ભગવાનનાં ધામમાં જવાનો માર્ગ અર્ચિમાર્ગ છે. ॥ ૧૨૯ ॥

**આપણો સત્સંગ બહુધા શરીરને ચોંટેલો હોય છે. પણ જીવમાં નહીં. માટે જીવમાં સત્સંગ ચોંટાડવો. ॥ ૧૩૦ ॥**

માંનાં ઉદરમાં કાંઈ સુખ નથી. તમે વિચારો કે આઠ બાય આઠની રૂમમાં પૂરી દીધા હોય તોય દુઃખી થઈએ છીએ. પણ માંનું પેટ થોડું આઠ બાય આઠની રૂમ છે ? માંનું પેટ બંગલો નથી, એરકંડિશનર નથી, માંનાં પેટમાં પંખો ગોઠવેલો નથી, માંનાં પેટમાં જઠરાગ્નિ સળગે છે, જ્યાં કાચા ચણા ખાઈએ ને ત્રણ કલાકમાં બફાઈ જતાં હોય, વિષ્ટા થઈ જતાં હોય તે

શરીરમાં કેટલી ગરમી હોય છે. એ પેટની અંદર બાળકને નવ મહિના સુધી રહેવું પડતું હોય છે એ કેટલું દુઃખ છે ! માટે, હે વ્હાલા ભક્તો ! મનુષ્ય જન્મને સાધુના સમાગમ દ્વારા સાર્થક કરજો. **॥ ૧૩૧ ॥**

જે જીવ જન્મમરણનાં દુઃખને બરાબર જાણી લે છે તે પાપ કરતો નથી. **॥ ૧૩૨ ॥**

જ્યારે બાળકને પાંચમાં મહિને માતાનાં પેટમાં ભૂખ લાગે છે ને સાતમાં મહિને સો જન્મનું જ્ઞાન માતાનાં પેટમાં થાય છે, એને સો જન્મનાં જે પાપ-કર્મ કર્યા હોય એ તમામનું જ્ઞાન સાતમાં મહિને થઈ જાય છે. અને ત્યારથી તે પ્રભુને પ્રાર્થના કરે છે કે, ‘‘હે પ્રભુ ! આ માંનાં પેટમાંથી મુક્ત કર ! હવે હું કોઈ દિવસ પાપ નહીં કરું. મારા કરેલાં પાપ તેની માફી માંગુ છું. પૃથ્વી પર જઈશ ત્યારે પ્રભુ ! તારી કથા-ભક્તિ કરીશ ને સાંભળીશ.’’ પણ ભગવાન તેનો વિશ્વાસ કરતાં નથી. તે જુઠું બોલે છે. એનો કોઈ સાક્ષી થતો નથી.

અંતે; યમદૂતો એના સાક્ષી થાય છે ને કહે છે કે જો ભજન નહીં કરે તો તને અંતે મારી-મારીને નરકમાં લઈ જઈશું. યમદૂત સિવાય આ જીવનો માંનાં પેટમાં કોઈ સાક્ષી થતો નથી. ॥ ૧૩૩ ॥

માણસ જ્યારથી માતાનાં ઉદરમાં આવે છે, ત્યારથી તેનું મૃત્યુ નક્કી જ હોય છે. પણ તેનો જીવને ખ્યાલ જ નથી હોતો. ॥ ૧૩૪ ॥

માયા જીવને ઊંઘાડે છે પણ પરબ્રહ્મ જીવને જગાડે છે. દેહ તો માટીનો પીંડો છે. સુખ તો આત્મામાંથી લેવાનું છે. ॥ ૧૩૫ ॥

જ્યાં આત્મા છે ત્યાં આપણું અસ્તિત્વ છે. જ્યાં સુધી હૃદયમાં સદ્‌ગુણની ગંગા ન ફૂટે ત્યાં સુધી આત્મા રૂપાળો ન બને. જ્યાં સુધી આત્મા રૂપાળો ન બને ત્યાં સુધી ભગવાન તેને સ્વીકારતાં નથી. ॥ ૧૩૬ ॥

જ્યારે આત્મા અને પરમાત્માની દૃષ્ટિ એક થાય છે ત્યારે આત્મા પરમાત્મારૂપ થાય છે. ॥ ૧૩૭ ॥

"છેલ્લો જન્મ કરી ભગવાનને પામી જવું છે ને ફરી જન્મ લેવો નથી." આવી જીવમાં એકવાર આંટી પડી જાય તો તેનામાં શૂરવીરતા આવી જાય છે. ॥ ૧૩૮ ॥

જીવ પામર છે, પણ પુરુષોત્તમ જોડે પરણ્યો છે, માટે જીવની કિંમત છે નહીંતર આ જીવની કિંમત શું ? જેને પુરુષોત્તમ મળ્યા નથી તે બધા ભંગાર છે, આપણા પ્રાણ પુરુષોત્તમનારાયણ છે. ॥ ૧૩૯ ॥

આ જીવ કોઈકનો તો ગુલામ રહેવાનો જ, માટે મહારાજના જ ગુલામ બનવું, પણ મનના તો નહીં જ. ॥ ૧૪૦ ॥

ભક્તિનો અધિકાર ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે આ જીવને દેહથી નોખો સમજીએ. ॥ ૧૪૧ ॥

જો આપણને કોઈને જીવનદાન દેતાં આવડતું નથી તો કોઈનો જીવ લેવાનો અધિકાર પણ નથી. જેમ આપણને આપણો જીવ વ્હાલો છે તેમ પ્રત્યેક જીવને શાંતિથી જીવવા દો. ॥ ૧૪૨ ॥

અન્વયપણું એટલે ભેગાપણું ને વ્યતિરેકપણું એટલે જુદાપણું. નખશિખાપર્યંત જીવ વ્યાપીને રહ્યો છે તે અન્વયપણું છે અને સત્તાપણે હૃદયમાં જીવ રહ્યો છે તે વ્યતિરેકપણું છે. ॥ ૧૪૩ ॥

જીવ છે તેનું ગીતામાં ભગવાને લક્ષણ કહ્યું કે...

"नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥"

પણ આપણે માની લીધું છે કે દેહ તે હું છું. એમ ન મનાય કે આત્મા અને દેહ જુદા છે. દેહનાં સુખે કરીને આત્મા સુખી થાય છે. દેહનાં દુઃખે કરીને આત્મા દુઃખી થાય છે. જેમ કલર પાણીમાં ભળી જાય છે, પણ કલર ને પાણી બંને અલગ છે. એમ આત્મા અને દેહ જુદા છે. આત્માને દેહમાં એટલો બધો ઓત પ્રોત કરી દીધો છે, કે દેહ છે તે જ આત્મા દેખાય છે. પણ આપણા શાસ્ત્રો કહે છે કે આત્મા અને દેહ અલગ-અલગ છે. ॥ ૧૪૪ ॥

શરીરમાં જે અવગુણો છે તે આત્મામાં નથી. આત્મા મૃત્યુ પામતો નથી, બાળક, વૃદ્ધ કે યુવાન થતો નથી. આત્મા તો શુદ્ધ એક સોનાની લગડી જેવો ને પારસ ચિંતામણી જેવો છે, પણ જડ નથી; તે ચૈતન્ય છે, સચ્ચિદાનંદમય છે, આનંદમય છે. **॥ ૧૪૫ ॥**

તેમાં પ્રથમ જીવને દેહરૂપ માની બેઠા છીએ. તે મોટામાં મોટો વાંક છે. આપણે બોલીએ છીએ કે "હું બ્રહ્મ છું પણ એમ થોડું બ્રહ્મ થવાય ?" પણ વાસ્તવિક રીતે આપણે આપણા રૂપને જાણતાં નથી. આત્મા સિંહ છે, ઈન્દ્રિયો બકરાં છે. પણ આ સિંહ બકરા સાથે ઓતપ્રોત થઈ ગયો છે ને વિષયો ભોગવવામાં એને મજા આવે છે. **॥ ૧૪૬ ॥**

શરીરથી એકદમ વિલક્ષણ આત્મા છે. એક પથ્થર છે ને એક મણિ છે. પથ્થર ક્યારેય મણિ ન થાય તેમ આત્મા મણિ જેવો છે. આત્મા ને દેહ તે બે જુદા છે. આત્મા તો પુરુષોત્તમમાં રમનારો છે. ભગવાનનાં

સુખે સુખીયો છે. ॥ ૧૪૭ ॥

જેમ રાજા ગાદી પર હોય તે વ્યતિરેકપણું છે. આખી પ્રજાને વીંટળાયેલો હોય તે સત્તાથી અન્વયપણું છે. તેમ જીવ હૃદયમાં બેઠો છે તે વ્યતિરેકપણું છે, પણ કીડી કરડી તો દુઃખ થયું ને ? શરીરમાં વ્યાપક છે તે અન્વયપણું છે. ॥ ૧૪૮ ॥

જેમ ભગવાનનાં રોમે રોમમાં કરોડ સૂર્ય-ચંદ્રનો પ્રકાશ છે, તેમ આત્માનાં એક રોમમાં કરોડ ચંદ્ર સૂર્યનો પ્રકાશ છે. પણ ભગવાન છે તે સ્વયં પ્રકાશી છે ને આત્મામાં જે પ્રકાશ છે તે ભગવાનનો આપેલ પ્રકાશ છે. ॥ ૧૪૯ ॥

"હું ને મારું" ને શરીર મારું ને હું હું હું... જીવનો એવો જ સ્વભાવ છે જે આ જગતમાં બધું મારું એ બધું માયા કરાવે છે. માટે; અહંને મમત્વ કરાવનારી માયા છે. રાત ને દિવસ જીવને માયા થપાટ મારે છે. માયા બહુ ખરાબ છે. યોગીઓને પણ દુઃખદાયી છે, પણ

રહેતા આવડે તો ભગવાનના ભક્તને સુખદાયી છે. ॥ ૧૫૦ ॥

મૃત્યુ સમયે આત્માને નીકળવાનાં દસ દ્વાર છે. જે ભગવત્ ભક્ત યોગી પુરુષો છે તે સ્વતંત્ર રીતે પોતાના આત્માને બ્રહ્મરંધ્રમાંથી સહસ્ત્ર દળને ભેદીને કાઢે છે અથવા તો ભગવાન કે ભગવાનનાં મુક્તો આવીને દેહ છોડાવે છે ને તે ભગવત્ ધામને પામે છે. જે પાપી જીવ છે તેના આત્માને જમદૂતો મારીને ગુદા અથવા શિશ્ન દ્વારેથી કાઢે છે ને તેને મરતી વખતે ઝાડા-પેશાબ છૂટી જાય છે ને તે નરકને પામે છે.ને યોગ ભ્રષ્ટનો આત્મા નેત્રથી અથવા કર્ણમાંથી નિકળે છે. ને તે અધૂરી સાધના પૂર્ણ કરવા પુનઃ જન્મને પામે છે. ને સામાન્ય જીવોનો આત્મા મુખ અથવા નાસિકાથી નિકળે છે. ને તે તેના કર્મ ફળ ભોગવવા અન્ય દેહોને પામે છે. ॥ ૧૫૧ ॥

**માણસનું જીવન પરિવર્તનશીલ હોવું જોઈએ.**

**આપણા સ્વભાવ ખરાબ હોય તેને મોટા સાધુ મૂકાવે તો તેને મૂકી દઈએ એવા પરિવર્તનશીલ રહેવું. ॥ ૧૫૨ ॥**

મરતાં પહેલા મહારાજનાં દર્શન કરવા હોય તો સહજાનંદી સિંહ થવું જ પડશે, માટે મહારાજને મેળવવા માટે પ્રયત્ન તો કરવો જ પડશે. **॥ ૧૫૩ ॥**

જે મહિમા જાણે છે તે ભકત ભાગવત થઈ જાય છે. **॥ ૧૫૪ ॥**

ઈંડામાંથી બચ્ચું થાય તેને અંડજ કહેવાય, જે જમીનમાંથી ઊગે તેને ઉદ્‌ભિજ કહેવાય, જે પરસેવાથી થાય તેને સ્વેદજ કહેવાય અને જે પ્રાણીઓ અને મનુષ્યો કહેવાય છે તે જરાયુજ યોનિ કહેવાય. આ મનુષ્યે કોઈ નારી જાત બાકી નથી મૂકી કે હરકોઈ યોનિમાં જેના પેટે જન્મ ન લીધો હોય. આટલા બધા આ જીવે જન્મ લીધા છે તો પણ થાક નથી લાગતો. **॥ ૧૫૫ ॥**

આખા વિશ્વમાં માણસો જીવને પકડવા માટે મહેનત કરે છે. પણ કોઈથી પકડાતો નથી. જે આત્મદર્શી મહાઋષિઓ થઈ ગયા તેણે જીવને જોયો છે. ॥ ૧૫૬ ॥

જ્યારે એ જીવ સસલામાં આવે તો કેવું શાંત હોય, એ જ જીવ જ્યારે સિંહ થાય ત્યારે કેવો ત્રાડ નાખે. એ જ જીવ હાથીમાં આવે ત્યારે કેવો બળીયો થાય છે. માટે જીવ તો ગજબનો છે. ॥ ૧૫૭ ॥

**શાસ્ત્રમાં કહેવાતા મહાજ્ઞાનીઓ પણ આત્માને જાણી નથી શક્યા. આત્મદર્શનનું અસાધારણ સાધન તો ભગવાનની ઉપાસના ને સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ તે જ છે. વચનામૃતમાં મહારાજ અને મોટાનો આ જ મત છે. માટે સાધનનું બળ ન રાખવું; બળ તો મહારાજ અને મોટાનું જ રાખવું. ॥ ૧૫૮ ॥**

આંખ છે તે આખી દુનિયાને જુવે છે, પણ પોતાને જોઈ શકતી નથી. તેમ જીવ જગતના રૂપને જુવે છે, પણ પોતાના રૂપને જોતો નથી તે અજ્ઞાન છે. **॥ ૧૫૯ ॥**

આ દુનિયા સુખ પામવા માટે જ દુઃખ ભોગવે છે. ''રાજા ભી દુઃખી રંક ભી દુઃખી'' તે સત્ય હકીકત છે. **॥ ૧૬૦ ॥**

આત્મા જ્યારે પોતાને જાણે છે ત્યારે દુઃખનો અંત આવી જાય છે. એક લીમડા નીચે સૂતેલો વ્યક્તિ સુખી હોય શકે, ને એક વ્યક્તિ એ.સી. રૂમ માં સૂતેલો હોય તો પણ દુઃખી હોય છે. માટે એક આત્મજ્ઞાન નામનું તત્ત્વ એવું છે જે ખરીદવાથી સુખ મળે છે. તે આત્માનાં સ્વરૂપની વ્યાખ્યા કરતાં ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં અર્જુન પ્રત્યે કહે છે કે,

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥
अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥ १६१ ॥

હું બ્રહ્મ છું, હું ભગવાનનો દાસ છું. એ આપણી જાત છે. ઓપરેશન શરીરનાં હોય છે, આત્માનાં હોતાં નથી. આત્મા બ્રહ્મ છે. દાસ છે. દેહાત્મબુદ્ધિ છે તે દુઃખનો હેતું છે. જન્મ મરણનો ભોક્તા છે. અહમ્ એટલે દેહાત્મ બુદ્ધિ. ॥ ૧૬૨ ॥

દેહમાં જીવ રહે છે, તેમ જીવમાં પરબ્રહ્મ રહે છે. કોઈ મંદિર પરમાત્માને રહેવાનું નિત્ય નિવાસ

---

૧. **અર્થ** : આ આત્મા શસ્ત્રે કરીને છેદી શકાતો નથી, અગ્નિ તેને બાળી શક્તો નથી, પાણી તેને ભીનો નથી કરી શક્તો અને વાયુ તેને સૂકવી શક્તો નથી. કારણ કે, તે અછેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય અને અશોષ્ય છે તથા નિત્ય, સર્વવ્યાપી, સ્થિર સ્વભાવવાન, અચળ અને સનાતન છે. તથા અવ્યક્ત, અચિંત્ય અને નિર્વિકાર છે. એવું જાણીને હે અર્જુન ! તારે શોક ન કરવો જોઈએ. (ભગ. ગીતા : (૨ /૨૩, ૨૪,૨૫)

નથી. પરમાત્માને રહેવાનું નિત્ય નિવાસ તો આત્મા છે. ॥ ૧૬૩ ॥

સંસાર એક વૃક્ષ છે તેમ ઉપનિષદ્ કહે છે. તે વૃક્ષનાં મૂળ ઉપર છે ને શાખાઓ નીચે છે. તે વૃક્ષ ઉપર બે પક્ષી કાયમને માટે સાથે જ રહે છે. તે એક આત્મા છે ને બીજા પરમાત્મા છે. જીવ ખાટાં-મીઠાં, સુખ-દુઃખને ભોગવે છે ને પરમાત્મા જોયા કરે છે. આત્મા ને પરમાત્મા ક્યારેય છૂટા પડતાં નથી. અને કઠોપનિષદ્માં કહ્યું છે કે,

ऊर्ध्वमूलोऽवाक् शाख एषोऽश्वत्थः सनातनः ।
तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते ।
तस्मिँल्लोकाः श्रिताः सर्वे तदु नात्येति कश्चन । एतद्वै तत्[1]
॥ १६४ ॥

૧ અર્થ : આ સર્વ જગત એવું પીપળાનું વૃક્ષ કહ્યું છે કે જેની બધી શાખાઓ નીચેની તરફ છે. અને પીપળાનું મૂળ એવું પરબ્રહ્મ તત્વ ઉપર છે એવું સનાતન અશ્વત્થ આ વૃક્ષ છે. સમગ્ર જગત અશ્વત્થ વૃક્ષ છે. તે જ પ્રભુ તેજસ્વી અમૃતમય કહેવાય છે. સર્વે લોક લોકાંતર આ પરબ્રહ્મ તત્વનાં આધારે રહેલા છે. તેને આધીન સર્વે ચાલે છે. તેમનું ઉલ્લંઘન કોઈ કરી શકતું નથી.

ભગવાનનું કાયમી નિવાસ એટલે આત્મા. આપણે જાતે બગડીએ છીએ કે આ મારી માં ને આ મારો બાપ, ભાઈ-બહેન આવા ખોટા મેલ અંદર ભરી દીધા છે. પછી તો દુઃખી થાય ને ! માટે આત્માને ખાલી રાખજો. જેથી પરમાત્મા નિવાસ કરી શકે. **॥ ૧૬૫ ॥**

આત્માને રહેવાના ત્રણ સ્થાન આ શરીરમાં છે. એક નેત્ર, જાગ્રત અવસ્થામાં આત્મા નેત્રમાં હોય છે. તે તેનું વિષય ભોગવવાનું કાર્યાલય છે. બીજું કંઠ, સ્વપ્રાવસ્થામાં આત્મા કંઠમાં રહે છે. તે તેનું સુક્ષ્મદેહનાં ભોગ ભોગવવાનું સ્થાન છે. ને ત્રીજું હૃદય, સુષુપ્તિમાં આત્મા હૃદયમાં રહે છે. તે તેનું આરામ કરવાનું સ્થાન છે. આત્મા આરામ કરવા હૃદયમાં જાય છે. તે તેનું ઘર છે. ત્રણ સ્થાનનાં ભેદે કરીને ત્રણ અવસ્થાનાં ભેદ પડ્યા છે. **॥ ૧૬૬ ॥**

ભગવાનનાં એકાંતિક ભક્તો તો મૂર્તિમાં રહીને જ બધું કરે છે. ને ત્રણ ગુણ ને ત્રણ અવસ્થાથી પર હોય

છે. ॥ ૧૬૭ ॥

આત્મા અણું સમાન સૂક્ષ્મ છે, પણ વ્યાપક નથી. મહાન તાકાતવાળો છે. બ્રહ્માંડોને બાળી નાખે તેવો આત્મા છે. આત્માને જાણવો હોય તો વિવેકબુદ્ધિ જોઈએ. ॥ ૧૬૮ ॥

એકાંતમાં બેસી જ્યારે આંખો બંધ કરી, સ્થિર મન કરી ધ્યાન કરીએ અને જે સૂક્ષ્મતેજ બિંદુ દેખાય છે તે આત્મા છે. આંખને બંધ કરે ને મનને સ્થિર કરે ત્યારે આત્માનું દર્શન થાય છે. જ્યારે આંખને ખોલે છે અને મનને ચંચળ કરે છે, ત્યારે આત્માને જગતનું દર્શન થાય છે. ॥ ૧૬૯ ॥

**જે દિવસે આત્મામાં પરમાત્મા દેખાશે ત્યારે સુખ દુઃખ કાંઈ આડું નહીં આવે, બધું સમ વર્તતું થઈ જશે. માન-અપમાનથી પર થઈ જશો. ॥ ૧૭૦ ॥**

જેટલો આત્મભાવ થશે તેટલું સુખ આવશે.

જીવ પથ્થર જેવો જડ નથી. જીવને જ્ઞાન છે, જ્યોત જેવો છે. આત્મામાંથી પ્રકાશ નીકળે છે પણ માયારૂપી ઢાંકણું ઢાક્યું છે. જીવાત્મા જ્ઞાન રૂપ છે, જ્ઞાનાશ્રય પણ છે. ॥ ૧૭૧ ॥

જ્યારે માયાનું ઢાંકણું તૂટશે ત્યારે જીવ બ્રહ્માંડો અને બ્રહ્માંડોનાં વિષયોને સળગાવશે. જીવ તો મહાસમર્થ છે. ॥ ૧૭૨ ॥

આ દેહનો રાજા આત્મા છે. નવે નવ દ્વારનો રાજા આત્મા છે. રાજા મહેલમાંથી નીકળી જાય છે ત્યારે નગર ઉજ્જડ થઈ જાય છે; તેમ દેહમાંથી આત્મા નીકળી જાય છે ત્યારે દેહ પણ ઉજ્જડ થઈ જાય છે. ॥ ૧૭૩ ॥

આત્મા પૂર્ણ છે. અપૂર્ણ નથી ''न जायते न म्रियते'' તેવો આત્મા છે. પરમાત્માની ચીજ રમકડું હોય તો આત્મા છે. માટે પરમાત્માને રમવાની ચીજ આપણે બની જઈએ, તેવું થવું. આત્મા પર પરમાત્મા માલિક છે. બીજો કોઈ માલિક નથી. ॥ ૧૭૪ ॥

સંસારમાં બે પ્રકારનાં જીવ છે. એક દૈવી ને બીજા આસુરી. આસુરી બુદ્ધિવાળો વિષયમાં રચ્યો-પચ્યો રહે છે. તેનું ખેંચાણ પંચવિષયમાં હોય છે. ચોરી, નિંદા, ટીકા, જગતની વાતો ભગવાન સિવાય બધુ ગમે તે આસુરી બુદ્ધિવાળો છે. **જે દૈવી જીવ હોય તેને આવુ બધું ગમતું નથી. એને સાચા સંતોનો સમાગમ ગમે છે. ॥ ૧૭૫ ॥**

ઘણીવાર દૈવી જીવ હોય એમાંય પણ આસુરીભાવ હોય અને ઘણીવાર આસુરીજીવ હોય તેમાં પણ દૈવીભાવ હોય. **॥ ૧૭૬ ॥**

આપણે સૌ દૈવી છીએ. નહિંતર માળા, માનસી, વ્રત, ઉપવાસાદિક ન કરીએ. માટે આપણે જે ભગવાનને અર્થે કરીએ છીએ તેમાં એટલું વિચારવું કે ‘‘મારામાં આસુરી ભાવ તો રહી જતો નથી ને !’’ મોટા યોગીઓ હોય તેને પણ સાધનામાં વિઘ્ન આવતા હોય માટે ધ્યાન રાખવું. જેમ વરતાલ જતાં હોઈએ ને ખબર હોય કે અહીં

ખાડો છે, તો આપણે બચી જઈએ છીએ. તેમ જે કોઈ સાધન દશાવાળો છે, તેને આસુરી ભાવનાં તરંગો આવવાના જ. પણ આ વાતને જાણી રાખીએ, તો બચી જઈએ. ॥ ૧૭૭ ॥

**જે દૈવી જીવ હોય તેને થોડો આસુરી ભાવ આવે તો તેને જાણીને ટાળવો. સત્પુરુષનાં શબ્દો ગોખી રાખવા ને મનમાં ને મનમાં બોલી રાખીએ તો પણ વિઘ્નો ટળી જાય. ॥ ૧૭૮ ॥**

જે ઉપશમ દશાને પામે છે તેને જન્મ મરણ નો હેતુ થાતો નથી. દેહભાન ભૂલી જવું એ ઘણું અઘરૂં છે. મુમુક્ષુ જ્યારે ભગવાનનું ધ્યાન કરે છે, અતિ સ્નેહે કરીને માહાત્મ્ય જ્ઞાને કરીને તલ્લીન થઈ જાય છે ત્યારે શરીરનું ભાન ભૂલી જાય છે. ॥ ૧૭૯ ॥

**મોટા સાધુનાં જીવન ચરિત્ર વાંચવા જેથી આધ્યાત્મિક જીવન ઊંચું આવશે. ॥ ૧૮૦ ॥**

ભગવાને આ જગતમાં કેટલી રચના બનાવી છે.

અને ભગવાને આ શરીરમાં પણ કેટલી રચના કરી છે. જો ભગવાન જીવથી દૂર હોય તો આમ કરી જ ન શકે. માત્ર ખામી એ છે કે અજ્ઞાનનો પડદો. પણ; આ વાત સમજવી અઘરી છે અને પચાવવી અઘરી છે. **॥ ૧૮૧ ॥**

ભગવાને આ શરીરમાં નાક, કાન, હાથ, પગ, બધું આયોજન કરીને બનાવ્યું છે. ભગવાન તો જીવની સમીપે જ છે. **॥ ૧૮૨ ॥**

જ્યાં ભગવાન છે ત્યાં ધામ છે ને ત્યાં અક્ષરધામનું મધ્ય છે. મારે સતત ભગવાનનો સહવાસ છે, મારું નિયંત્રણ ભગવાન પોતે જ કરે છે; આટલું જ જીવ સમજે તો જે અજ્ઞાનનો પડદો છે તે તૂટી જાય છે. **॥ ૧૮૩ ॥**

ભગવાનને રાજી કરવા છે તેનું જીવને ભાન જ નથી. એટલે જીવ દુઃખ માને છે. આવું નાસ્તિકપણું જીવમાં પડ્યું છે. તે જીવમાં ડંખ્યા કરે છે. **॥ ૧૮૪ ॥**

શૂરો સરહદ માટે મરી જાય પણ પાછો ન પડે. તેને જેટલી સરહદની કિંમત છે તેટલી આપણને

સાધુપણાની કિંમત હોય તો કોઈ દિવસ થાકીએ નહીં. ॥ ૧૮૫ ॥

**જે ઈન્દ્રિયો ને અંતઃકરણ સાથે યુધ્ધ કરે છે તે ભક્ત શૂરવીર કહેવાય.** જે યુધ્ધે ચડ્યા પછી પાછો પડે તે નપુંસક છે. મારામાં પુરુષોત્તમ રહ્યાં છે, એમ માનવું. ॥ ૧૮૬ ॥

અરણી જોવામાં ઠંડુ છે પણ મંથન કરે ત્યારે અગ્નિ થાય, તેમ આત્માનું મંથન મન સાથે થશે ત્યારે તેમાંથી પરમાત્મા પ્રગટશે. હું અક્ષરબ્રહ્મ છું, એમ ભાવના કરીને નવરા પડો ત્યારે ઘડીક મૂર્તિ લઈને ધ્યાન કરવું. ॥ ૧૮૭ ॥

બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મને ભજવા, અક્ષરરૂપ થઈને પુરુષોત્તમને ભજવા, આત્મારૂપ થઈને પરમાત્માને ભજવા. સ્વામી તો એક મહારાજ જ છે બાકી બધા જ તેના દાસ છે. ॥ ૧૮૮ ॥

હું બ્રહ્મ છું, મહારાજ પરબ્રહ્મ છે, હું અક્ષર છું, મહારાજ પુરુષોત્તમ છે, હું આત્મા છું, મહારાજ

પરમાત્મા છે, હું મહારાજનાં દાસનાં દાસનો દાસ છું.

**"હરિ કે દાસ હિ દાસ, તિનકે દાસ હોઈ કર,**
**છલકપટ કરના નાશ, વર્તના શુદ્ધ હોઈ કર"**

મહારાજ સ્વામી છે, મારી આવી જ ચોખ્ખી સમજણ છે. દાસ ક્યારેય સ્વામી થતો નથી. જીવ ક્યારેય ભગવાન હતો નહીં, છે નહીં ને થશે પણ નહીં. અંશ - અંશીભાવ કોઈ સત્પુરુષ પાસેથી જાણીએ તો જણાય નહિંતર ગીતા વાંચીને પણ ભૂલા પડાય. **॥ ૧૮૯ ॥**

આપણે તો મહારાજનાં ઢાઢી છીએ, મને તો તેમણે ત્યાંથી જ ઢોલ વગાડવા મોકલેલ છે. માટે તેમના નામનો ઢોલ પીટું છું. એ સ્વામિનારાયણ સર્વોપરી છે. કોઈ સાંભળે તો પણ ભલે ને ન સાંભળે તોય ભલે...! મેં તો મારી ફરજ અદા કરી તે માલિક જાણે જ છે ને...! **॥ ૧૯૦ ॥**

એ... અનાદિકાળનો ચૂડો એના નામનો પહેર્યો છે, તે ધણી છે તે જ્યાં રાખે ત્યાં રે'વાનું, એ જ્યાં મોકલે

ત્યાં જવાનું, ગુણ એના ગાવાનાં. ઘરવાળી તો એના ધણીનાં જ ગુણ ગાય ને... ! ॥ ૧૯૧ ॥

મારા આત્મામાં ભગવાન છે, ત્રણ દેહથી પર છું, આત્મા શરીર છે, પરબ્રહ્મ શરીરી છે. આવી જેની દૃઢ સમજણ હોય તેનાથી મહારાજ અણુંમાત્ર પણ છેટા નથી. ॥ ૧૯૨ ॥

હું જ્ઞાની છું, પુરુષ છું, સ્ત્રી છું, ત્યાગી છું, ગૃહસ્થ છું, આવો ભાવ છોડવાનો છે. હું આત્મા છું, બ્રહ્મ છું એમ જ માનવાનું છે. ॥ ૧૯૩ ॥

ભગવાન ને મુક્તો જેમ અનાદિના છે, તેમ દૈવીજીવ ને આસુરી જીવ અનાદિના છે. તે કેવી રીતે ? તે તો મહારાજ જાણે. પ્રલયકાળમાં એ બધા માયામાં લીન હતા. ઉત્પત્તિકાળે દૈવીજીવ ભગવાનને પામે છે ને આસુરી જીવ કુસંગી થાય છે. ॥ ૧૯૪ ॥

દૈવીને આસુરી થયાનું બીજું કારણ સંગ છે. જે વિતરાગી હોય તે જો વિષયનો સંગ કરે તો તે પણ રાગી

થઈ જાય છે. વિષય લાલચું છે તેનો જે સંગ કરે તે વિષયી ÚkE ò Þ Au॥ ૧૯૫ ॥

આસુરી જીવ હોય ને તે વિષયમાં લંપટ હોય ને ખરાબ ધંધા કરતો હોય તેનો જોગ કોઈ સારા સાધુ સાથે થઈ જાય તો તે દૈવી થઈ જાય છે. ॥ ૧૯૬ ॥

સંગમાં જેવી ને જેટલી તાકાત છે, તેવી બીજામાં ક્યાંય નથી. આસુરી છે તે દૈવીનો સંગ કરે તો દૈવી જીવ થઈ જાય છે. દૈવી છે તે આસુરીનો સંગ કરે તો તે આસુરી થઈ જાય છે. ॥ ૧૯૭ ॥

સાધન સિવાય સિદ્ધ દશા મળતી નથી. પુરુષાર્થ વિના પ્રભુ શ્રીહરિ ક્યારેય પ્રસન્ન થતાં નથી. ધ્યાન કરવાથી ભગવાનનાં સ્વરૂપનું બહુ સુખ આવે છે. ॥ ૧૯૮ ॥

**મારા નાથનું ધ્યાન કરવાથી ભવસાગર તરતા વાર નથી લાગતી. મારો સહજ સ્વભાવ છે કે જ્યારે કલ્યાણની વાત આવે ત્યારે હું મહારાજ ને નંદ**

**સંતોનાં મતે વાતો કરીશ. આ આત્યંતિક કલ્યાણનો સત્સંગ છે. ॥ ૧૯૯ ॥**

ભગવાનનાં ચરિત્રો અને ધ્યાન આત્યંતિક કલ્યાણનો હેતું છે. લોભીને ધનમાં અને કામીને સ્ત્રીમાં હેત છે, તેવું મહારાજમાં હેત થાય તે ધ્યાન છે. **બે માળા વધારે ફરે કે ઓછી ફરે પણ તેની સાથે મતલબ નથી, પણ વગર સંભારે મહારાજ યાદ આવે તે ધ્યાન છે.** ધ્યાન એટલે સતત પરમાત્મા પ્રત્યેનો લગાવ. **॥ ૨૦૦ ॥**

મહારાજને ત્રેસઠ તિલ અને બાવન ચિહ્ન છે. તિલ ચિહ્નમાં બહુ ચમત્કાર છે, તેનું ધ્યાન કરવાથી હૃદયમાં અખંડ મહારાજ વાસ કરે છે. **॥ ૨૦૧ ॥**

જેમ રાણી રાજાને નખથી શિખાપર્યંત જાણે છે, તેમ ભક્ત પણ મહારાજને નખથી શિખાપર્યંત ધ્યાન કરીને જાણી શકે છે. આ બ્રહ્મસત્ર ભગવાનમાં હેત કરવાનો છે. મૂર્તિ સિદ્ધ કરવાનો છે. **॥ ૨૦૨ ॥**

કારણ શરીર જીવ સાથે એવું ઓતપ્રોત થઈ ગયું છે કે જુદું પડતું જ નથી, તેને મૂર્તિનાં ધ્યાન દ્વારા જુદું પાડવાનું છે. ॥ ૨૦૩ ॥

ધ્યાન માટે પહેલું પગથિયું હું બ્રહ્મ છું, બીજું હું દાસ છું, ત્રીજું પ્રાણાયામ કરવા, ચોથું સદા એક મૂર્તિ રાખવી, પાંચમું તે મૂર્તિમાં હેત કરવું, છઠ્ઠું મૂર્તિનું અધ્યયન કરવું. આ છ પગથિયાં પાર કરીએ, ત્યારે મૂર્તિનું સુખ આવે છે. ॥ ૨૦૪ ॥

**મન સ્થિર થાય ત્યારે ધ્યાનનો પ્રારંભ થાય છે. ધ્યાન તો એક નજરે જ કરવું. મનને જેટલું કેળવીએ તેટલું કોમળ બને છે. ॥ ૨૦૫ ॥**

ધ્યાનનાં અંગવાળાએ પ્રથમ એક હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનું મનગમતું સ્વરૂપ નક્કી કરવું ને તેમાં વૃત્તિઓ સ્થિર કરવી. મહારાજની મૂર્તિને પામવું છે, સુખ લેવું છે, તો એક મૂર્તિ નક્કી કરીને બાહ્યદષ્ટિથી તેને સિદ્ધ કરવી પડે છે. પછી અંતઃકરણમાં અને ત્યાર બાદ જીવમાં

દેખાય છે. ॥ ૨૦૬ ॥

જે ભક્ત મહારાજનું ધ્યાન કરવામાં જેટલો ઊંડો ઉતર્યો છે. તેટલો તે પ્રગટનો મહિમા સમજ્યો છે, એમ જાણવું. ॥ ૨૦૭ ॥

આપણા હૃદયમાં મહારાજ બિરાજે છે, પણ માત્ર માયાનો પડદો પડેલો છે. તે પડદો મહારાજનાં ધ્યાન દ્વારા તોડવાનો છે. ॥ ૨૦૮ ॥

જે માનસીપૂજા ન કરતાં હોય તેને માનસી પૂજાનો નિત્ય અભ્યાસ કરવો. જે ભક્ત સવારે ઉઠે ને મહારાજનું ધ્યાન કરે છે ને સૂવે છે ત્યારે ધ્યાન કરે છે તેને મહારાજમાં ચિત્ત ચોટે છે. બહારથી મહારાજની મૂર્તિ સામું જોઈ રહેવું તે પણ ધ્યાન છે. અને આંખો બંધ કરીને ધ્યાન કરવું તે પણ ધ્યાન છે. ॥ ૨૦૯ ॥

બ્રહ્મ એટલે ભગવાનનું ધામ, અક્ષરધામને બ્રહ્મ કહેવાય. અક્ષરધામનાં મુક્તો પણ બ્રહ્મ કહેવાય. ॥ ૨૧૦ ॥

જે આ માયાથી પર થઈ ગયા છે ને પુરુષોત્તમ-નારાયણનાં સુખે સુખીયા થઈ ગયા છે, તે બ્રહ્મ છે. જે ભગવાનને સર્વોપરી માને છે ને માયાનાં પંજામાં આવતા નથી તે બ્રહ્મ છે ને તેનો અક્ષરધામમાં પગ છે. **॥ ૨૧૧ ॥**

પોતે પોતાની જાતને જોવાની છે ને બીજા પ્રત્યે ભાવના રાખવાની છે, બ્રહ્મની મૂર્તિ સમજવાની છે, આમાં મહારાજ રહ્યા છે, આમાં ધામ છે, આવું રહેશે ને આવી દૃષ્ટિ થશે ત્યારે સુખ આવશે નહીંતર નહીં આવે. **॥ ૨૧૨ ॥**

કાળ, માયા, શક્તિ એ સર્વે થકી પર પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છે. **॥ ૨૧૩ ॥**

ઈશ્વર, પ્રકૃતિપુરુષ, પ્રધાનપુરુષ, ભૂમાપુરુષ, વિષ્ણુ, શિવ, બ્રહ્મા આદિક ઘણાં ઈશ્વરો છે. બ્રહ્માંડના કારભારી પટેલ રાજા ક્યારેય ન થાય, રાજા ને પટેલ નોખા છે. **॥ ૨૧૪ ॥**

જીવ તો કાદવમાં જ લપસે છે. પોતાના મૂળ

સ્વરૂપનું જ્ઞાન ન થાય ત્યાં સુધી વિષય ને અજ્ઞાન છૂટે નહીં. ॥ ૨૧૫ ॥

પ્રકૃતિ પુરુષ થકી પ્રધાન થયા. પ્રધાન પુરુષે બ્રહ્માંડો રચ્યાં ને ચોવીસ તત્વો કર્યા ને તે મહતત્વ કહેવાયું. મહતત્વમાંથી વિરાટ કર્યું. વિરાટ એટલે આ બ્રહ્માંડ. મોરનું ઈંડું લંબગોળ હોય એવા આકારનું આ બ્રહ્માંડ છે. બ્રહ્માંડમાં ચૌદ માળ છે. એ વિરાટ આખો પુરુષાકાર છે. તેણે જળમાં શયન કર્યું એટલે વિરાટ નારાયણ કહેવાણા. આ વિરાટથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ થયા ને પ્રજાપતિ થકી દેવો, મનુષ્ય, પશુ, પક્ષી, ચરાચર, સૂર્ય, ચંદ્ર આદિક જગત થયું. ॥ ૨૧૬ ॥

**જેમ એક ગામમાં ત્રણ મુખીયા હોય, તેમ આખા બ્રહ્માંડમાં ત્રણ માલિક છે. બ્રહ્મા ઉત્પત્તિ કરી નાંખે, શિવ પ્રલય કરી નાંખે, વિષ્ણુની વધારે જવાબદારી પોષણ કરવાની છે. જ્યારે જ્યારે ડખા થાય ત્યારે ભગવાન વિષ્ણુ જ પધારે છે. બહુધા**

**પુરુષને જ પુરુષોત્તમ કહ્યાં છે. આ ક્રમ બરાબર ધ્યાનમાં રાખવો. જેથી આધ્યાત્મિક માર્ગમાં મતિ ભ્રમી ન જાય. ॥ ૨૧૭ ॥**

આ કલ્યાણ કણિકાઓ છે ને ! તે તો આત્યંતિક કલ્યાણ કરનારી છે. ત્રણ દેહ ને ત્રણ અવસ્થાથી પર કરી પુરુષોત્તમની મૂર્તિમાં ચોટાડનારી છે. ભવ રોગ ને ટાળવા ની પરમ ઔષધિ છે. માટે દરરોજ સેવન કરવું. **॥ ૨૧૮ ॥**

પુરુષ દ્વારા પુરુષોત્તમનું પ્રાગટ્ય તે જ અવતાર; અને સ્વયં પુરુષોત્તમ તો એક જ વાર આવ્યા છે. ને હવે આવવાનાં પણ નથી. હવે તે **મૂર્તિ, શાસ્ત્ર ને સત્પુરુષ દ્વારા પ્રગટ રહેશે ને કલ્યાણ પણ કરશે. ॥ ૨૧૯ ॥**

અવતારોનું ધ્યાન કરે તો તે મોક્ષને પામે છે; તે મોક્ષમાં પણ ઘણાં જ ભેદ છે. આત્યંતિક કલ્યાણ એ સૌથી શ્રેષ્ઠ કલ્યાણ છે. તેનાંથી અધિક કલ્યાણ બીજું

કોઈ નથી. તે આત્યંતિક કલ્યાણ તો મહારાજની ચોખ્ખી ઉપાસનાથી જ પમાય છે. **॥ ૨૨૦ ॥**




**॥ ઈતિ શ્રી તૃતીય કણિકા સમાપ્ત ॥**



શ્રી ઠાકોરજી મહારાજ




"Worship is Divine
Connection with God"


હે ! ગુરૂદેવ તમ વિના મારું કોણ રે...

# કણિકા - ૪

## હરિભક્તો માટેની વાતો

**સંસારમાં રહેવું એ ભૂલ નથી, પણ તેમાં રહી મૂર્ખતાનો (આસક્તિનો) ત્યાગ ન કરવો એ મોટી ભૂલ છે. ॥ ૧ ॥**

જેમ માં પોતાના બાળકનું રાત ને દિવસ રક્ષણ કરે છે તેમ આપણે આર્તનાદથી મહારાજને પુકારીએ ને તેના બાળક થઈ જઈએ તો મહારાજ રક્ષણ કરશે જ. ॥ ૨ ॥

સંસારરૂપી રથ છે. સ્ત્રી ને પુરુષ ચક્ર છે. દસ ઈન્દ્રિયો ઘોડાઓ છે. એ દ્વારા તમારા સંસાર રૂપી રથને ભગવાનનાં ધામ સુધી પહોંચાડો. ॥ ૩ ॥

પોતાનું કલ્યાણ બગાડે તેવી દયા ના કરો. અતિ આસક્તિ મોક્ષને બગાડે છે. સંસારમાં જળકમળવત્ રે'વું અઘરું છે. ॥ ૪ ॥

આખી દુનિયામાં જુઓ તો ખબર પડે કે શ્રીમંતો જેટલા દુઃખી છે ને રીબાય છે, તેટલાં ગરીબો દુઃખી નહીં હોય; કારણ કે શ્રીમંતોનું જીવન ઉદ્ધતાઈવાળું હોય છે. ॥ ૫ ॥

**જેને જ્ઞાન ને ભક્તિ જોઈતી હોય તો તેને દાસાનુદાસ થવું પડે છે. સંસારમાં અંતકાળે ભજન-ભક્તિનું જ ભાતું જોડે આવવાનું છે. બીજું બધું સ્વપ્નમાં જ જવાનું છે. ॥ ૬ ॥**

જગતમાં સંતાનનાં ત્રણ પ્રકાર છે. દીકરો, પુત્ર અને છોકરો. જે છોકરો બાપનું શોષણ કર્યા કરે, બાપની સંપત્તિને નષ્ટ કરે, વેડફી નાંખે એને છોકરો કહેવાય. જે બાપની પાછળ દીવો કરે, ધર્મ-જ્ઞાન-ભક્તિનો દીવો કરે તેને દીકરો કહેવાય. અને જે પિતાને નરકમાંથી કાઢી પરબ્રહ્મ સુધી પહોંચાડે તેને પુત્ર કહેવાય. ॥ ૭ ॥

જે સંસારનાં સુખને હરામ કરે છે તે મૂર્તિના સુખમાં આરામ કરે છે. પણ જે દુનિયાની મહોબતમાં

રહે છે, તે ક્યારેય ભગવાન ભજી શક્તો નથી. ॥ ૮ ॥

આ સંસારરૂપી સમુદ્ર છે. તેમાં સુખ દુઃખનાં મોજા આવે છે. તેમાં ભલભલાં મોટાઓ ડૂબી જાય છે. પછી તે મોટો મહારાજા હોય કે ઝુંપડીમાં રહેતો ગરીબ હોય. માટે મહારાજનો આશરો રાખવો. ॥ ૯ ॥

કોઈ ધનાઢ્ય માણસ ભલે ઉપરથી સુખી દેખાતો હોય પણ અંતરથી દુઃખી હોય જ. આપણને દયા આવે પણ શું કરીએ ? આ દુનિયામાં એક તો એવો બતાવો કે આ સંસારમાં રહીને ખાટી ગયો હોય ? ॥ ૧૦ ॥

સંસાર લાકડાનો લાડું છે. જે ખાય તે પણ પસ્તાય, ન ખાય તે પણ પસ્તાય. ઘણાં અમારી પાસે આવીને રડે છે. જે ભગવાનનો ખરેખરો ભક્ત હોય તે સુખ દુઃખનો દરિયો તરી જાય છે. બાકી બધા રડે છે. ॥ ૧૧ ॥

ગરીબનું રક્ષણ કરવું. રૂપિયા વાળાની પાછળ દોડવું તે કરતાં દુઃખી હોય તેની પાછળ દોડી તેને સુખી કરવા તે મહાનતા છે. ॥ ૧૨ ॥

આપણે વિચારવું જોઈએ કે આવા મહારાજ મળ્યા છે, સાધુઓ મળ્યા છે, સત્સંગ મળ્યો છે, તો પેટ ભરીને ભગવાનને ભજી લેવા જોઈએ. નિયમ-ધર્મ, વર્તમાન પાળી મહારાજને રાજી કરી લેવા જોઈએ. આ માણસનો જન્મ મળ્યો ને ભગવાનને રાજી નહીં કરીએ તો બળદ, ઘેંટા, ભેંસ, દેડકા, ભૂંડનો જન્મ મળશે ત્યારે ભગવાનને ભજીશું ? ॥ ૧૩ ॥

જો અંતકાળ સુધી સંસારની વાસનાઓ ન તૂટી તો એમ માનજો કે બહુ મોટો જીવનમાં ધક્કો લાગી ગયો છે. પછી પસ્તાવા સિવાય કાંઈ હાથમાં નહીં રહે. માટે વાસનાને સાધુનાં સમાગમથી નિર્મૂળ કરી નાખો. ॥ ૧૪ ॥

જેમ અગ્નિ હોય તેમાં એક ઘડો ઘી નાખીએ તો વધારે પ્રદીપ્ત થાય, તે જ રીતે જેમ વિષય વધારે ભોગવો તેમ વધારે જાગૃત થાય. ॥ ૧૫ ॥

જીવન સત્સંગ પ્રધાન બનાવો. પચાસ વર્ષની ઉંમર થાય પછી વિષયોને વિરામ આપી દ્યો ને ભગવાનનું

સ્મરણ કરો. ॥ ૧૬ ॥

માનવ માત્રનો સાચો મિત્ર ધર્મ છે. મનુષ્યનાં જન્મ કરતાં પણ પંચવિષયનાં ભોગ ઈતર જન્મમાં અધિક છે, તે તમામ પશુ પક્ષીઓ ભોગવે છે. જે માણસ ધર્મ પાળતો નથી તે તો પશુ કરતાં પણ હલકો છે, આપણી સાચી સંપત્તિ ધર્મ છે. ॥ ૧૭ ॥

વિષયો જીતવાનો અભ્યાસ કરીશું ને સંકલ્પ કરશું તો વિષયો જીતાઈ જશે. પણ જ્યાં સુધી દેહાત્મભાવ સોતો ભગવાનને ભજે છે ત્યાં સુધી ભગવાન નથી મળતા. ॥ ૧૮ ॥

ધર્મ ચાર પગ પર ઉભેલો છે. જેમાં ચાર અંગ હોય તેનું નામ ધર્મ. એ છેઃ તપ, દયા, શૌચ અને સત્ય. ॥ ૧૯ ॥

જેમાં ધર્મ નથી તો એ ભક્તિનો પણ કોઈ અર્થ નથી. જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ સિવાય શોભતી નથી, તેમ ભક્તિ ધર્મ સિવાય શોભતી નથી. અને ક્યારેય મોક્ષ આપનારી બનતી નથી. તેથી જ મહાભારતમાં કહ્યું

છે કે, "धर्मो हि परमा गतिः[1]" ॥ ૨૦ ॥

ઈન્દ્રિયોનો નિગ્રહ એ જ તપ છે. ક્રિયાને પવિત્ર રાખવી એ શૌચ છે. મન-કર્મ-વચને કોઈનું ખરાબ ન કરવું એ દયા છે. સાચું બોલવું એ સત્ય છે. ॥ ૨૧ ॥

**અનેક પ્રકારનાં મતભેદો ભૂલીને સંપીને રહેવું તે ધર્મ છે.** ધર્મ કામણ-ટુમણનો માર્ગ નથી, ભૂત-પ્રેતાદિકનો માર્ગ નથી, આ તો વૈદિક પરંપરાથી આવેલો આદર્શ, નિર્વ્યસની, સદાચારી સ્વામિનારાયણ ધર્મ છે. ॥ ૨૨ ॥

**જે ધર્મ પાળે છે તેનું જીવન જેવું ધારશે તેવું થશે. ॥ ૨૩ ॥**

સત્સંગિજીવન, વચનામૃતને આધારે કહું છું કે ભગવાનની આજ્ઞાને વિશે નજર ન પહોંચે તો કાંઈ નહિ પણ મહારાજને મળેલા એવા જે સાધુ તેની આજ્ઞાને વિષે

૧. **અર્થ :** ધર્મ એ જ પરમ ગતિ છે. (શાંતિપર્વ, આપદ્‌ધર્મ ૧૪૩/૮)

રહેશો તો કરોડ જન્મે થનારું કલ્યાણ આ જન્મે થશે. આ વાત શાસ્ત્રને આધારે કહું છું. ॥ ૨૪ ॥

ધર્મ રહિત ભક્તિ ન કરવી. જો ધર્મ નથી તો ભક્તિ કરવાનો કોઈ અધિકાર નથી. ધર્મ સહિત ભક્તિ મહારાજને વ્હાલી છે. શ્રીજી મહારાજે પણ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે,

**"धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः[1]" ॥ ૨૫ ॥**

દ્રઢાવ હોવો જોઈએ કે હું ક્યારેય પ્રભુની આજ્ઞા નહીં લોપું. હાથીએ બેસારે તો ય ભલે, ગધેડે બેસારે તોય ભલે, ખોરી જાર જમવા આપે તોય ભલે, દુઃખી કરે તોય ભલે, સુખી કરે તોય ભલે, છપ્પન ભોગ દરરોજ જમવા આપે તોય ભલે પણ ક્યારેય મહારાજની સ્વરૂપનિષ્ઠાનો ત્યાગ ન કરવો જોઈએ. જેટલી મહારાજની આજ્ઞા પાળીશું તેટલા સુખી થઈશું.

---

૧. **અર્થ** : શ્રી કૃષ્ણભગવાનની ભક્તિ તે જે તે ધર્મે સહિત જ કરવી એવી રીતે તે સર્વ સચ્છાસ્ત્રનું રહસ્ય છે..(શિક્ષા.૧૦૨)

સત્સંગનો ત્યાગ ન થવો જોઈએ. સત્સંગનો અભાવ ન થવો જોઈએ. ॥ ૨૬ ॥

સિંહના પંજામાંથી છૂટનારો વ્યક્તિ શિયાળયામાં ફસાય જાય તેમ મોટા ઘાટમાં ન લેવાય અને એક નાના ઘાટ સંકલ્પમાં લેવાય જવાય તેનું ધ્યાન રાખવું. ॥ ૨૭ ॥

મન ઠગારું છે, ચંચળ છે, દૃઢ છે, મજબૂત છે. મન મોટા મોટા જોગીઓને પણ ઠગાવી નાખે છે. મોક્ષનાં માર્ગમાં રજોગુણ પછાડનાર છે. મોટા મોટા જોગીઓને તથા ગુફામાં રહીને ધ્યાન-ભજન કરનારાઓને પણ મને જ ઠગાવી નાંખ્યા છે.

जितं जगत् केन मनो हि येन[1] ॥ २८ ॥

**જીવનમાં એક વાત વિચારી રાખો કે "મેં સાધુ માટે અને સત્સંગ માટે શું કર્યુ ?" તે વિચાર કરશો અને જીવનમાં ઉતારશો તો મહારાજ તમારી પર કૃપા**

૧. અર્થ : જેને પોતાનું મન જીત્યું તેણે સર્વે જગત જીત્યું. (મણિરત્નમાલા-૧૧)

**કરશે. ॥ ૨૯ ॥**

સંતોએ કથા કરી હોય તેને વિચારવી, યાદ રાખવી તો ઘાટની નિવૃત્તિ થાય, થાય ને થાય જ. ચાલીને યાત્રા કરવાથી, ધારણા-પારણા કે ચાંદ્રાયણવ્રત કરવાથી મનનાં ઘાટ નહીં ટળે. રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણનાં ઘાટ તો કથા-વાર્તાથી જ ટળશે, આટલો સત્સંગનો પ્રતાપ છે. આવું મહારાજ કહે છે; અમે નથી કહેતા. ॥ ૩૦ ॥

**સદ્‌ગુરુરૂપી સોની મળે છે ત્યારે સ્વભાવનો ઘસારો થાય છે ને શુદ્ધ થાય છે. ॥ ૩૧ ॥**

એક મણ દૂધમાં એક વાટકી છાશ નાંખો તો દહીં થઈ જાય, પણ એક મણ છાશમાં એક વાટકી દૂધ નાખો તો ક્યારેય દૂધ ન થાય, તેમ કુસંગ છે તેના સંગમાં ખરાબ થઈ જવાય છે. માટે તેનાથી દૂર રે'વું. ॥ ૩૨ ॥

"વિમુખ જનકે મુખસે કથા સુનિ નહિ જાત" ભુખ્યા મરી જાવું સારું, તરસ્યા રહીને પ્રાણનો ત્યાગ કરી દેવો સારો પણ ભગવાન અને સત્સંગથી વિમુખ

હોય તેવા દારૂડિયા-પાપી હોય એના હાથનું અન્ન જળ ખાવું, પીવું કે ફૂલનાં હાર પહેરવા તે ખતરનાક છે. તેનાથી દૂર રહેવું. **પાપીની સંગતમાં સારા રહીશું તો તે વાતમાં માલ નથી. ॥ ૩૩ ॥**

**કુસંગી ગરજ કરાવીને પણ ભગવાનનાં ભક્તને દબાવે, પણ તેના દબાણમાં ન આવવું. ॥ ૩૪ ॥**

અંતઃકરણ વાટકા છે. તેમાં સત્સંગને તથા કુસંગને ભેગા ન કરો. ઈન્દ્રિયોની ક્રિયા શુદ્ધ રાખીએ તો અંતઃકરણ શુદ્ધ થાય અને જો અશુદ્ધ રાખીએ તો અંતઃકરણ અશુદ્ધ થાય ને નરકમાં નાખે તથા મહારાજની મૂર્તિ ન દેખાય. માટે ગંગાજળ ને ગટર ભેગા ન કરો. **॥ ૩૫ ॥**

ભગવાનનો ભક્ત ચોવીસ કેરેટનાં શુદ્ધ સોના જેવો છે. તેમાં જેટલો કુસંગ ભળે તેટલો દુબળો થતો જાય છે. **॥ ૩૬ ॥**

જ્યારે કુસંગને છોડો ત્યારે અંતઃકરણ શુદ્ધ થાય

છે. જો ધામમાં જવું હોય તો ઈન્દ્રિયોનાં આહાર શુદ્ધ કરો. ॥ ૩૭ ॥

કરોડ કરોડ વંદન છે એ મુક્તાનંદ સ્વામીને કે જેણે ભગવાનને બાંધ્યા. આવા સત્પુરુષનાં સંગમાં રહેવું. ॥ ૩૮ ॥

ઘણીવાર એવું બને છે કે જ્યાં સુધી બહેનો સત્સંગી ન થાય, ત્યાં સુધી તેનો પુરુષ પણ સત્સંગી ન થાય. અને જો બહેનો સત્સંગી થયા હોય ને પુરુષ સત્સંગી ન થાય તો તેને ઠાકોરજીનું પ્રસાદીનું જળ પાવો, એક દિવસ તે ગોધો જરૂર ભગવાનને નમવાનો. ॥ ૩૯ ॥

પરબ્રહ્મની ઉપાસના કરવી, ધ્યાન-કીર્તન કરવું, માળા ફેરવવી આનું નામ સત્સંગ છે. સાધુની વાત માનવી અને નિયમ - ધર્મ પાળવા આનું નામ સત્સંગ છે. ખાલી-ખાલી સંતોને સારી રસોઈ આપી દેવી, ચાદર ઓઢાડી દેવી તે સત્સંગ નથી, સાધુમાં હેત કરવું તે જ સત્સંગ છે. ॥ ૪૦ ॥

ભગવાનનાં ભક્તે તો સત્સંગ જ કરવાનું તાન રાખવું. જેને કથા-વાર્તાથી સત્સંગ થાય તેનો પગ ક્યારેય મોક્ષમાર્ગમાંથી પાછો પડે નહીં. ॥ ૪૧ ॥

**અનુવૃત્તિમાં રહેવું તે સંગ છે. અનુવૃત્તિમાં રહેતા નથી ત્યાં સુધી ભલે ભેળા રહેતાં હોઈએ, તોપણ તેનું નામ સંગ નથી. ॥ ૪૨ ॥**

શાસ્ત્રોમાં જે ધર્મ કહ્યા છે તે જીવનમાં ઉતારવા તેનું નામ સત્સંગ છે. પણ આનાથી વિપરીત કરવું તે કુસંગ છે. ॥ ૪૩ ॥

જે ધર્મનો ધ્વંસ કરનારા છે, અધર્મ કરે છે, શાસ્ત્રોનાં અર્થો અવળા સમજાવે છે, જે મોક્ષમાંથી પડાવે છે, તેને ખવરાવવું તે મહાપાપ છે, અધર્મી પુરુષોનો સંગ તો કુસંગ છે. ॥ ૪૪ ॥

દંભ, પાખંડ, વ્યભિચાર આ બધું અધર્મ છે. આનું જેમાં પ્રતિપાદન કર્યું હોય, નિરાકારનું પ્રતિપાદન કર્યું હોય તેવા શાસ્ત્રોનો જે સંગી હોય તે કુસંગી છે; માટે એનો ત્યાગ કરવો, કુસંગી ન થશો. ॥ ૪૫ ॥

પાપી પુરુષને પાપીનો જ સંગ ગમે છે, સાચા સત્પુરુષનો સંગ ગમતો નથી, માટે પાપી નરકમાં જ જાય છે. ॥ ૪૬ ॥

અસત્પુરૂષનાં તથા પાપી પુરુષનાં શબ્દોથી ક્યારેક આપણા જીવનમાં અવળી ઘેડ બેસી જતી હોય છે; પછી સત્પુરૂષનો સંગ મળે તો પણ આપણે કાંઈ કરી શક્તાં નથી. તેવા અસત્પુરુષનાં સંગથી પાપી થઈ જઈએ છીએ. માટે મહારાજ કહે છે કે "આવાથી સાવધાન રહેવું," નહિંતર નરક મળે છે. ॥ ૪૭ ॥

કુસંગના સંગમાં આવવાથી ને કોલસાની ખાણમાંથી આવવાથી ડાઘ ન પડે એ તો બને જ નહીં, તેમ કુસંગમાં હેત પ્રીત રાખીએ અને એમ માનીએ કે ધર્મનું રક્ષણ કરીશ તો તે વાતમાં માલ નથી. ॥ ૪૮ ॥

**સંત અને અસંત હોય તે ઉપરથી સમાન દેખાય પણ માંહી કોણ સાચું છે ? તે ખબર ન હોય; માટે પરીક્ષા કરીને કોઈપણનો સંગ કરવો. "કાગડો ને**

**કોયલ રે, રૂપે રંગે એક છે રે." તેમ આચરણ પરથી ખબર પડે કે આ સત્પુરુષ છે કે અસત્પુરુષ. ॥ ૪૯ ॥**

જે પાપ કરે છે એને જેટલો દોષ લાગે છે, તેમ જે પાપને પોષણ આપે છે તેને એટલો જ દોષ લાગે છે. એટલું જ નહીં, પણ મૂંગા મોઢે પાપને જુવે છે, તેને પણ એટલું જ પાપ લાગે છે અને દોષ લાગે છે. માટે પાપને જોશો નહીં, ઊભા થઈને જતાં રહો. **॥ ૫૦ ॥**

શાસ્ત્રનો નિયમ છે કે સ્ત્રી પાપ કરે તો તેના પતિને અડધું પાપ લાગે છે. અને સ્ત્રી જે જે પુણ્ય કરે તે બધુંય પુણ્ય તેનું થાય છે. અને જે માં-બાપ પુણ્ય કરે તે અડધું દીકરાનાં માથે જાય છે તથા દીકરો પાપ કરે તો અડધું માં-બાપને માથે જાય છે. **॥ ૫૧ ॥**

જે જાણી જોઈને પાપ કરે છે તેનું શાસ્ત્રમાં કોઈ પ્રાયશ્ચિત નથી, પણ અજ્ઞાનમાં પાપ થાય છે, તેનું શાસ્ત્રમાં પ્રાયશ્ચિત છે. પ્રાયશ્ચિત કરવાથી વ્યક્તિ શુધ્ધ થાય છે. **॥ ૫૨ ॥**

બાળકની ગમે તેવી ભૂલ થઈ ગઈ હોય પણ રડતું બાળક માંનાં ખોળામાં આવે છે ત્યારે માંનું દિલ દ્રવી જાય છે. કદાચ દીકરાને લપાટ મારવાથી દીકરો રડશે પણ તેની પાછળ માં પણ રડશે ને એની એ માં પાછી બાળકને ખોળામાં બેસાડી દેશે ને જમાડશે. તેમ ભગવાન પોતાના ભક્તને પાપનું ફળ કદાચ આપશે પણ પાછા શુધ્ધ કરીને ભગવાન પોતાના ખોળામાં લેશે તે નિર્વિવાદ વાત છે. ॥ ૫૩ ॥

જેમ પૃથ્વીમાંથી આંબા, ખીજડા , બોરડી, લીમડા ઊગે છે, તેમ જીવમાંથી કામક્રોધાદિક દોષો ઊગતાં નથી. જીવ તો શુદ્ધ ચૈતન્ય છે. કામ, ક્રોધ, લોભ, મોહાદિક દોષો ઊગતાં નથી, પણ જેમ જેમ પૂર આવે ને ઘરમાં દરવાજા ખુલ્લા હોય તો ઘરમાં પાણી પ્રવેશી જાય છે. એવી રીતે દુનિયાનું જે કાંઈ પાપ જીવમાં આવે છે એ પાંચ દરવાજા છે. ત્યાંથી આવે છે. એ પાંચ દરવાજા ક્યાં ? તો પાંચ કર્મે ઈન્દ્રિયો આ પાંચ દરવાજા એવા ભયંકર છે જે આખી

દુનિયાનું પાપ જીવમાં લાવે છે. ॥ ૫૪ ॥

**એક માછીમાર છ મહિનામાં જેટલા માછલા મારીને પાપ કરે છે તેટલું પાપ ભગવાનનાં ભક્તને ગાળ્યા વિનાનું દૂધ-પાણી પીવાથી થાય છે. ગાળ્યા વિનાનાં પાણીથી ક્યારેય રસોઈ ન કરવી. એટલો ભગવાનનાં ભક્તે વિવેક રાખવો. ॥ ૫૫ ॥**

ભગવાનનાં ભક્તે દુનિયામાં કરેલા તમામ પાપો સત્પુરુષનાં શરણે જાય ત્યારે નાશ પામે છે, પણ ભગવાનનાં ભક્તની સાથે રહીને ભક્તને નિમિત્ત બનાવીને પાપ થાય છે તે ક્યારેય નાશ પામતાં નથી.

**अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।**
**तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति[1] ॥ ५६ ॥**

તમારો શણગાર જોઈને કોઈક વાસનિકને ખરાબ

---

૧ અર્થ : અન્યક્ષેત્રમાં જે પાપ કર્યા હોય તે તમામ પાપો તીર્થક્ષેત્રોમાં નાશ પામે છે. અને તીર્થક્ષેત્રમાં કરેલું પાપ વ્રજલેપ થાય છે. અર્થાત્ જેમ વ્રજનો પ્રહાર વ્યર્થ નથી જતો તેમ તીર્થનું પાપ નાશ નથી થતું. (સ્કન્દ પુરાણ)

ઘાટ થાય તેને તો પાપ લાગે પણ તેની જોડે તમને પણ પાપ લાગે માટે રૂપને બહું શણગારવું નહીં. ॥ ૫૭ ॥

એ જ પાપી છે કે જેને સત્સંગ મળ્યો છે છતાં પણ અધોગતિ માને છે, સંતોને પોતાના માનતો નથી, ભક્તોમાં સગાં સંબંધી જેવું હેત કરતો નથી તે પાપી છે. ॥ ૫૮ ॥

ઈન્દ્રિયો દ્વારા અંતઃકરણમાં જે કદડો ભરાય છે, તેને અટકાવવાનાં સાધન માત્ર પંચવર્તમાન છે. તે કયા પંચવર્તમાન ? તો ચોરી, દારૂ, માટી અવેરી ને વટલવું નહીં ને વટલાવવું નહી. આ પંચવર્તમાન જે ભક્ત પાળે છે તેના પર સત્પુરૂષની કૃપા થાય છે ને પ્રસન્નતા થાય છે, જેનાથી મહારાજનાં ધામમાં જવાય છે. ॥ ૫૯ ॥

જેમ દેવોનું પીણું અમૃત છે, તેમ દૈત્યનું પીણું દારૂ છે. દારૂ પીવો એ માનવજીવનમાં દુર્દશા કરવાનું સાધન છે. ॥ ૬૦ ॥

જે ભાંગ પીવે છે, સુરાપાન કરે છે, તે ગમે તેટલા

તીર્થો કરે કે સાધુનો સમાગમ કરે તોય બધું નિષ્ફળ જાય છે. ॥ ૬૧ ॥

તમામ કેફી પદાર્થોનો દારૂમાં સમાવેશ થાય છે. એ બધું મોક્ષમાર્ગમાં ઝેર સમાન છે. ઝેરમાં રહેલ તમામ દુર્ગુણો કેફી પદાર્થમાં છે. ॥ ૬૨ ॥

ઝેર તો તરત મારી નાંખે. પણ વ્યસન તો હેરાન કરી કરીને રીબાવીને મારે છે. દારૂ, બ્રહ્મહત્યા, સુવર્ણની ચોરી, ગુરુપત્નીનો સંગ આવાનો સંગ ક્યારેય ન કરાય, હેત ન કરાય. દયા કરાય કે જેવો આ વિષયોને ભોગવે છે, તેવો ને તેવો જ મહારાજનાં વિષયો ભોગવે તો સારું છે. ॥ ૬૩ ॥

**"અગ્નિ બાળે કોઈકને, ઝેર ચડે તે જાય,**
**દારૂ પીવે એક તો, કુટુંબ કાજળ થાય."**

જેમ અગ્નિમાં જે પડે તે એક જ મરે, ઝેર જે પીવે તે જ મરે, પણ; વ્યસન તો આખા કુટુંબને મારે છે. આજે દેશની દુર્દશા છે તેનું કારણ વ્યસન છે. ॥ ૬૪ ॥

**કોઈ એવા દેવ નથી કે જેને માંસ-મદ્ય-સુરા-મદિરા પાન ગમતું હોય, એ તો આ લોકનાં મનુષ્યે ઉપજાવેલી વાત છે.॥ ૬૫ ॥**

પરાશર સ્મૃતિમાં કહ્યું છે કે જાણી જોઈને દારૂનો સ્પર્શ કરે છે, તે ઘોરતમ નરકમાં જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી રહે છે. માટે મહારાજ કહે છે કે ‘‘સુરામાંસનું નૈવેદ્ય દેવતાને ધરાવેલું હોય તો પણ લેવું નહિ.’’ ॥ ૬૬ ॥

આજનો સમાજ ભૌતિક સુખની પાછળ એટલો બધો પડ્યો છે કે કંઈ વિચારતો નથી કે આનાથી શું નુકશાન થશે ? અમે વિદેશયાત્રા કરીએ છીએ, ત્યારે ખબર પડે છે કે વિદેશનાં મોહમાં પાછળથી જે પસ્તાય છે, તેનું દુઃખ અમને આવીને કહે છે. માટે જ્યાં ધર્મ-નિયમ ન પળાતાં હોય ત્યાં ન જશો. ॥ ૬૭ ॥

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પણ માંસનું ભક્ષણ કરવું નહીં. માંસ દૈત્યનું ખાણું છે. તેને માનવ ન કહેવાય પણ

દાનવ કહેવાય. માંસ અતિ અપવિત્ર વસ્તુ છે. મરેલું ઢોર, ઉંદર, પશુ, પક્ષી, માનવ કોઈપણ હોય તેને જો અડીને સ્નાન કરવું પડતું હોય તો માંસ કેમ ખવાય ? માટે માંસ ખવાય જ નહીં. ॥ ૬૮ ॥

**માંસ દોષિત છે, નિર્દોષ નથી. જે માંસ ખાવાનું અનુમોદન કરે છે તે પાપી છે. માંસને જે વેચે છે, ખાય છે, ઉપાડે છે, રાંધે છે, આ બધા પાપી છે. ॥ ૬૯ ॥**

યજ્ઞ કે દેવીના નિમિત્તે કાં તો શ્રાદ્ધનાં નિમિત્તે હિંસા કરવી તે મહાપાપ છે. વૈદિકધર્મનાં શાસ્ત્રો હોય કે વેદ, પુરાણ, સ્મૃતિ હોય, જ્યાં માંસભક્ષણનું વિધાન આવે ત્યાં કોઈક પાપીએ ક્ષેપક કરેલું છે. પણ આપણા ઋષિમુનિઓએ નથી લખ્યું. ॥ ૭૦ ॥

"अहिंसा परमो धर्मः" જુ, માંકડ, મચ્છરને પણ જાણી જોઈને ન મારવા. અહિંસા છે તે જ ધર્મ છે. હિંસા છે એ જ અધર્મ છે. **મનથી કોઈકનું ખરાબ ઈચ્છવું તે**

**પણ પાપ છે** પણ આજે કોઈનું ખરાબ કરવું ને હિંસા કરવી તે એક પ્રકારનો શોખ થઈ ગયો છે. કોઈપણ માણસ દુનિયાનાં કોઈપણ ખૂણે હિંસા કરે તે પાપ જ છે. ॥ ૭૧ ॥

દરરોજ ૧ પ્યાલો ગાયનું દૂધ પીવાથી નિરોગી થવાય છે. તે અમૃત છે. તેનાથી તમામ રોગો નાશ થઈ જાય છે. ॥ ૭૨ ॥

શક્તિની દવાઓમાં ભ્રષ્ટ ચીજો આવે છે. તેમાં ગાયનાં લોહીનો અર્ક આવે છે. માટે શાકાહારી, દેશી દવા ખાવી તેમાં દોષ નથી. પણ ભ્રષ્ટ દવા ન ખાવી. ॥ ૭૩ ॥

જે માંસ ભક્ષણ કરે છે તે તમોગુણી થાય છે. આસુરી વૃત્તિનો થાય છે. અર્જુનને ધર્મનું યુધ્ધ કરવું હતું. તે પુણ્યનું કાર્ય હતું છતાં તે ધ્રુજી ગયા ને મૂર્છા આવી ગઈ, રથમાં પડી ગયા. પછી શ્રીકૃષ્ણ ભગવાને કેટલો પાવર પૂર્યો, ત્યારે ધનુષ્યબાણ ઉઠાવ્યા પણ દુર્યોધનને

તો કાંઈ વિચાર જ ન આવ્યો. ॥ ૭૪ ॥

મોક્ષધર્મમાં કહ્યું છે કે "न हर्तव्यम् परधनमिति सैव धर्मः सनातनः"પારકાનું ન લેવું એ મોટામાં મોટો ધર્મ છે અને દાન છે. નિર્જન જંગલ હોય તો તેમાં પારકું ધન હોય તે દેખાઈ જાય ને લઈ લે તો તે નરકમાં જાય છે. ॥ ૭૫ ॥

તુલસીદાસજી કહે છે કે

परधन पथ्थर सम जानीये
परस्त्री मात समान ।
इतने में जो हरि न मिले
तो तुलसीदास जमान ॥

પારકા ધનને પથ્થર સમ જાણે છે. પારકી સ્ત્રીને માં સમાન જાણે છે, તેને તો અષ્ટાંગયોગ સિધ્ધ થઈ ગયો છે અને તેને જ પરબ્રહ્મ મળે છે. ॥ ૭૬ ॥

સગાં બાપનું પૂછ્યા વગર લેવું તે પણ ચોરી છે. આજ કાલ તો ચોરીની ફેશન બહુ વધી ગઈ છે. આ બધી

વાતો સ્વામિનારાયણનાં ભક્તો માટે છે. કોઈને પૂછયા વિના તૃણ, ફળ, કાષ્ઠ કાપી નાંખવા તેનો પણ કળિયુગમાં નિષેધ છે. યથાયોગ્ય પ્રાયશ્ચિત મોટા પુરુષ પાસે માંગી લેવું. ॥ ૭૭ ॥

ધર્મને માટે ક્યારેય ચોરી ન કરવી. કોઈનું પૂછ્યા વિના લેવું તે ચોરી છે. ધણિયાતું જે દાંતણ તે પણ પૂછ્યા વિના ન લેવું. ઘરનો ચોર બહુ ખરાબ છે. રસાસ્વાદને કારણે ચોરી ન કરવી. ઘરમાં કંઈપણ વસ્તુ ખાવાની લાવ્યા હોય તો એકલા ન ખાવી. નહિંતર ઢોરનાં જન્મ લેવા પડે છે. ॥ ૭૮ ॥

વસ્તુમાં ભેળસેળ કરીને વેચવી; પતિના ખીસામાંથી પત્નીએ પૈસા ચોરી લેવા, દાણચોરી, માલચોરી, કામચોરી, વેતનચોરી, દેવચોરી, આ બધાં ચોરીનાં પ્રકારો છે. ॥ ૭૯ ॥

ચોરીનું કર્મ સૂક્ષ્મ છે. તે દેખાતું નથી પણ જ્યારે ભોગવવાનું આવે છે, ત્યારે ખબર પડે કે મેં કંઈક કુકર્મ

કર્યું છે. **ધર્માદાનાં રોટલા ખાઈને સત્સંગમાં કામ ન કરીએ તો બળદનો જન્મ લેવો પડે છે. સત્સંગની જેટલી જવાબદારી છે, તેટલી પૂરી કરવી એ આપણી ફરજ છે. ॥ ૮૦ ॥**

**જે વ્યભિચાર કરે છે તેના અંગમાં જેટલા રૂંવાડા છે તેને ૧૦૦ વડે ગુણવામાં આવે છે, તેટલા વર્ષ નરક-યાતના ભોગવવી પડે છે. શ્રાદ્ધ, પવિત્ર દિવસ, વ્રતાદિકનાં દિવસે પતિએ પણ પત્નીનો સંગ ન કરવો. મન, વાણી, કાયાથી કે બુદ્ધિ, ઈન્દ્રિયો અથવા સ્વભાવથી જે કંઈ પાપ થાય તો તેનું તાત્કાલિક પ્રાયશ્ચિત કરી નાખવું. કપડું ધોવાથી સાફ થાય છે તેમ જીવ પ્રાયશ્ચિતથી શુદ્ધ થાય છે. ॥ ૮૧ ॥**

કોઈ પુરુષ પરસ્ત્રીનાં સાડીનાં છેડાને કામભાવનાથી અડે તો જેટલા તાંતણા સાડીમાં છે, તેટલા વર્ષ નરકયાતના ભોગવે છે. જે સ્ત્રી પરપુરૂષ સાથે વ્યભિચાર કરે છે તે નરકયાતના ભોગવીને સાત જન્મ

ગધેડાનાં અવતારને પામે છે. વ્યભિચારથી મોટા મોટા રોગ થાય છે. આ બધાં શાસ્ત્રોનાં વચન છે; હું નથી કહેતો. ॥ ૮૨ ॥

આધુનિક જમાનામાં વ્યભિચાર થવાનું મુખ્ય કારણ હોય તો એ છે કે-કોલેજ, સ્કૂલમાં, ટ્યુશનમાં, ડાન્સ પાર્ટીઓમાં, બગીચામાં બધે જ યુવાન યુવતીઓ સાથે ફરતાં હોય છે, ખેલ કરતાં હોય છે. તેના કારણે કામવાસના જાગે છે. ॥ ૮૩ ॥

માણસ પોતે વટલાય જાય તે વટલવું કહેવાય ને જે માણસ બીજાને વટલાવે તે વટલાવ્યું કહેવાય. માણસ ક્યારે વટલાય છે ? તો આપણા વૈદિક ધર્મનાં શાસ્ત્રો મુજબ, સ્મૃતિઓ, વેદ, ઉપનિષદ્, ગીતા, ભાગવત, સત્સંગિજીવન, શિક્ષાપત્રીનાં અર્ક પ્રમાણે કહું તો માણસ બે રીતે વટલાય છે: એક તો રોટી વ્યવહારે કરીને, બીજું બેટી વ્યવહારે કરીને. જે વર્ણનું ભોજન આપણે સ્વીકારતાં નથી તો તે ભેળું ભોજન ગ્રહણ કરીએ તો તે

રોટી વ્યવહારે કરીને વટલાયો કહેવાય. અને જે વર્ણમાં પોતાની કન્યા દેવાય નહી અને જે વર્ણની કન્યા લેવાય નહી તો તે વર્ણની કન્યા લેવાય અને તે વર્ણમાં કન્યા દેવાય તો તે બેટી વ્યવહાર કરીને વટલાયો કહેવાય. ॥ ૮૪ ॥

**માણસ ક્રિયાથી જ દેવ બને છે અને ક્રિયાથી જ દાનવ બને છે તે નિર્વિવાદ વાત છે. ॥ ૮૫ ॥**

સહજાનંદનો બાગ આચરણ અને ધર્મનો છે. ઘણીવાર હરિભક્તોને સાધુનાં નિયમ ખબર હોતા નથી અને પ્રેમ ઘેલા થઈને સાધુને નિયમ તોડાવે છે. માટે હરિભક્તોએ સાધુનાં નિયમ જાણવા. ॥ ૮૬ ॥

દુષ્ટમાં દુષ્ટ સ્વભાવ ચોરી ને વ્યભિચાર છે. ॥ ૮૭ ॥

મન જલદી મરે એમ નથી. એની ટાંચણી બહુ ખતરનાક છે. માટે તેને ભગવાન અને સત્પુરૂષનાં ચરિત્રમાં ગૂંચવી મેલવું; જેથી તેની ટાંચણીઓ વાગે નહીં. ॥ ૮૮ ॥

માણસની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે ત્યારે તે રાક્ષસ થાય છે. આજનો માણસ પશુ કરતાં પણ ભૂંડો છે. કામાંધ ને લજ્જા વગરનાને ભય નથી. બહેનો અને પુરુષોમાં એટલો બધો ભયંકર પહેરવેશ છે કે તેમાં ઘણાં કામાંધ થાય છે. જ્યારથી વસ્ત્ર ટૂંકા થતાં ગયા ત્યારથી સમાજનું સદ્નસીબ ટૂંકું થતું ગયું છે. સત્સંગીનાં દીકરા-દીકરી હોય તેને વિચારવું જોઈએ કે યુવાન થઈ ગયા પછી ક્યારેય ભ્રષ્ટ વસ્ત્રો ન પહેરવા જોઈએ. ॥ ૮૯ ॥

સંસાર અંકુશ પર રહેલો છે. તેને બેફામ રીતે ભોગવવાનો નથી. ॥ ૯૦ ॥

જે દુઃખ દવાથી દૂર ન થાય તે દુઃખ દુઆથી દૂર થાય છે. ઈર્ષ્યાવાળો પોતાનો ખર્ચો કરીને પણ બીજાનું બગાડે છે. જેનું મન મજબૂત હોય તે સુખી હોય. મનથી નરક પણ મળે અને મનથી અક્ષરધામ પણ મળે, હવે આપણા હાથમાં છે કે મનને કયા માર્ગે વાળવું ? ॥ ૯૧ ॥

જ્યાં સુધી હૃદય શુદ્ધ ન થાય ત્યાં સુધી ભક્તિ ન

થાય. પાંચ મોટા દોષ છે. તેમાં એક તો કામ, બીજો લોભ, ત્રીજો રસાસ્વાદ, ચોથો સ્નેહ અને પાંચમું માન. આ પાંચમાં મોટામાં મોટો દોષ લોભ છે. પૂર્વે જેના પતન થયા છે, તે લોભે કરીને થયા છે. પૈસા માટે આ દુનિયાનો માનવી ક્યું પાપ નથી કરતો ? માટે; શાસ્ત્રો કહે છે કે નીતિથી કમાઓ. ॥ ૯૨ ॥

જે વ્યક્તિ પોતાનાં પરિવારને વાત્સલ્ય આપી શક્તો નથી તે પછી જીવનમાં હારી જાય છે. લોભી ક્યારેય પોતાના માં-બાપ, પત્ની, સંતાનને સુખી ન કરી શકે. ॥ ૯૩ ॥

બાપ- દીકરાનાં ઝઘડા થાય, ભાઈ-ભાઈ વચ્ચે ઝઘડાં થાય. તે મિલકત માટે થાય. પણ સત્સંગમાં ભક્તો-ભક્તો વચ્ચે ઝઘડાં થાય તે ઈર્ષા ને માનને કારણે થતાં હોય છે. ॥ ૯૪ ॥

**ભગવાનનાં ભક્ત જોડે ઈર્ષ્યા કરવી તે તો ક્ષયરોગ જેવું છે. ભગવાનનાં ભક્ત જોડે પિતરાઈ**

**દાવો જોડાઈ જાય, બરોબરીયાપણું થઈ જાય, બેપરવાઈ થઈ જવાય તે તો સત્સંગમાંથી બહાર જ જવાનો છે. ॥ ૯૫ ॥**

રાગ, દ્વેષ, કપટ, વેર, ઝેર એ ઈર્ષ્યાના ભાઈ છે. ઈર્ષ્યા આત્યંતિક કલ્યાણ ને આધ્યાત્મિક શક્તિને હણી લે છે, માટે ભગવાનનાં ભક્તએ ક્યારેય ઈર્ષા ન કરવી. તો આપણે ભક્તિ કરી હોય તેનું ફળ મળે.

**ईर्ष्या कामात्प्रभवति संघर्षाच्चैव भारत ।**
**इतरेषां तु मर्त्यानां प्रज्ञया सा प्रणश्यति[1] ॥ ९६ ॥**

ઈર્ષ્યાથી ધર્મને બહુ નુકસાન છે. જો બુદ્ધિથી વિચારીએ તો અંદર રહેલી ઈર્ષ્યાને કાઢી શકીએ.॥ ૯૭ ॥

ઈર્ષ્યા કરવી તો એવી કરવી કે એ ભજન કરે તો તેના કરતાં હું વધારે ભજન કરું, એ સેવા કરે તેના કરતાં વધારે સેવા કરું, એવો ગુણ લઈને ઈર્ષ્યા કરવી પણ પગ

૧. અર્થ : હે ભારત ! ઈર્ષા એ કામ તથા સંઘર્ષમાંથી જન્મે છે અને વિવેકશીલ મનુષ્યની બુધ્ધિથી તે નાશ પામે છે. (મહાભારત, આરણ્યકપર્વ ૧૫૭/૧૪)

ઝાલીને તેને પાડવાની ઈર્ષ્યા ન કરવી. ॥ ૯૮ ॥

ઈર્ષ્યા કરવી તો તુંબરૂં ને નારદ જેવી કરવી. કોઈમાં સારા ગુણ, સારી ભક્તિ, સારું જ્ઞાન તેવું દેખીને આપણા જીવનમાં ઉતારવું તો સત્સંગમાં આગળ વધાય છે. ॥ ૯૯ ॥

જ્યાં સુધી ઈન્દ્રિયો સત્સંગી થાતી નથી ત્યાં સુધી અંતઃકરણ સત્સંગી થાતું નથી. ઈન્દ્રિયો દ્વારા જ સત્સંગ કે કુસંગ આવે છે. જો ઈન્દ્રિયોની ક્રિયાને શુદ્ધ કરે તો અંતઃકરણ શુદ્ધ થાય અને અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે આત્મા શુદ્ધ થાય છે ને સત્સંગી થાય છે. ॥ ૧૦૦ ॥

જગતનાં જીવ રાત ને દિવસ માયા જોડે જ રમતાં હોય છે. સત્યમાં અસત્યની ભ્રાંતિ કરાવે ને અસત્યમાં સત્યની ભ્રાંતિ કરાવે તે માયા છે. ॥ ૧૦૧ ॥

બે સગાં ભાઈ હોય તો કેમ બે ભાઈ વચ્ચે ઝઘડો થાય છે ? આ બધું માયા કરાવે છે. ॥ ૧૦૨ ॥

જેટલાં પાપો છે, તેમાં મહાનમાં મહાન પાપ હોય

તો તે કૃતઘ્નીપણું છે. ॥ ૧૦૩ ॥

કૃતઘ્નીપણાંની છાયામાં ન આવવું. આપણે જાણવું કે આપણે તો કૃતઘ્ની નથી ને ? એવો નિત્ય અંતર તપાસ કરવો. ॥ ૧૦૪ ॥

**કૃતઘ્ની ક્યારેય મહારાજનાં ધામમાં જતો નથી. એને અડવાથી પણ પાપ લાગે છે, તેનો ત્યાગ કરવાથી જ મહારાજના ધામમાં જવાશે. ॥ ૧૦૫ ॥**

ગમે તેટલા જપ કરે, યાત્રા કરે તો પણ કૃતઘ્ની માટે એ બધું વ્યર્થ છે. ॥ ૧૦૬ ॥

એક કૂતરું હોય તેને રોટલો ખવરાવો તો તે ક્યારેય ન ભૂલે. પણ આ બે પગવાળા માનવનો વિશ્વાસ નહીં, ક્યારે કયા સમયે ફરી જાય તે નક્કી નહીં. ॥ ૧૦૭ ॥

આજ જમાનો એવો આવી ગયો છે જે બુઢ્ઢો હોય ને ૭૦ વર્ષે પહોંચ્યો હોય તો પણ પોતાના છોકરા ને છોકરાની વહુ સાથે બાજુમાં બેસી સિનેમા જોતો હોય. આવા તો કેટલાય કુસંગી છે, એ બુઢ્ઢાઓને અક્કલ નથી

કે આવો મારે ધંધો ન કરાય. ॥ ૧૦૮ ॥

આપણા હાથ કૃતઘ્ની છે. હાથે ખોટા ધંધા કરાવી જન્મોજન્મ નરકનો ધંધો કર્યો. માટે વ્હાલા ભક્તો ! જો તમે તમારા આખા દિવસનાં વિતેલા જીવનનાં ફોટા પડાવીને વિચારો તો ખબર પડે કે હાથ કેવા ખોટા ધંધા કરાવે છે ? ॥ ૧૦૯ ॥

આ ટાંટીયા (પગ) કૃતઘ્ની જ છે, જેને દૂધ ને મિષ્ટાન સારું સારું ખવરાવ્યું પણ પગથી ભગવાનની પ્રદક્ષિણા ન કરી ? માટે ક્યારેય આપણે એવો વિચાર કર્યો છે કે આ શરીર કૃતઘ્ની છે ? ક્યારેય નફરત થઈ ? માટે; આને કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કરવો, તો સત્સંગનું સુખ આવે. ॥ ૧૧૦ ॥

બધું સારું સારું મિષ્ટાન્ન આખો દિવસ ખાધું તો પણ સવારમાં ઉઠતા સાથે શું કરાવે ? પોતાની જ વિષ્ટા ચૂંથાવે, કેટલું હલકામાં હલકું કરાવે છે. હલકામાં હલકા ધંધા કરાવ્યા. અંતે પછી જમદૂત જ તેડવા આવે છે. માટે

વ્હાલા ભક્તો ! ઓળખી રાખો કે જે વ્યક્તિ પોતાના શરીરના દોષોને ન ઓળખે તથા તેને કૃતઘ્ની ન જાણે તે જ મોટામાં મોટો કૃતઘ્ની છે, માટે આ વાતને જાણી રાખજો. **॥ ૧૧૧ ॥**

મહારાજે વચનામૃતમાં સેવકરામનું દૃષ્ટાંત શાં માટે આપ્યું ? માટે ભક્તો ! આપણે કૃતઘ્ની નથી ને ? અનંત કોટી બ્રહ્માંડોનાં ધણીએ તો મનુષ્ય અવતાર આપ્યો જેનાથી ભજન થાય ને અક્ષરધામમાં જવાય અને શરીરનાં અવયવો જે ઈન્દ્રિયોની કેટલી કિંમત છે ? ને આંખની કેટલી કિંમત ? આ કાન કેટલા મહત્વના છે ? તે વિના મૂલ્યે ભગવાને આપ્યા છે. આંખ મૂર્તિનાં દર્શન માટે, કાન કથા-કીર્તન સાંભળવા માટે, મોઢું આપ્યું છે ભગવાનનો પ્રસાદ ગ્રહણ કરવા માટે, હાથ આપ્યા છે ભગવાનનાં ભક્તોની સેવા માટે, પગ આપ્યા છે મંદિર જવા માટે, પણ આ બધી ઈન્દ્રિયોને સદ્‌માર્ગે ન વાળીએ તો આપણી કરતાં કોણ મોટો સેવકરામ થાય ? માટે

ભગવાનનાં સેવક થઈ ભગવાનને અને ભક્તને અર્થે ઈન્દ્રિયોને સદ્‌માર્ગે વાળો. તેમાં જ ભક્તની જીત છે. ॥ ૧૧૨ ॥

જગતમાં દરેકની નજર માયામાં હોય છે. કોઈની નજર ભગવાનમાં નથી હોતી. ॥ ૧૧૩ ॥

આ જગતનાં કારણ એવા જે મુક્તપુરુષ ઉભા થયા એના દ્વારા વિશ્વ રચાયું. જ્યારે માયાનો સંગ કર્યો ત્યારે વિશ્વ રચાયું, એકલા પુરુષથી વિશ્વ ના રચાય. માયાનાં સહવાસ વિના પુરુષ ક્યારેય વિશ્વની ઉત્પત્તિ કરી શકે જ નહિ. અને એ જે પુરુષ તે જ બહુધા પુરૂષોત્તમ થઈને પુજાય છે. પણ તે પુરુષોત્તમ છે જ નહિ. પુરુષોત્તમનો દાસ છે. ॥ ૧૧૪ ॥

માયા ભગવાનની શક્તિ છે. માયા જીવથી બળવાન છે પણ ભગવાનથી બળવાન નથી. એ માયા નટખટી છે છતાં તે માયા ભગવાન પાસે પોતાનું ધાર્યું કરાવી શકે નહિ. એની બાજુમાં બધાં જીવ ચોંટીને રહે

છે. જેમ અનાદિ મુક્તો ભગવાનમાં સમાય જાય છે તેમ બીજા બધાં માયામાં સમાય જાય છે. **॥ ૧૧૫ ॥**

આ જીવ અનાદિકાળથી માયામાં છે. ભગવાને સંકલ્પ કર્યો કે મારે હવે સૃષ્ટિ રચવી છે. ત્યારે મહારાજે સૃષ્ટિ કરવા ધામ (મુક્તો) સામું જોયું. તેમાં છેલ્લે મુક્ત બેઠો હતો તે કાંઈ સવિકલ્પ નિશ્ચયવાળો હતો ને ભગવાનની મૂર્તિમાં રસબસ ન હતો. ત્યારે મહારાજે તે પુરુષ સામું જોયું ને કહ્યું કે તું જગતની રચના કર. પછી તેણે ધામમાંથી નીકળી માયામાં જોડાણ કર્યું. પછી બંને પ્રકૃતિ પુરૂષ કહેવાયા. **॥ ૧૧૬ ॥**

ગમે તેટલું સારું બિયારણ હોય પણ તેને સમુદ્રમાં નાંખીએ તો ન ઊગે, તેમ અમારી કથા-વાર્તા ગમે એટલી સારી હોય પણ ઈન્દ્રિયોના આહાર જો શુદ્ધ નહીં હોય તો કંઈ કામ નહિં લાગે. **॥ ૧૧૭ ॥**

સોનાની સ્ટીમર છે પણ તેમાં પાંચ છિદ્રો પડેલા હશે તો ક્યારેય માલસામાન વિદેશમાં નહીં પહોંચી શકે,

તેમ ભક્ત પણ જ્યાં સુધી પંચવિષય ભોગવતો હોય ત્યાં સુધી મહારાજ સુધી પહોંચી શક્તો નથી. ॥ ૧૧૮ ॥

વ્યસનને વેચવામાં જેટલો ફાયદો થાય છે, તેના કરતાં બે ગણું વધારે આ દેશને નુકશાન થાય છે. તે આજની સરકાર ને વૈજ્ઞાનિક કબૂલ કરે છે. માટે મહારાજને રાજી કરવા વ્યસન છોડો.॥ ૧૧૯ ॥

જે ઈન્દ્રિયો ને અંતઃકરણનો, મનનો ગુલામ ન થાય તે બહાદુર કહેવાય. પણ જે મનની આગળ રાંક થઈ જાતો હોય તો તે બહાદુર નથી. ॥ ૧૨૦ ॥

જે કંચન કામિનીની પાછળ રખડે છે, રસાસ્વાદની પાછળ ભટકે છે, તેની ક્રિયા અને સાચા સાધુની ક્રિયા તદ્દન જુદી છે. ॥ ૧૨૧ ॥

**માની માણસ હોય તે પોતે તો બળે, તેમ ક્રોધી માણસ પોતે તો બળે, જોડે જોડે બીજાને પણ બાળે. ક્રોધથી ભજન ભક્તિ પણ નાશ થઈ જાય છે. મહારાજને ક્રોધ નથી ગમતો. ॥ ૧૨૨ ॥**

**સત્પુરુષનું આગવું લક્ષણ છે કે કોઈપણ દુર્જન તેમનું અપમાન કરે તેને તે સહન કરે. ॥ ૧૨૩ ॥**

કામની ઉપર વિજય મેળવનાર નારદજી એક વિશ્વ મોહિની કન્યામાં મોહી ગયા. ચ્યવનઋષિ રાફડો થઈ ગયા છતાં રાજાની કન્યા જોડે પરણ્યા. એમ તોપના ગોળે ન વિંધાય તે પણ તીર કાંમઠેથી વિંધાય જાય છે માટે મોક્ષનો માર્ગ ખૂબ સાવચેતીથી સંભાળવો. **॥ ૧૨૪ ॥**

મનમાં સત્વગુણ, રજોગુણ, તમોગુણનાં આવેશો આવ્યા કરે છે અને જાય છે. મન તિરંગી કાચિંડા જેવું છે, કાચિંડો મિનિટ મિનિટમાં રંગ બદલ્યા કરે છે. તેમ મન પણ રંગ બદલ્યા કરે છે. ઘડીકમાં સત્ત્વગુણી થઈ જાય તો બીજી ઘડીએ ઠગ થઈ જાય ને ત્રીજી ઘડીએ મૂઢ જેવું થઈ જાય આવી પરિસ્થિતિ મનની છે. મન ક્યારે કેવો રંગ ધારણ કરી લે ? તે નક્કી નહિ. **॥ ૧૨૫ ॥**

મનનો એવો સ્વભાવ છે કે તે સતત ઘાટ કર્યા કરે છે ને વહેતી નદી જેવું છે, એનું નામ જ મન છે, મનનો

સ્વભાવ અવિરત ઘાટ કરવાનો છે. ॥ ૧૨૬ ॥

મનને ભગવાનની પ્રવૃત્તિમાં વાળી દો. મનને કંટ્રોલ કરવાની જરૂર નથી. જો કંટ્રોલ કરશો તો બ્રહ્મા, શિવ જેવા પણ મનને નથી જીતી શક્યા, માટે મનને કથા-વાર્તા, કીર્તન-ભક્તિ, સંત-સમાગમની પ્રવૃત્તિમાં જોડી દો. ॥ ૧૨૭ ॥

ભગવાનનાં ભક્તને પોતાના મનમાં ક્યો ગુણ વર્તે છે ? તેને ઓળખવાની તાકાત તો હોવી જોઈએ. ॥ ૧૨૮ ॥

સત્વગુણી છે તેને જગતમાં શું કરવા લાયક છે ? અને શું કરવા લાયક નથી ? તે ધ્યાનમાં રાખીને કરે છે. જે સતત સાવધાની રાખતો હોય, સત્ત્વગુણમાં આનંદ, ઉત્સાહ, સદ્વિચારો હોય; તેમાં ખરાબ ઘાટ ન થાય, ખરાબ ઘાટને હટાવી દેવાનું કાર્ય સત્ત્વગુણનું છે; સત્ત્વગુણમાં સતત પ્રકાશ વર્ત્યા કરે છે. ॥ ૧૨૯ ॥

જગતના વિષય ભોગવવાનું મન થાય છે તે રજોગુણનું કાર્ય છે, જગતમાં ભટકવાનું મન થાય છે તે

રજોગુણનું કાર્ય છે. પાપ કે પુણ્ય કરવાનું મન થાતું નથી તે તમોગુણનું કાર્ય છે. જેને પરોપકાર અને દયાનાં કાર્યો કરવાનું મન થાય છે તે સત્વગુણનું કાર્ય છે. જેને સાધુનો સમાગમ કરવાનું મન થાય છે ને ભગવાનને ભજી લેવાનું મન થાય છે તે નિર્ગુણપણાંનું કાર્ય છે. **॥ ૧૩૦ ॥**

જે વ્યક્તિ પોતાને કયો ગુણ વર્તે છે ? તેની ખબર નથી રાખતો, તે ક્યારેય આધ્યાત્મિક માર્ગમાં ચાલી શક્તો નથી. **॥ ૧૩૧ ॥**

માયા ત્રણ ગુણવાળી છે. માયાને આખી દુનિયા જાણે છે અને બધાંને માયા બહુ ગમે છે. માયા અનેકરૂપે પ્રગટ થાય છે. માયા ક્યાં ને કેવા રૂપને ધારણ કરે છે તેની કોઈને ખબર પડતી નથી. જે માયાની આંટી ઘૂંટીમાં આવી ગયો તે તો મરી ગયો એમ જાણવું. **॥ ૧૩૨ ॥**

આખું વિશ્વ માયાતત્ત્વમાં સમાયેલું છે. ભગવાને ત્રિગુણાત્મક માયાનો ઉપયોગ કરીને આખું વિશ્વ ઉત્પન્ન કર્યું છે. **॥ ૧૩૩ ॥**

એવો ક્રોધ ન કરશો કે જે શાંત ન થાય. આજે હજારો કુટુંબો ક્રોધથી સળગે છે, માટે તેને કાબુમાં રાખો.॥ ૧૩૪ ॥

જો સત્વગુણ હશે તો રજોગુણ અને તમોગુણ હેરાન નહીં કરી શકે. સત્વગુણને ક્યારેય હૃદયમાંથી જાવા ન ઘો. ॥ ૧૩૫ ॥

સૂકો રોટલો ને મરચું ખાઈ લો, થીંગડાવાળાં કપડાં પહેરી લો પણ શાંતિ રાખો. સત્વગુણનો ધર્મ શાંતિ છે, જેનામાં સત્વગુણ હોય તેનું હૃદય પ્રકાશિત હોય છે. જેનામાં સત્વગુણ છે, તે ''એડવાન્સ વિચારશીલ'' હોય. પાણી આવતાં પહેલા પાળ બાંધે તે સત્વગુણી છે.॥ ૧૩૬ ॥

જે બીજાનાં સુખને જોઈને રીબાય તે અસંતોષી છે. ભગવાનનાં ભક્તે તો બીજાનાં સુખને જોઈને સુખી થવું. ॥ ૧૩૭ ॥

બીજાને મારીને સુખી થાય તે રજોગુણી છે. રજોગુણીને બાહ્ય પદાર્થ જોઈએ છે. જ્યાં એકતા છે તેને ખંડિત કરી નાખે તે રજોગુણી છે. ॥ ૧૩૮ ॥

તમોગુણનું મોટામાં મોટું લક્ષણ ઊંઘ છે. તે અંધકારમય હોય છે. તમોગુણીને એકપણ દિશા સૂઝતી નથી. કલ્યાણ માટે શું કરવું ? તે તમોગુણીને ખબર પડતી નથી. જેને જીંદગીની આગળ પ્રકાશ દેખાતો નથી તે તમોગુણનું લક્ષણ છે. **॥ ૧૩૯ ॥**

જે આ સભામાં આવ્યો છે, તે અક્ષરધામમાં જવાનો છે. આ સભા અક્ષરધામની છે. **॥ ૧૪૦ ॥**

માયા ભગવાનની શક્તિ છે. શક્તિ એટલે શું ? જીવ, ઈશ્વર, માયા આ ત્રણ તત્ત્વ છે. માયાનો ઉપયોગ બ્રહ્માંડ સર્જવા થાય છે. **ભગવાન ક્યારેય શક્તિ રૂપે થતાં નથી. ॥ ૧૪૧ ॥**

હું છું, આ શરીર મારું છે, એવો ભાવ થાય છે. ત્યારે તમામ વિષયો તેને ચોંટે છે. આ દેહના સંબંધી મારા છે, તેમ થઈ જાય છે ત્યારે દુઃખની શરૂઆત થાય છે. **॥ ૧૪૨ ॥**

સાયંકાળ ભક્તિ માટે છે, તે સમયે કોઈ વિષય ભોગ ન ભોગવાય. **॥ ૧૪૩ ॥**

ભક્તિમાં જ્યારે શરમ આવે ત્યારે ધામનાં અધિકારી ક્યાંથી થવાનાં છીએ. માટે ભક્તિમાં લોકલાજ ના ચાલે. ॥ ૧૪૪ ॥

જ્ઞાનનાં પોટલા કરતાં ભક્તિની ચપટી મહાન છે. ભક્તિ નિર્ભય સાધન છે, ગોપીઓ ભક્તિથી તરી ગઈ છે. ગમે તેવો વિદ્વાન હોય પણ ભક્તિ વિના અધોગતિને પામે છે. તેથી, મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે,

गुणिनां गुणवत्ताया: ज्ञेयं ह्येतत् परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः[1] ॥

અને બૃહત્સંહિતામાં કહ્યું છે કે,

''भक्त्याहमेकया ग्राह्यो न हि साधनकोटिभिः[2]''॥ ૧૪૫ ॥

૧. અર્થ : અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું; ક્યું ? તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો અને એમ ભક્તિ ને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તો પણ અધોગતિને પામે છે. (શિ. ૧૧૪)

૨. અર્થ : પરમાત્મા ભક્તિથી જ પ્રાપ્ત થાય છે, અન્ય કરોડો સાધનોથી નહિ. (બૃહત્સંહિતા-૧/૧૩/૨૧૯)

ભગવાન પાસે માંગો તો ભક્તિ માંગજો, પણ આ જગતનાં લોચા ન માંગતા. લોચા માંગશો તો તેમાં નકરૂં પોચું જ હશે. જેટલાં લોચા હોય છે તેટલાં તે પોચા હોય છે. ॥ ૧૪૬ ॥

જો ભજન ભક્તિની તાકાત હોય તો ક્યારેય વિઘ્ન ન આવે. ॥ ૧૪૭ ॥

**આ જીવ એકવાર નિર્ણય કરે કે, "મારે પુરુષોત્તમને મેળવવા છે." તો આ જીવ શું ન કરી શકે ? માટે આ જીવ તો પુરુષોત્તમને પણ વશ કરી શકે છે. ॥ ૧૪૮ ॥**

ભગવાન માલપૂવા, સોનાનાં દાગીનાનાં ભૂખ્યા નથી; પણ એક તુલસી ચડાવો તોપણ મહારાજ રાજી થાય છે; માટે બને તેટલા પવિત્ર થઈને મહારાજની ભક્તિ કરવી. ॥ ૧૪૯ ॥

જો યુવાન અવસ્થામાં ભજન ન કરી શક્યા; વિરક્ત ન થઈ શક્યા, સાધુ ન થઈ શક્યા તો કાંઈ વાંધો નહી પણ

જ્યારે અંતિમ અવસ્થા છે ત્યારે ઘરમાં રહી સંત જેવું જીવન વ્યતીત કરો. ॥ ૧૫૦ ॥

**જ્યાં ઝઘડા હોય ત્યાં ઘરનાં પાણીનાં ગોળા સુકાઈ જાય છે. જો સત્યયુગ રાખવો હોય તો મહેરબાની કરીને ઝઘડા ન કરશો. ॥ ૧૫૧ ॥**

જે ભક્તમાં પ્રીતિપણું, શૂરવીરપણું, વિશ્વાસપણું ને જ્ઞાનીપણું છે તેને ક્યારેય મૃત્યુનો ભય હોતો નથી. ॥ ૧૫૨ ॥

માં-બાપે હંમેશા દીકરીને પરણાવતા પહેલાં વિચારવું કે આ છોકરો કેવો છે ? પણ એના સારા રૂપને જોઈને; પૈસા જોઈને દીકરીને આપી દેશો તો પછી તે દીકરી દુઃખી થશે એની આંખમાં રહેલાં આંસુ માં-બાપનાં સુકૃતને બાળી દેશે. ॥ ૧૫૩ ॥

દીકરી છે તે જોખમ છે. દીકરો ગમે ત્યાં ભટકી જાય; રખડી જાય; તેની માં-બાપને કાંઈ ચિંતા નહી. માટે; દીકરીને એવા ઘેર આપજો કે જે ઘર સત્સંગી હોય. ભલે

એના ઘરમાં સંપત્તિ ન હોય પણ સંસ્કારવાળું ઘર હોય, સારા મકાનો ન હોય, ભલે એને કરિયાવરમાં દાગીના તિજોરી ના આપો પણ જ્યારે દીકરીને સાસરે વળાવો ત્યારે સહજાનંદની મૂર્તિ આપો, શિક્ષાપત્રી ને માળા જરૂર આપો. ॥ ૧૫૪ ॥

ધર્મ-ભક્તિ કરવામાં માતાઓને પોતાના પતિની હિંમત જોઈએ, જેથી પત્ની ધર્મમાં રહી શકે. કાં તો પુત્ર માતાને હિંમત આપનારો હોય તો માતા ધર્મમાં રહી શકે. કોઈના આધાર વિના સ્ત્રીઓને ધર્મમાં રહેવું તે અઘરૂં છે. ॥ ૧૫૫ ॥

જે પુત્રોનું કલ્યાણ પિતા ન કરે તો તે પિતા ન કહેવાય. જે પતિ પત્નીનું કલ્યાણ ન કરી શકે તો તે પતિ નથી. જે દેવમાં કલ્યાણ કરવાની તાકાત નથી તો તે દેવ નથી. જે ભગવાનને ભેટાડે છે તે સદ્ગુરુ છે. ॥ ૧૫૬ ॥

સંસારીઓ પર બેવડી જવાબદારી છે. એક તો માતા-પિતા-પુત્ર-પત્નીનું ભરણ-પોષણ કરવું, બીજું તે

બધાંનું કલ્યાણ થાય તેવી દિશામાં તેમને વાળવા. અને શાસ્ત્રો એમ કહે છે કે આટલી જો સંસારીમાં તાકાત ન હોય તો સંસારમાં ન પડશો. ભગવી કંથા પહેરીને જંગલમાં જતાં રહો. ॥ ૧૫૭ ॥

મુખ્ય વ્યક્તિ જેવું આચરણ કરે છે, તેવું પાછળની વ્યક્તિ આચરણ કરે છે. સહજાનંદનું હૃદય દ્રવી જાય તેવા સત્સંગી થવું પણ લાંછન લાગે તેવા સત્સંગી ના થવું. ॥ ૧૫૮ ॥

ભગવાનનો ભક્ત સાચો હિંમતવાળો હોય પણ ગારા જેવો ન હોય, બાંયો ચડાવે એવો ન હોય. દાદાગીરી કરવી, વેણ પર વેણ લાવવું, લાત સામે લાત મારવી, આંખ કાઢીને બીવરાવવું, ઈંટનો જવાબ પથ્થરથી આપવો, આ બધી હિંમત નહિ. હિંમત કંઈ ? તો મહારાજને રાજી કરવા જતાં ગમે તેવા દુઃખ આવી પડે, વિપત્તિનો વરસાદ પડે છતાં મોક્ષનાં માર્ગમાં ઢીલો ન પડે. સોનાનો દોરો છયે ઋતુમાં સમાન રહે પણ મીણનાં

દોરાની જેમ ભગવાનનો ભક્ત ન હોય. ॥ ૧૫૯ ॥

સંસારમાં સુખ આવે તો સત્સંગ વધી જાય ને સત્સંગમાં દુઃખ આવે તો સત્સંગ ઘટી જાય આવો ભક્ત ન હોય. ભક્ત સાચો એ જ છે જે એમ કહે કે, "હે મહારાજ ! મારી પર જેટલી વિપત્તિ નાંખવી હોય તેટલી નાંખી દ્યો." ॥ ૧૬૦ ॥

**જીવનમાં એક સૂત્ર ઘડી રાખો કે, "રહીએ મોજમાં ને ફરીએ હરિની ખોજમાં." પછી સુખ આવે તોય ભલે ને દુઃખ આવે તોય ભલે. ભક્ત તો મહારાજમાં મસ્ત જ રહે, પણ ક્યારેય વિપત્તિમાં ઝાંખો ન પડે. ॥ ૧૬૧ ॥**

કેટલાક લોકો સત્સંગમાં લગ્ન ને ધંધા માટે કંઠી પહેરતા હોય છે, પણ આના માટે કંઠી પહેરવાની નથી. ॥ ૧૬૨ ॥

છીછરો સત્સંગ ક્યારેય ના કરશો. ભગવાનનાં હૃદયમાં સ્થાન મેળવવું હોય તો તેની માટે સત્સંગમાં

લઢાવું પડશે. રાધા, સીતા, ગોપીઓને પૂછો કે- એમને ભગવાનને મેળવવા કેટલું લઢાવું પડ્યું હતું ? જ્યારે લઢાણા ત્યારે ભગવાનની બાજુમાં બેસે છે અને સિંહાસનમાં બેઠા છે. પણ આપણે તો વગર લઢાયે ભગવાનની સમીપમાં બેસવું છે. એ તો વળી કયો ન્યાય છે ? **॥ ૧૬૩ ॥**

ભગવાનનો ભક્ત પરોપકારી હોય, પ્રેમી હોય, નિયમમાં પૂરો હોય, માખણ અને ભક્તમાં એટલો ફેર છે કે માખણ પણ કોમળ ને ભક્તનું હૃદય પણ કોમળ, માખણને જ્યારે પોતાનું દુઃખ આવે ત્યારે પીગળશે ને ભક્ત બીજાનાં દુઃખ જોશે ત્યારે પીગળશે, આટલો માખણ અને ભક્તમાં તફાવત છે. **॥ ૧૬૪ ॥**

**જે બીજાનાં દુઃખને જોઈને દુઃખી ન થાય તે તો હૃદય વિનાનો છે.** લોઢું પીગળી જાય પણ ઘણાંનાં હૃદય તો ક્યારેય પીગળે નહિ. પણ ભગવાનનાં ભક્ત એવા ન હોય. **॥ ૧૬૫ ॥**

મન-ઈન્દ્રિયોને જ્યાં ત્યાં ભટકવા ન દેશો. ધ્યાન રાખજો. "ચેતતા નર સદા સુખી" માટે પાણી આવતા પહેલા પાળ બાંધી દઈએ. ॥ ૧૬૬ ॥

**ઘણાં એવા મહોબતવાળા હોય કે સાધુને ખોટું લાગી જાય તેનો કાંઈ વાંધો નહિ, પણ સગાં-સંબંધીને ખોટું ન લાગવું જોઈએ. આવા જે મહોબતવાળા છે તે પથરા છે. તે ક્યારેય ન ઓગળે. તેનું ક્યારેય કલ્યાણ ન થાય. ॥ ૧૬૭ ॥**

જે ભગવાનનાં ખરા મરદ ભક્ત છે, જેને મહારાજને પામવાની તાકાત છે, તેનામાં મરદાનગી આવે છે, પણ કાયરનું કામ નથી. ॥ ૧૬૮ ॥

જે શીરને સાટે ભગવાનને વરવા જાય છે, તેને કોઈ વિઘ્નો દેખાતાં જ નથી. જે આંધળો થઈ આધ્યાત્મિક માર્ગે જાય છે, દુઃખી થવા માટે ભગવાનને ભજે છે એ જ ભગવાનને ભજી શકે છે. ॥ ૧૬૯ ॥

મુક્તાનંદસ્વામી, દાદાખાચર, મોટીબા, લાડુબા,

મીરાંબાઈ, નરસિંહ મહેતા, ગોપીઓ આ ભક્તોએ કેટલાં દુઃખો સહન કર્યા ? તો પણ મોક્ષનાં માર્ગમાંથી લગારેક પણ પાછી પાની ન કરી. ॥ ૧૭૦ ॥

"દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય" પણ આ શાસ્ત્રથી વિરૂદ્ધ છે, માટે દીકરીને તથા ગાયને જ્યાં ત્યાં ન દોરવશો. ॥ ૧૭૧ ॥

જ્યારે અતિ સુખદાયક પદાર્થ મળે ત્યારે બહુ દુઃખી ન થાવું અને અતિ દુઃખદાયક પદાર્થ મળે ત્યારે મુંઝાઈ પણ ન જવું. ॥ ૧૭૨ ॥

ભગવાનનાં ભક્ત તીખા હોવા જોઈએ; એટલે કે ઈન્દ્રિયો, અંતઃકરણને વજસમાન લાગવા જોઈએ એવા તીખા હોવા જોઈએ.॥ ૧૭૩ ॥

જે પુરુષ સ્ત્રીની પાછળ પાગલ હોય તે ક્યારેય ભગવાન ન ભજી શકે. સંસારમાં અનાસક્ત થઈને રે' જો, પણ તેમાં આસક્ત ન થશો. ॥ ૧૭૪ ॥

વ્યવહારમાં બહુ ચોખ્ખાઈ રાખવી, તાકાત હોય

તેટલું દાન કરવું, પણ ઉછીનાં લઈને દાન ન કરવું, ઘણાં દસ જગ્યાએથી હરામનાં લૂંટીને ઘર ચલાવે અને પાછો તિલક-ચાંદલો કરીને ફરે. આવા મહારાજને તથા સાધુને કલંક લગાવે છે; માટે આવું ના કરશો. **॥ ૧૭૫ ॥**

**ભક્તનાં હૃદય તો દરિયા જેવા હોય. ભગવાનનાં ભક્તનાં દુઃખે જ્યારે આપણે દુઃખી થઈએ ત્યારે માનવું કે મારા સાચા સગાં ભક્તને માન્યા છે. ॥ ૧૭૬ ॥**

જૂના જમાનામાં વૃદ્ધો ભજન કરતાં પણ આજે તો વૃદ્ધો કરતાં જુવાનિયા વધારે સત્સંગમાં રસ જમાવતાં જાય છે ને ભક્તિ કરે છે. ભગવાનને મેળવવાની ભૂખ જાગવી એ મુખ્ય છે. **॥ ૧૭૭ ॥**

પત્ની જ્યારે આદર્શ થાય છે ત્યારે તે પોતાના પતિને ઓળખી શકે છે, તેમ ભક્ત જ્યારે આદર્શ થાય છે ત્યારે તેના માલિક પુરુષોત્તમને ઓળખી શકે છે. **॥ ૧૭૮ ॥**

લગ્ન એટલે બહુ મોટો જગન એમાં તો થાક પણ ન લાગે. ત્યાં જઈ રગડા ચાટે ને જ્યારે લગ્નમાં નાચતો હોય ત્યારે તે કેવો ભૂંડો લાગે તેની વાત જવા દ્યો, ભગતને ક્યારેય જગત જોડે ન ફાવે. માટે જગતથી છૂટાછેડા થશે ત્યારે પુરુષોત્તમ જોડે ફેરા ફરાશે. **॥ ૧૭૯ ॥**

જયારે બહેનોને મહિનામાં ત્રણ દિવસ માસિક ધર્મ આવે તે પાળવો, ત્યારે પુરુષોએ જાતે રસોઈ બનાવીને ઘરમાં બધાંને જમાડવા પણ હોટેલનાં રગડા ન ખરીદવા તો મહારાજ પ્રસન્ન થશે. **॥ ૧૮૦ ॥**

આપણા મન પર આહારની બહુ અસર થાય છે. માટે ભક્તનાં હાથનું ખાવું પણ ઠગતનાં હાથનું ન ખાવું. આહારની શુદ્ધિ રાખશો તો મોક્ષની શુદ્ધિ થશે. **॥ ૧૮૧ ॥**

મજૂરો પાસે જેટલું કામ કરાવીએ તેટલું વેતન આપવું પણ ઓછું ન આપવું. આવા ઘણાં અધર્મી દુનિયામાં બધાંનાં અતિ લોહી ચૂંસતા હોય છે. ધર્માદો કાઢીએ તો ક્યારેય દુઃખી ન થવાય. જાત્રા કરીએ તો પણ

તીર્થસ્થળે ધર્માદાનું ન ખાવું, કંઈક સેવા કરી દેવી. આ વાત ગૃહસ્થોએ બહુ વિચારવા જેવી છે. **॥ ૧૮૨ ॥**

સંસારીઓએ જ્યારે પોતાની દીકરીને સાસરે વળાવે ત્યારે સારો ઉપદેશ આપવો કે - "બેટા ! સાસુ-સસરા-જેઠાણી ની સામે માથાની થઈને ન રહેતી પણ ગાય થઈને રહેજે." એમ સારી શિખામણ આપવી. **॥ ૧૮૩ ॥**

**જેની યુવાની સુધરી તેની સંપૂર્ણ જીંદગી સુધરી. માટે પોતાની યુવાનીને મહારાજ અને સત્પુરુષની અનુવૃત્તિમાં લગાવી દેવી. ॥ ૧૮૪ ॥**

શ્રીજી મહારાજે આપણને પરોપકાર માટે આજ્ઞા આપી છે. તે બહું વિચારવા જેવી છે. અન્નદાન, ગૌદાન ને વિદ્યાદાન આ મોટું દાન છે. આ ત્રણ વાતો લઈ આગળ આવી શકાય છે. અતિથિને અન્ન આપવું ને ગરીબને વિદ્યાદાન આપવું તેનાથી તે બહું જ મોટું પુણ્ય થાય છે. **॥ ૧૮૫ ॥**

આપણી આંખ આપણા મોઢાને જોવાની નથી અને જગત જોશે તો એમ કહેશે કે એ ફિલ્મનાં હીરા જેવો કહેશે પણ દાદાખાચર જેવો છે એમ કોઈ નહીં કહે, એમાં શું લાડવો મળ્યો ? આપણે આપણી જાતનું પ્રદર્શન કરીએ છીએ. ભગવાનનો ભગત હોય તે પોતાનું પ્રદર્શન ક્યારેય ન કરે. ॥ ૧૮૬ ॥

સત્સંગની પ્રાપ્તિ થઈ ગઈ છે. સંતોની કૃપાથી ને સત્પુરુષના સમાગમથી સત્સંગી તો થઈ ગયા પણ એકાંતિક થવાનું બાકી છે. ભગવાનને એકાંતિક ભક્ત ગમે છે અને એકાંતિક ભક્તો થવા માટેની આ પાઠશાળા છે. ॥ ૧૮૭ ॥

સત્સંગ પ્રધાન કરવાનો છે. જીવને સમાજ અને સંસાર પ્રધાન છે. માટે પહેલા નંબરે સત્સંગ પ્રધાન રાખવો. ॥ ૧૮૮ ॥

ભગવાનને તથા સત્પુરૂષને કઈ રીતે રાજી કરવા ? ભગવાનનાં ભક્તો તેના વિચારમાં હોય છે, જ્યારે

વિષયી જીવ હોય તે વિષયનાં આનંદમાં હોય ને મોજ શોખમાં આનંદ માણતાં હોય છે. ॥ ૧૮૯ ॥

જો મહારાજને ભજવા છે તો એવી રીતે ભજો કે મહારાજ આપણને જોઈને પ્રસન્ન થાય. ॥ ૧૯૦ ॥

જે ભક્તને મહારાજને ભજવાની ભૂખ છે, તે જ મહારાજને પામી શકે છે. ॥ ૧૯૧ ॥

પરણ્યા પછી માણસ નારીને વશ થઈ માં-બાપને ભૂલી જાય છે ને માં-બાપને છોડી દે છે. આવું ભક્તોએ ન જ કરવું. ॥ ૧૯૨ ॥

સિંહણનું દૂધ તો સોનાનાં પાત્રમાં રહે છે, તેમ આ કથા સિંહણનું દૂધ છે.જે સાચો ભક્ત છે તે આ વાતને પચાવી જાણશે નહિંતર ફાટી જાશે. ॥ ૧૯૩ ॥

ભગવાન ને સાધુ મળ્યા છે અને આવો સત્સંગનો ભીડો મળ્યો છે તેનું બળ રાખો. ॥ ૧૯૪ ॥

જગત ને ભગતની રીત એક ન હોય તેને દઢ કરો પણ સ્વામિનારાયણના થઈને પોતાની જાતને

માયકાંગલા ન સમજશો. ॥ ૧૯૫ ॥

**ભગવાન સ્વામિનારાયણ કહે છે કે-કોઈપણ દુઃખીયો હોય તેને અન્ન વસ્ત્ર આપીને પણ સુખીયો કરવો ને માતા-પિતાને ઈશ્વરરૂપે માનીને આજીવન સેવા કરવી ને ગુરૂને ઈશ્વરરૂપ માનીને સેવા કરવી. ॥ ૧૯૬ ॥**

**જે માતા-પિતાની સેવા કરતાં નથી તે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત નથી. ॥ ૧૯૭ ॥**

કોઈકના લગ્ન થતાં હોય ત્યારે ''રામ બોલો ભાઈ રામ'' એમ બોલાય તો તે અવિવેક કહેવાય, ત્યાં ઝઘડો થાય. એમ ઘણાં માણસનાં મગજમાં ઊંધી રાઈ ભરેલી હોય છે માટે વિવેક રાખવો. ભલે સાચી વાત હોય પણ કોઈકનું ખરાબ દેખાતું હોય તો સાચી વાત ન કહેવી, તેને શાંતિથી સમજાવવો. ॥ ૧૯૮ ॥

ભગવાનમાં ચોંટવું પણ જ્યાં ત્યાં ન ચઢાવી. નહિંતર જીવનની ઘાણી થઈ જશે. ॥ ૧૯૯ ॥

જે શૂરવીર હોય તે નાદાન કે કાયર ન હોય. માટે એવા ભોળા ન બનો કે આપણને કોઈ અધર્મનાં માર્ગે ચઢાવી દે. ॥ ૨૦૦ ॥

૧૮ વર્ષનો હોય તેને વૈરાગ્ય થાય ને ૨૦ વર્ષનો હોય તેને પણ વૈરાગ્ય થાય પણ બુઢ્ઢા થાય તો પણ તેને વૈરાગ્ય ન થાય તે વળી કેવું ? ॥ ૨૦૧ ॥

જો કાચાને કાચા મરી જાશું તો ફરી જન્મ લેવો પડશે. એકવાર તો આ સંસાર છોડવો પડશે, છોડવો પડશે, છોડવો પડશે જ. પણ જ્યારે ''જમડા'' ચાબુક લઈને આવશે ત્યારે તેની સામે કાંઈ નહીં ચાલે, માટે મહારાજને ભજી લેવા. ॥ ૨૦૨ ॥

ભેખ લેવો તે સરળ નથી. ભેખ લઈને આ કળિયુગમાં રહેવું સરળ નથી. વૈરાગ્યથી ત્યાગ છે તે જ સાચો છે. જે વૈભવને લીધે આ ત્યાગીનો ભેખ લે છે, તે ડુંગળી જેવા ગંધાતા હોય છે. ॥ ૨૦૩ ॥

જેનું ચારિત્ર્યવાન જીવન હોય, ભક્ત હૃદય હોય,

નિર્વ્યસની જીવન હોય, તો અમે તેમને પકવાન રાંધીને જમાડીએ આ વાત નક્કી છે. આપણે સહજાનંદી છીએ. ॥ ૨૦૪ ॥

જો ચારિત્ર્યવાન જીવન જીવીને ભગવાનને ભજી ન શકીએ તો આ મનુષ્ય જન્મને ધિક્કાર છે. આપણાં વડવાઓનો ત્યાગ વિચારો ને તેના માર્ગે ચાલો. ॥ ૨૦૫ ॥

આ કાંઈ વેવાઈ, બનેવી, જમાઈ, સાસુ-સસરાનાં સંબંધ નથી. આ તો મોક્ષની સાથે બાથ ભરીએ છીએ, એટલે એવા સત્પુરૂષનો સંગ કરવો જોઈએ જેથી ધર્મનું પાલન થાય, એટલું ન થાય. તો ધર્મને આંચ ન આવે એટલું તો કરીએ. ॥ ૨૦૬ ॥

કામીને સંગે જે રહે તે પણ ભ્રષ્ટ થાય. ॥ ૨૦૭ ॥

ગુરુ એ માંની જગ્યાએ છે, તેમ મુક્તાનંદ સ્વામી સંપ્રદાયની 'માં' છે અને ભગવાન સ્વામિનારાયણની પણ 'માં' થયા છે. ભક્તિદેવી, કૌશલ્યા, યશોદા જેને માંનો લાભ મળ્યો છે, તેવો લાભ મુક્તાનંદ સ્વામીને

લોજમાં મળ્યો છે. ॥ ૨૦૮ ॥

જીવનમાં એક પોતાની દીકરી, બહેન હોય તેનું અને બીજું ધર્માદાનું. આ બેનું ક્યારેય ન ખવાય, કારણ કે તે જીવનમાં ક્યારેય ન પચી શકે. ॥ ૨૦૯ ॥

કોઈ વ્યક્તિએ એમ ન માની લેવું જોઈએ કે સાધુ જ ભગવાન બતાવી શકે. પણ કોઈ બ્રહ્મવેત્તા પુરુષ સંસારમાં હોય તો તે પણ ભગવાન બતાવી શકે છે. ॥ ૨૧૦ ॥

**"હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જો" એમ ભગવાનનો ભજવા નીકળો ત્યારે લોકલાજનો ત્યાગ કરીને નીકળવું. ॥ ૨૧૧ ॥**

જ્યાં સુધી સત્સંગ પરાયણ જીવન ન થાય ત્યાં સુધી સંસાર ન સુધરે. જ્યારે નંદ-યશોદા જેવું જીવન થશે, વસુદેવ ને દેવકી જેવું જીવન થશે, કૌશલ્યાને દશરથ જેવું જીવન થશે, **ધર્મ ને ભક્તિ જેવું જીવન થશે ત્યારે મારો વ્હાલો ઘનશ્યામ તમારે ઘેર આવશે તે નિર્વિવાદ**

**વાત છે. ॥ ૨૧૨ ॥**

ઉપરથી સાધુતા દેખાડે અને માંહિથી તો મહાભ્રષ્ટ હોય તેવા આ દુનિયામાં ઘણાં છે. માટે ક્યારેય ખોટામાં ન ભરમાશો. **॥ ૨૧૩ ॥**

જે ભોળો હોય તે ભગવાન ભજી શકે, પણ જે કહેવાતો ડાહ્યો હોય તે ભગવાન ભજી ન શકે. **॥ ૨૧૪ ॥**

પ્રેમી થાવું સારું છે, પણ મૂર્ખ પ્રેમી થાવું ખરાબ છે. **॥ ૨૧૫ ॥**

જેના તેનાં આશીર્વાદ લેતા ફરીએ તોને પુરુષોત્તમની નિષ્ઠા ન કહેવાય. **॥ ૨૧૬ ॥**

જે ભગવાનથી વિમુખ દારૂડિયો, હરામી, લંપટ હોય તેવા પતિનો ત્યાગ કરવાથી ભગવાનને ભજવામાં પતિવ્રતાપણું જાતું નથી, પાપ લાગતું નથી; તેનો ત્યાગ કરવાથી આપણું જીવન જોખમમાં ન મૂકાય તેનું ધ્યાન રાખવું જોઈએ. **॥ ૨૧૭ ॥**

તમોગુણ એટલે મૂઢપણું, આંધળાપણું.

તમોગુણમાં કર્તવ્યાકર્તવ્યનું ભાન ન રહે, પથ્થર જેવો થઈ જાય, નિંદ્રા, પ્રમાદ, આળસ વર્તે, પોતાની ફરજ પરથી ઉતરી જવું તે તમોગુણનું કાર્ય છે, આવો તમોગુણ ભગવાનનાં ભક્તમાં હોય ને તે જો વિચારે તો ખબર પડે કે - મારામાં આ ગુણનો વેગ આવ્યો છે. માટે ક્યો ગુણ વર્તે છે ? તેનું ધ્યાન રાખવું ને તેને ટાળવાનો પ્રયત્ન કરવો. ॥ ૨૧૮ ॥

એક જમાનો હતો કે માં-બાપને દીકરો છોડવો નો'તો ગમતો અને દીકરાને માં-બાપ છોડવા ગમતાં ન હતા, પણ આજે તો એકબીજાને જોવા પણ ગમતાં નથી એવું પણ બને છે. ॥ ૨૧૯ ॥

**કોઈ ગરીબ હોય તેનું જીવન રખડી જતું હોય, તેનો વ્યવહાર તૂટી જતો હોય, ત્યારે ભગવાને જેને અન્ન-વસ્ત્રે કરીને સુખી કર્યા હોય, તો તે ગરીબની સામું જોઈને તેની મદદ કરજો અને તેની હૃદયની આંતરડી ઠારજો. ॥ ૨૨૦ ॥**

હે વ્હાલા ભક્તો ! તમે અડધામાં અડધું ખાજો, પણ જે કપડાં વિનાનો હોય, ખાધે-પીધે દુઃખીયો હોય, તો તમે તેને મદદ કરજો પણ સાચો ગરીબ હોવો જોઈએ. લૂંટફાટ કરતો હોય, ચોરી કરતો હોય, દારૂડિયો હોય તેને મદદ ન કરવી. **॥ ૨૨૧ ॥**

જે ભગવાનનો ભક્ત ગરીબ છે તેને કંઈક ને કંઈક આપજો, તેના જીવનમાં સહાયભૂત થજો, એવી મહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે. જે સહાયભૂત થશે તેનો અંતરાત્મા શાંતિને પામશે અને કોઈ પાસે આશીર્વાદ માંગવા નહીં જવું પડે. **॥ ૨૨૨ ॥**

ભગવાન સ્વામિનારાયણ અને શાસ્ત્રોનાં કહેવાથી ગરીબ બાળકોને રાખી તેમની પાસે સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરાવવું તેની સમાન કોઈ મોટું પુણ્ય નથી અને તેની સમાન કોઈ પદાર્થમાં ભગવાન રાજી હોય તેમ દેખાતું નથી. માટે મહારાજને રાજી કરવા પરોપકારી થવું. **॥ ૨૨૩ ॥**

સત્સંગનું નામ લાજે અને આપણા ઈષ્ટદેવનું નામ લાજે તેવું કાર્ય ન કરવું. વાસ્તવિક રીતે આપણે સત્સંગી થવું છે. **॥ ૨૨૪ ॥**

આપણું માન સાચવવા માટે, મોભો જાળવવા માટે, જો આપણે જગતના પ્રવાહમાં ભળી જઈએ તો આપણે સત્સંગી નથી. **॥ ૨૨૫ ॥**

સત્સંગી થાવ તો સત્સંગિજીવનમાં નિયમ લખ્યા છે તે પ્રમાણે થાવું, નહિંતર ન થાવું. **॥ ૨૨૬ ॥**

ક્યારેય અધર્મની અંદર જશો નહિ, દાન આપશો નહીં. વ્હાલા ભક્તો ! તમારા હૃદયને પૂછવું કે શું થાય ? માટે ધ્યાન રાખજો. **॥ ૨૨૭ ॥**

જે જીવી શકે છે તો તે ત્યાં સુધી ધર્મનું રક્ષણ પણ કરી શકે છે. જો તમે ધર્મનું રક્ષણ કરશો તો તે ધર્મ તમારું રક્ષણ કરશે, નહિંતર ધ્વંસ કરશે; માટે વ્હાલા ભક્તો ! નક્કી કરો કે આજથી આપણે ધર્મનું રક્ષણ કરવું જ છે. **॥ ૨૨૮ ॥**

**ધર્મનું રક્ષણ સજ્જનનાં સંગથી થાય છે, પુરુષોએ સત્પુરૂષોનો સંગ કરવો ને માતાઓએ સન્નારીઓનો સંગ કરવો. ॥ ૨૨૯ ॥**

સંધ્યાકાળ બહુ ખરાબ છે, પ્રાતઃકાળ તે પવિત્ર કાળ છે; માટે સંધ્યા કાળે અપવિત્ર ક્રિયાઓનો ત્યાગ કરીને મંદિરે જઈ ઉચ્ચ સ્વરે કીર્તન કરવું, ભજન સ્મરણ કરવું. **॥ ૨૩૦ ॥**

જે અધર્મને વરે છે તે રાક્ષસો થાય છે; જે ધર્મને વરે છે તે દેવો બને છે. **॥ ૨૩૧ ॥**

ભીષ્મ અને દ્રોણ દુર્યોધનનાં સમાગમે અધર્મી કહેવાયા. પણ પ્રહલાદને નારદનો સમાગમ થયો તો ભક્ત કહેવાણા, કારણ કે સંગ બળવાન છે; માટે ઉચ્ચકુળમાં જન્મેલા હોય તેને એમ ન માની લેવું કે તે દેવ છે. ધર્મના ઝભ્ભા પહેર્યા હોય તે ધાર્મિક છે એમ પણ ન માનવું. **॥ ૨૩૨ ॥**

યુવાન અવસ્થાવાળાએ ક્યારેય માં-બહેન જોડે

એકાંતમાં ન રહેવું. ॥ ૨૩૩ ॥

ઘણીવાર ગૃહસ્થને જન્મ-મરણ કે લગ્ન પ્રસંગે સૂતક આવે તો તે પૂજાને માળીયા પર મૂકી દે છે, આવા ભક્તો હોય તેની પર શું ભગવાનની કૃપા થાય ? ના જ થાય. ॥ ૨૩૪ ॥

બંગલો, ગાડી, ધન, પુત્ર, પરિવાર, માયામાંથી સર્જાયેલું છે. ભગવાનનો ભક્ત હોય તેને માયા નડતી નથી. ॥ ૨૩૫ ॥

ભગવાનનાં ભક્તમાં એટલી બધી તાકાત છે કે માયા પણ તેને સુખદાયી બને છે. ॥ ૨૩૬ ॥

દાન સત્વગુણીનો ધર્મ છે. સત્ત્વગુણી વ્યક્તિ ક્યારેય ગરમ ન થાય. તેનામાં પરમાત્મા જેવા ઐશ્વર્ય આવે છે. જેનામાં તમોગુણ છે તેનામાં ઐશ્વર્ય આવતું નથી. ॥ ૨૩૭ ॥

રજોગુણી માણસ ક્યારેય સ્થિર ન હોય, રજોગુણનું બાહ્ય રૂપ કપડાં છે. રજોગુણ ભક્તિમાં બાધક

છે. રજોગુણીનું મન ચંચળ હોય, તે જીવથી રીબાતો હોય પણ આનંદમાં ન હોય, ક્યારેય પૂર્ણ ન થાય સદંતર અસંતોષી હોય. નિર્દયતા એ રજોગુણીનો ધર્મ છે. ॥ ૨૩૮ ॥

હે વ્હાલા ભક્તો ! જ્યારે તમારા ઘરમાં કોઈ પણ બહારનો વ્યક્તિ આવે કે સગાં સંબંધી આવે ને તમારા ઘરની નિંદા કરતો હોય તેને ક્યારેય ન સાંભળશો. તેને ઘરની બહાર વહેતા જ કરી દો. ॥ ૨૩૯ ॥

કોઈનું ખરાબ થઈ જાય, ભૂંડું થઈ જાય, તેવું સત્ય ન બોલાય. **વાણી અને પાણી બંને ગાળીને વાપરો. પાણી ન ગાળો તો રોગ થાય તેમ વાણી ન ગાળો તો ઝઘડાં થાય. ॥ ૨૪૦ ॥**

સાધુનાં સમાગમની ભૂખ જ લાગતી ન હોય તેને આસુરી બુધ્ધિવાળો જાણવો. આપણને કોઈ કાંઈ કહી શકે જ નહિ ને હું ચોખ્ખો છું, તેવું માનવાનું જ નહિ. ॥ ૨૪૧ ॥

જેમ મજૂર છે તેને પૈસાની કિંમત છે. તેને કંટાળો આવતો નથી, નાસીપાત થતો નથી, તેનું કારણ પૈસો છે. તેમ **ભગવાનને તથા સાધુને રાજી કરવામાં તન-મનથી ક્યારેય થાકી ન જવું જોઈએ. જો રાજી કરવા જ આવ્યા હોઈએ તો પરિશ્રમ કરીને પણ ભગવાનને રાજી કરી લેવા. ॥ ૨૪૨ ॥**

ભગવાન હૃદયની અંદર જ બેઠા છે, તે આપણી જ રાહ જુએ છે કે ક્યારે મારો ભક્તમને જુએ ? **॥ ૨૪૩ ॥**

આ સત્સંગમાં જે બિઝનેસ-વેપારનાં લોભે આવશે તો ખુલ્લા પડ્યા વિના નહીં રહે, આવા ભાવથી સત્સંગમાં ન આવવું. **॥ ૨૪૪ ॥**

**મીઠું ને રોટલો ખાજો પણ સત્સંગની લાજ જાય તેવું જીવન ન જીવશો, જીવન ઉજળા કરજો. પૃથ્વી પર સૂઈ જજો પણ મહેરબાની કરીને સત્સંગને કલંક ન દેશો. ॥ ૨૪૫ ॥**

સંસારમાં બુઢ્ઢો હોય તેની કિંમત જાય ને જુવાન

હોય તેની કિંમત વધે, પણ અમારે ત્યાં જે ઘરડો થાય ત્યારે તેની કિંમત થાય. જુવાની આવવા જ ન દઈએ તો ભજન થાય, માટે મોક્ષનાં માર્ગમાં થાકશો નહિ.॥ ૨૪૬ ॥

આ સત્સંગમાં આપણે સમર્પિત થવા આવ્યા છીએ પણ બીજાને સમર્પિત કરવા નહીં. જે સત્સંગમાં ઘસાય જવાં ને હોમાય જવા આવશે તે મોક્ષનો માર્ગ તરી જશે. તેની પર મહારાજ રાજી થશે. બીજાનાં માટે ઘસાય જવા આ સત્સંગ કરવાનો છે. ॥ ૨૪૭ ॥

અમારા ને તમારા આધ્યાત્મિક વ્યવહારો છે, પણ ભૌતિક વ્યવહારો નથી. સાધુ પાસે આવી આજ્ઞા, ઉપાસના ને કલ્યાણની વાતો સાંભળો, પણ જગતની વાતો ન કરશો સત્સંગમાં કંઈક લેવા આવ્યા છીએ. ॥ ૨૪૮ ॥

જગતનો કચરો સાધુની આગળ ન ઠાલવવો. આ ધંધો કોઈએ ન કરવો. ॥ ૨૪૯ ॥

સત્સંગમાં આવવું તો આત્યંતિક કલ્યાણનાં લોભે

આવવું. મરચું ને રોટલો ખાવ, પણ નિષ્કામભાવે સત્સંગ કરવો. ।। ૨૫૦ ।।

**ભગવાન ને સરકારનાં ગુનામાં આવીએ તેવા કામ ન કરશો. સત્સંગનો ખરાબ ઉપયોગ ન કરવો. સત્સંગમાં ઉપયોગ થવા માટે આવજો. પણ સાધુનાં ઓથે ભૌતિક વ્યવહારમાં લાભ થાય તેવા વિચારથી સત્સંગમાં આવશો નહિ. ।। ૨૫૧ ।।**

આ સભામાં બેઠા છીએ તેનું કારણ એ છે કે આપણને ભગવાનમાં હેત છે. કલ્યાણ આશરાથી થાય છે, તે કૃપાસાધ્ય છે. મનનો સ્વભાવ છે કે તે મળને પણ યાદ કરે. ભગવાન સિવાય બીજો ઘાટ ન થાય તેવા પણ ભક્તો આ સત્સંગમાં છે. ।। ૨૫૨ ।।

જે સ્ત્રી પતિનાં વિચારોને જાણી શકતી નથી, પતિને ઓળખી શકતી નથી એનું નામ પતિવ્રતા સ્ત્રી નથી. ।। ૨૫૩ ।।

**સાંખ્યયોગી માતાઓ માટે પણ મહારાજે સાધુ**

**જેવા નિયમ કર્યા છે, મહારાજે સ્ત્રીઓના ધર્મ બતાવી તેને મોક્ષનાં માર્ગમાં સેફ રાખી છે, મહારાજે બહેનોને કથા - પારાયણ કરાવતા શીખવ્યા, ભણાવ્યા ને વ્યાસપીઠ પર સપ્તાહ કરે અને તેમાં ફક્ત સ્ત્રીઓ જ બેસી શકે; પુરુષો નહીં. આ કાર્ય મારા મહારાજે કર્યું છે. ॥ ૨૫૪ ॥**

આ સંપ્રદાય પંચવર્તમાન અને વર્તનનો છે. મહારાજને ધર્મ બહુ ગમે છે. સાંખ્યયોગી માતાઓમાં જે મુખ્ય હોય તે જ ધનની લેવડ-દેવડ કરે અને અગત્યનું કામકાજ હોય તો પુરુષ સાથે વાત કરી શકે છે. બીજા બધાંએ તો સાધુની જેમ નિયમમાં રે'વું. **॥ ૨૫૫ ॥**

જ્યારે સંતો હરિભક્તોનાં ઘેર પધરામણી આરતી કરવા જાય ત્યારે બહેનો બીજા ઓરડાની અંદર રહી આરતીનાં દર્શન કરી શકે છે, એ મહારાજની બાંધેલી મર્યાદા છે. જે મર્યાદા તોડે છે, તેની ઉપર મહારાજ રાજી થતા નથી. **॥ ૨૫૬ ॥**

આ દુનિયામાં અનેક રાવણો છે, ઘેર ઘેર રાવણો થઈને બેઠા છે. રામ ભગવાને તો ધોબીનાં શબ્દે ‘‘સીતામાતા’’ નો ત્યાગ કર્યો તે તો સીતાજી જ સહન કરી શકે. માટે ગમે તેવું દુઃખ આવે પણ મારા નાથને ભજજો. **॥ ૨૫૭ ॥**

સ્ત્રી થકી પુરુષોત્તમનારાયણ પ્રગટ થાય છે અને સ્ત્રી થકી જ મુક્તાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી પ્રગટ થાય છે. **॥ ૨૫૮ ॥**

સાધક હોય તેને સાધના કરતાં કરતાં બહું ધ્યાન રાખવું જોઈએ. ઝેરમાં દૂધ પડે તો ક્યારેય ઝેર દૂધ ન બની શકે, જો દૂધનાં પાત્રમાં એક બુંદ ઝેર પડી જાય તો તે બધાં દૂધને ઝેર કરી નાંખે છે. જે મોક્ષનાં માર્ગે ચાલ્યા છે, જે ત્યાગનાં રસ્તે ચાલ્યા છે, જે બ્રહ્મચર્ય પાળવા ચાલ્યા છે ને ભગવાનને માર્ગે ચાલ્યા છે, તેને પુરુષ હોય કે સ્ત્રી હોય તેને અધર્મથી બીતું રહેવું ત્યારે તેની સાધના નિર્વિઘ્ને પાર પડે છે. **॥ ૨૫૯ ॥**

જેમ સ્ત્રીને પોતાનું પિયર બહુ વહાલું છે, તેમ સાધુને મહારાજ બહુ વ્હાલાં છે. **॥ ૨૬૦ ॥**

એક સાચી સહજાનંદી સિંહણમાં એટલી તાકાત છે તે પોતાની દૃષ્ટિમાત્રથી સમર્થ યોગીઓને અને યતિઓને જન્મ આપી દે છે. જેમ કે, મોટીબાને યોગે કરીને બ્રહ્માનંદ સ્વામી થયા. તે જ સાચી સહજાનંદી સિંહણ છે. **॥ ૨૬૧ ॥**

લક્ષ્મણે ૧૪ વર્ષ ત્યાગ રાખી અખંડ નૈષ્ઠિક બ્રહ્મચર્ય રાખી રામની સેવા કરી, એવા બીજા બ્રહ્માનંદ સ્વામી જે નિદ્રાને તથા ભૂખને આધીન ન થયા, એ બે પુરુષ યતિરાજ પુરુષ કહેવાયા. **॥ ૨૬૨ ॥**

જો ગૃહસ્થ લોકોએ પોતાના ઘરને સુધારવું હોય તો પોતાના ઘરમાં એક સરસ ટેપ કે સી.ડી. પ્લેયર રાખો, કીર્તન-ભજન-કથા સાંભળો તો ઘરમાં દિવ્ય વાતાવરણ થશે ને કીર્તન સાંભળતા કે કથા સાંભળતા જો રસોઈ બની હોય તો તે રસોઈ જે ખાય તે જરૂર

સત્સંગી થાય.. થાય.. ને થાય.. જ. ॥ ૨૬૩ ॥

જેનો આત્મા પરમાત્માથી રંગાયેલો છે તે જ સંત છે. પણ સત્સંગની મર્યાદા છે કે પુરુષ હોય તે સત્પુરૂષનો સમાગમ કરે અને બહેનો હોય તો સાંખ્યયોગી માતાઓનો સમાગમ કરે એટલું ધ્યાન રાખજો. ભક્તો ! સંત ન હોય ભગવાં કપડાંમાં જ, સંત ન હોય કાળાં કપડાંમાં જ, સંત તો સ્ત્રીરૂપમાં પણ હોય અને પુરુષરૂપમાં પણ હોય. ॥ ૨૬૪ ॥

ભગવાનના ભક્ત હોય કે અભક્ત હોય પણ સ્ત્રીનો મહાનમાં મહાન તથા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જો કોઈ ધર્મ હોય તો તે પતિવ્રતા ધર્મ છે. ॥ ૨૬૫ ॥

કાગડાની નજર સડેલી કેરીમાં જ હોય તેમ વિષયી જીવોની નજર વિષયભોગમાં જ હોય, તેની નજર કાગડા જેવી જ હોય છે. ॥ ૨૬૬ ॥

એક કુસંગી સ્ત્રી હોય તો તે આખા પરિવારને કુસંગી બનાવે. સ્ત્રી આગળ કોઈ જીતી ન શકે. તે ધારે તો

કુસંગી કરે ને તે જો ધારે તો સત્સંગી પણ કરી શકે છે. ॥ ૨૬૭ ॥

સંસારમાં નારી છે તે આખા ઘરનાં ઉધ્ધારનું કારણ છે. સન્નારી છે તે પોતાના કુટુંબનાં મોક્ષનાં વાહક છે. સંપૂર્ણ ઘરનાં ધર્મોને સાચવવાની જવાબદારી નારીનાં શિર પર છે. ॥ ૨૬૮ ॥

દરેક સધવા નારીઓએ પોતાના હૃદયમાં એવી ઈચ્છા રાખવી કે - ''મારે પતિવ્રતા નારી થાવું છે.'' જેથી મહારાજ રાજી થાય. ॥ ૨૬૯ ॥

વિધવા નારીને પણ સમીપ સંબંધીનો સ્પર્શ થાય તેમાં દોષ નથી, પણ પરપુરુષનો સ્પર્શ કરવો તેમાં દોષ છે. ખેતીનું કામ કરતાં હોય તેમાં વૃધ્ધને અડી જવાય તેનો દોષ નથી. અગત્યનાં કામ સિવાય પરપુરુષ સાથે વાર્તાલાપ કરે નહિ, સરળતાથી પોતાના ધર્મો પાળે; માટે મહારાજે આવી મર્યાદા બાંધી છે. ॥ ૨૭૦ ॥

મરી જાવું સારું છે પણ પરપુરુષનો સંગ અને

પરસ્ત્રીનો સંગ ખરાબ છે, વ્યભિચારનું પાપ બહુ મોટું છે. જ્યાં બ્રહ્મચર્ય નથી ત્યાં પરબ્રહ્મ પરમાત્મા અને ધર્મ નથી. જ્યાં બ્રહ્મચર્ય છે ત્યાં પરબ્રહ્મ છે. ॥ ૨૭૧ ॥

હે વ્હાલા ભક્તો ! તમે ગામડામાં એક ભેંસ ન રાખી શકો તો કાંઈ નહીં પણ એક ગાય રાખજો. જો ભેંસનું દૂધ પીવે તો ભેંસ જેવી બુદ્ધિ થાય ને ગાયનું દૂધ પીવે તો બુદ્ધિ નિર્મળ થાય. ભેંસના દૂધથી શરીર તો તગડૂ થાય પણ જોડે જોડે બુદ્ધિ પણ તગડી થાય. ॥ ૨૭૨ ॥

એનું નામ જ વૈષ્ણવ ભક્ત છે જેના આંગણામાં એક તુલસીનો ક્યારો, ઠાકોરજીનું સિંહાસન અને ગાય બાંધી હોય. આ ત્રણવાનાં જે ઘરમાં હોય તેમાં જમનો પ્રવેશ ન હોય. ॥ ૨૭૩ ॥

એક આસને સંતાન અને માં-બાપ જોડે ન બેસી શકે. શિષ્ય ગુરુ જોડે ન બેસી શકે એ મર્યાદા છે. ફક્ત પતિ જ્યારે પોતાનું સુખ આપે ત્યારે જ પતિવ્રતા સ્ત્રી એક આસને હોઈ શકે અને માં-બાપ જ્યારે પુત્રને ખોળામાં

બેસાડે ત્યારે જ સંતાન માં-બાપનાં ખોળામાં બેસી શકે છે. ઈતર સમયની અંદર હંમેશાને માટે બાળક માં-બાપનાં ચરણની અંદર બેસી શકે છે. આ કાયદો શાસ્ત્રોનો છે પણ આજે કોણ એને સમજે છે ? **॥ ૨૭૪ ॥**

રાજા જનક આખી દુનિયાનાં રાજા હતાં છતાં એ રાજા જનક ને દુનિયાનું બંધન ન થયું તો એ વિદેહી કહેવાયા. દાદાખાચર રાજપુત્ર ને લાડુબા, જીવુબા રાજપુત્રી કહેવાતાં તો પણ આજે એમને બધાં પગે લાગે છે. કારણકે ; એમનાં હૃદયમાં આધ્યાત્મિક યોગ હતો. **॥ ૨૭૫ ॥**

મનુષ્ય ભક્તિ કરીને ભગવાન મેળવી શકે છે. પશુઓ ભક્તિ કરીને ભગવાન મેળવી શક્તાં નથી. એટલો મનુષ્ય ને પશુમાં ફેર છે. **॥ ૨૭૬ ॥**

મનુષ્ય જન્મ વેડફી નાખવાં જેવો નથી; તે કરોડ રૂપિયાનું રત્ન છે, માટે તેનાથી મોક્ષ મેળવી લેવો. જન્મ-મરણનું બહુ મોટું દુઃખ છે. **॥ ૨૭૭ ॥**

કથા મનોરંજન માટે નથી પણ આત્મરંજન માટે છે. ॥ ૨૭૮ ॥

તલવારની ધાર પર ચાલવામાં જેટલી બીક રાખીએ તેટલી ભગવાનની સાધના કરવામાં બીક રાખવી. ॥ ૨૭૯ ॥

ભરતને એક ભૂલથી ત્રણ જન્મ સુધી રખડવું પડ્યું ને આપણે તો પળે પળે ભૂલો કરીએ છીએ, તો આપણો ઉધ્ધાર ક્યારે થશે ? એવું જીવે ક્યારેય વિચાર્યું છે ? ॥ ૨૮૦ ॥

વ્યક્તિ ક્યારેક રાજા બને છે તો ક્યારેક રંક બને છે, તેનો કોઈ નિર્ધાર નથી. પાંદડા પર પડેલું જળનું બિંદુ તેનો કોઈ નિર્ધાર નથી, તેમ માણસનાં જીવનનો કાંઈ નિર્ધાર નથી. તે ક્યારેક સુખી હોઈ શકે કાં તો ક્યારેક દુ:ખી હોઈ શકે. ॥ ૨૮૧ ॥

''અમે કાંઈ ભોટ નથી'' માટે જેને જેમ કહેવું ઘટે તેમ કહીએ છીએ ને જેનાં વખાણ કરવા ઘટે તેના વખાણ

**કરીએ છીએ. ॥ ૨૮૨ ॥**

**સંપત્તિ મળવી એ વાત જુદી છે ને મળેલી સંપત્તિ ને જીરવવી એ વાત જુદી છે. સંપત્તિ કોઈ પણ મેળવી શકે છે પણ સંપત્તિનો સદ્વ્યય કરવો તે તો કોઈ વિરલા જ કરી શકે છે. ॥ ૨૮૩ ॥**

બાળકને રોગ થાય ત્યારે તેની માં સાકરનો ગાંગડો ન ખવડાવે, પણ કડવી દવા આપે છે. એનાથી એમ નહિ માની લેવાનું કે દીકરાની સાથે માંને વેર છે, પણ માં દીકરાનું હિત કરે છે. ॥ ૨૮૪ ॥

**આપણા દેશની સંપત્તિ આપણા દેશમાં રહેવી જોઈએ, આપણો દેશ બહુ ગરીબ છે. કેટલાક માં-બાપનાં દીકરાઓ ખાધા વગર રાત્રે સૂઈ જાય છે, પુસ્તક ખરીદવા માટે પણ પૈસા હોતા નથી, માટે જેને ભગવાને વધુ સંપત્તિ આપી હોય તો તેણે ગરીબને મદદ કરવી. ॥ ૨૮૫ ॥**

સમાજ સુખી હશે, વ્યવસ્થિત હશે, સંસ્કારી હશે,

તો ધર્મ રે'શે, પોતાનાં અર્થે તો આખી દુનિયા જુએ છે પણ જેને પારકાનાં દુઃખ જોવાની દષ્ટિ મળી છે  અને તેને મદદ કરે છે, તે માનવ છે. ॥ ૨૮૬ ॥

જે નિષ્કામ કર્મયોગી હોય છે, તેને પારકાનું ભલું કરવું એ જ એનું દ્રષ્ટિબિંદુ હોય છે.॥ ૨૮૭ ॥

દુનિયાનાં દેશોમાં જે રોગ થાય છે. તેમાં ૧૦૦ રોગની અંદર ૮૦ રોગ વ્યસનનાં હોય છે. વ્યસનોએ આપણને પકડ્યા નથી પણ વ્યસનોને આપણે પકડ્યા છે, માટે તેનો સર્વથા ત્યાગ કરો. ॥ ૨૮૮ ॥

ગુરુકુળમાં તવંગર અને ગરીબનું મિલન થાય છે, વિદ્યા કોઈ વેપાર નથી. ॥ ૨૮૯ ॥

૧૦૦ માંથી ૮૦ સકામ ભક્તો હોય છે. મહારાજને સકામ ભક્ત ગમતાં નથી, નિષ્કામ ભક્ત મહારાજને વ્હાલા છે, માટે નિષ્કામ ભક્ત થતાં શીખવું. ॥ ૨૯૦ ॥

**જેમ સોના-હીરાની માર્કેટ છે, તેમાં જેને તાકાત**

**હોય તે ખરીદે, તેમ આ આત્યંતિક કલ્યાણની માર્કેટ છે જેનામાં તાકાત હોય તે ખરીદે, જેનામાં તાકાત ન હોય તેમાં અમે શું કરીએ ? ॥ ૨૯૧ ॥**

સત્સંગમાં જન્મ મળવો અને સારા માતા-પિતાને ત્યાં જન્મ મળવો. એ કાંઈ થોડાં પૂણ્યવાળાને નથી મળતો પણ જેને ભગવાન પસંદ કરે છે. તેને જ ત્યાં જન્મ મળે છે. **॥ ૨૯૨ ॥**

જ્યારે વાછડો જોઈએ ત્યારે ખબર પડે છે કે આની માં ગાય કેવી હશે ? તેમ આવા સાધુને જોઈએ ત્યારે ખબર પડે કે આના મહારાજ કેવા હશે ? **॥ ૨૯૩ ॥**

શક્તિપંથી, કુંડાપંથી, નાસ્તિક અને શુષ્કવેદાંતીનો ક્યારેય સંગ ન કરવો. **॥ ૨૯૪ ॥**

સત્સંગ કરવાથી કારણ શરીરની વાસના જાય છે. લોકોને મીઠું લાગે તેવું બોલવું, વર્તન કરવું એ કોઈ ધર્મ નથી પણ આત્યંતિક કલ્યાણનાં માર્ગમાં કંઈ સંતાડવું નહીં. સત્સંગની સાચી વાતને સંતાડવી એ બહુ મોટું પાપ

છે. ॥ ૨૯૫ ॥

મરતાં પહેલાં પુરુષોત્તમને વરવું છે, એવો આત્મામાં ઠરાવ કરો. ॥ ૨૯૬ ॥

જગતનો વ્યવહાર ભજન કરવામાં રોકે, સત્સંગ કરવામાં રોકે, બ્રહ્મસત્રમાં આવતાં રોકે તે વ્યવહાર ક્યારેય હરિવર સાથે સગપણ ન થવા દે. ॥ ૨૯૭ ॥

આપણી સામે મોત છે, છતાં દેખાતું નથી તે જ આંધળો છે, જેને મોત દેખાશે તેને હૃદયમાં ''હડહડાટી'' થશે અને ભગવાન ભજાશે.॥ ૨૯૮ ॥

**''અક્ષરનાં વાસી વ્હાલો આવ્યા અવની પર...''** આ પદ બહુ જાણવા જેવું છે. આ પદ કેવું છે ? તો ઉપાસના દૃઢ કરે અને જીવનમાંથી સંશયો ટાળી નાંખે તેવું આ પદ છે. ॥ ૨૯૯ ॥

હું એમ માનું છું કે સ્વામિનારાયણ સંપ્રદાયની અંદર હરિભક્તો તરફથી જે સાધુઓને સગવડો મળે છે, એટલી કોઈ જગ્યાએ દુનિયામાં સગવડો નહીં

અપાતી હોય. અહીં એક ભિખારી, ગરીબનો છોકરો, કપડાં પહેરવાનાં ન હોય તે સાધુ થઈ જાય, પછી રાજાનાં કુંવર કરતાં પણ વિશેષપણે રહે છે. આટલું તેને આ સંપ્રદાય તરફથી મળે છે. ॥ ૩૦૦ ॥

મુંબઈ, વડોદરા, સુરત શહેરોની ગલીઓમાં તો દાદાગીરી મારવાવાળાઓ ચોરબજારમાં ફરતાં હોય અને ભોળા તો મંદિરમાં ફરતાં હોય ને ભોળાનાં ભગવાન હોય, જે ભોળા થાય છે તેની પાસે ભગવાન રહે છે. ॥ ૩૦૧ ॥

મારા ‘‘ગુરુદેવ’’ કહેતા કે નીતિએ કરીને જે કમાય તે ખાધે-પીધે ને મકાન-આબરૂએ સુખી રહે. પણ મોટે ભાગે જે કરોડપતિ હોય તે તો અનેકનાં લોહી પીને કરોડપતિ થાય છે. એવું દેખાય છે. ॥ ૩૦૨ ॥

આ સભામાં બેસનારો કોઈપણ જન મારા મહારાજની માળાનો મણકો હોય... હોય... ને હોય... જ. ॥ ૩૦૩ ॥

આંબામાં કેરી આવે ત્યારે આંબો ઢળી પડે છે, તેમ આપણા જીવનમાં ઉપાસના, ધ્યાન, ભક્તિ પ્રગટે ત્યારે નમી જવું જોઈએ. ॥ ૩૦૪ ॥

સોનાની જગ્યાએ ચોખાથી ભગવાનનું કે ભક્તનું પૂજન થાય છે. ચોખા જ્યારે પાકે છે ત્યારે નમી જાય છે. માટે જ્યાં સુધી દાસનાં દાસ ન થઈએ ત્યાં સુધી ભગવાન ઓળખાતા નથી. ॥ ૩૦૫ ॥

**જેને સાધુમાં ને ભગવાનમાં હેત થાતું નથી, તેની માટે પ્રાર્થના કરવાનું મન થાય કે, "હે મહારાજ! તું એની રક્ષા કરજે." ॥ ૩૦૬ ॥**

આજે બધાંને ભેળપુરીનાં રગડા ભાવે છે પણ સુખડીનાં બટકા કોઈને ભાવતા નથી. તેમ આજે ઘણાંને મોક્ષનાં માર્ગમાં જોક્સ, શાયરીવાળી વાતો ગમે છે પણ સર્વોપરીની વાતો ગમતી નથી. ॥ ૩૦૭ ॥

જીવનનું નામું તપાસવાનો દિવસ એટલે નવું વર્ષ. આ દિવસે આપણે થોડીક ક્ષણ નામું વિચારવું કે મેં ગયા

વર્ષે કેટલી આધ્યાત્મિક કમાણી કરી છે ને કેટલી ખોટ ? જેટલી ખોટ થઈ હોય તેટલી આ વર્ષે પૂરી કરી દઈશ ને નફો થયો છે તેનામાં હજી વધારો કરીશ. આવો ઠરાવ મહારાજ આગળ કરવો. જેથી મહારાજ આપણી પર રાજી થાય. હે મહારાજ ! અમને તમારી મૂર્તિનું સુખ આપજો, પણ બીજું કાંઈ ન આપશો ને અખંડ તારા કરીને રાખજે એવું પ્રાર્થનામાં માંગવું પણ લોકનાં વૈભવો ન માંગવા. **॥ ૩૦૮ ॥**

સ્કૂલ કે કોલેજમાં જવું હોય તો કાયદા પ્રમાણે યુનિફોર્મ પહેરીને જ જાવું પડે છે. તેમ સભામાં જઈએ તો તિલક-ચાંદલો કરીને જ જવું પડે. વાત કરવી સરળ છે પણ આ વાત જીવનમાં ઉતારવી અઘરી છે. **॥ ૩૦૯ ॥**

મહારાજે આ લોકમાં આવીને ભક્તોનાં બધાં દુઃખ હરીને સમુદ્રમાં નાંખી દીધા ને સુખીયા કરી દીધા છે પણ એમ માનવું બહું કઠણ છે. **॥ ૩૧૦ ॥**

શાસ્ત્રો શબ્દોનું જંગલ છે. તેમાં ભલભલા વિદ્વાનો

અવળા માર્ગે ચડી જાય છે. જ્યારે સદ્‌ગુરુની વાતો તો અભણ હોય કે થોડું વાંચતો હોય તો પણ સમજી શકે એવી છે. ॥ ૩૧૧ ॥

સાચા સાધુ મહારાજની પટરાણી છે જે ઓળખી શક્યા તે માણી શક્યા. વચનામૃત મારા માટે દીવાદાંડી છે. ॥ ૩૧૨ ॥

**રામની પુષ્ટિ રામાયણથી થાય, કૃષ્ણની પુષ્ટિ શ્રીમદ્ ભાગવત ને ગીતાથી થાય ને સ્વામિનારાયણની પુષ્ટિ વચનામૃત, સદ્‌ગુરુની વાતો, શિક્ષાપત્રી, શ્રીમદ્ સત્સંગિજીવન વગેરે ગ્રંથોથી થાય છે. ॥ ૩૧૩ ॥**

વેદ એન્જિન છે. શિક્ષાપત્રી ગાર્ડનો ડબ્બો છે. તે લીલીને લાલ ઝંડી બતાવે છે. બંનેની વચ્ચે આખું મોક્ષ જગત સમાઈને રહેલું છે. ॥ ૩૧૪ ॥

જેને ભગવાન ને ભગવાનનાં ભક્ત જોડે વેર હોય તેનું કલ્યાણ ન થાય. મુક્તાનંદ, ગોપાળાનંદ, પર્વતભાઈ,

લાડુબા, જીવુબા ન થઈએ તો કાંઈ નહી પણ તે આપણને જોવે ને રાજી થાય તેવા તો ગુણો લાવવા જ. ॥ ૩૧૫ ॥

**વચનામૃત સાંભળી લેવું ને વાંચી લેવું સહેલું છે પણ જીવનમાં ઉતારવું ઘણું કઠણ છે. ॥ ૩૧૬ ॥**

દસ કે પંદર વર્ષથી સત્સંગ કરીએ છીએ છતાં કામ, ક્રોધનો નાશ થતો નથી. મૂર્તિનું સુખ આવતું નથી. સત્સંગનો આનંદ આવતો નથી આ બધું કેમ ? આનું કારણ એ છે જે આ પાંચ ભેદ (જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ-પરબ્રહ્મ) સમજવામાં લોચો છે. ॥ ૩૧૭ ॥

શ્રીજીમહારાજ, મુક્તાનંદ સ્વામી અને નંદસંતો આપણાં સાચા સગાં છે. મહારાજ સસ્તા નથી, મહેનતથી મળે છે. ॥ ૩૧૮ ॥

ભગવાનનાં ભક્તને અંધશ્રદ્ધા ક્યારેય ન જોઈએ, શ્રદ્ધા જોઈએ. ॥ ૩૧૯ ॥

હે વ્હાલા ભક્તો ! કોઈપણ ભૂલ થઈ ગઈ હોય તો મહારાજ પાસે ઊભા રહી પાંચ દંડવત્ કરી,

ભાવવિભોર થઈને, ગદ્‌ગદ્ થઈને ગળગળા થઈને માફી માંગી લો તો આનું નામ ક્રિયાત્મક સત્સંગ છે. આ વાતને પાંચ હરિભક્તો સાંભળી લેશે તો સમજીશ કે મારી જીંદગી સફળ થઈ ગઈ. પાંચ સુધરી જશે તો મહારાજ મારી પર રાજી થશે. પંચવિષય અપવિત્ર થાય તો તે વિષયનાં એક એકનાં પાંચ પાંચ દંડવત્ કરી લેવા. ને મહારાજ તમારી રક્ષા કરે, મહારાજ પોતાનું કવચ બનાવી તમારી સહાય કરે એવી મહારાજને પ્રાર્થના કરું છું. ॥ ૩૨૦ ॥

પ્રથમ પ્રકરણ-૧૪માં વચનામૃતમાંથી ત્રણ વાત નક્કી કરવાની રહી. એક તો હું પાપી નથી, પોતાના આત્માને ક્યારેય પાપી સમજવાનો નહીં, બીજું મને મહારાજ લેવા આવવાના છે, ત્રીજું મારે અણિશુદ્ધ થાવું પડશે તે વાત નક્કી કરી રાખવી. ॥ ૩૨૧ ॥

શિક્ષાપત્રીની કલમે જે નિર્વ્યસની ન હોય તે મારો ભક્ત નથી. આ સ્વામિનારાયણ ભગવાનનો આદેશ

છે. ॥ ૩૨૨ ॥

સત્-અસત્નો જેને વિવેક નથી તે તો પશુ સમાન છે. માયાનું સુખ તે અસત્ય છે ને મહારાજનું સુખ તે જ સત્ય છે. માટે બન્નેનો વિવેક મોટાપુરુષ પાસેથી જાણી ભગવાનનાં સુખમાં જ ચોટવું. ॥ ૩૨૩ ॥

સંપ્રદાયનાં ઉદયકાળમાં સ્વામિનારાયણની નિષ્ઠા સમજાવનારા કોઈ પ્રથમ પરમહંસ હોય તો તે અમારા આદિ ગુરુદેવ મુક્તાનંદ સ્વામી છે. ॥ ૩૨૪ ॥

અત્યારનાં સમાજમાં જોતા ખબર પડે કે સમાજમાં અડધો વાંક માં-બાપનો અને અડધો વાંક દીકરાનો છે. ॥ ૩૨૫ ॥

ભગવાનનો એકાંતિક ભક્ત તો એવો હોય છે જે નિયમ ધર્મ પાળતો હોય, ઉપાસના રાખતો હોય, મહારાજ જેવા ધામમાં રહે છે, તેવા હૃદયમાં અખંડ નિવાસ કરીને રહે છે એમ માનતો હોય. ॥ ૩૨૬ ॥

આજે ઘરનું, મિલકતનું, સગાં-સંબંધીનું રક્ષણ

કરીએ પણ આજની પરિસ્થિતિમાં ધર્મનું રક્ષણ કરવું તે અતિગહન થઈ ગયું છે. ॥ ૩૨૭ ॥

જેનામાં સત્ત્વગુણ હોય તેનામાં શાંતિ છે. સત્ત્વગુણ નહીં હોય તો પરમાત્માને નહીં પામી શકો. ॥ ૩૨૮ ॥

આત્મકલ્યાણની દીવાદાંડી શિક્ષાપત્રી છે. ॥ ૩૨૯ ॥

આ તો અક્ષરધામની સભા છે. અહીં તમને બધું શિખવાડવામાં આવે છે.અહીં થીયેરીકલ અને ધામમાં પ્રેક્ટીકલ છે. તમે બધાં ભાગ્યશાળી છો. જગતનાં યુવાનોને જોઈએ ને સત્સંગનાં યુવાનોને જોઈએ છીએ, તેમાં બહુ મોટો ભેદ છે. ॥ ૩૩૦ ॥

માણસની બે પ્રકારની વિચારધારા છે. તેમાં એક એવો હોય છે કે, “હું જ સાચો ને હું કરું તે બરાબર.” બીજો એવો હોય છે કે, “પોતાથી કોઈ મોટું હોય કે સાચા સત્પુરુષ હોય કે પોતાને થયેલા અનુભવમાંથી પસાર

થયો હોય તેમાંથી મંથન કરીને વાતનો સ્વીકાર કરે. ’’ તેમાં પ્રથમ કહ્યો તે મહાઅવિવેકી જાણવો ને બીજો છે તે વિવેકી જાણવો. **॥ ૩૩૧ ॥**



**॥ ઈતિ શ્રી ચતુર્થ કણિકા સમાપ્ત ॥**

# કણિકા - ૫

## સંતોને લગતી વાતો

**સત્પુરુષ કરે તેમ ન કરાય પણ સત્પુરુષ કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે. સત્પુરુષનો દ્રોહ તો જીવનો પણ નાશ કરી નાખે છે. ॥ ૧ ॥**

ભગવાનનાં ભક્તનો દ્રોહ કરવાથી અન્ન અને દાંતને વૈર થઈ જાય છે, વંશ નિર્મૂળ થઈ જાય છે, બુદ્ધિ વિપરીત થાય છે, માટે જીવનમાં ક્યારેય દ્રોહ ના કરશો. ॥ ૨ ॥

ભગવાનનાં ભક્તથી બેપરવાઈ થઈ જવાય ત્યારે ભક્તનો દ્રોહ થઈ જાય છે. ॥ ૩ ॥

કોઈ ભક્તનો દ્રોહ થઈ જાય તો તે ભક્ત પાસેથી માફી માંગી લેવી. તે ભક્તનો ધર્મ છે. કારણ કે,

स्वधर्मस्था अपि सतां द्रोहिणो ये तु मानवाः ।
सद्गतिं नैव ते यान्ति क्वापि केनापि कर्मणा[१] ॥ ४ ॥

પારકાનાં બહુ દોષ જોવામાં માલ નથી. તેની ટીકા કરવી, દ્રોહ કરવો. જો આવું કરીએ છીએ ને ભગવાનનાં ભક્ત છીએ તો પણ આપણી આસુરી બુદ્ધિ છે. ॥ ૫ ॥

નંદસંતોનાં અભાવ લઈને કેટલાય સત્સંગમાંથી પડી ગયા છે તેવી વાતો શાસ્ત્રોમાં છે. ॥ ૬ ॥

અસત્પુરૂષનું મોટું લક્ષણ એ છે કે તે પોતાના પેટ માટે ને વિષયોનાં ભોગ માટે રખડતો હોય, માટે ક્યારેય તેમાં ન ફસાવું. ॥ ૭ ॥

મોક્ષનું મહાનમાં મહાન સાધન સત્સંગ છે. સત્સંગથી કલ્યાણ છે. આ લોકમાં ને પરલોકમાં સત્સંગથી સુખ મળે છે. સત્સંગ સિવાય ક્યાંય સુખ નથી,

૧. અર્થ : સ્વધર્મમાં રહેનારા પણ જે મનુષ્યો સાધુજનોનો દ્રોહ કરવાના સ્વભાવવાળા છે તે યજ્ઞાદિથી પણ સદ્‌ગતિ નથી પામતા, માટે સત્પુરૂષોનો દ્રોહ ન કરવો. (વાસુદેવ માહાત્મ્ય-૨૦/૪૪)

સત્સંગને સાર્થક કરજો. ॥ ૮ ॥

સત્ એવા પરમાત્મા ને સત્ એવા સાધુ એનો જે સંગી તેનું નામ સત્સંગી, સત્ એવો ધર્મ એનો જે સંગ એનું નામ સત્સંગ છે, સત્ એવા શાસ્ત્ર તેનો જે સંગ તેનું નામ સત્સંગ. આ ચારનો જેને સંગ હોય તેને સત્સંગી કહેવાય. ॥ ૯ ॥

સજ્જન પુરુષનું લક્ષણ એ છે જે સાચી વાત કરે પણ ખોટી વાત ક્યારેય ન કરે અને સાંભળનારો શ્રોતા તે સાચી વાત ન માને તો સજ્જન પુરુષે ત્યાંથી ચાલી નીકળવું; આનું નામ ધર્મ છે, આનું નામ સત્સંગ છે. ॥ ૧૦ ॥

જે અસાધુ હોય છે તે સ્ત્રી, દ્રવ્ય અને રસની પાછળ રખડતાં હોય છે અને જે કુટિલ સ્ત્રી હોય છે તે પરપુરુષમાં આસક્ત હોય છે; માટે તેવાનો જીવનમાં ક્યારેય સંગ ન કરશો. ॥ ૧૧ ॥

સાધુતા કોઈને વેચાતી મળતી નથી. વેદ,

ઉપનિષદ્, વ્યાકરણ, સંગીત ભણવાથી સાધુતા નથી મળતી પણ સદ્ગુરુની સેવા ને અનુવૃત્તિમાં રહેવાથી સાધુતા મળે છે. ॥ ૧૨ ॥

જગતનાં સુખે કરીને જે સુખી થાય તે સંસારી અને ભગવાનનાં સ્વરૂપનાં સુખે કરીને જે સુખી થાય તે સંત. પોતાની ચિંતા કરે તે સંસારી અને બીજાની ચિંતા કરે તે સંત. ॥ ૧૩ ॥

**જેને અનાદિમુક્ત જેવી સ્થિતિ મેળવવી છે તેને આ જગતનાં મનોરંજનને છોડીને ભગવાનમાં રમવું પડે છે ત્યારે અનાદિ મુક્ત જેવી સ્થિતિ થાય છે, નહીંતર ન થાય. આવું જીવન થઈ જાય તો ધન્ય થઈ જાય છે. ॥ ૧૪ ॥**

ત્યાગી માટે સાધના છે તેમ ગૃહસ્થ માટે પણ સાધના છે. ગૃહસ્થો વ્યસન, દુરાચાર એટલું તો છોડો, છોડતાં શીખો, કુટેવો છોડો. ॥ ૧૫ ॥

જેના જીવનમાં કપટ, દુરાચાર, દંભ, પાખંડ છે,

એવા લોકો જીવનમાં સો જન્મે પણ બ્રહ્મચર્ય દૃઢ કરી શક્તાં નથી. ગમે તેવો તાકાતવાળો હોય, આખી પૃથ્વીને વશ કરતો હોય પણ બ્રહ્મચર્યને કોઈ દ્રઢ ન કરી શકે, તેને તો એક ભગવાનનાં ભક્ત ભગવાનની ભક્તિએ કરીને દૃઢ કરી શકે. **॥ ૧૬ ॥**

સાધુની ઈન્દ્રિયોમાંથી રાગ સુકાય જાય, અંતરમાંથી વાસના સુકાય જાય ત્યારે તેને સાધુ કહેવાય છે, બીજાને નથી કહેવાતા. જ્યારે તે સાધુ તરે છે, ત્યારે તે બીજાને તારે છે. **॥ ૧૭ ॥**

જેને રાગ છે, ધન રાખે છે, સ્ત્રી સાથે વાત કરે છે; એ સ્વામિનારાયણ ભગવાનનો સાધુ જ નથી. **॥ ૧૮ ॥**

મુક્તાનંદ સ્વામી ન હોત તો મહારાજ ન મળ્યા હોત, સર્વોપરી અવતારનાં અવતારી ભગવાનશ્રી સ્વામિનારાયણ મળ્યા છે તે તમામ યશ મુક્તાનંદ સ્વામીનાં ચરણે જાય છે. **॥ ૧૯ ॥**

વસ્ત્રે કરીને ગોપાળાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી જેવા થયા પણ તેમના જેવું જીવન તથા તેમના જેવા ગુણ આપણામાં ન આવે તો જીવનમાં બહુ ધક્કો લાગી જાય. ॥ ૨૦ ॥

સમય જાતાં કાંઈવાર નથી લાગતી. કેમ કે આ નદીનું પૂર જાય તેમ સમય જાતાં વાર નથી લાગતી. તેમાં જે સારો થયો તે થયો, નહીંતર કાંઈ નહીં થાય. ॥ ૨૧ ॥

લાખો માણસોનો આપણી પર વિશ્વાસ છે. તેવો મહારાજને આપણી પર વિશ્વાસ આવી જાય. અને ''હે નિષ્પાપ સંતો'' એમ મહારાજ કહી દે તો પુરૂં થઈ જાય. ॥ ૨૨ ॥

મનને લાત મારીને કહેવું કે ''લુચ્ચા તું બેસ, લુખ્ખો કરી નાખીશ.'' મનનાં ગુલામ ન થવું. પુરુષોત્તમનાં ગુલામ થાવું એ શૂરવીરપણું કહેવાય. ॥ ૨૩ ॥

વાત વાતમાં, ક્ષણીકમાં, કોઈ બોલે તો તરત ક્રોધ આવે તે બહુ ખરાબ છે, તે આપણને બાળ્યા કરે છે. માટે

ક્રોધને કાઢવો, તે આપણને સુખ નહી લેવા દે. **॥ ૨૪ ॥**

હૃદય સાવ ખાલી રાખો તો મહારાજ બેસે. બધો કચરો કાઢી નાંખો. **॥ ૨૫ ॥**

નાની નાની વાતમાં ધનુષ્ય ખેંચાય તેમ એકબીજા સામું આંખ ખેંચાય એવું શું કામ કરવું ? આપણા દાદાઓએ, નંદ સંતોએ દુર્જનોનો માર ખાઈને તેમનું હિત કર્યું, માટે અપમાન કરનાર હોય ને તે ગુરૂભાઈ હોય તોય ભલે, આપણા બાપનો દીકરો હોય તોય ભલે તેના પ્રત્યે સહાનુભૂતિ રાખીએ અને માફ કરી દઈએ એ બહુ મોટી વાત છે. સહન કરી લો, **ક્ષમા એ સાધુનું ભૂષણ છે. ॥ ૨૬ ॥**

**આપણે સાચી સાધુતા મેળવવા માટે મહારાજનાં વચન હિતકારી માનીએ. એકવાર ક્રોધ થઈ જાય તો મહારાજને અગિયાર દંડવત્ કરી લેવા. "નિયમ લીધા પછી નિયમ ન પાળે તો તેને ચાંડાળ જેવો સત્સંગિજીવનમાં કહ્યો છે." ॥ ૨૭ ॥**

વિદ્વાનોએ તો ક્યારેય ક્રોધ ન કરવો, વિદ્વાન થઈને ક્રોધ કરે તેનું જ્ઞાન નિરર્થક છે. ક્રોધથી કાંઈ સારું થવાનું નથી. ક્રોધ ઓછો કરી દેવાનો પ્રયત્ન કરવો. ॥ ૨૮ ॥

ઈન્દ્રિયોનો નિગ્રહ એનું નામ જ તપ છે. ભૂખે મરવું એ તપ નથી. તમામ ઈન્દ્રિયોને પવિત્ર માર્ગમાં દોરવી તેનું નામ તપ છે. જે જોવાથી મન વિકારને પામે, ધર્મનો નાશ થાય, મોક્ષનું પતન થાય તેવી ખરાબ વસ્તુ ન જોવી તેનું નામ તપ છે; હે વ્હાલા ભક્તો ! તમારા કાનને સાંભળવા લાયક ન હોય તેવું ન સાંભળવું એનું નામ તપ છે; જે જગ્યાએ જવા યોગ્ય ન હોય ત્યાં ન જવું એનું નામ તપ છે; જે ખાવા લાયક ન હોય તે ખાવું નહીં તેનું નામ તપ છે; એકાદશી હોય અને જો કોઈ ભૂખ્યા રહી શકે એમ ન હોય તો તેને ઠાકોરજીને ફરાળ ધરાવીને પણ ફરાળ કરવું એ પણ તપ છે. શાસ્ત્રોમાં જે ખાવાનો નિષેધ કર્યો છે, તેનો ત્યાગ કરવો એનું નામ તપ છે અને ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન પ્રત્યે તપની વિક્તિ કરતાં કહે

છે કે...

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥
अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥
मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते[1] ॥ २९ ॥

જેનું જીવન આનંદમય છે તેનું નામ સત્ત્વગુણ છે. આનંદગુણ પરમાત્મામાંથી આવ્યો છે. ઈન્દ્રિયોને નિગ્રહમાં રાખવી એ તપ છે પણ ભૂખ્યા રહેવું એ તપ નથી. વિવેકથી જોવું તેનું નામ તપ છે. ઈન્દ્રિયોને અટકાવવી તેનું નામ તપ નથી પણ તેને સાચા રસ્તે લઈ

૧. અર્થ : દેવ, બ્રાહ્મણ, ગુરુ અને વિદ્વાનોનું પૂજન, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીરિક તપ છે. કોઈને ઉદ્વેગ ન કરનારી, સત્ય, પ્રિય અને હિતકારી વાણી બોલવી તથા સ્વાધ્યાયનો અભ્યાસ એ વાણીનું તપ છે. મનની પ્રસન્નતા, સૌમ્યભાવ, મૌન, આત્મસંયમ અને ભાવનાની શુધ્ધિ એ મનનું તપ છે. (ગીતા-૧૭/૧૪,૧૫,૧૬)

જવી તેનું નામ તપ છે. પગથી પરમાત્માનાં મંદિરે જવું તે તપ છે. હાથથી ભગવાનનાં ભક્તની સેવા કરવી તે તપ છે. ॥ ૩૦ ॥

સાધનદશાવાળાએ એકાંત જીવન ટાળવાનું રાખવું. **સમૂહમાં રહીએ તો સહેજે સહેજે ધર્મ રહે. ॥ ૩૧ ॥**

**કોણ મારા ધણી છે ? કોણ મારા ગુરૂ છે ? કોની પાસે આવ્યા છીએ ? કેવા સંત-ભક્તનાં સમુદાયમાં રહું છું ? તે વિચારી રાખવું પણ સ્વભાવ જોડે ભળી જવું નહિ. ॥ ૩૨ ॥**

સાધુએ તો બાળકબુદ્ધિનો ત્યાગ કરવો અને પીઢ થાવું. તેનાથી મારો મહારાજ રાજી થાય છે. ॥ ૩૩ ॥

હૃદયની વૃત્તિઓને ભગવાન તરફ વાળવી, પણ પ્રવૃત્તિ કરવા માટે જ આપણે સાધુ નથી થયા. ॥ ૩૪ ॥

વૈજ્ઞાનિક દૃષ્ટિએ જુઓ તોપણ ભગવાન નજીક છે, દૂર નથી. આપણે જ્યારે ભગવાનને રાજી કરવા ત્યાગ કર્યો છે, તો શું કામ નબળાઈઓ રાખીએ ? ॥ ૩૫ ॥

આત્મા છે તે જ ધામ છે, અક્ષર છે અને તેમાં પુરુષોત્તમ બિરાજે છે. ત્યાગીઓએ આવો અભ્યાસ કરવો જોઈએ. માત્ર પુસ્તકનું પોપટીયું જ્ઞાન કામ નથી લાગતું. ॥ ૩૬ ॥

ઉપદેશ આપવો એ સાધુનો સહજ અધિકાર છે, ભગવાને સાધુને ઉપદેશ આપવાની છૂટ આપી છે, સંતની કોઈ ઉંમર નથી હોતી. ॥ ૩૭ ॥

ગૃહસ્થને ભગવાનનાં ચરિત્રોની વાતો કરવી પણ ગૃહસ્થની વાતો સાંભળવી નહિ. ગૃહસ્થને ઉપદેશ આપતાં હોઈએ ત્યારે બહુ ધ્યાન રાખવું, નહિંતર ગૃહસ્થ જ સાધુને સંસારની વાતો કહેવા માંડે. અને જો સાધુ સાંભળવા માંડે તો તેમાંથી મોક્ષ બગડે છે. માટે ગૃહસ્થને બોલવા જ ન દેવું. ॥ ૩૮ ॥

સાધુ વાચાળ હોવો જોઈએ, સાધુમાં એવી તાકાત હોવી જોઈએ કે ગૃહસ્થને ઉપદેશ દેતાં દેતાં ગૃહસ્થમાં ન ચોંટી જાય. ઉપદેશ આપતાં પહેલાં જો પોતે બંધાય જાય

તો ઉપદેશ આપવાનો ધંધો ન કરવો. ॥ ૩૯ ॥

મુમુક્ષુ આપણી પાસે આવે તો વધતો હોવો જોઈએ. સાધુ સદ્ગુણનો દરિયો હોય, સાધુજીવન તો એવું હોવું જોઈએ કે પોતાની અંદર રહેલા દુર્ગુણોને બહાર કાઢે ને પારકાનાં ગુણ ખેંચી ખેંચીને અંદર નાખે. ॥ ૪૦ ॥

**સાધુની વૃત્તિ તો ગુણને ગોતવાની હોય. જે જગ્યાએથી ગુણ મળે તે પોતાનામાં પ્રસ્થાપિત કરે,** પછી તે સદ્ગુણનો સિંધુ બની જાય છે. પણ તે બહુ અઘરું છે. ખરો ખપવાળો હોય તો તે માર્ગે ચાલી શકે છે, નહિંતર ઘણાં પડ્યા છે ને પડે છે. ॥ ૪૧ ॥

**જે ગુણગ્રાહી બને છે તે જગતનાં તમામ પદાર્થોમાંથી ગુણ ગ્રહણ કરે છે. ॥ ૪૨ ॥**

શુભમતિ રાખવી કે મારે સાધુ થવું છે. આ વાત દ્રઢ કરશો તો સાધુતાની વસંત ખીલી જશે. બીજાનો ગુણ ન દેખાય ને પોતાના દુર્ગુણ ન દેખાય; તે બહુ અસાધુતા છે. ॥ ૪૩ ॥

જે માની હોય તે કોઈ જગ્યાએથી ગુણ ગ્રહણ કરી શક્તો નથી. ॥ ૪૪ ॥

**આત્મીયતા હોવી જોઈએ અને ઈષ્ટદેવનો, ગુરુનો, ગુરુભાઈનો મહિમા હોવો જોઈએ. ॥ ૪૫ ॥**

પિંડ બ્રહ્માંડથી નિસ્પૃહ રહેવું તે વૈરાગ્યનું રૂપ છે. ॥ ૪૬ ॥

જેમાં અહંકાર ન હોય તે હંમેશા હળવોફૂલ હોય. આપણું જીવન પ્રેક્ટિકલ હોવું જોઈએ. સાધુ છીએ તો આપણા માટે કથા કરો પણ આખી સભાને સંભળાવવા ન કરો. ॥ ૪૭ ॥

આપણી લાયકાત ન હોય તો ઉપદેશ ન આપવો. ગૃહસ્થની સભામાં કથા કરીએ તો ઉપદેશ આપવો પડે. પણ સાધુની સભામાં કથા કરીએ તો આપણા આત્માને કથા સંભળાવવી. ॥ ૪૮ ॥

“હું કહું તેમ જ” તે અહંકાર છે. જેનામાં અહંકાર નથી તેની વાણી, વર્તન કોમળ થઈ જાય, તેનું જીવન

માખણ જેવું થઈ જાય છે. જે અહંકાર રહિત છે તેની પર ભગવાન રાજી થાય છે ને મોક્ષનાં માર્ગે આગળ વધે છે. ॥ ૪૯ ॥

**સાધુ શબ્દનો અર્થ છે કે "સરળ". સરળનો અર્થ "અહંકારશૂન્ય". સાધુએ હળવા થઈ જાવું. સમર્થ થકા ઝરણા તે નિરહંકારી કરી શકે છે. ॥ ૫૦ ॥**

**પકડવાળો સ્વભાવ ન હોવો જોઈએ, પકડવાળો સ્વભાવ હોય તે મોક્ષનાં માર્ગેથી પડ્યા વિના ન રહે. ॥ ૫૧ ॥**

કુદરતી નિયમ છે કે જેને જેનામાં હેત હોય તેને તે સહજ યાદ આવે. વગર સંભારે યાદ આવે તેને સ્નેહ કહેવાય. માટે જો ભગવાનમાં સ્નેહ હોય તો તેને સહેજે ભગવાન યાદ આવે. ॥ ૫૨ ॥

નવરા બેસો તો એમ વિચારો કે કયા સાધુમાં ક્યો ગુણ છે ? આવું કરશો તો જીવન સુંદર થશે. સ્વભાવ

ત્યારે જ ટળશે જ્યારે આપણે બીજામાંથી ગુણ ગ્રહણ કરતાં થઈશું. **॥ ૫૩ ॥**

સ્વભાવ મૂંઝાવાથી, ચિંતા કરવાથી ટળતાં નથી. દરેકમાંથી ગુણરૂપી ફૂલને ચૂંટી લઈએ તો આપણું જીવન સુવાસથી ભરાય જાય છે. **॥ ૫૪ ॥**

ઘડીક સાધુનાં ગુણ સાંભળે ને ઘડીક સાધુની નિંદા સાંભળે, તે તો મોક્ષના માર્ગમાં ઝીરો થઈ જાય છે. **॥ ૫૫ ॥**

વૈરાગ્ય ને આત્મનિષ્ઠા દ્રઢ ન હોય તો બધાં પદાર્થમાં પ્રીતિ થઈ જાય. અને આત્મનિષ્ઠા જો ન હોય તો સમાધિમાંથી પાછો નીસરે ને ચાળા ચૂંથતો ફરે. **॥ ૫૬ ॥**

જે ભગવાનનાં ભક્ત છે તેને જ્ઞાન કે હેતનું અંગ હોય. જે ભગવાનમાં ભૂલ કાઢે કે ભગવાન પક્ષપાતી અને નિર્દયી છે, તો તેણે ભગવાનને અંતર્યામી જાણ્યા જ નથી. **॥ ૫૭ ॥**

જે ભગવાનને દિવ્ય-અલૌકિક જાણે છે તેને ભગવાનની કોઈ ક્રિયામાં સંશય થતો નથી અને ભગવાનમાં ખોટ કાઢતો નથી. ॥ ૫૮ ॥

સ્વાર્થ હોય તેનો અભાવ ક્યારેય ન આવે, એનો સ્વભાવ, ક્રિયા બધું જ ગમે. ભગવાન પાસે સ્વાર્થ રાખીએ તો તેમનો અભાવ ન આવે તથા તેમાં ચોંટી રહેવાય. મારે ભગવાન પાસે આત્યંતિક કલ્યાણનો સ્વાર્થ રાખવાનો છે. એમ નક્કી કરવું. ॥ ૫૯ ॥

**જો મોટાપુરુષ પાસે આત્યંતિક કલ્યાણ કરવાનો સ્વાર્થ હોય તો ક્યારેય ખોટું ન લાગે તથા માન-અપમાન કરે તો પણ તેનો અભાવ ન આવે. ॥ ૬૦ ॥**

જે ભગવાનનો ભક્ત હોય તેને ક્યારેય ભક્ત જોડે ઈર્ષ્યા થતી નથી. જો ઈર્ષ્યા થાય છે તો તેને ભક્ત સાથે હેત જ નથી, માટે ઈર્ષ્યાનો ત્યાગ કરવો. ॥ ૬૧ ॥

જે સાચો મુમુક્ષુ હોય તે તો મોક્ષનાં માર્ગમાં નડે તેવા સ્વભાવને છોડતો હોય છે. મોટા સાધુની સેવામાં

રહેતા હોઈએ તો ભીંસણ સહન કરવી. પોતાનો સ્વભાવ દાસનાં દાસ જેવો હોવો જોઈએ તો એની સેવાનું ફળ મળે છે. ॥ ૬૨ ॥

ઈન્દ્રિયોની વૃત્તિ પ્રતિલોમ હોય તો તે ગમે તેવો હોય તો પણ પોતાની સ્થિતિમાંથી ચલાયમાન ન થાય. ॥ ૬૩ ॥

જે સંત છે તે વિચારે કરીને જુએ છે કે "આ સુખરૂપ છે કે નહિ ?" બીજો વિચાર એ કરે કે "આ જગતનાં વિષયો નાશવંત છે." આવા વિચારને જે પામ્યો હોય તે પછી ગમે તેટલી બાહ્યવૃત્તિઓમાં હોય તો પણ તેને કાંઈ થતું નથી અને જે વિચારને પામ્યો ન હોય તે તો વિષયમાં લેવાય જાય છે. ॥ ૬૪ ॥

જેને પંચવિષયમાં દોષબુદ્ધિ થઈ છે, તેને હૃદયમાં ગમે તેટલી વિષય ભોગની ઈચ્છા હોય તો પણ ભોગવી શક્તો નથી. પંચવિષય ભલે સારા લાગે પણ મારી નાંખે એવા છે. તેથી ભાગવતમાં કહ્યું છે કે,

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय ऐवाभिवर्धते[1] ॥ ૬૫ ॥

જેને ભગવાનમાં હેત હોય તેને એમ બીક લાગે છે કે બીજામાં ચોંટી તો નહીં જવાયને ! એવો વિચાર જે કરે તે વિચારને પામ્યો છે. ॥ ૬૬ ॥

કોઈને પણ દેશકાળે કરીને, પ્રારબ્ધે કરીને, આજ્ઞાએ કરીને પંચવિષય ભોગવવા પડે તો તે દુઃખિયો થઈને ભોગવે, મૂંઝાતો થકો ભોગવે. વાસુદેવાનંદ વર્ણીની જ્યારે બધાંએ પૂજાની સામગ્રી લઈને પૂજા કરી તો મૂંઝાઈ ગયા હતા. ॥ ૬૭ ॥

જ્યારે સંસારનો ત્યાગ કર્યો છે તો તેને વિષે દોષબુદ્ધિ હોવી જોઈએ. તેનો અભાવ આવવો જોઈએ, અરૂચિ હોવી જોઈએ, ને તેમાં માલ ન મનાય. ॥ ૬૮ ॥

---

૧. અર્થ : વિષયભોગની તૃષ્ણા વિષયોનું સેવન કરવાથી કદી શાંત થતી નથી પણ ઊલટી ઘી નાખવાથી અગ્નિ વધે તેમ અધિકાધિક વધતી જ જાય છે. (ભાગ.-૯/૧૯/૧૪)

મનનું ધાર્યું ન થાય ત્યારે બધો મહિમા ઊડી જાય છે, માટે એ બધો રાગ છે. કાં તો મહિમા હોવો જોઈએ, કાં તો પંચવિષયને વિષે દોષબુદ્ધિ હોવી જોઈએ. ॥ ૬૯ ॥

ત્યાગી-ગૃહીનો મેળ નથી, પણ જેને પંચવિષયમાં દોષ બુદ્ધિ છે તે જ મોટો છે. માટે વિચારીને પંચવિષયમાં વેર કરવાનું છે, પણ મૈત્રી કરવાની નથી. ॥ ૭૦ ॥

સાધુનું જીવન બિલોરીનાં કાચ જેવું ને માનસરોવરનાં જળ જેવું હોવું જોઈએ, હીરા કરતાં સખત હોવું જોઈએ ને માખણ કરતાં કોમળ હોવું જોઈએ. ॥ ૭૧ ॥

બીજાનું ભલું કરવામાં તો સાધુનું જીવન માખણ કરતાં કોમળ હોવું જોઈએ. ॥ ૭૨ ॥

જેવું અંદરનું જીવન છે તેવું બહારનું જીવન હોવું જોઈએ, નહીંતર ગટરનાં પાણી જેવું ગંદુ થઈ જાય છે. ॥ ૭૩ ॥

**માત્ર સંતની મહોરછાપ લાગવાથી કે ભગવાં**

**કપડાં પહેરવાથી સંત ન થવાય, જેમાં સદ્‌ગુણ છે તે સંત છે, એટલે બધાંએ હજી સાચા સાધુ થવાનું છે. ॥ ૭૪ ॥**

મહારાજ પછી જો કોઈ તત્વ હોય તો તે છે સાધુ. આવું મોટું પદ સાધુનું છે. તો તેને મેળવવા માટે નીકળ્યા છીએ. માટે સાધુતાનાં માર્ગે સાવધાન રહેવું. સાધુ ભગવાનની રાણી છે. ॥ ૭૫ ॥

જ્યારે મનુષ્યાકારે ભગવાન ન હોય ત્યારે તેના પ્રતિનિધિ તરીકે સાધુ છે. પરમાત્મા જ્યારે આ પૃથ્વી પર આવે ત્યારે સાધુને લાવે છે અને જો ભગવાનને આત્યંતિક કલ્યાણ કરવું હોય તો સાધુ જોડે રાખે છે. ॥ ૭૬ ॥

અનેક ચેલાઓનાં ગુરુ થવાથી પણ સાધુ નથી થવાતું. મોટી ચીજ મેળવવી હોય તો મોટી કિંમત ચૂકવવી પડે છે. હીરા મેળવવા હોય તો ઘણો મોટો દાખડો કરવો પડે છે, તેમ સાધુતા મેળવવા પણ મોટો દાખડો કરવો

પડે છે. જે સાધુતા મેળવે છે તે શૂરવીર છે. ॥ ૭૭ ॥

રાગ, દ્વેષ, કપટ, માન, ઈર્ષ્યા, દંભ આ બધાને હટાવી દઈએ ત્યારે સાધુતા આવે છે. એટલે સાધુતા મેળવવા પ્રયત્ન કરવો. ॥ ૭૮ ॥

જ્યારે ખાણમાંથી હીરા કાઢવા હોય તો બહુ મહેનત કરવી પડે છે, તે હીરાને કાઢ્યા પછી તેને ઘસીને ચળકાટ કરવો પડે પણ ધૂળ ભેગી કરવી હોય તો મહેનત ન પડે. તેમ સાધુતા મેળવવા માટે જ મહેનત કરવી પડે છે. ॥ ૭૯ ॥

**સાધુ શબ્દ બહુ ભારે છે. ધારણાં-પારણાં કે ચાંદ્રાયણ કરવા સહેલાં છે પણ સાધુતા આવવી કઠણ છે. ॥ ૮૦ ॥**

જેણે લક્ષ્ય બાંધ્યું છે તે ભયંકર જંગલમાંથી પણ પસાર થઈ જાય છે. જેને સાચો ખપ છે તે શું ન કરી શકે ? માટે પહેલા સાધુતા મેળવવા માટે ખપ કરવો પડે. ॥ ૮૧ ॥

**સવારે ઊઠો ત્યારે વિચારવું કે "હું શું કરવા માટે આવ્યો છું ?" સંતની શુભ મતિ અને સારું લક્ષ્ય હોય તો તેનો નિર્ણય ને ધ્યેય સારો હોય છે. સારા સાધુ થવું છે. પુરુષોત્તમને પામવું છે. માટે શુભ મતિ દૃઢ કરવી જોઈએ. ॥ ૮૨ ॥**

જ્યાં સુધી આપણી શુભમતિ ન થાય ત્યાં સુધી ગતિ સારી ન થાય. માટે શુભમતિ અચળ હોવી જોઈએ. ॥ ૮૩ ॥

જેના નિર્ણયો અસ્થિર છે તે ક્યારેય સફળ ન થાય. પછી ભલે તે ગમે તેવો પરિશ્રમ કરતો હોય, વ્યર્થ વિચાર ન કરશો, અશુભમતિ ન કરશો. ॥ ૮૪ ॥

માન થાય કે અપમાન થાય, દટાઈ જવું પડે કે જીંદગી હોમી દેવી પડે તો પણ મારે સાધુ તો થાવું છે; આવો જબરો ઈશક જોઈએ. એક વખત આવી શુભમતિ બાંધે તે ક્યારેય જીવનમાં હરેરી ન જાય, હિંમત ન હારે. ॥ ૮૫ ॥

આ જગત સમસ્યાવાળું જ છે. આપણને જે રૂચતું ન હોય તે જ થવાનું છે. માટે એમાં લેવાવું નહીં. ॥ ૮૬ ॥

જીવનમાં ગમે તેટલી ભેખડો પડે, પછી ભલે અંતઃશત્રુની ભેખડો હોય, તેમાં ન લેવાય ત્યારે સાધુ થયા જાણવું. ત્યારે બધા પ્રશ્નોનું સમાધાન થઈ જાય છે. ॥ ૮૭ ॥

પુરુષોત્તમને ગોતવા નીકળ્યા છીએ તો કેટલો આત્મવિશ્વાસ જોઈએ ? વિશ્વાસ હોવો જોઈએ કે મારા મહારાજ મારા ધ્યેય સુધી મને ચોક્કસ પહોંચાડશે એવો મહારાજમાં વિશ્વાસ હોવો જોઈએ. ॥ ૮૮ ॥

વ્યવહાર માર્ગ તો કોલસા જેવો છે. માટે સાધુએ તેમાં ન લેવાવું. ॥ ૮૯ ॥

આપણને શું મળ્યું છે ? કેવી પ્રાપ્તિ થઈ છે ? તેવું વિચારવું. આ તો અક્ષરધામની પાઠશાળા છે, આપણે તો અક્ષરધામમાં જવાનાં વિદ્યાર્થી છીએ. ચારે બાજુ કુસંગનો અગ્નિ વરસે છે, માટે સદ્‌ગુરૂને સેવીને મોક્ષ

સાધી લો. ॥ ૯૦ ॥

જેની પાસે જેટલો માલ હોય તેને તેટલો લૂંટાવાનો ભય લાગે પણ જેની પાસે માલ નથી તેને લૂંટાવાનો ભય હોતો નથી. ॥ ૯૧ ॥

જેને સત્પુરુષની પ્રાપ્તિ થઈ છે, સત્સંગ મળ્યો છે, તેને લૂંટાવાનો ભય છે. સત્પુરૂષમાં કુભાવ કરવાનો મોટામાં મોટો ભય છે. મોટા પુરુષને ખ્યાલ નથી હોતો કે આની પર રાજી થવું કે કુરાજી થવું, રાજીપો કે કુરાજીપો તો અંતરમાંથી આવે છે. ॥ ૯૨ ॥

જે અગાઉથી નકકી કરે છે કે આની પર રાજી થવું છે ને આની પર કુરાજી થાવું છે તો તે સત્પુરુષ જ નથી. જેને સત્પુરુષનો મહિમા નથી ને અભાવ લે છે, તેવા પાસેથી કાંઈ ન મળે. આવાના સંગથી દૂર રહેવું. આનાથી બચવાનું છે. ॥ ૯૩ ॥

**એક ઈષ્ટદેવ અને બીજા ગુરુ; આ બેનો કોઈ ભાંગલો શબ્દ બોલે તેની સાથે વેણ પર વેણ લાવવું**

**પણ "પાજી પળાવની છાયામાં દબાવું નહીં." ॥ ૯૪ ॥**

**ઈશનિષ્ઠા ને ગુરૂનિષ્ઠા એ મોક્ષનું બીજ છે, એમાં જો કોઈ સંશયરૂપી લાળ નાંખે તો આપણો મોક્ષ બગાડી દે છે. ॥ ૯૫ ॥**

જે કોઈ ઈષ્ટનિંદા કે ગુરુનિંદા સાંભળી શકે છે, તે અધોગતિને પામે છે તે નિર્વિવાદ વાત છે. **॥ ૯૬ ॥**

આ મહારાજ ને સદ્‌ગુરૂ રક્ષા કરશે જ તેવો વિશ્વાસ રાખવો. હલકી વાતો સાંભળવાથી હૃદય સ્મશાન જેવું થઈજાય છે, તેવું ઈન્દ્રિયો અંતઃકરણ પણ ન કરી શકે. વાતે કરીને તો ઘણાનાં મોક્ષ બગડ્યા છે, તમે બધા ભાગ્યશાળી છો કે આવા મહારાજ ને સદ્‌ગુરૂ મળી ગયા છે. **॥ ૯૭ ॥**

મારામાં નિષ્ઠા છે તો મારા ગુરુ ને મહારાજ મારી રક્ષા કરે છે. જેટલી નિષ્ઠામાં કસર તેટલી મોક્ષમાં કસર છે. સાધુતાનો ચળકાટ મોટા પુરૂષને સેવવાથી આવે છે. **॥ ૯૮ ॥**

**જ્યારે બુદ્ધિનો વિરામ થાય છે, ત્યારે શ્રદ્ધાનો પ્રારંભ થાય છે. જ્યાં સુધી પોતાની બુદ્ધિનું ડહાપણ છે, ત્યાં સુધી શ્રદ્ધાનો દરવાજો ખુલતો નથી. ॥ ૯૯ ॥**

વખાણ કરે ત્યારે ફૂલાય ન જવું, નિંદા કરે ત્યારે મૂંઝવણ ન થાય એવો સ્વભાવ રાખવો. મોટાપુરુષને સંગે કરીને આળસને કાઢી શકાય છે. દાસત્વભાવને ક્યારેય ન ભૂલવો. **॥ ૧૦૦ ॥**

જે સાધુની સેવા કરે છે તે જ ભગવાનની સેવા કરી શકે છે. ને જે સાધુની સેવા કરતો નથી તે ભગવાનની સેવા કરી શક્તો નથી. જે સાધુને રાજી કરી શકે છે તે જ ભગવાનને રાજી કરી શકે છે. **॥ ૧૦૧ ॥**

દરેકમાં ભગવાનને જોવા એ આપણું કર્તવ્ય છે. જેને જેટલો બીજામાં દેહભાવ દેખાય છે, તેટલો તેને પોતામાં દેહભાવ છે. **॥ ૧૦૨ ॥**

**સાધુ થયા પછી સાધુને તથા મહાપુરુષને રાજી કરવા મહેનત કરવી. સંતોને યાદ કરવાથી તે સંતોનાં**

ગુણ આપણામાં આવે છે. ॥ ૧૦૩ ॥

મહાનમાં મહાન નૌકા હોય તો સ્વામિનારાયણની શરણાગતિ છે. આપણું કલ્યાણ તો કૃપાસાધ્ય છે પણ ક્રિયાસાધ્ય નથી, પણ કૃપા મેળવવા માટે સત્પુરુષની અનુવૃત્તિમાં રહીને સાધન અને ક્રિયા કરવી પડે છે. માટે આ વાતને પણ ધ્યાનમાં લેજો. ॥ ૧૦૪ ॥

એક માથું જવાથી ભગવાન મળતા નથી, બે માથાં જવાથી ભગવાન મળતાં નથી, સો-સો માથા જાય ને ભગવાન મળે તો એમ માનવું કે ભગવાન સસ્તા મળ્યા છે. અને જે બહુ સસ્તુ મળે તેની કિંમત ન હોય જે મોંઘુ મળે છે તેની કિંમત હોય છે. જુઓને... ! આ જીવને ભગવાન સસ્તા મળ્યા છે તો તેની કિંમત નથી ને ભગવાને સાધુ આપ્યા છે પણ આપણે તેને ઓળખી શક્તાં નથી. ॥ ૧૦૫ ॥

જેમ માં પોતાના બાળકને ધવરાવીને પોષણ આપે છે, તેમ સંત ભગવાનનાં લીલાચરિત્રરૂપી ધાવણને

ધવરાવીને મુમુક્ષુને પુષ્ટ કરે છે. ॥ ૧૦૬ ॥

સાધુનાં સમાગમ સિવાય જીવનો ઉધ્ધાર અશક્ય છે. સાધુનાં સમાગમ સિવાય સાત પેઢીનો પણ સત્સંગ કટાઈ ગયો હોય છે. ઘણાંનાં સત્સંગ એવા કટાઈ ગયા હોય છે કે જો લોઢુ થોડુંક કટાઈ ગયું હોય તો તેને લીંબુ ઘસીએ તો સાફ થઈ જાય પણ અંદર ''મરીયા'' થઈ ગયા હોય તો પછી તેને ઓગાળવું જ પડે. એમ ઘણાંનો સત્સંગ કટાઈ ગયો હોય છે. માટે શુદ્ધ થવા નિત્ય સાધુનો સમાગમ રાખજો. ॥ ૧૦૭ ॥

એક રૂંવાડે કરોડ કરોડ વીંછી કરડ્યા હોય તેનું જેટલું દુઃખ થાય તેટલું દુઃખ વસમી વેળાએ થાય છે. માટે ભગવાન ને સાધુને સેવી લેજો. ॥ ૧૦૮ ॥

સંસારનો ત્યાગ કર્યા પછી સત્પુરુષનો સમાગમ કરવાની જરૂર પડે છે. સમજણ વિનાનો ત્યાગ, વૈરાગ્ય વિનાનો ત્યાગ જીવનમાં દર્દ ઊભું કરે છે. ॥ ૧૦૯ ॥

સત્પુરુષનાં સમાગમ સિવાય ક્યારેય કોઈની

બુદ્ધિ નિર્મળ થતી નથી. ॥ ૧૧૦ ॥

જે વ્યક્તિ સંસારનાં દુઃખથી તપતો નથી અને જે વ્યક્તિ સંસારનાં સુખમાં ચલાયમાન થતો નથી એ સત્પુરુષ છે. કદાચ તે સંસારમાં છે તો પણ સંત છે. ॥ ૧૧૧ ॥

જે પૈસાથી આશીર્વાદ આપે છે તે આશીર્વાદ ક્યારેય લાગતા નથી. ભક્તિ જોઈને સંતનું હૃદય દ્રવી જાય ત્યારે આશીર્વાદ મળે છે. ॥ ૧૧૨ ॥

વિદ્યામાં ભ્રષ્ટાચાર ક્યારેય ના ચાલે, જે મોક્ષનાં માર્ગે કામ લાગે તે સાચી વિદ્યા છે. સાચા સંતનાં હાથે ભણેલી વિદ્યા સમાજનો ઉદ્ધાર કરે છે, માં-બાપનો ઉધ્ધાર કરે છે. ગુરુકુળ તો મોક્ષનું સદાવ્રત છે. ॥ ૧૧૩ ॥

હીરાને જ્યાં સુધી સરેણ પર ન ચડાવો ત્યાં સુધી તેમાં પે'લ ન પડે, તેમ જીવ જ્યાં સુધી સાચા સંતનાં જોગમાં ન આવે ત્યાં સુધી તેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનાં પે'લ ન પડે. ॥ ૧૧૪ ॥

**સાધુને છોડીને જે ભગવાનને આંબવા જાય છે, તે ભગવાનને આંબી શક્તો નથી. ॥ ૧૧૫ ॥**

ખેડુનાં છોકરા ભગવાં પહેરીને સત્પુરુષનાં યોગે બ્રહ્મરૂપ થઈ જાય એ તો મારા મહારાજે લાજ વધારી છે. ભગતની આબરૂ મહારાજ વધારે છે. **॥ ૧૧૬ ॥**

ઘરમાં માં-બાપનાં, ક્રિકેટરોનાં, કૂતરાં-બિલાડાનાં ફોટા રખાય છે અને દિવાલો પર ચોંટાડાય છે તો શું સાચા સત્પુરૂષનાં દર્શન કરવા માટે દીવાલ પર ફોટા ન રાખી શકાય ? રખાય જ. **॥ ૧૧૭ ॥**

શિક્ષાપત્રીમાં મહારાજે એકલા બ્રહ્મવેત્તા પુરુષનું ધ્યાન કરવાની ના પાડી છે પણ મહારાજ સંગાથે મુક્તને સેવી શકાય છે. તેના અર્થે થાળ, પાંચ રૂપિયાનું ખર્ચ કરી શકાય છે. વળી, વરતાલનાં પાંચમાં વચનામૃતમાં શ્રીજી મહારાજ પણ કહે છે કે "જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમજ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી

પૂજા કરે.'' **॥ ૧૧૮ ॥**

જેમ નાવ હોય તે પથ્થરને પણ તારે છે; તેમ સંતરૂપી નાવ છે તે આલોકના ગમે તેવા પાપી જીવોને પણ ભવસાગરમાંથી તારીને પુરુષોત્તમને ભેટાડે છે. **॥ ૧૧૯ ॥**

જેની ઉપર સાધુની નજર પડી હોય ને રાજી કર્યા હોય તો તેને ભગવાન અપનાવે છે. સાધુ ધોબી ને કુંભારનું કામ કરે છે. જેમ કુંભાર માટલા ઘડી ઘડીને તૈયાર કરે છે, પછી ગ્રાહકને આપે છે તેમ સાધુ મુમુક્ષુને તૈયાર કરી મહારાજને આપે છે. **॥ ૧૨૦ ॥**

જે ભગવાનમાં પ્રેમ કરાવે તેવાનાં હાથમાં કાંડા સોંપવા-કથાનાં સમયે કોઈ કામ ન કરવું. કથા એ સાધુનો સમાગમ છે. માત્ર લાડુની રસોઈ આપીએ તે સાધુનો સમાગમ નથી. સાધુનાં સમાગમમાં મોક્ષનાં પાયા ગોઠવાયેલા છે. સાધુ ભ્રમને તોડાવે છે. **॥ ૧૨૧ ॥**

જે જીવે પરમાત્માનું શરણું સ્વીકાર્યુ નથી તેવા જીવ

સુધી સત્પુરૂષ જાય છે. અને તેનો ચોખ્ખો કરી પરમાત્માનાં ચરણે ધરી દે છે. **॥ ૧૨૨ ॥**

મંદિરો સાધુ માટે છે. સાધુ વગર મંદિરો શોભતા નથી. સ્વામિનારાયણનાં સાધુમાં કલ્યાણ કરવાની તાકાત છે જ. કારણ કે તેનામાં મહારાજ રહીને કાર્ય કરે છે. **॥ ૧૨૩ ॥**

આપણે જે ઋષિ-મુનિઓને જોયા નથી, અનુભવ્યા નથી એવા અનેક ઋષિ-મુનિનાં રચેલા ગ્રંથોમાં ને તેમની વાણીમાં જો વિશ્વાસ છે, શ્રધ્ધા છે. તેમનાં કરતાં આપણાં સંપ્રદાયમાં ઘણાં નંદસંતો થઈ ગયાં છે, તેમની વાણીમાં અને તેમનાં રચેલા ગ્રંથોમાં તથા સ્તોત્રોમાં વધારે વિશ્વાસ હોવો જોઈએ. **॥ ૧૨૪ ॥**

વૈદિકધર્મનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ વેદ-ઉપનિષદ્ કહી શકીએ પણ તેને પરોક્ષ રીતે પરબ્રહ્મનો સંબંધ છે જ્યારે વચનામૃતનો સંબંધ પરબ્રહ્મ સાથે પ્રત્યક્ષ છે. **॥ ૧૨૫ ॥**

હિન્દુસ્તાનનાં વૈદિકધર્મમાંથી સાધુને કાઢી

નાખવામાં આવે તો પછી કાંઈ રહેતું નથી. કોઈ જીવની તાકાત નથી કે ભગવાનને ડાયરેક્ટ ઓળખી શકે . આ તો સત્પુરુષ પ્રગટે છે ત્યારે જીવને ખબર પડે છે કે ભગવાન આવા છે. ॥ ૧૨૬ ॥

કોઈ એમ કહે કે "હું માં વગર બાપને જાણી લઉં." તો તે વાતમાં કંઈ માલ નથી. માં સિવાય કોઈ જાણતું નથી કે "આ બેટાનો બાપ કોણ છે ?" તેમ સત્પુરુષ સિવાય કોઈ જાણતું નથી કે "પરબ્રહ્મ કોણ છે ?" એ નિર્વિવાદ વાત છે. ॥ ૧૨૭॥

ચોકનાં દુઃખે ધણીનો ખાટલો ન બાળવો. મહારાજ જ આપણા ધણી છે તે વાત સદ્‌ગુરુ આપણને શીખવાડે છે કે આ 'સહજાનંદ' તારો ધણી છે. ॥ ૧૨૮ ॥

સંપ્રદાયમાં એક દિવસ એવો હતો કે ગામમાં સંતો આવે ત્યારે બધાં સત્સંગ કરવા દોડતા. પણ આજે ક્યાં કોઈને સત્સંગની પડી છે ? માટે સત્સંગને ફરી જીવતો કરવો હોય તો સદ્‌ગુરુનાં ચરણ પકડો. ॥ ૧૨૯ ॥

બ્રહ્માનંદસ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીની ફાંદનાં દર્શન કરીએ તોય હૃદયમાં ઠંડા શેરડા ફૂટવા માંડે. **॥ ૧૩૦ ॥**

સોનાનાં શિખર કે દરવાજા કે સિંહાસન કલ્યાણ નહીં કરે. પણ મોટા સત્પુરુષનો મહિમા સમજવાથી કલ્યાણ થાય છે. **॥ ૧૩૧ ॥**

શ્રીજી મહારાજનાં ખોટા કરેલા કલ્યાણ, સદ્‌ગુરુ સાચા કરે. પણ સદ્‌ગુરુએ કોઈનું કલ્યાણ ખોટું કર્યું હોય તો ભગવાન પણ તેને સાચા કરી શક્તા નથી એ શાસ્ત્રીય વાત છે. વળી નરસિંહ મહેતા પણ કહે છે કે,

**"મારા રે બાંધ્યા વૈષ્ણવ છોડાવે,**
**વૈષ્ણવે બાંધ્યા નવ છૂટે રે,**
**એકવાર વૈષ્ણવ મુજને બાંધે,**
**તે બંધન નવ તૂટે રે.. પ્રાણ થકી" ॥ ૧૩૨ ॥**

સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ ભગવાન સ્વામિનારાયણ અને તેમના અનાદિ મુક્ત એવા સંતો

અને ભક્તોની ચરણ રજ જે સ્થાનમાં પડી હોય તે સ્થાનમાં કૂતરું મરશે તો પણ આજ નહિ તો કાલ તે અક્ષરધામમાં જશે જ. કારણ કે તેને મહારાજ ને સત્પુરુષનાં ચરણની રજનો સ્પર્શ થયો છે. તે જીવ ભાગ્યશાળી છે. **॥ ૧૩૩ ॥**

મંદિરોનો મહિમા સોનાનાં શિખર, દરવાજા કે સિંહાસનથી નથી પણ મંદિરોનો મહિમા તો આજ્ઞા, ઉપાસના યુક્ત બ્રહ્મવેત્તા સત્પુરુષથી જ છે. ને કલ્યાણ પણ ત્યાં જ છે. એ વાત મહારાજે વચનામૃતમાં પણ સમજાવી છે. **॥ ૧૩૪ ॥**

કોઈપણ વ્યક્તિને કોઈપણ કાર્યમાં નિપુણતા હોય, તેમ આત્માને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં પહોંચાડવાની નિપુણતા સ્વામિનારાયણનાં પરમહંસોમાં જેવી છે, તેવી વિશ્વમાં કોઈનામાં નથી. **॥ ૧૩૫ ॥**

"સંત તે સ્વયં શ્રીહરિ" તેનો અર્થ એ છે કે જેના

શીશમાં ભગવાનનું શીશ છે. જેની આંખમાં ભગવાનની આંખ છે. જેના મુખમાં ભગવાનનું મુખ છે. જેના વેણમાં ભગવાનના વેણ છે. જેના કાનમાં ભગવાનનાં કાન છે. જેની નાસિકામાં ભગવાનની નાસિકા છે. જેના હૃદયમાં હરિનું હૃદય છે. જેના પગમાં પ્રભુનાં પગ છે. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન તેમને રહેવાનું એક માત્ર સ્થાન સંત છે. માટે એ સ્વયં શ્રીહરિરૂપ છે. એ વાત ક્યારેય ભૂલવી નહીં. આમ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે. **॥ ૧૩૬ ॥**

રાજાનું જેટલું રાજ્ય તેટલું રાણીનું રાજ્ય છે. સદ્‌ગુરુ તો મહારાજની રાણી છે. **॥ ૧૩૭ ॥**

પારકાનું ખોદવામાં આપણું જ ખોદીએ છીએ. માટે કોઈની નિંદા-ટીકામાં ના પડશો. આ સંપ્રદાયમાં ભગવાન સ્વામિનારાયણનો પ્રચાર-પ્રસાર કરનાર હોય તો સાધુ છે. સાધુ ન હોત તો ભગવાન સ્વામિનારાયણ ન હોત. આ સંપ્રદાયને સાધુએ જન્મ આપ્યો છે.

સ્વામિનારાયણ સંપ્રદાય સાધુ વિના ચાલવો અશક્ય છે. તે નિર્વિવાદ વાત છે. સમજો તોય ભલે અને ન સમજો તોય ભલે. ॥ ૧૩૮ ॥

જેને રાણીનો કોન્ટેક્ટ છે. તેનો કોન્ટેક્ટ રાજાધિરાજ હરિકૃષ્ણ મહારાજ સાથે થાય છે. જેને રાણીની સાથે વેર છે એને પુરુષોત્તમની પ્રાપ્તિ થાતી નથી. ॥ ૧૩૯ ॥

જ્યાં કલેક્ટરની સહી થાય ત્યાં કલેક્ટરની જ થાય છે તેમ વચનામૃતનાં આધારે કહું છું કે મોક્ષનાં માર્ગમાં સહી સદ્‌ગુરૂની જ ચાલે. પછી તેને મહારાજ સ્વીકારે છે. આ શાસ્ત્રીય વાત છે. ॥ ૧૪૦ ॥

સાધુ જીવનાં વેપારી છે. તે માયા પાસેથી જીવને ખરીદે છે ને પછી તેને સાફ કરીને પુરુષોત્તમને અર્પણ કરે છે. ॥ ૧૪૧ ॥

જ્યારે એકલા ભગવાનનાં મહિમાની વાતો કર્યા કરશું, તો તેમાં ઘણીવાર મુમુક્ષુ માયાની સાથે લડવામાં

પહોંચી નથી વળતો, ને તૂટી જાય છે. પણ જો સાધુમાં ચોંટી જશે તો મોક્ષનાં માર્ગમાંથી તે મુમુક્ષુ નહીં તૂટે. કારણ કે તે સાધુનાં ખોળામાં માથું રાખી રોવા મંડશે ને સાધુ તેના માથા પર હાથ મૂકશે, ત્યારે તેને ચોક્કસ નિરાંત થશે. ને ત્યારે તેને મોક્ષનાં માર્ગમાં આગળ વધવાનું બળ મળશે. માટે ભગવાનનાં મહિમાની સાથે સાધુનાં મહિમાની વાતો કરજો. **॥ ૧૪૨ ॥**

જેનો પ્રારંભ શ્રેષ્ઠ તેનો અંત પણ શ્રેષ્ઠ. તેમ જેનું જીવન નવા વર્ષનાં દિવસે મોટાપુરુષનાં સમાગમમાં ને ભગવાનમય જાય તેનું આખું વર્ષ શ્રેષ્ઠ થાય છે. **॥ ૧૪૩ ॥**

**સત્પુરુષનાં વચન તે ધર્મ છે.** વિદ્યા અને ધન ધર્મથી મળે છે. જ્યારે ધર્મ તૂટે છે ત્યારે સમાજ તૂટે છે. સુખ, આત્મીયતા, શાંતિ ધર્મ પાળવાથી થાય છે. **॥ ૧૪૪ ॥**

જે પોતું થઈ શકે છે, તે મંદિરમાં પોતું મારી શકે છે. જેને સેવા કરવી છે, તેને નમતાં શીખવું. કલ્યાણનાં દસ્તાવેજ પર સાધુની જ સહી ચાલે. જેને સાધુમાં હેત

થયું તેને સર્વે સાધન પૂરાં થયાં. જેને સાધુમાં હેત ન થયું તેનાં સાધન અધૂરાં. ॥ ૧૪૫ ॥

મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિક નંદ સંતો તો પ્રકૃતિ-પુરુષ સામું તો જુએ પણ નહીં. તે અનાદિ મુક્ત છે ને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે. પુરુષ તો સવિકલ્પ નિશ્ચયવાળો હતો તે માયા સાથે જોડાયો. અનાદિમુક્ત તો તેનાથી ક્યાંય પર છે. ॥ ૧૪૬ ॥

સાધુ તે સાધુ છે. સત્પુરુષ તે સત્પુરુષ છે ને ભગવાન તે ભગવાન છે. ભગવાન જેવા સાધુ એમ કહેવાય પણ સાધુ જ ભગવાન છે એમ ન કહેવાય. ॥ ૧૪૭ ॥

મનુષ્ય જન્મ થયા પછી આવો સત્સંગ મળ્યો, સાધુનો સમાગમ મળ્યો તે કેટલી મોટી વાત છે ? માટે અંધારામાં સૂતા ન રહેશો. આ તો પાણીનાં પ્રવાહ જેવી જીંદગી છે. ક્ષણ ક્ષણમાં જીંદગી ચાલી રહી છે. કાળે કરીને મરી જઈશું. એકાંતિક થવાનું રહી જશે તો જીંદગી

એળે જશે. ભગવાન એમ કહેશે જે, મને જંગલમાં સેવકરામ મળ્યો હતો અને તું બીજો સેવકરામ મળ્યો. ॥ ૧૪૮ ॥

આ સત્સંગની સ્થાપના કરવા માટે નંદસંતોનાં વાહા ફાટી ગયા. અતિમાર સહન કરીને સ્વામિનારાયણ સંપ્રદાય પ્રવર્તિત કર્યો છે પણ લાડવા ખાઈને નથી થયો. માટે મહારાજ ને નંદસંતોનાં દાખડાં સામું જોઈએ. તે તમારી ને મારી ફરજ છે. ॥ ૧૪૯ ॥

પંચવિષય બહુ ખતરનાક છે. સાચા ભક્ત થવું હોય તો કોઈ સાચા સાધુની વાત માનો. ॥ ૧૫૦ ॥

સાધુનો સંગ જો સતત હશે તો સંસારમાંથી ઊગરશો; નહિંતર ફસાઈ જશો. સાધુરૂપી તમારી બોર્ડર છે. સાધુની વચ્ચે પડ્યા રહેશો તો પંચવિષયરૂપી જે સિંહ છે તે મારી નહી શકે . જો સંતની બોર્ડરની બહાર જશો તો તમને પંચવિષય ભરડી નાંખશે. ॥ ૧૫૧ ॥

સંતનો સમાગમ કરીએ છીએ ત્યારે અહં-મમત્વ

જાય છે. ॥ ૧૫૨ ॥

હૃદયમાં લખી લ્યો કે પોતાના જીવને ક્યારેય પાપી ના સમજશો. હીરો તૂટેલો હોય પણ તેને પથ્થર ન કહેવાય. સોનાની લગડીને ક્યારેય ફેંકી દઈએ છીએ ? તેમાં ખામી હશે પણ તે પથ્થર નથી. આજથી કોઈએ ક્યારેય પોતાના જીવને પાપી ન માનવો. સાધુનો સંગ મળ્યો હોય તેને પાપી ન મનાય. ॥ ૧૫૩ ॥

મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને દાદાખાચર જેવા ભક્તો જમતાં હશે ત્યાં આ જીવ ક્યારેક કીડી,મકોડા થઈને રહ્યો હશે. એટલે આ સત્સંગમાં જન્મ મળ્યો છે, નહિંતર આ જીવ અહીં ન હોત. જેમ મહારાજનો મહિમા સમજીએ છીએ, તેમ આપણે સંતોનો મહિમા સમજવો. ॥ ૧૫૪ ॥

જેના ગળામાં ભૂલે પણ સાધુએ કંઠી નાખી દીધી છે, તે જમપુરીમાંથી નીકળી ગયો છે. તે જમપુરીમાં ન જ જાય. ॥ ૧૫૫ ॥

મુક્તાનંદ સ્વામીનો સ્વભાવ ગુણગ્રાહી હતો. તેવો સ્વભાવ પાડવા સાધુએ પ્રયત્નશીલ રહેવું. ॥ ૧૫૬ ॥

**કોઈને હેરાન કરવો, કોઈને મોક્ષનાં માર્ગમાંથી પાડવો તે ભગવાનનાં ભક્તનાં લક્ષણ ન હોય. ॥ ૧૫૭ ॥**

ભગવાન સ્વામિનારાયણ પરમ પિતા છે. તો કોઈ માં હશે ને ? ભગવાન આપણી માંને પણ સાથે લાવ્યા છે તો માં મુકતાનંદ સ્વામી છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં મુક્તાનંદ સ્વામીનું પાત્ર અજોડ છે. ॥ ૧૫૮ ॥

કૃષ્ણચરિત્રમાંથી રાધિકાને બાકાત રાખવામાં આવે તો કૃષ્ણચરિત્ર લુખ્ખુ લાગે, તેમ સ્વામિનારાયણ સંપ્રદાયનાં કોઈ પણ શાસ્ત્રોમાં જેમ કે હરિદિગ્વિજય, સત્સંગિજીવન, વચનામૃત, શિક્ષાપત્રી, હરિલીલામૃત, હરિચરિત્રામૃતસાગર હોય, કોઈપણ શાસ્ત્ર હોય, તેમાંથી મુક્તાનંદ સ્વામીને બાકાત કરવામાં આવે તો તે બધું

લુખ્ખું થઈ જાય. ॥ ૧૫૯॥

ભગવાન જેમને ગુરુ કહીને બોલાવતા, મહામુનિ કહેતા તે મુનિસમ્રાટ એટલે મુક્તાનંદ સ્વામી. ॥ ૧૬૦ ॥

મુક્તાનંદ સ્વામીની કથા અદ્‌ભૂત છે. તેમનાં યથાર્થ ચરિત્ર સાંભળવાથી તેમના જેવી ભક્તિ, નિષ્ઠા આપણામાં આવે છે. ॥ ૧૬૧ ॥

ઘણા એમ કહે છે ‘‘કે મુક્તાનંદસ્વામી અભણ હતાં.’’ તે મૂર્ખામી ભરી વાત છે. મુક્તાનંદસ્વામીએ વ્યાસસૂત્ર પર ભાષ્ય લખ્યું છે. તે મુખ્ય વિદ્વાન હતા. તે જાણીને તો મહારાજે વડોદરામાં શાસ્ત્રાર્થ કરવા મોકલ્યા હતા. ॥ ૧૬૨ ॥

ભક્તિનાં માર્ગમાં ભગવાનને પ્રસન્ન કરવામાં જ્યાં સુધી બ્રહ્મભાવ ન આવે ત્યાં સુધી મહારાજમાં ઓતપ્રોત ન થવાય. જ્યાં સુધી પુરુષમાં પુરૂષત્વ રહે છે, ત્યાં સુધી અભિમાન ટળતું નથી. ભગવાનને રાજી કરવા હોય તો એક સૂત્ર જીવનમાં આવવું જોઈએ કે ‘‘હું તો છું ઘણી

નગુણી, નાર તોય તમારી રે, તમે ગુણસાગર ગોપાલ, દેવ મુરારી રે...'' આ ભાવ હૃદયમાં જ્યાં સુધી ન આવે ત્યાં સુધી ભક્તિમાં કાચ્ચપ છે. **॥ ૧૬૩ ॥**

દુનિયા તો ધક્કાં જ મારે છે એટલે જ સ્વાર્થી છે. સંસારી જેવો સ્વાર્થી આ દુનિયામાં કોઈ નથી. સંત છે તે સમાજમાંથી દુઃખીનું ટોળું ભેગું કરીને તેની વચ્ચે બેસશે ને તેની મદદ કરશે. જેને રૂપિયાવાળા કરતાં પણ ગરીબ વધારે વ્હાલા છે તે જ સાચો સંત છે. **॥ ૧૬૪ ॥**

**સમાજનો કીચડ સાફ કરે તે જ સાચો સંત છે. ॥ ૧૬૫ ॥**

દુનિયામાં કોઈપણ ઓલીયા પુરૂષ કે મહાપુરુષને પકડ્યા હશે તો તે સંસારમાંથી પાર ઉતારશે. **॥ ૧૬૬ ॥**

જ્યારે વિપત્તિ આવે ત્યારે પરબ્રહ્મ કે સાધુ સહાયક થાય બીજું કોઈ ન થાય. માટે ભગવાન ને સત્પુરૂષનાં થઈને રહીએ. **॥ ૧૬૭ ॥**

**સંત છે તે દુઃખને પીવે છે અને સુખને વરસાવે**

**છે. ॥ ૧૬૮ ॥**

ગંધાતું તળાવ હોય તોપણ તેમાં કેવા કમળો ખીલ્યા હોય છે ? કાંટાનાં જંગલમાં કોમળ ગુલાબ ખીલે છે. પણ સરસ મજાની નદીમાં કે ગંગાનાં ધરામાં ક્યારેય કમળ ખીલતા નથી. તેમાં તો પથરા જ હોય છે. તે ભગવાનની લીલા છે. **॥ ૧૬૯ ॥**

વચનામૃતમાં શ્રીહરિએ શ્રીમુખે મુક્તાનંદ સ્વામીનું નામ જેટલી વખત લીધું છે તેટલી વખત બીજા કોઈનું લીધું નથી. **॥ ૧૭૦ ॥**

મહારાજ કહે કે ‘‘અમને મુક્તાનંદ સ્વામીમાં અસાધારણ હેત છે.’’ માટે એમના જેવાં ગુણો લાવવાં. **॥ ૧૭૧ ॥**

જન્મથી જ અનાદિ મુક્તોનાં રોમરોમમાં મહારાજ હોય છે પણ સાધનથી તે મહારાજને સિદ્ધ કરતા નથી. તેઓ જન્મથી જ સિદ્ધ હોય છે. જેમ ભગવાનનો જન્મ કથન માત્ર છે, તેમ તેમનો જન્મ પણ

કથન માત્ર છે. ॥ ૧૭૨ ॥

ખાતાં-પીતાં, હાલતાં - ચાલતાં જેનું ચિત્ત ભગવાનમાં રમે છે તે સંત છે, પણ જેનું ચિત્ત ભગવાનમાં રહેતું નથી, તેને ને ભગવાનને લાખો ગાઉનું છેટું રહેતું હોય છે. ॥ ૧૭૩ ॥

"ડોબું લેવું તો દોહીને ને ગુરુ કરવાં તો જોઈને." આપણે તો ડોબું દોહીને લઈએ છીએ પણ ગુરુ જોઈને નથી કરતાં માટે આ વાતને ધ્યાનમાં રાખવી. ॥ ૧૭૪॥

અહિંસા, સત્ય ને બ્રહ્મચર્ય આ ત્રણ જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી ભગવાન ન મળે. ॥ ૧૭૫ ॥

સાધુ ભેળા રે'વું તે કાંઈ હોટલો કે સિનેમા ઘર નથી; આ તો મોક્ષનાં અખાડા છે. ॥ ૧૭૬ ॥

જ્યાં જ્યાં રામકથા ચાલતી હોય ત્યાં ત્યાં હનુમાનજી હોય. તેમ મહારાજની જ્યાં જ્યાં વાતો થતી હોય ત્યાં ત્યાં મુક્તાનંદ સ્વામી હોય. ॥ ૧૭૭ ॥

મુક્તાનંદસ્વામીનાં સંકલ્પથી બ્રહ્માંડોનાં બ્રહ્માંડો

સ્વામિનારાયણનાં નામથી રંગાય જાય, તેવા મુક્તાનંદ સ્વામી મહારાજનાં રાણી છે. ॥ ૧૭૮ ॥

મુક્તાનંદ સ્વામી ગુરુમુખી હતા. ગુરુઆજ્ઞા એજ તેમનું જીવન હતું. રામાનંદસ્વામીનું જેમ મન વળે તેમ મુક્તાનંદ સ્વામીની કાયા વળે. ॥ ૧૭૯ ॥

દાસત્વ ભક્તિનાં, વેદાંત-ઉપનિષદ્‌નાં, પિંગળ શાસ્ત્રનાં, ગાનવિદ્યાનાં, સેવાભક્તિનાં, ગુરુભક્તિનાં, ઈશનિષ્ઠાનાં, નૃત્યકળાનાં, તે બધાંનાં આચાર્ય મુક્તાનંદ સ્વામી હતા. ॥ ૧૮૦ ॥

મોક્ષનાં માર્ગમાં નિષ્ઠા કામ કરશે. જે નિષ્ઠાવાળો માણસ હોય ત્યાં જોરદાર નિષ્ઠા બંધાય, નિષ્ઠા વિના કોઈ કાર્યની સિધ્ધિ થતી નથી. ॥ ૧૮૧ ॥

જો બિઝનેસ ચલાવવો હોય, મકાન બાંધવું હોય તો તેમાં તેના કાયદા પ્રમાણે ચાલવું પડે છે, તેમ મહારાજને પામવા માટે જે કાયદાઓ બાંધ્યા છે તેમાં ચાલવું પડે છે, ત્યારે જ સત્સંગ કર્યાનું ફળ મળે છે. ને

મહારાજ રાજી થાય છે. ॥ ૧૮૨ ॥

**કોઈ સાચા સદ્‌ગુરુ જેમ કહે તેમ કરે તો તેને ભગવાન સ્વામિનારાયણ મળે જ છે. આવો સદ્‌ગુરુનો પ્રતાપ છે.** ઘણીવાર શાસ્ત્રનાં રહસ્યને આપણે સમજી શક્તાં નથી હોતા. માટે ધ્યાન રાખવું. ॥ ૧૮૩ ॥

જે આત્મઘાત કરે છે તેને ક્યારેય મનુષ્ય જન્મ ભગવાન આપતા નથી. જીવનમાં દુઃખ તો ત્યારે જ દૂર થાય છે, જ્યારે ભજન કરે છે. ॥ ૧૮૪ ॥

જો ભજન કરીશું તો આપણો રથ હરિકૃષ્ણ મહારાજ પાસે પહોંચવાનો એ વાત નિર્વિવાદ છે. ॥ ૧૮૫ ॥

સદ્‌ગુણી પૂજાય છે ને આગળ આવે છે. જેનામાં સદ્‌ગુણ છે તે મોટો છે. પછી ભલે આ લોકની દૃષ્ટિએ નાનો હોય પણ તે મોટો જ છે. ॥ ૧૮૬ ॥

આ સંપ્રદાયનો આધાર સાધુ છે. આ સંપ્રદાય સાધુથી ઊજળો છે. જ્યાં સુધી સાધુ છે, ત્યાં સુધી સંપ્રદાય અસ્તિત્વમાં છે. સાધુથી પોષણ પામેલો આ સંપ્રદાય છે.

**આજે પણ સાધુ જ સંપ્રદાયનું પોષણ કરે છે. ॥ ૧૮૭ ॥**

આ સંપ્રદાય સાધુ વિના ચાલે જ નહીં. આ સંપ્રદાયનાં રક્ષક, પોષક, ધારક સાધુ છે. અને બીજી વાત એ કે ગાફલ સાધુથી આ સંપ્રદાય નહીં ચાલે. જેનામાં ધનનો ત્યાગ નથી, ધર્મ નથી, પંચવર્તમાન નથી, તેવા સાધુથી આ સંપ્રદાય નહીં ચાલે તે નિર્વિવાદ વાત છે. પછી કયા રસ્તે સંપ્રદાયને લઈ જવાનો તે તમારા હાથમાં છે. **॥ ૧૮૮ ॥**

ધર્માદાનું કૂતરા ખાય તો તેના પણ રૂંવાડા ખદબદતાં હોય છે, માટે સંસારીને ધર્માદાનું ન ખાવું. મંદિરનો કણીકો પેટમાં ન આવે તેનું ધ્યાન રાખવું. અંતે ધૂળ મૂકીને પૂજારીને આનાથી વાસણ ધોવાનું કહેવું. તેમ ન થાય તો મંદિરમાં સાવરણી લઈને વાળવું. માટે ધર્માદાનું ખાસ ન લેવું. ધર્માદાનું અન્ન બહુ ખરાબ છે. એનાથી ખાસ બચવું. **॥ ૧૮૯ ॥**

વ્હાલામાં વ્હાલું ફળ માં દીકરાને આપે છે, તેમ

આપણે આજ ગર્વથી કહી શકીએ કે "નીલકંઠરૂપી ફળ, સહજાનંદરૂપી ફળ, હરિકૃષ્ણરૂપી અમોઘ સુંદરમાં સુંદર, અજોડમાં અજોડ ફળ મને અને તમને મુક્તાનંદ સ્વામીએ આપ્યું છે." આનાથી વધારે દયાળુ કંઈ માં હોય ? ॥ ૧૯૦ ॥

સંસાર એવો મધુર છે પણ જો પતિ પત્નીની આજ્ઞામાં રહે ને પત્ની પતિની આજ્ઞામાં રહે તો ઠેકાણું પડે. નહિંતર એ બન્ને વચ્ચે ઝઘડાં જ થાય છે. ॥ ૧૯૧ ॥

ઠાકોરજીની સેવા કરવાનો અધિકાર તમામને છે, ઠાકોરજીની આગળ કોઈ ગુરુ નથી, કોઈ ચેલો નથી, બધા એક છાબડામાં છીએ. મારું ને તમારું કલ્યાણ ભગવાન સ્વામિનારાયણનાં હાથમાં છે. ॥ ૧૯૨ ॥

જેને માન મળે તે અપમાન સહન ન કરી શકે, પણ જેને માન મળ્યું જ નથી તે અપમાન કદાચ સહન કરી શકે. અમૃત તો સહું પી જાય પણ ઝેર પચાવું તે કામ છે. ॥ ૧૯૩ ॥

ઘણાં ભગત કહેવાતા હોય, ને અધર્મ કરતાં હોય ને કરાવતાં પણ હોય તે તો કેવી વજની છાતી વાળા હશે ? માટે મહારાજની આજ્ઞા લોપીએ તો આપણી જાતને ધિક્કાર છે. ॥ ૧૯૪ ॥

મહારાજનાં વખતે સંતો દુર્જનોનો માર ખાઈને હેરાન થયા તોપણ મહારાજને રાજી કરવા સંતોએ કેવા સ્વભાવ રાખ્યા ? ॥ ૧૯૫ ॥

**જેમ નાનું બાળક રાક્ષસથી બીવે છે, એમ સાધુએ સ્ત્રીથી બીવું. ॥ ૧૯૬ ॥**

સ્વામિનારાયણ સંપ્રદાયમાં મોટામાં મોટો ભોગ હોય તો તે સહજાનંદી સંતોનો છે. ॥ ૧૯૭ ॥

સત્સંગની અંદર અનેક જીવોનાં હૃદયમાં અનેક દોષો રહેલા છે. તેને જો એક સાચા સહજાનંદી સંત મળી જાય તો તે દોષોને નાબૂદ કરી નાખે છે, તે વાત નક્કી છે. ॥ ૧૯૮ ॥

ભગવાનનાં ચરણાર્વિંદમાં બેસી જવાથી

અનંતકાળનો કાદવ સાફ નથી થતો, જો કદાચ સાફ થઈ જતો હોય તો દેવનાં પૂજારીઓનો સાફ થઈ પવિત્ર થઈ જવા જોઈએ ને ? કાદવ તો સાચા સંતનાં સમાગમથી જ સાફ થાય. ॥ ૧૯૯ ॥

જીવની કસર સંસ્થામાં ધર્માદો આપવાથી ન ટળે, હિમાલય જેવી ઈમારત બાંધવાથી ન ટળે. જીવમાં રહેલી કસર છે તે સાચા મુક્તાત્માનાં સમાગમથી ટળે છે. ॥ ૨૦૦ ॥

જેટલી મહારાજની આજ્ઞા ને ઉપાસના દૃઢ થાય તેટલી આપણામાં સહજાનંદની સૌરભ આવે. ॥ ૨૦૧ ॥

જે દિવસો સત્સંગ કરીશું ત્યારે રજોગુણ તમોગુણનાં ઘાટ ટળશે. સત્સંગમાં મૂર્તિનાં ભોક્તા થવા માટે આવ્યા છીએ. સત્સંગ માટે જીવનને ન્યૌછાવર કરી દો. ॥ ૨૦૨ ॥

“સંત એટલે ભગવાં વસ્ત્રધારી સાધુ; એટલું જ ન લઈ શકાય, સંત તો ધોળાં વસ્ત્રમાં કે કાળાં વસ્ત્રમાં કે

પુરુષમાં કે સ્ત્રીમાં પણ હોઈ શકે. જીવુબા, લાડુબા જેવા સ્ત્રીભક્તો પણ સંત હોઈ શકે માટે આ વાતને ધ્યાનમાં લેવી.'' ॥ ૨૦૩ ॥

મોક્ષને માટે ભગવાન ને ભગવાનનાં સંત એ બે જ છે. સંત સાથે જ્યારે હેત થઈ જાય, ત્યારે તેનો બેડો પાર થઈ જાય છે. સંત સાથે જ્યારે નિષ્કામ ભાવે હેત કરે તો તે નિશ્ચય મહારાજનાં ધામમાં જાય છે. તેથી, ભાગવતમાં ભગવાન કપિલ માતા દેવહૂતિ પ્રત્યે સંત મહિમા વર્ણવતાં કહે છે કે,

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम्[1] ॥ २०४ ॥

જેવા મહારાજ છે તેવા જ જાણવા છે એવો નિશ્ચય કરવો. પ્રગટ મહારાજનાં દર્શન અને તેના સંતનાં દર્શન

૧. અર્થ : વિષયમાં અત્યંત આસક્તિ તે જ આત્માને કદી તૂટે નહિ તેવો પાશ છે પણ એ જ આસક્તિ જો સત્પુરૂષો પર કરવામાં આવે તો મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. (ભાગ.-૩/૨૫/૨૦)

તો ભવ બ્રહ્માદિકને પણ દુર્લભ છે. પણ બરોબરીયાપણું આવી જાય છે અને ભેગા રહીએ છીએ એટલે મહિમા ઓછો છે અને જણાતો નથી. ॥ ૨૦૫ ॥

જેનાથી આપણે મોક્ષ મેળવવો છે, મહારાજની મૂર્તિનું સુખ લેવાનું છે, તેનો જો મહિમા જીવમાં નહીં હોય તો કેમ ધામમાં જવાશે ? માટે એ સહજ સ્વાભાવિક વાત છે કે જેનામાં હેત છે, તેની વાત મનાય. તેમ સાચા સંતનો મહિમા હોય તો તેમની વાત મનાય, નહિંતર ન મનાય. ॥ ૨૦૬ ॥

જેમ કોઈ કામનો માણસ હોય તેની પાછળ દોડીએ છીએ તેમ આ તો પુરુષોત્તમનારાયણના સંત છે.॥ ૨૦૭ ॥

સાધુ છે તે ભગવાનની રાણી છે. રાજા એમ ધારે કે આ કાર્ય મારે નથી કરવું. પણ તે કાર્યને જો રાણી ધારે કે આ કામ મારે કરાવવું છે તો રાજા પાસે કરાવે છે. માટે સંતોનો બહુ મહિમા સમજવો, સત્પુરુષની ઈચ્છા થઈ જાય તો ભગવાનને પણ તેમનું ધાર્યું કરવું પડે છે તે

નિર્વિવાદ વાત છે. **॥ ૨૦૮ ॥**

**સાધુની પ્રાપ્તિ થઈ તે જ મોટાં ભાગ્ય માનવાં. ॥ ૨૦૯ ॥**

સાધુનાં સમાગમે કરીને જે ધાવેલા હોય તે જ્યારે કુસંગમાં જાય તોપણ સત્સંગમાંથી પાછા ન પડે. કારણ કે તેણે સત્સંગની વાત પચાવી જાણી છે. **॥ ૨૧૦ ॥**

સાધુનો સમાગમ મોક્ષનાં માર્ગમાં માંનું દૂધ છે. જેમ કોઈપણ બાળકનાં શરીરમાં માંનાં દૂધ સમાન કોઈ તાકાત નથી, તેમ મોક્ષનાં માર્ગમાં સાધુનાં સમાગમ સિવાય કોઈ તાકાતવાળી વસ્તુ ન હોય. જે સાધુના સમાગમે કરીને મોક્ષનાં માર્ગે ચાલતો હોય તેનો કેફ જુદો જ હોય. **॥ ૨૧૧ ॥**

આપણો સત્સંગ ત્યારે જ ફળદાયક થાય, જ્યારે પરોક્ષ જે થઈ ગયા તેનું માહાત્મ્ય જેટલું જાણીએ છીએ તેટલું જ પ્રગટ સાધુનું સમજીએ ત્યારે સત્સંગ ફળીભૂત થાય છે, એ મોક્ષનો સિદ્ધાંત મહારાજે વચનામૃતમાં કહ્યો

છે. ॥ ૨૧૨ ॥

મહારાજમાં હેત થયું અને મહારાજનાં સત્પુરૂષમાં હેત થયું તેને અવધિ આવી ગઈ. તે ધામમાં મહારાજથી અલગ નહીં પડે. ॥ ૨૧૩ ॥

**આપણે તો મહારાજ અને આવા સાધુની ગરજ છે. પણ બીજા કોઈ વૈભવની જરૂર નથી. આપણે તો જીવતા, મહારાજ અને સત્પુરુષ જ જોઈએ છે. અને મર્યા પછી પણ મહારાજ ને સત્પુરુષ જોઈએ છે. એવો અચળ નિશ્ચય રાખવો. ॥ ૨૧૪ ॥**

**જે સાધનો કરીએ છીએ તે તો મહારાજ અને સત્પુરુષને રાજી કરવા કરીએ છીએ, એમ માનીએ એજ આપણું જીવન છે. ॥ ૨૧૫ ॥**

ગમે તેટલું ''ચૂરમું'' હોય તેમાં ઘી ન હોય તો તે તાળવે ચોંટી જાય. તેમ ગમે તેવી સાધના હોય પણ મહિમા સિવાય તે ફળદાયી ન થાય. માટે મોક્ષની તક મળી છે તે ગુમાવી ન બેસીએ માટે સંતોનો મહિમા રાખી

સત્સંગ રાખીએ. **॥ ૨૧૬ ॥**

જે જીવ રખડી ગયો હોય અને તેના રૂંવાડામાં પણ કરોડ જન્મે ભગવાન સ્વામિનારાયણની પ્રાપ્તિ દુર્લભ હોય તેની પાછળ સત્પુરુષ દ્વારા સ્વામિનારાયણની ઉપાસના તથા મંદિરનાં દેવોનો મહિમા સમજાવવાનો, એની પાસે સ્વામિનારાયણની માળા જપાવવાની; તેની સમાન કોઈ પુણ્ય નથી અને આમાં મહારાજ રાજી ન થતાં હોય તો બીજાં કયા કામમાં રાજી થાય ? માટે એનો મહિમા સમજવામાં જ મહારાજ રાજી થાય છે. **॥ ૨૧૭ ॥**

રાત અને દિવસ ભજન કરશું તથા રાત અને દિવસ ભજન કરાવીશું, તો મહારાજ રાજી થશે. જગતમાંથી ઈયળ જેવા માણસોને પકડી લાવવાના, પછી આ ગુરુકુળરૂપી દરમાં પૂરવાનાં અને ભગવાન સ્વામિનારાયણનું ભજન અને સંતોની સેવા કરી શકે તેવા બનાવવાના છે, માટે ધ્યાન રાખી આ કાર્ય કરજો.**॥ ૨૧૮ ॥**

જેની આંખમાં ભગવાન જોનારા છે, જેના કાનમાં ભગવાન સાંભળનારા છે, જે ભગવાનની આજ્ઞામાં રહે છે તે તમામ સાધુ મહારાજનાં સ્વરૂપો છે. એટલે મહારાજે કહ્યું છે કે ''साधुः मम हृदयम्'' પછી ભલે તે સાધુ રંગીન કપડાંમાં હોય કે કાળાં કપડાંમાં હોય, જેની ક્રિયા અખંડ ભગવાનની આજ્ઞા મુજબ હોય છે તેવા જે સાધુ તેની જે સેવા કરે છે, પૂજ્ય ભાવ રાખે છે, તેનું નામ સત્સંગી છે. **॥ ૨૧૯ ॥**

સત્પુરુષ ને સત્શાસ્ત્રોનો સમાગમ કરીને પાકા સત્સંગી થાવું. **॥ ૨૨૦ ॥**

મોટા સાધુ જ્યાં સુધી રાજી થતાં નથી, ત્યાં સુધી સુખ આવતું નથી. ભગવાન જ ન હોત તો આવા પવિત્ર સાધુ ન મળત ને અહીં ન બેઠા હોત. એટલો મોટો ખજાનો મળ્યો છે તો તેને ભૂલી ન જાઓ. **॥ ૨૨૧ ॥**

મહારાજ તો સાચા સાધુનો જોગ કરાવી દે, પછી તો મોક્ષનાં માર્ગે જાતે જ ચડવાનું છે. **॥ ૨૨૨ ॥**

સંતનું દર્શન થયું, ત્યારે એમ જાણવું "જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું." જ્યાં સુધી ભગવાન અને ભગવાનનાં સાધુ રાજી ન થાય ત્યાં સુધી હૃદય ઠંડુ થતું નથી. રાજી કેમ થાય ? તો ભગવાનની આજ્ઞા લોપવી નહિ. તેથી, મહાભારતમાં કહ્યું છે કે,

सन्तो हि सत्येन नयन्ति सूर्यं
सन्तो भूमिं तपसा धारयन्ति ।
सन्तो गतिर्भूतभव्यस्य राजन्
सतां मध्ये नावसीदन्ति सन्तः[1] ॥ २२३ ॥

સારંગપુર પ્રકરણનું ૧૦મું વચનામૃત સર્વેનાં માટે જીવન દોરીરૂપ છે. સંત પાંચ ખાંસડા નિત્ય મારે તોપણ ગરજુ થઈને સહન કરવું. દાસનાં દાસ થઈને સાધુનાં ગુલામ થવું. આ સમજણ નક્કી કરી દેવી, નહિંતર

૧. અર્થ : સંતો સત્યથી સૂર્યને લઈ જાય છે, તપથી ભૂમિને ધારણ કરે છે, સંતો ભૂત ભવિષ્યની ગતિ છે, સંતોની વચ્ચે સંતો ક્યારેય કંટાળતા નથી. (મહા., વનપર્વ-૨૯૭/૪૮)

મોક્ષનો માર્ગ ચૂંથાઈ જશે. જેણે સમજણ દ્રઢ કરી હોય તેવાં સાધુનાં મધ્યે પડ્યા રહીએ તોપણ કલ્યાણ થશે. અહીંયા જ કલ્યાણ મળશે બીજે ક્યાંય નહીં મળે.**॥ ૨૨૪ ॥**

**કોઈકની ગરજ કરો પણ ગરજ ન કરાવશો. આ પૃથ્વી વાંજણી નથી. મોટા સત્પુરુષ આગળ દીન ગરજું થાવું પણ જીવન સારું બનાવવું. સત્સંગમાં "દાસનાં દાસ" થઈને રહેવું તેમાં જ આનંદ છે. ॥ ૨૨૫ ॥**

સ્વામિનારાયણ સિવાય બીજે ક્યાંય માલ માનવો નહીં. જે બળભરી વાતો કરે, ભગવાન ને સાધુમાં જોડે તેનો સમાગમ નિરંતર રાખવો. **॥ ૨૨૬ ॥**

મરવા તૈયાર થઈએ, હોમાઈ જઈએ તેવો સ્નેહ ભગવાન સુધી કરવાનો છે. પહેલા સાધુમાં હેત થાય છે પછી ભગવાનમાં હેત થાય છે. **॥ ૨૨૭ ॥**

મોટા સાધુની સેવા કરવાથી અંતઃકરણ શુધ્ધ થઈ જાય છે. જેટલી મોટા સાધુની સેવા કરીએ તેટલું

અંતઃકરણ શુદ્ધ થાય છે. તેટલું કોઈ સાધને કરીને થતું નથી. ॥ ૨૨૮ ॥

સત્પુરૂષની આજ્ઞાએ કરીને જે કાંઈ કરીએ છીએ તે બધી સેવા છે અને જેને સત્સંગનો ખપ હોય તે ક્યારેય સારા પદાર્થમાં લોભાય નહીં. ॥ ૨૨૯ ॥

જો સંતનો સમાગમ કરીએ તો ઈન્દ્રિયો ને અંતઃકરણ, પંચવિષય ને સ્વભાવમાં ન લેવાય ને તેનો ત્યાગ પાર પડે. મન આપણને સારા પંચવિષયમાં લોભાવે તોપણ ન લોભાઈએ તો આપણું મોક્ષનું નાવ પાર પડે છે. જે વાસનામય કારણશરીર છે તેને કોઈ તોડનાર હોય તો તે સત્તારૂપે આત્માને માનવું. આત્માની અંદર પુરુષોત્તમનારાયણ છે. તેની ભક્તિ કરવાથી કારણ શરીર તૂટે છે. વૃત્તિઓને બહાર રાખવાની નથી પણ અંદર રાખવાની છે. ॥ ૨૩૦ ॥

**મોટાપુરુષનો રાજીપો જે ઉપર થાય તે જીવ આસુરી હોય તો પણ દૈવી થઈ જાય છે. ॥ ૨૩૧ ॥**

આપણા વર્તન ને વાણી મોટાપુરુષ રાજી થાય તેવા હોવા જોઈએ. આપણે કીડી જેવા છીએ, જેમ કીડી થોડું જમે તોપણ પેટ ભરાય જાય છે. તેમ મોટાપુરુષનો થોડોક રાજીપો હોય તોપણ જીવને બદલી નાંખે છે. એટલી બધી રાજીપામાં તાકાત છે. **॥ ૨૩૨ ॥**

આપણને શું ખબર કે આ માણસ કેવો છે ? તે તો મોટા પુરુષ જ જાણે છે. મોટા પુરુષ બધાનાં નાડી-પ્રાણ જોતાં હોય છે. જેનાં ઉપર મોટા પુરુષનો કોપ થાય છે, તે આસુરી થઈ જાય છે. **॥ ૨૩૩ ॥**

મોટા સાધુ જ્યારે પંક્તિમાં પીરસવા આવે છે ત્યારે મહિમા રહે છે, પણ જ્યારે વઢે ત્યારે બધો મહિમા ઊડી જાય છે. જેને વાસ્તવિક મહિમા હોય તેને તો ઝેર આપે તો પણ અમૃત થઈ જાય. **॥ ૨૩૪ ॥**

પાપીમાં પાપી જીવ આવ્યો હોય ને તે સત્પુરુષનાં જોગમાં આવે તો તે અણીશુદ્ધ થઈ જાય છે. **॥ ૨૩૫ ॥**

**સંત આપણા દોષ બતાવી સાચો માર્ગ બતાવે**

**છે. જીવ એટલો બળિયો નથી કે સત્પુરૂષનાં સહારા વિના શુદ્ધ થાય. આત્માને ધોવો એ તો સત્પુરુષનું કાર્ય છે. ॥ ૨૩૬ ॥**

મોટા પુરુષ આપણી પાછળ રાતને દિવસ દાખડો કરે છે, એ મોટી કૃપા છે. સાધુ મળ્યા પછી બધું મળે. ॥ **૨૩૭** ॥

મોટા પુરુષનો સંકલ્પ પુરષોત્તમને રાજી કરવાનો છે. ॥ **૨૩૮** ॥

ઘણાં મહાપુરુષ સાદા વેષમાં દેખાતાં હોય છે પણ ઉપરથી કોઈ તેને ઓળખી શક્તાં નથી. ॥ **૨૩૯** ॥

મોક્ષનો માર્ગ બહુ કઠણ છે, ઋષિ મુનિઓએ તો શાસ્ત્રમાં બહુ સરળ કરી બતાવ્યો છે. જીવ કયા કયા કર્મો કરે છે તે ભગવાન પડદાની પાછળથી જોયા જ કરે છે, પણ આપણને કાંઈ ખબર હોતી નથી. ॥ **૨૪૦** ॥

આજ્ઞા અને ઉપાસના આ બે મોક્ષની પાંખો છે. ''રે સગપણ હરિવરનું સાચું'' આ પદ જે બોલ્યા કરશે

''હરિવર''તેને અંતે લેવા આવશે. ॥ ૨૪૧ ॥

મહારાજ તો અધમ ઉધ્ધારણ છે. મહારાજ મને તેડવા આવશે તેવું નક્કી કરો. આજે આ બ્રહ્મસત્રમાં આવીને ભજન કરે તેનું પણ કલ્યાણ છે જ. ॥ ૨૪૨ ॥

સ્વામિનારાયણ ભગવાને કહેલો ધર્મ સહેલો નથી અઘરો છે, માટે જેટલા નિયમ બાંધ્યા છે તેટલામાં રહેશો તો મહારાજ કલ્યાણ કરશે. ॥ ૨૪૩ ॥

આજે તો રંકને રતન મળ્યું છે. આજે કળીયુગમાં સહજાનંદ સ્વામીનાં નામનો સિક્કો મોક્ષનાં માર્ગમાં ચાલે છે. ॥ ૨૪૪ ॥

એકલા સાધુથી જ કલ્યાણ થાય તેવું નથી, પણ હરિભક્તો પણ સંસારમાં રહીને કલ્યાણ કરી શકે છે. કોઈપણ આપણી બાજુમાં બેઠો હોય તેના કાનમાં સ્વામિનારાયણ પ્રગટ છે એમ નાખી દ્યો. નબળાઈ કાઢી નાખો, એટલે તેનું પણ કલ્યાણ થશે. ॥ ૨૪૫ ॥

**અક્ષરધામમાં જે સ્વરૂપ છે ને વરતાલધામમાં**

**હરિકૃષ્ણ મહારાજનું સ્વરૂપ તે એક જ છે, તેમાં રોમનોય ભેદ નથી. જે ભેદ માને છે તેનું કોઈ કાળે કલ્યાણ થતું નથી તે સત્ય ને નિર્વિવાદ વાત છે. ॥ ૨૪૬ ॥**

વેદ, ઉપનિષદ્‌માં રહેલો આત્યંતિક કલ્યાણનો અર્ક ગોપાળાનંદ સ્વામીએ તથા ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતોમાં સરળમાં સરળ, ઊંચામાં ઊંચું મોક્ષનું જ્ઞાન આપીને આપ્યો છે. **॥ ૨૪૭ ॥**

**જે દિવસે હૃદયમાંથી સાચા સંતોનાં મહિમાનાં મૂળિયા તૂટી ગયાં ત્યારે માનજો કે મોક્ષનાં માર્ગમાં બહુ મોટી ખાઈ પડી ગઈ છે. ॥ ૨૪૮ ॥**

ભગવાનનાં સાચા ભક્તની ક્યારેય અધોગતિ ન થાય. જો કંઈક કસર રહે તો મહારાજ તેને ફરીવાર કોઈ સારી જગ્યાએ જન્મ આપીને શુદ્ધ કરીને ધામમાં લઈ જશે. **॥ ૨૪૯ ॥**

આત્મા કેવો છે ? પરમાત્મા કેવા છે ? તેની વાતો

એટલે અધ્યાત્મની વાર્તા. મોટે ભાગે ''સોહમ્''ની માળા બહુ ફેરવે છે, ''સોહમ્''નો અર્થ એ છે કે, 'તે હું છું એટલે કે ભગવાન છે તે હું છું.' આ ભ્રમમાં ઘણાં મોક્ષનાં માર્ગમાંથી પડી જાય છે. આપણા સંપ્રદાયમાં મહારાજે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ ને પરબ્રહ્મની વિગતસહ ચોખવટ કરી છે, બાકીનાં ઘણાં તો સોહમ્ ની જ માળા ફેરવે છે. **॥ ૨૫૦ ॥**

લાખો લાખોના કલ્યાણ થઈ જાય તે સ્વામિનારાયણ સંપ્રદાય છે. સત્સંગ કલ્પવૃક્ષ છે, મોક્ષનું કેન્દ્ર છે. **॥ ૨૫૧ ॥**

ભરતજીને અંતે મૃગલીનું બચ્ચું યાદ આવ્યું તો મૃગલાનાં આકારને એ પામ્યાં એ ''अन्ते या मतिः सा गतिः'' આવું જાણવા મળે છે. માટે આપણને મહારાજની મૂર્તિ અને સત્પુરુષમાં હેત થવું જોઈએ. **॥ ૨૫૨ ॥**

મંદિરમાં બેઠા હોઈએ ને મન બીજે રખડતું હોય

તો મંદિરે જવામાં શો ફાયદો છે ? માટે મને સહિત મહારાજનાં દર્શન કરવા. **॥ ૨૫૩ ॥**

આખી જીંદગી ભજન કર્યું છે, યોગ સાધ્યો છે, અંતે મોક્ષમાંથી પડી જવાય છે, તે યોગભ્રષ્ટ થાય છે. **॥ ૨૫૪ ॥**

મૃત્યુનો સમય એવો છે, જેમાં તમને વધારેમાં વધારે વાસના હોય તે જ અંતકાળે યાદ આવે છે. જે વાતનું રટણ હોય, જેમાં હેત વધારે હોય એજ વધારે અંતે યાદ આવે છે, માટે આખી જીંદગી મહારાજમાં મનની વૃત્તિ રાખવાનો પ્રયત્ન કરીએ છીએ ને કરવાનો છે, માટે ધ્યાન રાખજો. **॥ ૨૫૫ ॥**

આખી જીંદગી આપણો અભ્યાસ છે, અંતસમો આપણું પેપર છે. આખી જીંદગી જેવું ભજન કર્યું હશે તેવું અંતે પેપર ભરાય છે. **॥ ૨૫૬ ॥**

અંતકાળે સ્વામિનારાયણ નામ યાદ આવે એટલે ખાતાં - પીતાં - નાતાં- ધોતાં સ્વામિનારાયણનું સતત

સ્મરણ કરીએ છીએ અને તેના માટે મહેનત કરીએ છીએ. આપણો મૃત્યુકાળ સુધરી જાય તે માટે ભજનની આદત પાડીએ છીએ. ॥ ૨૫૭ ॥

જો સત્સંગમાં હેત ન રાખ્યું હોય ને ભજન સ્મરણ ન કર્યું હોય તો અંતકાળે મોક્ષ માર્ગમાંથી પડી જવાય છે. ॥ ૨૫૮ ॥

જેને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે, સત્સંગ મળ્યો છે, સત્સંગમાં પ્રીતિ થાય છે, તેનું અકલ્યાણ થાય જ નહીં ને થશે પણ નહીં. ॥ ૨૫૯ ॥

જે ભગવાનનો ભક્ત છે તેને અંતકાળે મહારાજનાં સ્વરૂપમાં વૃત્તિ રહેતી ન હોય તથા તેનું મન બીજે જાય તો પણ તેની અધોગતિ ન જ થાય તેણે પોતાના મનની વૃત્તિને જગતમાંથી ખેંચી લીધી જ છે પણ રજોગુણ ને તમોગુણનાં કારણે ભલે અશુદ્ધિમાં હોય ને ભગવાનમાં વૃત્તિ ના હોય પણ તે તો અધોગતિને તો ન જ પામે. તેની તો ભગવાન જ રક્ષા કરે છે. ॥ ૨૬૦ ॥

રાત ને દિવસ ભક્ત ભગવાનને પોકારે છે કે અંતકાળે મને ઉગારી લેજો. મહારાજને રોજ પ્રાર્થના કરવી કે અંતસમો આવે ત્યારે મહારાજ તમે લેવા આવજો ને મહારાજ તમારા એકાંતિક સાધુ - ભક્તો અંતે યાદ આવે તેવું કરાવજો. **॥ ૨૬૧ ॥**

ગૃહસ્થોમાં જ્યારે વૃધ્ધ માણસ મૃત્યુને પામવાનો હોય ત્યારે તેના બધા સગાં-સંબંધીઓ મળીને તેને પૂછે છે કે "કાંઈ મૂડી રાખી છે ? કંઈ મૂક્યું છે ? કાંઈ કહેવું છે ? કાંઈ ઈચ્છા છે ?" પણ ભગવાનને સંભારતા નથી. માટે તે અધોગતિને પામે છે. **॥ ૨૬૨ ॥**

કળિયુગમાં એટલું બળ છે કે કોઈ ધામમાં ન જાય. તેવા સમે મહારાજ પ્રગટ થયા ને વર આપ્યો કે મારો ભક્ત અધોગતિમાં તો ન જ જાય. **॥ ૨૬૩ ॥**

જે આત્મઘાત કરે છે, તેનું કલ્યાણ થાય જ નહીં. આત્મઘાત કર્યો હોય તેને સાત જન્મ સુધી આત્મઘાત કરવો પડે છે, તેનો ક્યારેય ઉધ્ધાર થતો નથી. **॥ ૨૬૪ ॥**

**"મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરૂદ મારું એ ન બદલે એમ સર્વે જનને જણાવવું."** આ મહારાજની તો આપણા પર બહુ કૃપા છે. આવી કલ્યાણની રીત ક્યાંય જોવા મળે નહીં. **॥ ૨૯૫ ॥**

જેને મનમાં એમ થયું કે હું સ્વામિનારાયણનો છું ને સ્વામિનારાયણ મારા છે. એવું માનતો હોય તો તેને કદાચ પંચવર્તમાન લોપાય જાય તોપણ તે ધામમાં જ જાય પણ લખચોરાશીમાં નથી જ જવાનો, પણ હા, ધામમાં જતાં પહેલાં મહારાજ તેને શુદ્ધ કરશે જ. તે નક્કી વાત છે. **॥ ૨૯૬ ॥**

જન્મો જન્મ ભગવાનને મેળવવાનો પ્રયત્ન કરે તોપણ રામ નથી આવતા પણ આ કળિયુગી વાતાવરણમાં મહારાજ કરૂણા કરીને પ્રગટ થયાં તો ઠેરઠેર જુઓ છો કે કોઈપણ સ્વામિનારાયણનો આશ્રિત હોય તે ગમે તેવો હોય તોપણ મહારાજ તેને ધામમાં લઈ જાય છે. ભગવાન સ્વામિનારાયણ કળિયુગમાં પ્રગટ ન

થયા હોત તો કોઈ ધામમાં ન જાત. એ નિર્વિવાદ વાત છે. તે મુક્તાનંદસ્વામીએ કીર્તનમાં કહ્યું છે કે,

**"સહજાનંદ સ્વામી રે, ન પ્રગટત આ સમે રે,**
**પ્રાણી કોઈ પામત નહી ભવપાર રે..." ॥ ૨૬૭ ॥**

જે ભગવાનનો ભક્ત નથી, જેને નિષ્ઠા નથી તે તો હાલતાં-ચાલતાં દેહ મૂકે તો પણ તેની પર લખચોરાશી જ ઝઝુમે છે, તેનું ક્યારેય કલ્યાણ થવાનું નથી. **॥ ૨૬૮ ॥**

**જેને શરણાગતિ નથી ને સંત સમાગમ નથી તેને એમ ન હોય કે "મારું અંતે કલ્યાણ થશે." તે તો નિશ્ચય નરકને જ પામે છે. ॥ ૨૬૯ ॥**

ઘણીવાર જીવ એવું નક્કી જ કરી લે છે કે "અમે અધોગતિનાં માણસ છીએ." તેને ક્યારેય વિશ્વાસ ન હોય કે "મારું અંતે કલ્યાણ થશે." જે ભગવાનનો ભક્ત હોય છે તેને વિશ્વાસ હોય છે કે મારો મહારાજ મને અંતે લેવા આવશે જ. **॥ ૨૭૦ ॥**

હૃદયમાં ભરોસો દૃઢ થઈ જવો જોઈએ ને

રીઝર્વેશન થઈ જવું જોઈએ ને ટીકીટ કન્ફોર્મ થઈ જવી જઈએ કે "મહારાજ મને અંતસમે લેવા આવવાના, આવવાના ને આવવાના જ." અત્યારે જેવી મતિ છે તેવી અંતકાળે ગતિ છે. **॥ ૨૭૧ ॥**

અણીશુદ્ધ થયા વિના ધામમાં જવાતું નથી, તે વાત નક્કી છે. લબાડ છે તો પણ મહારાજ તેડવા આવવાનાં છે, તે વાત નક્કી છે, મહારાજ ચોખ્ખા કરશે. **॥ ૨૭૨ ॥**

જે ભગવાનને માનતો નથી, જે નાસ્તિક છે, સાધુ-હરિભક્તોમાં હેત કરતો નથી, સત્સંગનો લાભ લેતો નથી તો તે પાપી છે. જે ભગવાનનાં ભક્તોનો મહિમા જાણતો નથી તે પાપી છે, પણ ભક્તમાં દિવ્ય ભાવ આવી જાય ને સંતો મારા છે, આવું થઈ ગયું તો તેને ભગવાન ઊગારી લેશે. **॥ ૨૭૩ ॥**

હરિભક્તનાં ગોળાનું પાણી પીવે તો તે પણ અક્ષરધામમાં જાય.. હનુમાનજી અને બળદેવજીને ખબર ન હતી કે "મારામાં કેટલી શક્તિ છે ?" તેમ

આપણને ખબર નથી કે ''આપણામાં કેટલા મહારાજ રહ્યાં છે.'' ॥ ૨૭૪ ॥

સાધુ તો જડનું પણ કલ્યાણ કરે છે. વડવાનળ જેવા સત્પુરુષ ખારા જીવને અપનાવી તેને ચોખ્ખો કરીને મહારાજને અર્પણ કરે છે. જેમ ભમરી ઈયળ પર ગુંજારવ કરી તેને ભમરી બનાવે છે તેમ સંત કીચડમાંથી જીવને કાઢી બ્રહ્મવેત્તા કરી દે છે ને મોક્ષનો અધિકારી બનાવે છે. ॥ ૨૭૫ ॥

ભક્તોને ઘેર રહેલો કૂતરો, ગાય, ભેંસ ધામમાં જાય તો તમે જાવ તેમાં શું કહેવું ?વ્હાલા ભક્તો ! આટલો બધો તમારો મહિમા છે, આટલો મહિમા સમજ્યો હશે તો મહારાજ ઓળખાયા કહેવાશે ને કેફમાં ફરતાં હશો. ॥ ૨૭૬ ॥

ઘણાં માણસોને એટલો બધો અવિવેક હોય કે બોલવામાં ભાન ન હોય. ''सत्यं वद, सत्यम् अप्रियं मा वद'' ઘણાંનું સાચું હોય તોપણ અપ્રિય હોય, ભલે

સાચું હોય પણ ઝાઝાને કડવું લાગે તો ન બોલવું જોઈએ એ વિવેક છે. ॥ ૨૭૭ ॥

જીવનમાં મોટામાં મોટું પાપ ભગવાનને ભૂલવા તે છે. મોટામાં મોટું પુણ્ય હોય તો એ ભગવાનને યાદ રાખવા એ છે. ॥ ૨૭૮ ॥

યાદ રાખો ! ધર્મનાં ઝભ્ભા પહેરીને જે પાપ કરે છે, એને કોઈ દિવસ કોઈ માફ ન કરી શકે. આ વાતને ત્યાગી સંતોએ તથા હરિભક્તોએ ન ભૂલવી જોઈએ. ॥ ૨૭૯ ॥

મુક્તાનંદ સ્વામીને જેટલું માન મહારાજે આપ્યું છે. એટલું સંપ્રદાયમાં કોઈને નથી આપ્યું. છતાં દાસત્વ ભક્તિવાળા હતા. દુનિયા એમ કહેતી કે, ''મુક્તાનંદસ્વામી ભગવાન છે.'' પણ સ્વામીને ક્યારેય ઘાટ નથી થયો કે હું ભગવાન છું. ॥ ૨૮૦ ॥

મહારાજની બાંધેલ મર્યાદા મોક્ષ આપનારી છે. જે મહારાજની મર્યાદાને ઉલ્લંઘીને જે કંઈ કરે છે, તેને

ધામ નહીં પણ ધક્કા મળશે. ॥ ૨૮૧ ॥

આ જીવ સંસારરૂપી ગુફામાં ઘરી ગયો છે. સત્પુરુષ તેને એ ગુફામાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે; તેની મનોકામના પૂર્ણ કરે છે; લાડ લડાવે છે; રમાડે છે; જમાડે છે; ને મહારાજમાં હેત કરાવે છે; અને શુદ્ધ કરી મહારાજને અર્પણ કરે છે. માટે સત્પુરુષ મોક્ષનાં માર્ગમાં અતિ જરૂરી છે. ॥ ૨૮૨ ॥

**થોડું થશે પણ મહારાજની આજ્ઞામાં થશે તો ઘણું કર્યું કહેવાશે. ॥ ૨૮૩ ॥**

જ્યાં સુધી મહારાજને પરોક્ષ સમજે છે અને પ્રત્યક્ષ સમજતા નથી ત્યાં સુધી કલ્યાણનો માર્ગ જડ્યો જ નથી, આ વાતને અવશ્ય જાણજો. ॥ ૨૮૪ ॥

**મહારાજ તો મૂર્તિનું સુખ આપે છે, પણ સાધુ તો મોક્ષ આપે છે. ॥ ૨૮૫ ॥**

આપણા સંતો અવાર નવાર પ્રવચનોમાં કહેતા હોય છે કે ‘‘મોક્ષ છે તે ક્રિયાસાધ્ય નહીં પણ કૃપાસાધ્ય

છે.'' જેમ ભગવાનની દયાનો પાર નથી તેમ આ જીવની અવળાઈનો પાર નથી. ॥ ૨૮૬ ॥

શાસ્ત્ર છે તે પરમાત્માનું હૃદય છે, વાઙ્મય સ્વરૂપ છે. એ શાસ્ત્રો દ્વારા પરમાત્મા સ્વયં ઉપદેશ આપે છે. અને એ શાસ્ત્રોમાં મોક્ષનો ધોરીમાર્ગ બતાવ્યો છે. તેમાં સત્સંગિજીવન શાસ્ત્ર શિરોમણી છે, શ્રીમદ્ સત્સંગિજીવન કેવળ મોક્ષને આપનારું શાસ્ત્ર છે. તે સાર શ્રીહરિએ આપણને સમજાવ્યો છે. ॥ ૨૮૭ ॥

અસત્પુરુષ છે તે ધર્મની વાતો કરીને જ ધર્મનો ધ્વંસ કરે છે; જેમ ઉંદર છે તે ફૂંકી-ફૂંકીને ખાય છે, તેમ અસત્પુરુષ છે તે ધર્મની વાતો કરીને ધર્મનો ડોળ કરીને આપણું ધન લૂંટે છે, મોક્ષ લૂંટે છે. ॥ ૨૮૮ ॥

ભલે કામ,ક્રોધ, મોહનાં વેગ આવે પણ સાવધાન થઈને સાધુનો સમાગમ કરો તો નિશ્ચય કલ્યાણ થાય. ॥ ૨૮૯ ॥

વેવાઈ,સગાં-સંબંધીનો પ્રસંગ આવે તો કેવા

દોડીને જઈએ છીએ ? તેમ જયારે સાધુનાં આંગણે ઉત્સવ સમૈયા થાય ત્યારે સાધુ બોલાવે તો સેવા કરવાં જવું તો આત્યંતિક કલ્યાણમાં ફેર નહીં પડે. **॥ ૨૯૦ ॥**

સત્સંગમાં રાગે કરીને ન રહો પણ આજ્ઞાએ કરીને રહો. આત્યંતિક કલ્યાણ માટે તો જેટલું કરીએ તેટલું ઓછું છે, સાધુ જેમ કહે તેમ કરવું. શિબિરોમાં આવવાથી આત્યંતિક કલ્યાણનું મહત્વ સમજાશે. જ્યાં સુધી આવા થયા નથી, ત્યાં સુધી વિદ્યાર્થી છીએ. **॥ ૨૯૧ ॥**

ભક્તિ છે પણ તેમાં અનુસંધાન મૂર્તિનું રાખવાનું છે. આખી જીંદગી મોક્ષનાં માર્ગમાં હોમી દેવાની છે, પણ એટલું ધ્યાન રાખજો કે મોક્ષનો માર્ગ કાંઈ ગંજી-પત્તાનો ખેલ નથી. **॥ ૨૯૨ ॥**

મોક્ષનાં માર્ગમાં જે શૂરવીર થાય છે, તે ધામને જીતી શકે છે. **॥ ૨૯૩ ॥**

માયાનાં તમ ટાળવા માટે સંતો-ભક્તોનો મહિમા સમજવો. ભગવાને સાધુને આત્યંતિક કલ્યાણનું ખાતું

સોપ્યું છે. ॥ ૨૯૪ ॥

અનાસક્તિરૂપી શસ્ત્રથી અહંમમત્વરૂપી આસક્તિને ટાળે છે એ જ જ્ઞાની પુરુષ છે. જ્યાં સુધી જે અનાસક્તિરૂપ શસ્ત્રને ઝાલશે નહીં તો જીંદગીનો અંત આવશે ત્યાં સુધી પણ અહંમમત્વ છૂટશે નહીં. ॥ ૨૯૫ ॥

દારૂનાં મદ કરતાં સંપત્તિનો મદ બહુ ખરાબ છે. સ્વતંત્રતા, સંપત્તિ, સત્તા આ ત્રણ જ્યારે વ્યક્તિનાં જીવનમાં ભેગા થાય છે, ત્યારે તેનું જીવન અધઃપતનને માર્ગે જાય છે. ॥ ૨૯૬ ॥

મોક્ષ આપે તો મન જ આપે અને નરક આપે તો મન જ આપે, માટે મનને કાબુમાં રાખજો. મોક્ષ ને બંધનનું કારણ મન જ છે. અહં-મમત્વ આ બે મોટા ગાળિયા છે, આ બે હૃદયમાંથી છૂટી જાય તો અક્ષરધામ મળી જાય. ॥ ૨૯૭ ॥

જેમ ગૃહસ્થને બ્રહ્મચર્ય પાળવું અઘરું તેમ સાધુને નિઃસ્વાદી રે'વું અઘરું છે. ॥ ૨૯૮ ॥

જ્યારે ઈન્દ્રિયોનો નિગ્રહ કરીએ ત્યારે ખબર પડે કે મન કેવું તોફાની છે ? ॥ ૨૯૯ ॥

માયાનું કાંઈ ઠેકાણું નથી, જો મોક્ષનાં માર્ગમાં બહુ સાવધાન થઈને નહીં રહીએ તો માયા આપણને "ભરડી" નાંખશે. ॥ ૩૦૦ ॥

ગમે તેવા ઝઘડા થયા હોય પણ તેમાં સમાધાન કરી નાંખે તો સત્સંગમાં ક્યારેય વાંધો ન આવે. પણ પાડા ખાર જેવો સ્વભાવ ન રાખવો. ભલે આપણે સહન કરવું પડે, અપમાન ભોગવવું પડે, પણ ભગવાનનાં ભગત જોડે "પાડાખાર જેવો વ્યવહાર" ન કરો. ॥ ૩૦૧ ॥

**જેનાં જેટલાં કાર્ય મહારાજને જેનાં દ્વારા કરાવવાનાં હશે તે દ્વારા મહારાજ કરાવશે. માટે વેર ન કરશો. ॥ ૩૦૨ ॥**

સત્સંગમાં ભૂલતા શીખો, વૈર ભૂલી જાઓ. એકબીજામાં પ્રેમ જગાવો. ॥ ૩૦૩ ॥

કૃતઘ્ની માટે તમે ગમે તેટલું કરો પણ તેની તેને

કાંઈ પડી હોતી નથી. કૃતઘ્નીપણું છે તે તો અસાધ્ય રોગ છે. આ કૃતઘ્નીપણાનો રોગ મોક્ષનાં માર્ગમાંથી પાડી નાખે તેવો છે. માટે તેનો ત્યાગ કરવો. ॥ ૩૦૪ ॥

કૃતઘ્ની માટે તમે ગમે તેટલી મહેનત કરો પણ તે સામો પડે છે. કૃતઘ્નીનું લક્ષણ એ છે જે "તે ક્યારેય કોઈનો ગુણ ન લે," કૃતઘ્ની હરિભક્ત પણ હોય ને સાધુ પણ હોય માટે ધ્યાન રાખવું. ભગતનો વેશ ધારણ કરે પણ અંદરથી તો મહાકૃતઘ્ની હોય માટે શું ખબર ? માટે દૂર રહેવું. ॥ ૩૦૫ ॥

જ્યાં સુધી આપણા દોષનું દર્શન ન થાય ત્યાં સુધી તે દોષ ન જાય અને જયારે દોષનું દર્શન થાય છે, ત્યારે તે દોષ જાય છે. ॥ ૩૦૬ ॥

ઘણાં માણસનો એવો રાશી સ્વભાવ હોય કે "પોતાની વાતને મૂકી જ શકે નહીં." એ કેટલું બધું ખરાબ કહેવાય ? એ કલ્યાણનાં માર્ગમાં બગાડ કરે છે.॥ ૩૦૭ ॥

હું એમ માનું છું કે જ્યારથી પૃથ્વી ઉત્પન્ન થઈ,

ત્યારથી જેટલા પરમહંસો, જેટલા સંતો અહીંયા કે પરોક્ષમાં થયાં એમાં મુક્તાનંદ સ્વામીનું વ્યક્તિત્વ અજોડ છે. એમાં તમામ ગુણો છે. **॥ ૩૦૮ ॥**

સમર્થ થકા ઝરણા કરે તે કોઈથી ન થાય, સહન કરવું એ સત્પુરુષનું લક્ષણ છે, ક્રોધ કરવો એ સત્પુરુષનું લક્ષણ નથી. **॥ ૩૦૯ ॥**

**કામને જીતાય પણ ક્રોધને જીતવો બહુ કઠણ છે, માટે ક્રોધને કાઢો. શક્તિ છે છતાં સહન કરે એ સત્પુરુષ છે. ॥ ૩૧૦ ॥**

ભૂલચૂક થઈ હોય તો પ્રેમથી સમજાવો, શાંતિથી વાત કરી સમજાવો, પણ ક્રોધ કરીને ન કહેશો. ક્રોધ કાઢવાથી એકબીજાનાં અંતર ભેગા થાય છે. **॥ ૩૧૧ ॥**

ક્રોધને કાઢો અને ક્ષમાને ધારણ કરો. મહારાજને મનોમન પ્રાર્થના કરવી, ''ક્રોધરૂપી ભૂતને કાઢજો ને બાળજો.'' **॥ ૩૧૨ ॥**

જ્યાં સુધી સૂર્ય ને ચંદ્ર તપે ત્યાં સુધી જીવોનાં

કલ્યાણ થાય તે માટે મહારાજે સાધુની વ્યવસ્થા કરી છે અને એવા અનેક ઉપાયો કર્યા છે, એ તમામ ઉપાયોમાં શ્રેષ્ઠ ઉપાય કથા-વાર્તાનો અખાડો છે. ॥ ૩૧૩ ॥

રજોગુણમાં ઉત્સાહ, ઉમંગ, જોશ હોય છે. ભાયડો શું ન કરે ? ધારે તે કરી શકે; તેવો ગર્વ હોય છે. રજોગુણનો રંગ પીળો છે, રજોગુણમાં એવા ઘાટ થાય છે કે શું ન થાય ? કોઈપણ સંકલ્પ હોય તેના જેવી ક્રિયા કરવાનું મન થઈ જાય, રજોગુણ ખોટા ઘાટમાં પણ સુવરાવી દે, તેને ખબર છે કે આનું પરિણામ ખરાબ આવશે છતાં તે કામ કરી નાખે એ રજોગુણનું કાર્ય છે. ॥ ૩૧૪ ॥

મન પુરુષોત્તમનારાયણનાં ભક્તને ઠગતું નથી અને જો મન ભક્તને ઠગવા આવે તો પુરુષોત્તમનારાયણ લાત મારી દેશે અને ભક્તની રક્ષા કરશે. ॥ ૩૧૫ ॥

પુરુષોત્તમનારાયણ જે કાંઈ કરે તે ગુણાતીત છે, નિર્ગુણ છે એવો નિશ્ચય હોય તેને ક્યારેય મન ઠગી શક્તું નથી, માટે પુરુષોત્તમનારાયણનું શરણ સ્વીકારી લેવું. ॥ ૩૧૬ ॥

માન, હઠ, ઈર્ષ્યા જીવતા નરક છે, આવા સ્વભાવ છોડવા છે એવો નિશ્ચય કરવો. ॥ ૩૧૭ ॥

જ્યાં સુધી માયા છે, ત્યાં સુધી જન્મ મરણ તો છે જ. કેટલાક ભગવાં કપડાં પહેરીને સાધુ થયા છે, તેમ છતાં જગતનાં પદાર્થમાં માયા રાખે છે. અંતે તો આ બધું છોડવું તો પડશે જ. પછી એ ભલે ભગવાન છોડાવે કે યમદૂત. ॥ ૩૧૮ ॥

**મારું, મમત્વ એ છોડો, છોડો ને છોડો જ. મારું એમાં જ દુઃખ છે. ॥ ૩૧૯ ॥**

જેટલો દેહાત્મભાવ નડે છે તેટલા કામ-ક્રોધાદિક નડતાં નથી. કામ, ક્રોધ, લોભ ટાળવાના પ્રયત્ન કરવાં તેનાં કરતાં દેહાત્મભાવ ટાળવો બહુ કઠણ છે. ॥ ૩૨૦ ॥

કામ ક્રોધાદિક તો ભગવાન દયાએ કરીને ટાળશે પણ દેહાત્મભાવ નહીં ટાળે, દેહાત્મભાવવાળો ક્યારેય કોઈની ઉપર દયા ન રાખે. ॥ ૩૨૧ ॥

જો સત્સંગમાં સુખ ભોગવવું હોય તો દેહાત્મભાવ

ટાળવો પડશે ને દિવ્યભાવ લાવવો પડશે. **॥ ૩૨૨ ॥**

જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે, ત્યાં સુધી બધી સમજણ વૃથા છે. દેહ ને આત્મા જૂજવી જાત છે. દેહ નાશવંત છે. આત્મા અમર છે. દેહને નોખું કરી આત્માને ભગવાનનાં ચરણમાં સમર્પિત કરવો. **॥ ૩૨૩ ॥**

ભગવાનમાં એવો સ્નેહ કરી દો કે જેથી પંચવિષયમાંથી રાગ તૂટી જાય. કુસંગીનો યોગ, વિષયનો યોગ થાય તો સમજણ ચૂંથાય જાય છે. **॥ ૩૨૪ ॥**

અંતઃકરણરૂપી લુગડું એવું છે કે તેની ઉપર જેટલો રંગ ચોપડવો હોય તેટલો ચોપડી શકાય છે, તે વિવિધ પ્રકારનું છે. ગમે તેવા ભક્ત હોય પણ તેને ભૂંડા દેશકાળાદિક પ્રાપ્ત થાય તો ભૂંડો થયા વિના ન રહે. માટે સાવચેતીથી રહેવું. **॥ ૩૨૫ ॥**

ગમે તેવો વિદ્વાન, નીતિવાળો કે જ્ઞાની હોય પણ સ્વાર્થ રૂપી અધર્મ જ્યારે તેનામાં આવે છે, ત્યારે જેમ ગ્રહણ સૂર્યને ઢાંકી દે છે, તે જ રીતે વ્યક્તિની નીતિ અને

**જ્ઞાનને સ્વાર્થરૂપી અધર્મ ઢાંકી દે છે. ॥ ૩૨૬ ॥**

**જીવનાં હૃદયમાં અધર્મ, સ્વાર્થ આવે છે, ત્યારે તેને કર્તવ્યાકર્તવ્યનું ભાન રહેતું નથી. દંભીનાં દંભને તો બ્રહ્મા પણ પહોંચી ના શકે. ॥ ૩૨૭ ॥**

**જે સાધુ ધર્મમાં રહે છે તે જ બીજાને ધર્મમાં રાખી શકે છે. ॥ ૩૨૮ ॥**

**કોઈ ફોન કરે ને તેમાં એક જ આંકડો ભૂલાય જાય ને બધાં આંકડા સાચા હશે તોપણ ફોન નહીં લાગે, તેમ ધર્મના બંધારણમાં ભૂલચૂક થઈ હશે તો મુક્તાનંદસ્વામી જેવી સ્થિતિ નહીં થાય. ॥ ૩૨૯ ॥**

**લક્ષ્ય સાધી શકતાં નથી તેનું કારણ મનગમતું કરે અને નિષ્ઠા વગર કરે તે છે. ॥ ૩૩૦ ॥**

**ધર્મનાં આંકડા જેમ તેમ દબાવીએ છીએ ને સત્પુરુષને નથી માનતા ત્યારે શું મહારાજ રાજી થશે ? મહારાજ રાજી નહીં જ થાય. ॥ ૩૩૧ ॥**

**ભાગવતમાં નારદ અને યુધિષ્ઠિરનાં સંવાદ દ્વારા**

ધર્મ કહેવાયો છે. ભગવાનનાં વચન મુજબ ધર્મ કહેવાતો હોય તે ભાગવત્ ધર્મ છે, તે સદ્ધર્મ છે. ભાગવત્ ધર્મની ઉત્પત્તિ ભગવાનની જીહ્વા થકી થાય છે, તેનું પ્રાગટ્ય ભગવાન થકી થાય છે, ભાગવત્ ધર્મનું લક્ષણ સત્ય છે, જેના જીવનમાં સત્ય છે ત્યાં ધર્મ છે. **॥ ૩૩૨ ॥**

આપણા બાહ્યાચાર છે તે સત્ય નથી, તે ધર્મ નથી. સાચું કરવું એ સાચો ધર્મ છે. પોતાના હક્કનું હોય તેટલું જ લેવું, અણહક્કનું લેવું તે અધર્મ છે. જીવન સત્યથી ભરેલું હોવું જોઈએ. **॥ ૩૩૩ ॥**

જે કોઈ ખોટું કામ કરે છે, તેને કોઈ કહેતું નથી તો તેના ભાગીદાર તે વ્યક્તિ જ ગણાય છે; માટે ખોટું કરતાં હોય તેને પાછા વાળો. **॥ ૩૩૪ ॥**

જે વ્યક્તિ સમાજમાંથી ખરા ટાણે કંઈક સારુ લે અને જ્યારે સમાજ વિપત્તિમાં હોય તો તેને સુખી પણ કરે તેનું નામ ધર્મ છે. **॥ ૩૩૫ ॥**

દેહ પડતો હોય તો ભલે પડી જતો, પણ ધર્મને ન

જ પડવા દેશો, ધર્મ છે તે સાચી સંપત્તિ છે ને સાચું ધ્યેય છે. ॥ ૩૩૬ ॥

**અસત્પુરૂષ ભગવાનનાં સ્વરૂપનું બળ બતાવીને, ભગવાનનાં નામનું બળ બતાવીને આપણને ધર્મમાંથી પડાવી નાખે છે. ॥ ૩૩૭ ॥**

જેમ ઘરેણાં એ આપણા શરીરનાં આભૂષણ છે, તેમ ક્ષમા, નિર્માનીપણું, નિર્લોભીપણું, નિષ્કામીપણું એ આપણાં આભૂષણ છે એ આપણા દાગીના છે.॥ ૩૩૮ ॥

સ્વભાવ નહીં સુધાર્યા હોય તો પાછા આવવું પડશે, માટે સ્વભાવ સુધારવા. ॥ ૩૩૯ ॥

એકબીજાનું ન જોતાં, પોતાનું જ જોજો. હૃદયમાં હરિકૃષ્ણ મહારાજને સાક્ષી રૂપે રાખજો. ॥ ૩૪૦ ॥

જેમ સર્પ કાચળી ઉતારે તેમ ક્રોધ ઉતારે તે સત્પુરુષ. ॥ ૩૪૧ ॥

ક્યારેય જીવનમાં સ્વામિનારાયણનાં આદેશને પાટા ન મારતાં. ધ્યાન, ભજન થાય તો કરજો નહિંતર

ન કરતાં. બુદ્ધિ હોય તો ભણજો, નહિંતર ન ભણતાં પણ સ્વામિનારાયણનું નામ લજાય એવું કામ ક્યારેય ન કરશો, એવી મારી ખાસ ભલામણ છે. મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી આદિક નંદ સંતોનાં હૃદયમાં ઘા વાગે એવું કામ ક્યારેય ન કરશો. ॥ ૩૪૨ ॥

જે સ્વભાવને જાણે ને તેને ન સુધારે તો તે પાપી છે. આસુરી બુદ્ધિવાળાને સંતનો સમાગમ હોય નહી. ॥ ૩૪૩ ॥

જીવની અંદર જે જન્મો-જન્મનો કીચડ છે, તેને જો મૂર્તિમાન કરવામાં આવે તો આખું બ્રહ્માંડ ઢંકાઈ જાય એટલો કીચડ એક જણાનાં હૃદયમાં છે. આ કીચડને ધોવાનું કામ તો સત્પુરૂષ કૃપા કરે તો થાય છે પણ સાધને કરીને નથી થાતું. કૃપાએ કરીને જ કલ્યાણ થાય છે. ॥ ૩૪૪ ॥

ભગવાન જો અંતકાળે રક્ષા ન કરે તો કળિયુગમાં કલ્યાણ થાય જ નહીં. જો કૃપા ન કરે તો કળિયુગમાં કોઈ

ભજી શકે જ નહીં. આપણે અહીં કથા-વાર્તા કરીએ છીએ, ભજન-સ્મરણ કરીએ છીએ ને ઉત્સવ-સમૈયા કરીએ છીએ. તે તો મહારાજની કૃપા છે; એટલે કરી શકીએ છીએ. નહિંતર આપબળે કાંઈ થતું નથી, મોટા સત્પુરુષોનાં આશીર્વાદથી થાય છે. **॥ ૩૪૫ ॥**

**સત્પુરૂષની દયા છે, તેને સામેવાળો વ્યક્તિ પોતાનો અધિકાર સમજી બેસે છે. તે સર્વથા ખોટું છે. ॥ ૩૪૬ ॥**

જેના પર ભગવાનની કૃપા-કરૂણા થાય તેને જ ભગવાન ઓળખાય, બાકીનાને ન ઓળખાય. ગિરનારની ટોચ ચડવા જવાય પણ મંદિરનું પગથિયું ચડવું તે તો જેની ઉપર ભગવાનની કૃપા હોય તે જ ચડી શકે. **॥ ૩૪૭ ॥**

સહજાનંદી સંતોની ક્રિયા તો સાવ જુદી છે, ભગતની રીત પણ તદન જુદી જ હોય. **સહન કરે તે સાધુ, સહન ન કરે તે સાધુ જ નહી.** ક્રોધ વિરૂપ અને

ચાંડાળ છે. ક્રોધ આવે ત્યારે સાધુનું મોઢું બહું ભૂંડું લાગે. ॥ ૩૪૮ ॥

ગમે તેટલી ક્રિયા કરીએ પણ મહારાજમય કરવી, મહારાજને ભૂલીને કોઈ ક્રિયા કરવી નહીં. ક્રિયા કલ્યાણ ન કરે પણ ભગવાન સહિત ક્રિયા કરે તો મહારાજને સારું લાગે છે. નહિંતર વેઠ છે. ॥ ૩૪૯ ॥


જેને વ્યવહાર પ્રધાન થઈ ગયો હોય તેને માળા, પૂજા, સેવા ન ગમે, પણ એવું અંગ વ્યવહારવાળાએ ન પાડવું. ભજન કરતાં ક્રિયા કરીએ તો ભગવાન તે જોઈને રાજી થાય છે. ॥ ૩૫૦ ॥

આસુરી બુધ્ધિવાળો ક્રિયા કરે તેની પર કોઈ વિશ્વાસ ન કરે, કોઈ એવો દયાળુ સ્વભાવનો હોય તો બે, ત્રણ, ચાર, દસવાર માફ કરે પણ અંતે તો તે નરકમાં જાય, જાય ને જાય જ. માટે આસુરી ભાવનો ત્યાગ કરવો. ॥ ૩૫૧ ॥


જ્યાં ચોખ્ખી ક્રિયા થાય છે, ત્યાં ભગવાન રહે છે.

ગંદવાડામાં ભગવાનને રહેવાનું ગમતું નથી. **॥ ૩૫૨ ॥**

ઈન્દ્રિયોની ક્રિયાને અંતઃકરણ સાથે મેળ છે અને અંતઃકરણને જીવ સાથે મેળાપ છે. પહેલાં બાહ્યક્રિયા શુદ્ધ થાય તો અંતઃકરણ શુદ્ધ થાય, અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે જીવ શુદ્ધ થાય છે. **॥ ૩૫૩ ॥**





**॥ ઈતિ શ્રી પંચમ કણિકા સમાપ્ત ॥**



**પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી..**
(જન્મ : તા.૨૯-૦૭-૧૯૫૮, અ.શ્રા.સુ-૧૧, વેળાવદર, જિ. ભાવનગર)

**"મને મળ્યા જે મહારાજ એ મારે સામા જીવને આપવા છે એ જ મારું મિશન છે.." આ સૂત્રને આચરણમાં વણીને અનેક દીન-દુઃખી, જીવોને અગાધ દયાવર્ષાથી ભીંજવનાર, દેશ-પરદેશમાં સતત વિચરણ કરીને અનેક યુવા હૃદયોને પ્રેમ, હૂંફ લાગણી અને હેતની ઝપકી આપનાર તથા ધાર્મિકતા, નીતિમત્તા જેવા ગુણોનું સિંચન કરનાર પૂ. શાસ્ત્રીજી સ્વામી ભગવાન સ્વામિનારાયણે જેમણે સત્સંગની માનું બિરુદ્ધ આપ્યું એવા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીની મુક્તાનંદી સંત પરંપરાનાં સાતમાં બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુદેવ છે. જેમણે પ.પૂ.સદ્‌.કો.શ્રી નંદકિશોરદાસજી સ્વામી (દાદાગુરુજી)નાં અક્ષરવાસ પછી ઈ.સ.૧૯૮૨ થી લઈને આજ દિન સુદી નાતજાત, રાત-દિવસ તથા પોતાના દેહની સુદ્ધા પરવા કર્યા વિના વર્ષનું એવરેજ ૬૦,૦૦૦ થી વધુ કિલોમીટરનું વિચરણ કરીને હજારો ગામો હજારો ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી છે. વડતાલ બોર્ડનાં ચેરમેન પદે તથા મુખ્ય કોઠારી પદે રહીને અનેક વિકાસની સરવાણીઓ વહાવી છે.**



Thank you for the kind invite. Pleasure as to see you again. I appreciate that you have selected Raritan as your home. It is true that we have met before and we have continued a journey together and I have received many blessings since our last time. Including a granddaughter. We together want to make Raritan and our association bloom like the very beautiful flowers now. In government, we have some traditions too, and one of the traditions is that we try to honor those that are great service to our community. We have a tradition that I received this 30 + years ago, and now it is time to pass it along. It is the only such gift I have seen and it's a rather simple symbol. THIS IS THE KEY TO OUR COMMUNITY AND ON HERE IT SAYS RARITAN NEW JERSEY. This is the only key that I know of existence and I am honored to give it to Pujya Guruji.

**- Mayour of NJ, U.S.A.**